શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૪

વિરાટ ગ્રંથાવલિ

પુસ્તક એકસો છેતાલીસમું

# મધ્યાહ્નનાં મૃગજળ

રમણલાલ વસંતલાલ દેસાઈ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## * સંપુટ-૧

### નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

## * સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

## * સંપુટ-૩

### કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

## * સંપુટ-૪

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો ?

# અર્પણ

જીવનના નીચલા થરમાંથી
માનવતાની સુવાસ ફેલાવતા
અને

અમારા કુટુંબજન સમા બની ગયેલા
વડોદરાના શાંત, ધીમા, સદૈવ હસતા— ગોવિંદ
વિજાપુરના ખડતલ, દમામભર્યું વ્યક્તિત્વ
ધરાવતા— શંકર બારોટ
અને ફક્કડ, તથા વફાદાર— ફજરલ્લી
સિદ્ધપુરના જોરદાર પરંતુ ચબરાક
છતાં અરધી રાતે જીવન ફેંકી
દેવાની શક્તિ ધરાવનાર— મણિલાલ
તથા
કુટુંબને અમીભરી આંખે આત્મવત્
બનાવી સતત કુરબાની માટે તૈયાર,
'જફર'ની ગઝલોથી પ્રસન્નતા
ફેલાવતા— રહેમતખાં
વિવેકી, વ્યવહારદક્ષ, વિધવિધ અનુ-
ભવોથી ભરેલા વ્યક્તિત્વવાળા, રમૂજી
ટૂચકાઓના ભંડારસમા, વહાલસોયા
અમરેલીના ડ્રાઇવર— કાનજી
અને
મસ્તમિજાજી પરંતુ ગરીબીની ભીંસમાં
વેડફાઈ ગયેલા, સુંદર શાયર થતાં
અટકી ગયેલા, કવિહૃદયી, નિખાલસ,
વડોદરાવાસી ડ્રાઇવર— રામપ્રસાદને

DESAI, Ramanlal V.
MADHYAHAN NA MRUGAJAL, Memories
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1993
928

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૩

મૂલ્ય રૂ. ૫૭-૦૦

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**મુદ્રક**

પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

"ગઈકાલ"માં શરૂ કરેલાં જીવનસંસ્મરણો "મધ્યાહ્નનાં મૃગજળ"માં આગળ વધે છે. એમાં કૉલેજજીવન અને નોકરીના શરૂઆતના સમયની આજુબાજુ સંકળાયેલા અનુભવો અને દર્શનની કથા છે. સ્વ. ભાઈસાહેબની ચોક્કસ માન્યતા હતી કે માનવીનું વ્યક્તિત્વ સામાજિક બળોથી જ ઘડાય છે. માનવીને વિકસાવતાં કે કુંઠિત કરતાં સંકુલ અને અટપટાં સામાજિક પરિબળોનું રેખાદર્શન કરવું એમાં જ વ્યક્તિત્વના ચોક્કસ પ્રકારના વિકાસને સમજવાની ચાવી રહેલી છે એમ એ દૃઢતાપૂર્વક માનતા. ઘેરાં, અનેકવિધ વમળો અને ભમરીઓમાં ઘૂમરાતા, લગભગ અગમ્ય સરખા લાગતા સમાજના ગહન જીવનપ્રવાહમાં જ વ્યક્તિ પોષાય છે, ચમકી ઊઠે છે, ગૂંગળાય છે અગર ડૂબી જાય છે. પોતાનું વ્યક્તિત્વ પણ આ જ બળોના પરિપાક રૂપ છે એવી એમની ખાતરીમાંથી, પોતાના જીવનને ઘડતાં તત્ત્વો અને પ્રસંગોનું વિવરણ કરી આત્મકથા તેઓ વિકસાવે છે.

"મધ્યાહ્નનાં મૃગજળ"માં એમની આત્મકથા ૧૯૩૧ સુધી વિસ્તાર પામે છે. સુખદ દંપતીજીવનનો પણ અંત આ અગાઉ થોડા સમય પહેલાં જ થાય છે. સ્વ. ભાઈસાહેબનું અંગત જીવન પણ જાણે ત્યારથી સમેટાઈ ગયું ન હોય? જીવનના મધ્યાહ્નમાં જ તે મૃગજળ સમું તો થઈ ગયું ન હોય? એમને હાથે વિસ્તારાયેલી આત્મકથા આટલે આવી બંધ પડી જાય છે. ત્યાર બાદનાં તેવીસ વર્ષ સામાજિક દૃષ્ટિએ અતિ મહત્ત્વનાં હતાં; સાંસ્કારિક દૃષ્ટિએ વધુ અસરકારક હતાં; સાહિત્ય અને જાહેર જીવનમાં એમની અસર માટે

ખૂબ જ ભર્યાંભર્યાં અને પ્રતિભાસંપન્ન હતાં. પરંતુ અંગત રીતે, વૈયક્તિક દૃષ્ટિએ એ એક ભવ્ય વિષાદ, આંતર વૈરાગ્ય અને તપશ્ચર્યાનાં જ હતાં. પોતાની સામાજિક પ્રતિભાનું આત્મનિવેદન કરતાં શરમાઈ, મૂંઝાઈ ગયા હોય એમ આ ખૂબ જ સમૃદ્ધ જાહેર જીવન વર્ણવતાં પહેલાં તો પોતે જ અદૃશ્ય થઈ ગયા. આ ત્રેવીસ વર્ષનાં સંસ્મરણો ગુજરાતજીવનનાં ઘણાં મહત્ત્વનાં પાસાંઓ સમજવામાં મદદ રૂપ થાત.

"મધ્યાહ્નનાં મૃગજળ" એમનાં અન્ય સર્જનો માફક લોકપ્રિય બનશે જ એવી આશા રાખું છું.

તા. ૬-૧૦-૫૧ **અક્ષયકુમાર ર. દેસાઈ**

**ભાગલપુર** (બિહાર)

મધ્યાહ્નનાં મૃગજળ

*

રમણલાલ વ. દેસાઈ

## અનુક્રમ


| | |
|---|---|
| કૉલેજજીવન | ૧ થી ૭૦ |
| રોટીની શોધમાં | ૭૧ થી ૨૪૪ |



મુદ્રણો

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૫૬

બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે ૧૯૯૩

પ્રત : ૭૫૦

# ખંડ પહેલો

## કૉલેજજીવન

# ૧

મારાં સંસ્મરણો ‘પૂર્ણા’ નામના માસિકમાં આવતાં હતાં. ‘પૂર્ણા અને અતિથિ’ જોડાઈ ગયા અને તેના બેત્રણ અંકો સુધી મારી લેખમાળા આવી. સ્મરણોને પણ મર્યાદા અને માર્ગસ્તંભો આપવા પડે છે. મારા શિક્ષણને મેં લેખના માર્ગસ્તંભ તરીકે સ્વીકારી લેખમાળા લખી હતી, જેમાં મારાં બાલશિક્ષણ અને હાઈ-સ્કૂલ શિક્ષણ સુધીથી સ્મરણ સાંકળ મેં લંબાવી હતી.

એ લેખમાળા પૂરી થઈ અને ‘ગઈ કાલ’ નામે તે પુસ્તકાકારે પ્રગટ પણ થઈ.

મારી અને મારા સાહિત્યની કેટલી કિંમત? માનવી પોતે પોતાની કિંમત આંકે એના કરતાં કિંમત સામાન્યતઃ ઓછી જ હોય. સાચી કિંમત શોધવી જ મુશ્કેલ છે. ઘણી કિંમતો કૃત્રિમ વધારી દેવાય છે. વસ્તુ એકની એક જ હોય છતાં એને ફૂટપાથ ઉપર બેઠેલો ફેરિયો વેચે, નાનકડી દુકાન લઈ બેઠેલો દુકાનદાર વેચે અને સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલી યુરોપિયન કે ઍંગ્લો ઇન્ડિયન છોકરીઓથી સુશોભિત અંગ્રેજી નામ અને વ્યવસ્થાવાળા સ્ટોરનો માલિક વેચે, એમાં ઘણો તફાવત પડી જાય છે; વસ્તુ એકની એક છતાં!

હિંદની યુનિવર્સિટીનો કોઈ ગ્રેજ્યુએટ નોકરી શોધવા જાય તો તેની કિંમત માસિક પચાસ સાઠની અંકાય છે. એ જ ગ્રેજ્યુએટ ઇંગ્લંડ કે અમેરિકાની જાણીતી-અજાણી યુનિવર્સિટીની ડિગ્રી લઈ આવે તો એનું મૂલ્ય એના મનથી અને સમાજના મનથી એકદમ વધી જાય છે. પશ્ચિમની યુનિવર્સિટીઓમાં અભ્યાસની અનેક અનુકૂળતાઓને લીધે ડિગ્રી મેળવવી ઠીક ઠીક સહેલી પડે છે એ સત્ય મેળવનાર ભૂલી જાય છે, અને ડિગ્રીની કિંમત આંકનાર પણ ભૂલી જાય છે. એ પરદેશી ડિગ્રીઓ મેળવનારમાંથી કેટલાએ અને કોણે દેશનું દળદર ફેડ્યું એ પ્રશ્ન તપાસવા સરખો છે, જોકે તેમનાં

અંગત દળદર ફેડવામાં પરદેશી ડિગ્રીઓ ઠીક કામ લાગી છે. એ તો જલદી સાબિત થઈ શકે એમ છે. અહીંના અભ્યાસમાં ન ફાવેલા અભ્યાસીઓ વિલાયતી ડિગ્રી મેળવી કેમ સુખી થાય છે તેનાં ઠીકઠીક દૃષ્ટાંતો મારી પાસે છે. માનવી એક : હિંદની ડિગ્રીમાં એની પચાસ પગારની કિંમત : પરદેશની ડિગ્રીમાં એની કિંમત દસ ગણી વધી જાય. સ્વરાજ્યમાં પણ પરદેશી ડિગ્રીનો મોહ ઘટ્યો નથી એ નોંધવા સરખું છે.

સ્થળની સાથે સમય પણ વસ્તુની કિંમત ઘટાડે છે અને વધારે છે. ક્ષત્રિયો કે ગુપ્તોના સિક્કા આજ ચલણમાં નથી એટલે તેમને વટાવવા જઈએ તો આપણે ગુનેગાર બનીએ છીએ. એમાંની ચાંદી ગળાવી કોઈ વેચે તો આ ફુગાવાના યુગમાં પણ ભાગ્યે એક રૂપિયાની ચાંદી એમાંથી છૂટી પડી શકે. છતાં એક જૂનો સિક્કો જેમાં કોડીની પણ ચાંદી ન હતી એ વેચાતો લેતાં મારે એના ત્રેવીસ રૂપિયા આપવા પડ્યા! અને એનો અભ્યાસ કરતાં એ સિક્કો હિંદના ઇતિહાસમાં જરા ય કામ ન લાગે એવો એક પશ્ચિમ એશિયાના ગ્રીક રાજવીનો ઈસવીસનની બીજી સદીનો હતો એમ જણાયું! બીજાં અઢારસો વર્ષ એ સિક્કો હું જાળવી રાખું તો કદાચ દુપ્પટ રકમ એ સિક્કાની હું મેળવી શકું! આજ એમાંથી એક રૂપિયો પણ મને ઊપજે એમ નથી.

અત્તરનો સોદાગર બાદશાહ પાસે ગયો. બાદશાહે એક શીશી વેચાતી લીધી. કિંમતી અત્તર હતું, અને શીશી ઉઘાડતાં એક ટીપું ગાદી ઉપર પડ્યું. શાહે પોતાનો રૂમાલ ટીપા ઉપર મૂકી નિરર્થક જતા ટીપાની બને એટલી કિંમત વસૂલ લીધી. સોદાગરે આ બાદશાહી કરકસર નિહાળી અત્તરના શીશીઓ ભરેલી ઝાંપી સમેટી લીધી અને બાદશાહને સલામ ભરી રસ્તો માપ્યો. સલામમાં બાદશાહે સોદાગરની આંખમાં બાદશાહતની થતી કિંમત નિહાળી અને એકાએક નિશ્ચય કરી રાજમહેલના હોજ અત્તરથી ભરાવ્યા અને તેની શહેરભરમાં જાહેરાત કરી; જાસૂસો દ્વારા પેલા સોદાગર ઉપર તેની કેવી અસર થઈ તેની કાળજીભરી તપાસ પણ કરાવી. તપાસમાં બાદશાહને ખબર

પડી કે બાદશાહી ઉડાઉપણાની અસર સોદાગરની કહેવત બની ગયેલા વાક્યમાં સમજાઈ ગઈ :

'બુંદ સે બીગડી હોજ સે નહીં સુધરેગી.'

ઘણી વાર બાદશાહ ઉપરથી બાદશાહ અને બાદશાહતની કિંમત અંકાય છે. શ્રીમંત સયાજીરાવની કારકિર્દીએ આખા 'ગાયકવાડી' શબ્દનો અર્થ ફેરવી નાખ્યો; જોકે વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયા પછી બ્રિટિશ અને કૉંગ્રેસ વહીવટની હોશિયારીનું માથે છોગું લઈ ફરતા–વડોદરાને વિશાળ લાભ આપવા પધારતા કૈંક અમલદારો હાથ નીચેનાં માણસોને ધમકાવ્યે રાખી એક સૂત્ર ઉચ્ચારે છે :

'એ ગાયકવાડી અમારી આગળ નહીં ચાલે !'

પછી ભલે ને એ બાહોશ અમલદારોની અમલદારીનું વહાણુ એકલી ગાયવકાડી ઉપર નહિ, પરંતુ ગાયકવાડી ઉપરાંત પેશ્વાઈ અને મોગલાઈની ત્રિવેણી ઉપર પણ તરતું હોય ! બ્રિટીશરો તો તેમને દંડો સોંપી ગયા છે ને ?

આમ વસ્તુ, વ્યક્તિ, સંચાલન કે સંસ્થાનાં મૂલ્ય મૂલવવા સ્થળ અને કાળની કસોટી વપરાયે જાય છે. સાહિત્ય પણ એક ભવ્ય સંચાલન છે. સ્થળ-કાળ સાહિત્યના મૂલ્યાંકનને પણ ફેરવી નાખે છે. 'સરસ્વતીચંદ્ર' ખરેખર એક શકવર્તી ગ્રંથ ગણાય. એમાંથી ફકરા અને ફકરા મોઢે કરનાર પ્રશંસકો પણ એક યુગમાં હતા. સ્નેહલગ્ન અને વડીલેગોઠવ્યાં લગ્નની ભાવના વચ્ચેના તીવ્ર ઘર્ષણનો એ યુગ 'સરસ્વતીચંદ્ર'ને વિશિષ્ટ મહત્ત્વ આપતો હતો. આજ 'સરસ્વતીચંદ્ર' વંચાય છે, એ પાઠ્યપુસ્તક બને છે અને એનામાંથી ગુજરાતનો એક ઇતિહાસ-ટુકડો વંચાય છે. પરંતુ હવે તેનું ગોખવા સરખું મહત્ત્વ કદાચ રહ્યું ન હોય.

સ્નેહલગ્ન અને દેહલગ્નના મોરચામાંથી 'ઇન્દુકુમાર'નો જન્મ. મને પોતાને એમાંના ઘણા ઘણા પરિચ્છેદ યાદ હતા – હજી પણ થોડા યાદ હશે. પરંતુ આજના યુગને લગ્ન જ ભારે પડતું હોય તો સ્નેહ અને દેહની ઝંઝટમાં ન પડવા માગતી આજની વૃત્તિને 'ઇન્દુકુમાર' પણ ગુર્જર સંસ્કારનું એક આછું પથપ્રદર્શન બની રહે એમાં

આશ્ચર્ય નહિ.

એટલું ચોક્કસ કે સાહિત્યના કે સમાજના શુભ અંશો સનાતન રહી શકે છે. આજની પ્રગતિશીલતા કે આજનો સામ્યવાદ શેક્સપિયરને ઉમરાવશાહી સંસ્થાની પેદાશ તરીકે ભલે ઓળખાવે. અને વાંચ્યા વગર પ્રગતિશીલતાને પણ ચાલતું નથી; અને ભવભૂતિ સરખા મેધાવીઓ તો કાલમાં—કાલની દીર્ઘતામાં પણ આશ્વાસન મેળવી પોતાના સ્વત્વને જીવંત રાખી શકે છે.

છતાં—અપવાદ રૂપ મહત્તાનાં દુનિયાને દર્શન કદી કદી થાય છે છતાં—મૂલ્ય પરિવર્તન જાણે એક સિદ્ધાંત હોય એમ એ યુગને બીજા યુગથી છૂટો પાડી દે છે. ગઈ કાલની આજને શી કિંમત ? અને હોય તો ય આજની ચલણી કિંમતે જ ગઈ કાલને મૂલવાય ? મારા કૉલેજ-જીવનની આજના કૉલેજજીવનને શી કિંમત ?

કદાચ કુતૂહલ જેટલી કિંમત હોય. પરંતુ મારા કરતાં વધારે મહત્તા પ્રાપ્ત કરનાર મારા યુગનો કોઈ કૉલેજિયન વધારે સારી ઢબે એ કુતૂહલને સંતોષી શકે.

કદાચ ગઈ કાલ ઉપર જ આજની રચના થઈ છે એવી ભૂતકાલીન મહત્તા ગઈ કાલને કોઈ આપે. પરંતુ એ મહત્તા ઓળખાવે કોઈ મહત્ત્વધારી પુરુષ. ગઈ કાલનો તેમ જ આજનો હું કશું મહત્ત્વ ધરાવતો માનવી છું એમ બીજું કોઈ તો ન જ માને : પણ હું યે એમ માનતો નથી. સમયની રેતમાં સચવાઈ રહે એવાં પગલાં મેં મૂક્યાં નથી. હું જ માર્ગદર્શન શોધતો પામર માનવી હું કોને મારે પગલે દોરું ? મારે પગલું જ ક્યાં છે ?

વળી મારી પાસે નોંધ નથી, ઈતિહાસ નથી, તારીખ વાર નથી. મારી આળસે મને કદી ડાયરી રાખવા દીધી નથી. અને નોંધવા સરખા મહાપ્રસંગો મારા જીવનકાળમાં બન્યા છે જરૂર, પરંતુ એવા એકે પ્રસંગમાં હું કર્તા, કર્મ કે ક્રિયાપદ પણ બની શક્યો નથી ! હું મારાં સંસ્મરણોમાં હવે શું લખીશ ?

ભાઈશ્રી ગોકળદાસ રાયચુરા મને ઉત્તેજિત કરે છે કે મારે મારાં સ્મરણોની શૃંખલા આગળ લંબાવવી. આગિયો પણ કોઈ વાર પ્રકાશ

આપે છે—બીજાને નહિ તો પોતાને. હું પણ મારી આસપાસ મારા યુગના પ્રકાશને ભેગો કરવાની આછી પ્રવૃત્તિ કરી જોઉં.

હાઇસ્કૂલ છોડચા પછીનો મારો પ્રથમ પ્રકાશ-સમાગમ તે કૅાલેજ...વડોદરા કૅાલેજ. વડોદરા કૅાલેજના ગોળ ઘુમ્મટ નીચે હું પાછો આવી જાઉં ! મને એ ગમે ખરું.

૨

વડોદરા કૅાલેજના ઘુમ્મટ નીચે કેટકેટલા ગુજરાતી, મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓ ભણી ગયા હશે? સેંકડો ! હજારો ! વડોદરાને હવે તો યુનિવર્સિટીનું મહત્ત્વ મળ્યું છે. એ પ્રસંગે વડોદરાએ ઉચ્ચ શિક્ષણ કેટલાંને આપ્યું, કેટલા ગ્રેજ્યુએટ તૈયાર કર્યા, એમાંના કેટલા મહત્ત્વને સ્થાને પહોંચ્યા એ હકીકત ઉપયોગી જરૂર થઈ પડે. મારી એકલાની જ વાત કરું. મારા પિતા વડોદરા કૅાલેજના વિદ્યાર્થી; હું વડોદરા કૅાલેજમાં ભણ્યો; મારો પુત્ર તથા મારી પુત્રીનો વિદ્યાભ્યાસ પણ વડોદરા કૅાલેજમાં. આમ મારી ત્રણ પેઢીને વડોદરા કૅાલેજે વિદ્યાદાન આપ્યું છે. એનો જેટલો આભાર મનાય એટલો ઓછો.

મુંબઈ અને અમદાવાદ વચ્ચે ત્યારે માત્ર એક જ આ વડોદરા કૅાલેજ. હવે નવસારી, સુરત, આણંદ, પેટલાદ તથા નડિયાદમાં કૅાલેજો સ્થપાઈ ચૂકી છે, અને વિવિધ વિશિષ્ટ વિષયો શીખવતી કૅાલેજોની વડોદરા તથા બીજે સ્થળે પણ સ્થાપના થઈ છે. પરંતુ સને ૧૯૦૮–૧૯૦૯ના સમયમાં તો ગુજરાતની ઉચ્ચ કેળવણી માત્ર મુંબઈ, વડોદરા અને અમદાવાદમાં જ મળતી. સૌરાષ્ટ્રની શામળદાસ તથા બહાઉદ્દીન કૅાલેજ ત્યારે ખરી. સ્ત્રીઓને કેળવણીની વિશિષ્ટ સગવડ આપતી કર્વે યુનિવર્સિટી ત્યારે અસ્તિત્વમાં નહિ.

ભણનારની સંખ્યા પણ આજ ઘણી વધી ગઈ છે, હું કૅાલેજમાં ગયો ત્યારે આર્ટ્સ તથા સાયન્સ બંને પાંખો હાલની વડોદરા કૅાલેજના ઉપલા માળે સમાઈ જતી. ઉપલે મજલે જનારને જરા પોતાનું મહત્ત્વ વધારે જ લાગે. નીચલે મજલે બેસતી હાઈસ્કૂલ છોડચા પછી તેથી ઉપર જનાર કૅાલેજિયનના મગજમાં ઊંચા અભ્યાસનો ભાર વધારે થાય ખરો ! મારા મનથી મારું મહત્ત્વ પણ

વધી ગયું હોવું જોઈએ.

પ્રાથમિક કેળવણીનાં દફતર–પાટી તો ક્યારનાં અદૃશ્ય થયાં હતાં. અંગ્રેજી શિક્ષણમાં હાજરી અવશ્ય પુરાતી. કૉલેજના વિદ્યાર્થીઓની હાજરી માત્ર કદી કદી ચોકી પહેરાની તપાસણી જેવી ઉદાર બની જતી. એકાદ પ્રોફેસર કાળજીપૂર્વક હાજરી પૂરે; બીજા પ્રોફેસર બિલકુલ હાજરી લે પણ નહિ; અને ત્રીજા પ્રોફેસર અડધાં નામ બોલી કંટાળી બાકીની હાજરી વગર નામ બોલ્યે પૂરી પણ નાખે. આમ કૉલેજિયન તરીકે અમારી ગૃહસ્થાઈનો આંક વધારે ઊંચે ગયો.

પહેલી ગુજરાતીથી અંગ્રેજી મૅટ્રિક્યુલેશન સુધીનો લાંબો ગાળો શારીરિક શિક્ષાને અપનાવતો ખરો. ઓછે વધતે અંશે મારની ધાક મૅટ્રિક્યુલેશન સુધી ખરી; અને શ્રી હસનનીસ સરખા હેડમાસ્તરો કદી કદી એ ધાકને સાચી પાડતા. પરંતુ કૉલેજની કેળવણી વિદ્યાર્થીને મારથી પર બનાવી રહેતી હતી. કૉલેજમાં તોફાન નહોતાં થતાં એમ નહિ; તોફાન થવા છતાં, ઉચ્ચ કેળવણીનો શિક્ષાપ્રકાર શરીરનો સ્પર્શ કદી પણ કરતો નહિ. દંડ અને વર્ગ બહાર કરવાની શિક્ષા એ કૉલેજના મુખ્ય શિક્ષાપ્રકાર. મને લાગે છે કે કૉલેજિયનોની સામાન્ય ઉંમર ત્યારે આજ કરતાં સહજ મોટી પણ હશે, અને એ જૂની દુનિયાનો સંસાર છેક બાળ નહિ તોય ઝડપી લગ્નમાં માનતો હોવાથી કૉલેજના કેટલા ય વિદ્યાર્થીઓ પિતાની પદવી પણ પામેલ હશે ખરા. પિતૃત્વના મહત્ત્વને સોટી મારી અપમાનવું કૉલેજના સંચાલકોને ન ગમે. આમ કોઈ પણ કારણે કૉલેજજીવનનું મહત્ત્વ વધી જતું એમાં સંશય નહિ.

વળી દર મહિને ફી ભરવાની ગૂંચવણ પણ કૉલેજમાં નહિ કૉલેજનાં બે સત્ર–Terms. પ્રત્યેક સત્રનું લવાજમ શરૂઆતમાં જ લઈ લેવાતું. શિક્ષકોની માફક પ્રોફેસરો એ લવાજમ ન ઉઘરાવે. એ તો વિદ્યાર્થીઓ કૉલેજની ઑફિસમાં જઈ ‘નોટીસ’ પ્રમાણે ભરી આવે.

કૉલેજમાં ‘નોટીસ’ નું જોર ભારે. હાઇસ્કૂલમાં કદી ન જોયેલું નોટીસબોર્ડ કૉલેજમાં રોજ જોવું પડે. એ પણ કૉલેજિયનનું મહત્ત્વ

વધારનારું તત્ત્વ ગણાય. આ નોટીસબૉર્ડ એક કારણે બહુ રસપૂર્વક વંચાતું. શાળા હાઈસ્કૂલમાં કદી શિક્ષકો માંદા પડતા જ નહિ–આપણે ગમે એટલું ઇચ્છીએ તોય. અને કદાચ કોઈ શિક્ષક માંદા પડે અગર બીજા કોઈ કારણે ન આવે તો તેમનું સ્થાન લેનાર કોઈ ને કોઈ અન્ય શિક્ષક હાજર હોય જ હોય.

પરંતુ કૉલેજમાં એક પ્રોફેસરની ગેરહાજરી તેમના અભ્યાસ કલાક પૂરતી તો વિદ્યાર્થીઓને છુટ્ટી જ આપે! ગણિત શીખવતા પ્રોફેસર ન આવ્યા હોય તો ઇતિહાસના પ્રોફેસરથી ગણિતનું શિક્ષણ આપી ન જ શકાય; અને ઇતિહાસના પ્રોફેસરને અકસ્માત નડ્યો હોય તો 'ભાષા' ના પ્રોફેસરથી તેમનું સ્થાન ન લેવાય. એટલે અમુક પ્રોફેસર આજ નથી આવવાના એ હકીકત જાણવામાં સહુને રસ હોય; અને એ હકીકતની જાહેરાત પણ 'નોટીસબૉર્ડ' ઉપર જ હોય. એટલે નોટીસબૉર્ડનું ભારે મહત્ત્વ.

સદ્ભાગ્યે અઠવાડિયામાં એકબે પ્રોફેસરો ગાપચી મારી જાય ખરા. Otherwise engaged અન્ય પ્રવૃત્તિમાં રોકાયેલ અગર IndisPosed (અસ્વસ્થ) એ બે કારણો મુખ્ય. અને તેમાં ય અમારા પ્રિન્સિપાલ કલાર્ક સાહેબ અમારી આ આશાને ઠીક ઠીક પ્રમાણમાં ફળીભૂત કરતા હતા.

'ટર્મ'ની શરૂઆતના આમ થોડા દિવસ માત્ર હાજરી પૂરવા પૂરતા જ મહત્ત્વના; ટર્મની છેવટના દિવસો પણ એવા જ. ઠીક ઠીક રજાઓ પડે. અગિયાર સાડા અગિયારથી અઢી કે સાડા ત્રણ વાગ્યાની અંદર બધું ભણતર ખતમ. કદાચ જ કોઈ કમનસીબ વર્ગને ચાર સાડાચાર સુધી લંબાવાયો હોય. અને વચમાં વચમાં પ્રોફેસરો Indispoed રહીને કેટલીક સગવડ આપે એટલે હાઇસ્કૂલમાં કલાકોનાં જે બંધન નડતાં તે કૉલેજમાં ઘણાં મોકળાં બની ગયાં. આ સમય-પણ અમારું સ્વાતંત્ર્ય મહત્ત્વ ઠીક ઠીક વધારતો! તેમાં હાજરી પૂરવાની બહુ માથાકૂટ નહિ. એકની હાજરી બીજો વિદ્યાર્થી પુરાવે તો ય બહુ હરકત આવતી નહિ–જોકે કૉલેજનું આ રસળતું રમણીય જીવન હાજરીને બોજારૂપ બનાવતું નહિ. કૉલેજમાં જવું એમાં

મહત્ત્વ ખરું; સાથે સાથે ગમ્મત પણ ખરી! હાઇસ્કૂલ સુધીનો અભ્યાસ વેઠરૂપ બનતો લાગતો ખરો! કૉલેજનો અભ્યાસ બાદશાહી અભ્યાસ કહી શકાય.

વળી અમારા શિક્ષકો માત્ર 'માસ્તર' નહિ, તેઓ 'પ્રોફેસર' હતા; અને કદી પ્રોફેસરના દબદબાભર્યા 'ગાઉન'માં પણ તેઓ શીખવવા આવતા. કાળો, ઝૂલ અને પડવાળો ઝભ્ભો પ્રોફેસરોનાં ગૌરવને વધારતો. અમારા ગણિતના પ્રોફેસર શ્રી. પેન્ડસે, ઇતિહાસના પ્રોફેસર શ્રી. નાયક અને ફારસીના પ્રોફેસર નવાબઅલી ઘણુંખરું આ ઝભ્ભામાં જ આવતા, અને અમારા પ્રિન્સિપાલ કલાર્ક તો કદી કદી જ્યારે આવતા ત્યારે તેમની ઑક્સફર્ડની ચાર ખૂણિયા કાળી ટોપી પણ પહેરતા! ખરેખર, પોશાકની અસર હોઈ શકે છે એમ મને પહેલું ભાન પ્રોફેસરોના ઝભ્ભા જોઈને થયું. પાટલૂન, લાંબા કોટ અને પાઘડી પહેરેલા રેઢિયાળ શિક્ષકો–માસ્તરો કરતાં ઝભ્ભા વીંટાળેલા પ્રોફેસરોનો રુઆબ વધારે ખરો!

હું કૉલેજમાં ગયો ત્યારે ત્રણચાર નામોનાં કીર્તિગુંજન સંભળાતાં હતાં. પ્રોફેસર મનુભાઈ, પ્રોફેસર શાહ અને પ્રોફેસર અરવિંદ ઘોષ, આદર્શ પ્રોફેસરો તરીકેની નામના મેળવી ગયા હતા. જૂના પ્રિન્સિપાલ ટેટ સાહેબનાં પણ વખાણ સંભળાતાં, અને એક સારા ગણિતશાસ્ત્રી અને Disciplinarean (કડક શિસ્ત સંભાળનારા) તરીકે તેમનું નામ આગળ કદી કદી આવતું ખરું. પરંતુ મનુભાઈ, શાહ અને અરવિંદ ઘોષનાં નામ આદર્શ પ્રોફેસર તરીકે વારંવાર સંભળાતાં. એ અમારે માટે માત્ર ભણકાર જ હતા. વડોદરા કૉલેજને ગૌરવ આપી રહેલા એ પ્રોફેસરોના શિક્ષણનો મને લાભ મળ્યો નથી.

પરંતુ એમનાં નામ મને જરૂર સંભળાયાં. વિદ્યાર્થીઓ છેક નગુણા હોતા નથી.

૩

કૉલેજના પહેલા વર્ષમાં–પ્રિવિયસના વર્ગ તરીકે ત્યારે ઓળખાતા વર્ષમાં અમારે ગણિત, અંગ્રેજી, બીજી ભાષા અને ગ્રીસનો અને રોમનો

ઇતિહાસ શીખવાનાં હતાં. ગણિતમાં એલ્જિબ્રા અને જ્યોમેટ્રી ચાલે. ભૂમિતિ તો કદાચ આછી પાતળી ગમે; આકૃતિઓ કાઢવાની અને સિદ્ધાંતોનાં પદ એક પછી એક ગોખવાનાં. પરંતુ એલ્જિબ્રા–બીજગણિત તો બિલકુલ સમજાય જ નહિ. સહુથી પહેલો કલાક જ ગણિતનો; અને તે પૂરો સાઠ મિનિટ ચાલતો કલાક! આજના જેવી 'પીરિયડ'ની ત્યારે કુમળાશ નહિ. માતાના હાથની રસોઈ જમી છેક ઘંટીયાડા નામથી ઓળખાતા લતામાં આવેલા ઘેરથી નીકળી કૉલેજમાં અગિયાર વાગ્યે હાજર થઈ જવાનું. પૂરો પોણોકલાક પગની ગતિ ચાલુ જ રાખીએ તો ઘરથી કૉલેજમાં પહોંચાય. હાઇસ્કૂલમાં હેડમાસ્તર હસબનીસનો ડર હતો. પરંતુ કૉલેજમાં ડર કોઈનો નહિ; છતાં હાજરી આપવાની ઇચ્છા ખરી. કદી પાંચદસ મિનિટ મોડા થઈએ તોપણ વર્ગમાં પેસી જવાય ખરું. સાથે સાથે કૉલેજમાં સ્વમહત્ત્વ અને સાહેબીનો આછો ખ્યાલ પણ આવ્યા વગર રહેતો ન હોવાથી ગણિતના અણગમતા વિષયને જ પ્રથમ આવકાર આપવાનો હોવાથી એ પ્રથમ કલાક બહુજ કંટાળા ભરેલો જતો.

ગણિતના પ્રોફેસર પેન્ડસે ઘણા શાંત, હસમુખા સ્વભાવના, ઉદાર શિક્ષક હતા. બરાબર એક કલાક સુધી તેઓ પાટિયા ઉપર દાખલાઓ, સિદ્ધાંતો, આકૃતિઓ ઉતારતા અને પછી પોતાના હાથની કનિષ્ઠિકા આંગલીથી ઉદ્‌બોધન કરી વર્ગના ઘણાખરા વિદ્યાર્થીઓને તેઓ અંગ્રેજીમાં પૂછતા :

'Have you followed it? (તમને સમજ પડી)?

સમજણ પડી હોય કે સમજણ પડી ન હોય તોય પ્રશ્નનો હકારમાં ઉત્તર આપવા કોઈ પણ વિદ્યાર્થીઓને વાંધો હોય જ શા માટે? હુ પ્રામાણિક થવાનો પ્રયત્ન જીવનભર કરી રહ્યો છું. નિબંધમાં લખીને જ નહિ, પણ જીવનના પ્રસંગોમાં અમલ કરીને પોષવા મથી રહ્યો છું, છતાં હું મને પ્રામાણિકપણાનો આદર્શ માની શક્યો નથી. સત્યને માટે મરવા જેવી તૈયારી કૉલેજમાં ઘણું કરીને નહિ હોય! અને તેમાં યે ગણિતના વિષયની આવડતનો પ્રશ્ન પુછાતો ત્યારે મને સમજાયું હોય કે ન સમજાયું હોય છતાં હું પણ સમજાયું

છે એવો હકારમાં જ જવાબ આપતો.

પેન્ડસે સાહેબને નથી સમજાયું એમ કહેવામાં વળી વધારે ગૂંચવણ ઊભી થતી. કોઈ મહાસત્યવાદી વિદ્યાર્થી ઊભો થઈ એમ કહે કે તેને અમુક સિદ્ધાંત સમજાયો નથી એટલે પેન્ડસે સાહેબ સામો જબરદસ્ત પ્રશ્ન કરે :

'why not? (શા માટે સમજાયું નહિ ?)'

નિર્દેશ કરવા માટે શાસ્ત્રકારોએ અને સમાજવિધાયકોએ તર્જની નામની આંગળી મુકરર કરી જાણ્યામાં છે. પરંતુ અમારા ગણિત પ્રોફેસર પેન્ડસે સાહેબ પ્રશ્ન કરવા માટે અગર why not પૂછવા માટે કનિષ્ઠિકા આંગળીનો જ ઉપયોગ કરતા હતા. આખા કલાકનું ગણિત શિક્ષણ પાણી ઉપરના લીંપણ જેવું મારા જેવા અનેક વિદ્યાર્થીઓને લાગતું. ખાલી ભૂંસાઈ ગયેલા કોરા હૃદયને શા માટે સમજ ન પડી એ કહેતાં કે સમજાવતાં પણ આવડે એમ ન હોય. શું નથી સમજાતું. શા માટે નથી સમજાતું, એ કહેવા માટે એકાદ પદ પણ આવડવું જોઈએ ને? એટલે સ્વાર્થસાધક મૌન અને મૂર્ખાઈભરેલી આંખ ધારણ કરી ત્રણ ચાર why not? ના જવાબમાં એક અક્ષર પણ બોલ્યા વગર ઊભા રહેલા વિદ્યાર્થી પ્રત્યે દયા કરી પેન્ડસે સાહેબ ફરી દાખલો ગણી જાય અને પૂછે :

'હવે સમજાયું ?'

મોટે ભાગે બીજી વારની સમજૂતી પણ હવામાં અધ્ધર જ શબ્દાકારે રહેલી હોય; મગજમાં બંધ પડેલાં દ્વાર બીજી વારની સમજૂતીથી ભાગ્યે જ ખુલતાં. છતાં પેન્ડસે સાહેબને હા કહી વિદ્યાર્થી સૌને આગળ વધવાની સગવડ કરી આપે. પાટિયું અને ચાક પાછાં જીવંત બની જાય. આખો કલાક એમ ને એમ નીકળી જાય. પેન્ડસે સાહેબના ગાઉન ઉપર, કોટ ઉપર, કદાચ મુખ ઉપર પણ ચાકની ધવલતા ડોકિયાં કરી જાય, અને કલાકને અંતે સહેજ બીક લાગે એવા કડક છતાં પ્રસન્નમુખ પ્રોફેસર ગણિતશિક્ષણ બંધ કરી બીજા વર્ગમાં જાય.

માનવી પોતાને બહુ અક્કલવાળો માનતો હોય તો એ મોટામાં મોટી ભૂલ છે. માનવીમાં—અક્કલવાળા મનાતા માનવીમાં સાચેસાચ

અક્કલ હોત તો આજ માનવજાતને ગૂંચવી રહેલા અનેક પ્રશ્નો સરળતાપૂર્વક ઊકલી ગયા હોત. છતાં કોઈ પણ વ્યક્તિ અક્કલ વગરની છે એમ તેના દેખતાં આપણાથી ન જ કહેવાય. મારી પણ એ જ મુશ્કેલી છે. મેં ઘણાં કામો એવાં કર્યાં હશે કે જેથી અક્કલની અને મારી વચ્ચે રહેલું અંતર કોઈ ધારે તો માપી શકે. છતાં મારી સમજ જરા હળવી છે એમ માનવા સાંભળવાનું હું પસંદ કરતો નથી. મહાન કાર્ય હજી એકે મેં કર્યું નથી; બુદ્ધિની ઊંડી છાપ જનતા ઉપર પડે એવી કોઈ શોધખોળ પણ મેં કરી નથી. તો પણ બીજાઓ કરતાં હું વધારે ઊતરતી બુદ્ધિ ધરાવું છું એમ માનવા હું ભાગ્યે જ તત્પર હોઉં છું.

આવું અહં આજ છે એમ નહિ, કૉલેજમાં પણ હતું. છતાં ગણિતનો વિષય આવતાં મારી બુદ્ધિ, સમજ અને અક્કલ ડૂબકાં જ ખાધા કરતી હતી. ગુજરાતી ભણતો ત્યારે આંક, દેશી હિસાબ મને સારા આવડતા. અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી મારું ગણિત સારું હતું એમ કહી શકાય. મૅટ્રિકમાં ગણિત ફરજિયાત હતું; તેમાં પહેલે જ વર્ષે હું પાસ થઈ શક્યો. છતાં કૉલેજમાં મારાથી ગણિતના વિષયમાં ચંચુપ્રવેશ થઈ શક્યો નહિ એ બનાવ મને ઠીક ઠીક મૂંઝવે છે.

ગણિતમાં હું ન જ ચાલી શકું એવું હોઠપણું હું મારામાં સ્વીકારતો નથી. મારો ખાનગી હિસાબ હું બહુ સારી રીતે રાખી શકતો નથી એ સાચું. પરંતુ આવક જાવકના સતત ચાલતા ગજગ્રાહને અંગે હિસાબ રાખવાથી હું મારી સ્થિતિ સુધારી શકીશ એમ મને કદી લાગ્યું નથી. સરકારી હિસાબો હું ઠીક ઠીક સમજી શક્યો છું. ખાતાનાં બજેટો પણ મેં તૈયાર કર્યાં છે. મુલકી અને આયપતવેરા ખાતાનું સુકાન પણ મેં વડોદરા રાજ્યનું કદી સંભાળ્યું છે. લીલાવતી ગણિતના સુંદર શ્લોક મને ગમ્યા છે અને શામળે પોતાની વાર્તાઓમાં વેરેલાં ગણિતદૃષ્ટાંતો મેં રસપૂર્વક વાંચ્યાં છે. ગણિતનો વિષય નવલકથા સરખો રસમય બની શકે છે એમ સિદ્ધાંત તરીકે હું સ્વીકારી શકું છું. જગતનો સર્જનહાર--પ્રભુ--એક પ્રખર ગણિતશાસ્ત્રી છે એવો બર્ટ્રાન્ડ રસેલનો મત મને કબૂલ છે. આઈન્સ્ટીનની Relativity

સાપેક્ષવાદ સમજવા પ્રયત્ન કરું પણ છું—જોકે તે હજી સમજાતો નથી. ઉચ્ચ ગણતરીની જેમાં જરૂર એવા ખગોળના વિષયોમાં મને આજ પણ ઠીકઠીક રસ પડે છે, ગણિતરીમાં પડ્યા વગર.

તોય મને ગણિત કૉલેજમાં ન જ આવડ્યું !

પ્રોફેસર સારા હતા. બહુ રસ ઉપજાવે એવા તો નહિ; છતાં કાઢી નાખવા સરખા પણ નહિ. છતાં ગણિતમાં મારો પ્રવેશ બહુ જ ડગમગતો !

અન્ય સાહિત્ય વાચનમાં વધારે રસ પડી ગયો હશે તેથી શું એમ બન્યું હશે ?

પરીક્ષા પસાર કરવાની ગંભીરતા મનમાં વસી નહિ હોય શું ? ત્યારે મારી–મારા કુટુંબની સ્થિતિ એવી ન હતી કે હું મારી પરીક્ષા સાથે ચેડાં કાઢી શકું.

સમય મળતો ન હતો એમ પણ ન કહેવાય. બીજા વિષયો વંચાય તો ગણિત કેમ નહિ ?

નાગરના છોકરાને ગણિત બહુ સારું આવડે નહિ એવું અભિમાન અમારી કોમમાં ઓછેવધતે અંશે ખરું. પરંતુ એ અભિમાન સાચું પાડવા માટે ગણિત ન જ કરવું એવી મૂર્ખાઈનો હું ભોગ થઈ પડ્યો નહોતો. નાગરત્વનું મિથ્યાભિમાન કૉલેજમાંથી તો બહુ હળવું બની ગયું હતું.

મારા કેટલા ય મિત્રો એવા છે કે જેમનું દુઃખતું માથું ગણિતાના દાખલા કરતાં ઊતરી જાય છે.

ગણિત માગે એટલી એકાગ્રતા હું અર્પણ નહિ કરી શક્યો હોઉં ? શા માટે નહિ ?

મારા પિતાનું ગણિત ઘણું સારું હતું.

કે પછી શિક્ષણની કોઈ ખામીનો હું ભોગ થઈ પડ્યો હોઈશ ?

એ જે હોય તે ! કૉલેજમાં તો ગણિતનો વિષય મારે મન લગભગ દુશ્મન સરખો બની ગયો હતો. આજ હવે જીવનને સામે તીરે હું આવી બેઠો છું એટલે આ પ્રશ્નો મારે માટે પણ હવે

કામના રહ્યા નથી. છતાં પશ્ચાદ્ અવલોકન કરતાં હું વારંવાર વિચારી રહું છું કે ગણિત પ્રત્યે મને આટલો અનાદર કેમ હતો?

સાહિત્યને અને ગણિતને આડવેર છે એમ કેટલાક માનવા મનાવવાનો પ્રયત્ન કરે છે. સાહિત્યકાર ગણતરી જેવા ક્ષુલ્લક વિષયને ન સ્પર્શે એવી સાહિત્ય-અભિમાનની લાગણી પણ વ્યક્ત થતી મેં સાંભળી છે. હું એમાં માનતો નથી. ગણિત અને સાહિત્ય વચ્ચે દુશ્મનાવટનું કશું ય કારણ નથી. ગણિતશાસ્ત્રીઓના જીવનમાં રસ ન હોય એમ માનવું ખોટું છે. અને સાહિત્યકાર પણ ગણતરીથી પર રહી શકે ત્યારે જ કે જ્યારે તે ઘેલો બને.

આ મારી આજની માન્યતા. પરંતુ એ વાત પણ સત્ય કે હું કૉલેજમાં ગણિતના વિષય પ્રત્યે જરા ય અભિમુખ બની શક્યો નહિ. ગણિતનો સ્પર્શ કરતાં મને તાવ ચઢતો. અને ગણતરી કરવા બેસતો ત્યારે હું ગણિતના સિદ્ધાન્તો સામે જકકે પણ ચઢી જતો.

If A is equal to B—જો અ બની બરાબર હોય... એ કલ્પના જ મને અણગમતી થઈ પડતી. અ અને બ શા માટે બરાબર હોય? શા માટે એમ આપણે ધારી લેવું? એમ ધારી લઈને જ આપણે આગળ વધવાનું હોય તો ગણિતની ચોકસાઈ ક્યાં ગઈ? ધારવાનું હોય તો બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એ મન્ત્રનો પાઠ કરવો શો ખોટો? આવા આવા વિચારો પણ ગણિતની સામે ઊભા થતા એવું ઝાંખું સ્મરણ મને થાય છે.

ગણિતે પણ મારી દુશ્મનાવટનો બરાબર બદલો દીધો. એણે માગેલી ખંડણી ભર્યા વગર આગળ જવાય એમ હતું જ નહિ!

પહેલા વર્ષની પરીક્ષા યુનિવર્સિટીની પરીક્ષા હતી. આજ એ કૉલેજની પરીક્ષા હોવાથી અમુક અંશની કુમળાશ વિદ્યાર્થીઓ પ્રત્યે વાપરી શકાય છે, અને બીજા વિષયોમાં સારા માર્ક્સ મેળવનાર પ્રત્યે ઉદારતાથી જોઈ શકાય છે. પરંતુ ત્યારે એ સગવડ ન હતી. પરીક્ષા આપવા મુંબઈ જ જવું પડતું. બીજા બધા વિષયોમાં સારા ગુણ આવ્યા છતાં ગણિતના વિષયમાં હું નપાસ થયો! અને મારું વર્ષ બગડ્યું. એક વર્ષ હું પાછળ પડ્યો.

બીજે વર્ષે ગણિતમાં વધારે મહેનત કરી, પરીક્ષામાં આવે એવા સિદ્ધાન્તો ગોખી રાખ્યા, અને મેં પરીક્ષા પસાર કરી પણ ખરી.

પરંતુ ઇન્ટરમાં પણ સામે ગણિત આવીને ઊભું જ રહ્યું! બીજગણિત અને ત્રિકોણમિતિ મને ડરાવતાં ત્યાં ખડાં હતાં. એમાં પણ તે જ દશા અનુભવી. અને કૉલેજમાં મારાં બે કિંમતી વર્ષોનો ગણિતે ભોગ લીધો.

બી.એ.માં પણ જો ગણિત ફરજિયાત હોત તો કદાચ હું ગ્રેજ્યુએટ પણ ન થઈ શક્યો હોત!

૪

સાંભરી રહેલા થોડા પ્રોફેસરોને પાછા સંભારી લઉં.

ક્લાર્ક સાહેબ ત્યારે કૉલેજના પ્રિન્સિપાલ. અંગ્રેજનો ગૌર વર્ણ અને અંગ્રેજનો પૂર્ણ દમામ તેમનામાં હતો. દેખાવમાં ઊંચાં, ટટ્ટાર, મજબૂત અને અત્યંત દેખાવડા. તેમનો રુઆબ ઘણો ભારે. તેમની સાથે સહેજ પણ છૂટ લઈ શકાય નહિ એવું વાતાવરણ તેમણે પોતાની આસપાસ ઊભું કર્યું હતું. હસતું મુખ હોવા છતાં સહુને પોતાનાથી દૂર રાખવાની આવડત ક્લાર્ક સાહેબે સારી રીતે કેળવી હતી. પશ્ચિમની વિશ્વજીત ગોરી પ્રજાના હૃદયમાં બસો વર્ષના દિગ્વિજય અંગે ભવ્ય સ્વશ્રદ્ધા–Self confidence ઉત્પન્ન થાય એમાં નવાઈ ન કહેવાય. અંગ્રેજ ઊભો રહે તોપણ જાણે જગતસ્વામી હોય એમ. એ ચાલે તોપણ વિજયી વીરની અદાથી. બોલે તોપણ જાણે સહુ એને સાંભળવાને બંધાયલાં હોય એવી ઢબથી. Nervousness (ગભરાટ)નો તો તેમનામાં અંશ પણ નહિ. ક્લાર્ક સાહેબ એક વિજયી પ્રજાના પ્રતીક જેવા જ લાગતા હતા–એક કેળવણી સંસ્થાના મુખ્ય ચાલક હોવા છતાં;

સાથે આપણી નવી નેતાગીરી કે નવીન ધનિકતાનું આછકલાપણું કે તોછડાઈ બિલકુલ નહિ. ક્લાર્ક સાહેબના રુઆબમાં જેવી સ્વાભાવિકતા હતી તેવી સ્વાભાવિકતા મેં ભાગ્યે જ કોઈ હિંદવાસીમાં નિહાળી હશે. નાની સ્થિતિમાંથી મોટા બનેલા અનેક

હિંદવાસીઓને મેં નિહાળ્યા છે. તેમની મોટાઈ કાં તો સ્વવખાણના નિત્યપાઠ બની જાય કે પરતિરસ્કારનો પ્રકાશ બની રહે. કલાર્ક સાહેબની પાસે જતાં વિદ્યાર્થી ગભરાય ખરો. તેમનાં ટૂંકાં, જોરદાર અંગ્રેજી વાક્યો સામે જીભાજોડી કરવા કોઈ વિદ્યાર્થીની હિંમત ન જ ચાલે. તેમના વર્ગમાં તોફાનનું નામનિશાન પણ નહિ. મશહૂર તોફાની વિદ્યાર્થીઓ પણ કલાર્ક સાહેબ સામે થવાનો વિચાર સ્વપ્ને પણ કરતા નહિ. તેઓ વર્ગમાં શીખવે ત્યારે રમૂજ પણ ઘણી કરતા; પરંતુ એ રમૂજ એવી નહિ કે જેથી વિદ્યાર્થીઓ તેમની પણ રમૂજ કરી નાખી તેમને હોળીના ઇલાજી બનાવી દે! તેમની શેહ એવી પડી ગઈ હતી કે તેઓ ખરેખર રમૂજ કરે છે કે ગાંભીર્યપૂર્વક શીખવે છે એની વિદ્યાર્થીઓના મોટા ભાગને ભાગ્યે જ સમજણ પડતી. એ પ્રસંગોએ મુખ ઉપર જરા વધારે કડવાશ લાવી આ અંગ્રેજ પ્રાધ્યાપક પોતાના રેઢિયાળ હિંદી વિદ્યાર્થીઓને બૂમ પાડીને કહેતા :

'Why don't you laugh? It is a JoKe... J... O...K...E...'(હસતા કેમ નથી? એ મર્મ છે...મશ્કરી છે...મને કાંઈ નહિ મ........)

આવા દેખાવ છતાં વિદ્યાર્થીઓ પ્રત્યે તેમને લાગણી ઘણી ભારે. તેમના હૃદયમાં કોમળતા વસતી હતી, અને વિદ્યાર્થીઓને કલાર્ક સાહેબ જેવા પ્રિન્સિપાલ હોવામાં એક પ્રકારનું અભિમાન રહેતું. અંગત સંબંધ કોઈ વિદ્યાર્થી સાથે નહિ જ; છતાં હિંમત કરી કોઈ વિદ્યાર્થી તેમની પાસે જાય તો તેની હકીકત પૂરેપૂરી સાંભળે અને તેને બનતી સગવડ આપે. પરંતુ લાગણીવેડાનો દેખાવ જરાય નહિ.

વિદ્યાર્થી એટલે સ્ફૂર્તિનો અવતાર...હિંદનો વિદ્યાર્થી પણ સ્ફૂર્તિનો જ અવતાર કહી શકાય—જે સ્ફૂર્તિ હિંદની ભૌતિક કે રાજદ્વારી પરિસ્થિતિમાં હોય તે! એ સ્ફૂર્તિ વિદ્યાર્થીને સર્વથા ડાહ્યોડમરો ન રાખે એ સ્વાભાવિક છે. ડાહ્યા માણસો જેને તોફાનમ ગણી કાઢે એવી પણ અનેક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સતત ચાલ્યા કરે જ—ત્યારે તેમ જ આજ પણ. એટલે તોફાન, મારામારી, ધાંધલના નાના મોટા વંટોળિયા વિદ્યાર્થી સમૂહોની આસપાસ ઊડતા જ રહેતા

હોય. રેલ્વે સ્ટેશન, પોલીસ ચોકી અને હરવા ફરવાની જગ્યાઓ વિદ્યાર્થીઓમાં વધારે પડતી સ્ફૂર્તિ લાવી મૂકે છે. પોલીસ કે સ્ટેશન સ્ટાફ સાથે ઝઘડો કરી આવેલા કે પકડાયેલા વિદ્યાર્થીઓને કલાર્ક સાહેબ પોતાની જ જાત જવાબદારી ઉપર હકીકત જાણતા બરાબર જાતે દોડીને છોડાવી લાવે. અલબત્ત, પછીથી એ વિદ્યાર્થીસમૂહને એવો ધમકાવે કે તેનાથી બે વર્ષ સુધી તો કશું તોફાન થઈ જ શકે નહિ! એ ધમકી એટલે ગાળ નહિ, શિખામણનો ધોધ નહિ. આંખ અને મોઢાનો અભિનય, અને ત્રણ ચાર ટૂંકાં જોરદાર વાક્યો! ધમકી પછી કાઢી મુકાયેલા કોઈ વિદ્યાર્થીમાં પાછું ફરીને જોવાની હિંમત ભાગ્યે જ રહેતી. છતાં કોઈની હિંમત ઊભરાઈ આવે અને ધમકાવી ચૂકેલા કલાર્ક સાહેબના મુખ ભણી નજર કરે તો તેમનું સ્વાભાવિક સ્મિત પાછું આંખ અને મુખ ઉપર રમતું દેખાય જ!

એક વખત ન્યુ-રેસીડેન્સીના વિદ્યાર્થીઓનું તોફાન ધાર્મિક ચીલે ચઢી ગયું. કૉલેજના ક્રિકેટ મેદાનની સામે બેલ-બાગ નામે ઓળખાતું જમરૂખનું વન હતું, અને રહેઠાણની આસપાસ વિશ્વામિત્રીની ખાડીઓ અને કોતરોમાં ભરચક વનસ્પતિ ઊગી નીકળતી હતી. હોળીનો દિવસ આવ્યો. વિદ્યાર્થીઓની ધાર્મિક ભાવનાએ હોળી પ્રગટાવવાનો નિશ્ચય ઉપજાવ્યો. સૂકાં લીલાં લાકડાંની ખોટ ત્યારે ન હતી; વનમહોત્સવ સરકારી રાહે જ ઊજવવાની જરૂર પડે એટલી બધી વનશ્રી ત્યારે ઉજડી ગઈ ન હતી. એટલે લાકડાં વિદ્યાર્થીઓએ ભેગાં કર્યાં. હુકમ ન હોય તો વિદ્યાર્થી હિમાલય ઉપર પણ ચઢી જાય; હુકમને જોરે તેને સીડીનું એક પગથિયું પણ ચઢતાં હૃદય ઉપર વ્યથા ઊપજી આવે. સબળ–નિર્બળ સર્વ વિદ્યાર્થીઓએ લાકડાં ભેગાં કર્યાં. Economy of oppulance માં–ભરપટ્ટે મફત મળતી વસ્તુઓની વ્યવસ્થામાં કોઈ કરકસર કરે જ શા માટે? લાકડાંનો મોટો ગંજ વાગ્યો. નાનકડો ખાડો ખોદાયો અને વડોદરામાં બીજે કોઈ પણ સ્થળે નહિ પ્રગટી હોય એવી મહાહોળી મેદાન ઉપર પ્રગટી નીકળી. ચંદ્રને પણ આંટે એવો મહાપ્રકાશ અને ધૂણીના ગોટેગોટ નિહાળતાં અગ્નિનો ભય સહુને લાગે એ સ્વાભાવિક હતું. વળી આ ધર્મકાર્ય વિદ્યાર્થી-

ઓએ પહેલી જ વાર કર્યું હતું, એટલે આસપાસના રહેનારાઓને ભાગ્યે જ ખબર પડે કે વિદ્યાર્થીઓ સ્વધર્મના અભિમાનમાં હોળી પ્રગટાવે. એ તો એમ જ માને કે રેસીડેન્સી બાજુએ ભયંકર આગ લાગી હોવી જોઈએ!

વિદ્યાર્થીઓ કાંઈ એક જ ગામના કે એક જ જિલ્લાના ત્યારે આવતા નહિ. એમાં ચરોતરી તત્ત્વ પણ હોય, સૂરતી તત્ત્વ પણ હોય અને ભરૂચી તત્ત્વ પણ હોય. ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડ પણ એમાં પ્રતિનિધાન મેળવતાં. સિંધથી પણ ત્યારે વડોદરા કૉલેજમાં ભણવા માટે વિદ્યાર્થીઓ આવતા. સિંધમાં કદાચ હોલિકોત્સવ નહિ હોય; પણ ગુજરાત કાઠિયાવાડમાં તો તે ઊજવણી આકર્ષક રીતે થવાની. આમ ચતુરંગી વિદ્યાર્થીઓ પોતપોતાના સ્થાનિક અભિમાનને આગળ કરી હોળીના રંગને અનેકરંગી બનાવે જ. હોળી અંગે બીભત્સ વચન ઉચ્ચારણની છૂટ સમાજે આપી હતી, જેને હવે કાયદાથી લઈ લેવામાં આવે છે ને હું પણ એમ માનું ખરો કે બીભત્સ ઉચ્ચારણ એ સંસ્કારનો પ્રકાશ નહિ, પણ સંસ્કારની—સંસ્કારના દંભની કાળાશ છે. એટલે એ આપોઆપ જાય એ ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓ સંસ્કારગ્રાહી હોવાથી બહુ બીભત્સ ઉચ્ચારણમાં નહિ પડ્યા હોય એમ સહુ કોઈ આશા રાખે. પરંતુ બૂમાબૂમ, ચીસાચીસ અને હોકારાના મિશ્રણથી એ આગનું દૃશ્ય બની ગયેલું સાંભળનારને લાગે એમાં નવાઈ નહિ.

આસપાસથી લોકો દોડી આવ્યા. એમાં પાસે રહેતા પ્રિન્સિપાલ કલાર્ક સાહેબ તો હોય જ. સહુથી ઊંચા તરી આવતા કલાર્ક સાહેબે જોઈ લીધું કે કૉલેજના એકે મકાનને આગ લાગી નથી, પરંતુ વિદ્યાર્થીઓએ હોલિકોત્સવ ઊજવવા માંડ્યો છે!

છોકરાઓ કલાર્ક સાહેબને જોઈ ગયા. ગંભીર મુખે હોળીના ભડકાને નિહાળી રહેલા કલાર્ક સાહેબને જોતાં જ વિદ્યાર્થીઓનો ઘોંઘાટ શમી ગયો, બૂમો બંધ થઈ અને આખી રેસિડેન્સીના છોકરાઓને શી શિક્ષા થશે તેનો થથરાવતો ખ્યાલ કરતા વિદ્યાર્થીઓ સજ્જડ બની ગયા. કલાર્ક સાહેબ તેમના સુંદર જોરદાર ઇંગ્લીશમાં પ્રશ્ન

કરે એનો જવાબ બીનઅંગ્રેજ વિદ્યાર્થીઓ એકાએક તો આપી શકે જ નહિ. બધાને અંગ્રેજી સરસ બોલતાં ભાગ્યે જ આવડે. હિંમતવાન બેચાર છોકરાઓ કલાર્ક સાહેબની પાસે આવ્યા, જેમને કલાર્ક સાહેબે ચાલુ પ્રશ્ન પૂછ્યો :

'શું કરો છો ?'

'કાંઈ નહિ, સાહેબ! પણ આ તો હિંદુઓનો ઉત્સવ ઊજવીએ છીએ.'

'ઓછી બૂમ પાડો તો હિંદુઉત્સવ ન ઉજવાય ?'

કલાર્ક સાહેબ જાણતા હોય તો ય કોણ એમને કહી શકે કે યુરોપના કેટલા ય ઉત્સવો સરખો આ બૂમો પાડવાનો ઉત્સવ છે ? જરા હળવાશ વર્તનમાં આવે તો ય ચલાવી લેવાય એવો ? કોઈએ જવાબ આપ્યો નહિ. વિદ્યાર્થી અવસ્થામાં બાઘા દેખાઈ જવાબ ન આપવામાં ઘણા દોષ ઢંકાઈ જાય છે. કચેરીમાં પણ એ ઇલાજ કદી કામ લાગે ખરો ! એક બુદ્ધિમાન વિદ્યાર્થી આખા પ્રસંગને ધર્મછાપ આપવા માટે કોપરું અને સાકર મિશ્રિત પ્રસાદ લઈ આવ્યો.

'Sir ! Sir ! God's grace !'

વિદ્યાર્થીએ થાળીમાં મૂકેલો પ્રસાદ ગંદા હાથે ઉપાડી કલાર્ક સાહેબ સામે ધર્યો. કલાર્ક સાહેબની આંખમાં રમૂજ ચમકી અને તેમણે પોતાનો ગોરો ચોખ્ખો હસ્ત આગળ ધર્યો. હિંદુઓ ઘણી બાબતમાં પશ્ચિમની પ્રજા કરતાં વધારે ગંદા છે એમ આપણે જાણી લઈએ એ જ ઠીક છે. નહાવા ધોવાના આપણા આગ્રહને હિંદુ ધર્મની ખૂબીનાં ભાષણો માટે જ આગળ કરવા રાખવો જોઈએ ! સ્વચ્છતામાં, સુઘડતામાં આપણે ઘણા ઘણા પછાત.

વિદ્યાર્થીએ હથેલીમાં પણ ઊભરાઈ જાય એટલો પ્રસાદ કલાર્ક સાહેબને આપ્યો ! પ્રિન્સિપાલને તો પ્રસાદ વધારે જ હોય ને ? થોડો પ્રસાદ વેરાયો, થોડો પ્રસાદ ઢોળાયો—સાકર અને કોપરું ભેગાં મળતાં ચાસણી ઢોળાય જ ને ? અને થોડો કલાર્ક સાહેબે મોંમાં મૂક્યો પણ ખરો !

થોડી વાર આમતેમ ટહેલી, હાથરૂમાલ વડે હાથ લૂછતા કલાર્ક સાહેબ 'બૂમો ઓછી પાડજો!' એટલું જ કહી ગાંભીર્યપૂર્વક થોડી વાર લગાડી ત્યાંથી ચાલ્યા ગયા.

શિક્ષાની રાહ જોતા વિદ્યાર્થીઓનો એક દિવસ વીત્યો, એક અઠવાડિયું વીત્યું, એક માસ વીત્યો, પરંતુ કોઈને પણ શિક્ષાનું ફરમાન આવ્યું જ નહિ!

સાત આઠ ગેરહાજર વિદ્યાર્થીઓને કૉલેજમાં દાખલ કરવાનાં ફૉર્મ એક જ વિદ્યાર્થીએ થોડી થોડી વારે પ્રિન્સિપાલ પાસે સહી માટે લઈ જવા માંડ્યાં. પરસ્પર સહકારની ભાવના વિદ્યાર્થીઓમાં સારી હોય છે! તેમનું ચાલે તો એકને બદલે બીજો પરીક્ષા આપી પણ આવે, એવો વિદ્યાર્થીઓનો ઉદાર ભાઈચારો છે. એ વિદ્યાર્થી પોતાના મિત્રોને સહાયભૂત થવાની ધગશમાં ભૂલી ગયો કે તેને પગે તેનાં પગરખાં ડંખતાં હતાં! અને તેથી તેની ચાલ પકડાઈ આવે એવી હતી. બે નામ આપ્યાં, ત્રણ નામ આપ્યાં, ત્યાં સુધી કલાર્ક સાહેબ તેની સામે જોઈ જે નામનું ફૉર્મ હોય તે ઉપર સહી કરી મૂકચાં, ચોથે નામે તેમનાથી રહેવાયું નહિ એટલે તેમણે આંખો કાઢી પોતાના ઘુરકતા સાદે પૂછ્યું :

'કેટલાં નામ તમે ધરાવો છો?'

પકડાતાં જવાબ ન આપવો એ સારામાં સારો માર્ગ કહેવાય. વિદ્યાર્થીએ જવાબ ન આપ્યો. કલાર્ક સાહેબે કહ્યું :

'જેટલાં નામનાં ફૉર્મ લાવ્યા હો એટલાં અહીં મૂકી દો!'

વિદ્યાર્થીએ બધા મિત્રોનાં ફૉર્મ તેમની આગળ મૂકી દીધાં અને કલાર્ક સાહેબે બધા ઉપર સહી કરી ગેરહાજર વિદ્યાર્થીઓને પણ દાખલ કરી દીધા!

આજના જેવી ગિરદી ત્યારે કૉલેજમાં નહિ.

૫

કલાર્ક સાહેબ જ્યારે શીખવતા ત્યારે ઘણું સારું. પરંતુ એ શીખવતા જ થોડું. એમની છાપ ભારે. વર્ષો પછી નિવૃત્ત થયા પછી તેમનું અવસાન થયું. તેમનાં વિધવા પત્ની વડોદરા બૅન્કના

મુખ્ય કરતા-કારવતા મિ. રૅન્ડલ નામના અંગ્રેજ મૅનેજરની સાથે પરણ્યાં પણ ખરાં. એ મિ. રૅન્ડલ અને ક્લાર્ક સાહેબનાં પત્ની વચ્ચેના સંબંધની વચમાં વચમાં-હું નોકરીએ લાગ્યો ત્યારે-વાત આવતી અને હું કાને હાથ મૂકતો. પ્રેમકિસ્સા બનવા માટે કિશોર વય કે યૌવન જોઈએ; એટલું જ નહિ, પ્રૌઢ અવસ્થામાં પ્રેમનાટકો ન રચાય એમ ત્યારે મારી માન્યતા હતી. મારી એ માન્યતાને પહેલો ફટકો પડ્યો મિ. રૅન્ડલ અને મિસિસ ક્લાર્કના લગ્નસંબંધથી. ત્યાર પછીના અનુભવો કહે છે કે મારી એ માન્યતા ભૂલ ભરેલી હતી. એ ભૂલનો ખ્યાલ આવતાં જાતિવિષયક સ્ખલનો અગર જેને જનતા સ્ખલનો માને છે તે તરફ અત્યંત ઉદારતા કેળવવા હું મથ્યો છું. દૂષિત મનાતા પ્રસંગો ઉપર જલ્લાદની નજરે જોવાની જરૂર નથી. નીતિધમંડ પ્રત્યે મને હસવું આવે છે- કદાચ તિરસ્કાર પણ.

આનો અર્થ એમ નહિ કે હું નીતિને તરછોડવાની તરફેણ કરું છું. નીતિ પ્રત્યે મને નફરત નથી-માન છે. પરંતુ જે સામાજિક વમળોમાંથી ઘૂમરીઓ ખાતું આપણું જીવન વહી રહ્યું છે એ વમળો નીતિની વ્યાખ્યાને ફેરવી નાખે છે, નીતિ વિષે અનેક ભ્રમ ઉપજાવે છે, અને નીતિને સમજી શકાય નહિ એવી ચૂંથી ચોળી મૂકે છે. વળી ચિટ્ઠી ચોડેલી નીતિ એ સર્વથા સાચી જ હોય એમ પણ ન કહેવાય. બિલ્વમંગળ, મહાત્મા મૂળદાસ, ભક્ત કવિ દયારામ...એમના કરતાં આપણે શું વધારે નીતિમાન ?

હું કૉલેજનાં મારાં છેલ્લાં વર્ષોમાં હોઈશ ત્યારે ગુજરાતને-કહો કે હિંદભરના સુશિક્ષિત સમાજને ચમકાવતો એક પ્રસંગ બન્યો. દયારામ ગીડુમલ સરખા બ્રહ્મર્ષિનું માન પામેલા ગૃહસ્થે પોતાના જ મિત્ર-સુધારક છતાં પરમ ભક્ત- સાહિત્યકાર નરસિંહ-રાવ દીવેટિયાની સુપુત્રી ઊર્મિલા સાથે હયાત પત્નીએ લગ્ન કર્યું. સમાજમાં ઉહાપોહ ઘણો થયો. ટીકાઓ લેખી ઘણી ચાલી; એથી યે વધારે મુખટીકાઓ વહેતી મુકાઈ. એ કાર્યને ભલે આપણે વખાણપાત્ર ન માનીએ; છતાં મને બીજી રીતે ચમકાવતો એક પ્રશ્ન જરૂર

ઊપજ્યો :

'આપણે ટીકાકારો ખરેખર દયારામ કે ઊર્મિલા કરતાં વધારે નીતિમાન હોઈશું ખરા? એ જ સંયોગોમાં કોઈ પણ મુકાય તો?'

મંથનમાં પડેલા મારા હૃદયે એટલું તો જરૂર કહ્યું કે દયારામ ગીડુમલ કે ઊર્મિલા કરતાં શ્રેષ્ઠ સ્થાને બેસવાની મનસા, વાચા અને કર્મણા મારી શક્તિ તો નથી જ. મારાથી તેમની કે કોઈની ટીકા ન જ થાય.

એ સમયના મારા મનોમંથનને સૂચવતી એક કવિતા પણ મારાથી લખાઈ ગઈ, જે 'શંક્તિ હૃદય' નામના મારા નાટકમાં મેં ગૂંથી છે.

'અહ સંતજી! પગ પાવડી પરથી
જુઓ આ ખસી ગયો.'

ઉપાલંભમાં પણ હું ભૂલ્યો ન હતો કે જેને ઉદ્દેશીને હું નીતિના પ્રશ્નની ચર્ચા વખતે મારી અને પ્રિન્સિપાલ કલાર્કની વચ્ચે ઊપજેલા એક ઘર્ષણને પણ હું યાદ કરી લઉં.

કૉલેજમાં બંધાયેલા મારા મિત્રમંડળને વાચનનો ઘણો જ શોખ. તેમાં યે, આજની માફક ત્યારે progressive – પ્રગતિશીલ ગણવાના વિદ્યાર્થીઓને શોખ હોય એ સ્વાભાવિક ગણાય. શૉ – ઇબ્સેનનાં નાટકો, સોશ્યાલિઝમ – કમ્યુનિઝમના તે સમયે બંડખોર ગણાતા વાદ, સ્ત્રીસ્વાતંત્ર્યના સિદ્ધાંતો અને જાતીય પ્રશ્નોની ચર્ચા કરતાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવવા કરતાં પણ જ્ઞાન મેળવ્યું છે એવો દેખાવ કરવાની વધારે વૃત્તિ રહેતી હોવી જોઈએ. એ વૃત્તિ વાંચનને વિપુલ બનાવતી.

પ્રગતિશીલ દેખાવાનાં હવાતિયાં મારતા અત્યારના કોઈ પણ લોકજ્ઞ પ્રધાનોથી ચલાવાતાં ભારતીય રાજ્યો કરતાં ઘણી ઘણી વધારે પ્રગતિ સાધી ચૂકેલા શ્રીમંત સયાજીરાવનાં વડોદરામાં ત્યારે લોકશિક્ષણની એક બાજુ સાચવતી પુસ્તકાલય પ્રવૃત્તિનો આરંભ થઈ ચૂક્યો હતો અને મારા જીવનને અત્યંત ઉપકારી નીવડેલું વડોદરા – સેન્ટ્રલ લાયબ્રેરી – મધ્યવર્તી પુસ્તકાલય સ્થાપન થયું હતું અને વાચન –

શોખનો વિપુલ પ્રમાણમાં વધારો કરતું હતું. આનો લાભ મેં બહુ જ લીધો છે. કેટલાંક જાતિવિષયક પુસ્તકો વયે પહોંચેલા અને વિશિષ્ટ અભ્યાસીઓને જ આપવામાં આવતાં હતાં, અને એ પ્રણાલિકા સાચી જ હતી. છતાં પુસ્તકાલયનું સંચાલન કરતા પરિચિત ભાઈઓની સહાયથી હેવલોક એલીસની સુપ્રસિદ્ધ Psychology of Sex નામની પુસ્તકમાળા અમારા મિત્રવર્તુલમાં વંચાવા લાગી. એ માળામાંનો છેલ્લો ભાગ Sex in Relation to Society મારા હાથમાં આવ્યો અને મારે પંદર વીસેક દિવસને માટે બનારસ જવું પડ્યું. એ જ સમયે અમારા પ્રિન્સિપાલ કલાર્ક સાહેબે પુસ્તકાલયમાંથી એ જ પુસ્તકની માગણી કરી. હું વડોદરામાં જ હોત તો એ પુસ્તક તત્કાળ પાછું આપી દેત. પરંતુ હું તો બહારગામ હતો. તપાસ થઈ કે આ જરૂરી ગુપ્ત રખાતું પુસ્તક કૉલેજના પ્રિન્સિપાલ માગે છે છતાં મળતું કેમ નથી? ખબર પડી કે કૉલેજના સિનિયર બી.એ. કલાસમાં ભણતા એક વિદ્યાર્થીને નામે એ પુસ્તક ચઢેલું હતું. એ વિદ્યાર્થી તે હું. કૉલેજમાં ત્યારે હું હાજર નહિ; અને કદાચ ગેરહાજર રહેવાની મેં રજા લીધી પણ નહિ હોય. એટલે હું બે પ્રકારનો ગુનેગાર અકસ્માત બની ગયો. વિદ્યાર્થીઓએ વાંચવાં ન જોઈએ એવાં પુસ્તકો હું વાંચતો હતો એ એક દોષ; અને બીજો દોષ એ કે વગર રજાએ હું ગેરહાજર રહ્યો હતો! કૉલેજમાં આવતા બરોબર મારે પ્રિન્સિપાલ પાસે હાજર થવું એવો હુકમ પણ નોટીસ બૉર્ડ ઉપર ચોડાઈ ગયો!

હું તોફાની વિદ્યાર્થીમાં ગણના પામ્યો ન હતો. કોઈ પ્રૉફેસરને વધારે મળવાની અને તેમની મહેરબાની શોધવાની વૃત્તિ મારામાં કદી જાગી ન હતી. અને વગર રજાએ ગેરહાજર રહેવામાં હું એકલો જ ગુનેગાર ન હતો એમ હું જાણતો હતો. વળી કૉલેજમાં એક પણ વિષયનું શિક્ષણ – ત્યારે તેમ જ આજ – પ્રૉફેસરની સહાય વગર ન જ આવડે એમ માનનાર મહાન વિદ્યાર્થીઓ બહુ જ થોડા હશે એમ મને લાગે છે – વિજ્ઞાનના વિષયો બાદ કરતાં પ્રૉફેસરોનાં વ્યાખ્યાનો ચૂકી જવાથી કોઈ

મહાન પ્રાપ્તવ્ય ગુમાવ્યું એવો ભાવ પણ ભાગ્યે જ કોઈ પ્રૉફેસર ઉત્પન્ન થવા દે છે. આવાં આજ અને ત્યારે પણ સત્ય લાગતાં કારણો વ્યવસ્થિત સંસ્થામાં ભાગ્યે જ ચાલી શકે. એટલે કૉલેજમાં આવતાં બરોબર મિત્રોએ સમાચાર આપ્યા, નોટીસ બૉર્ડ ઉપરના આમંત્રણે ખાતરી કરાવી–કારણ એવી ખાતરી વગર કૉલેજના મિત્રો વગર આમંત્રણે પણ પ્રિન્સિપાલનો ભેટો કરાવવો ચૂકે નહિ એ પણ સંભવિત ગણાય. જોકે મારું મિત્રવર્તુલ એવી practical jokes અંગત ઉદ્દમાતમાં ભાગ્યે જ ઊતરતું; અને હું પ્રિન્સિપાલ પાસે સભ્યતાપૂર્વક હાજર થયો.

પ્રિન્સિપાલ આપણા હૃદયને અસર થાય એવી ઢબે–ગાંભીર્ય ચૂક્યા વગર–ખૂબ ઘૂરક્યા. પંદર દિવસની મુદ્દત થઈ ગઈ હોવાથી પુસ્તક તો મેં બનારસથી જ પુસ્તકાલયમાં મોકલી દીધું હતું જે પ્રિન્સિપાલને મળી પણ ચૂક્યું હતું. હું ન વાંચવા યોગ્ય પુસ્તકો વાંચુ છું. એવો આરોપ તેમણે સીધો કદી મૂક્યો જ નહિ. English prudery –અંગ્રેજોની જગતજાણીતી સુગાળવૃત્તિ પણ એમાં કારણરૂપ હોય, જોકે એ ન વાંચવા સરખું ગણાતું લખ્યું હતું એક મહાન અંગ્રેજ ફિલસૂફે અને એ વાંચવું હતું પણ એક અંગ્રેજ પ્રિન્સિપાલને ! અને ફક્ત વગર રજાએ ગેરહાજર રહેવાના કારણને આગળ કરી અંગ્રેજી ઑનર્સનો અભ્યાસ મારી પાસેથી છોડાવી નાખવાની મને તેમણે ધમકી આપી–જેમાં કૉલેજ સદંતર છોડવાની પણ ધમકી સમાઈ હતી. હિંદુ-કુટુંબ, કુટુંબના રીતરિવાજ, અને કુટુંબની મુશ્કેલીઓ–તેમાં યે આર્થિક અસ્થિરતા અનુભવતા મારા સરખા કુટુંબની મુશ્કેલીઓ–આગળ કરવાથી કાંઈ વળે એમ ન હતું. ગુનાની માફી આપવા મેં એક-બે વાક્યમાં વિનંતી કરી. ત્યારે–તેમ જ આજ પણ–હું વધારે પડતો માની–અભિમાની છું એ હું જાણું છું. મારું મિથ્યાભિમાન મને એક પાસ અત્યંત અતડો બનાવી રહ્યું છે અને બીજી પાસ અત્યંત મળતાવડો–મળતાવડા કરતાં પણ વધારે વિવેકી બનાવી શક્યું છે એની મને ખબર છે. કદી કદી મારા ગુણદોષનું પૃથક્કરણ કરવાની હું તક લઉં છું ખરો !

રાજ્યકર્તાની અદાથી પ્રિન્સિપાલ સાહેબે મને કહ્યું : ‘Await my decision–મારા નિર્ણયની રાહ જુઓ.’

અને હું બહાર નીકળી આવ્યો. મને સલાહ મળી કે મારે લેખિત માફી માગવી અગર મિસિસ ક્લાર્ક પાસે જઈ રડી પડવું ! કેટલાય વિદ્યાર્થીઓ મિસિસ ક્લાર્ક પાસે જઈ ક્લાર્ક સાહેબના ગુસ્સામય નિર્ણયો ફેરવાવી લાવતા હતા એની મને ખબર હતી. બેમાંથી એકે બાજુએ હું ઢળી શકું એમ ન હતું.

મેં ક્લાર્ક સાહેબના નિર્ણયની રાહ જોઈ. મને ઑનર્સ અંગ્રેજી શીખવતા એક મદ્રાસી પ્રૉફેસર રત્નસ્વામીએ મને અનિચ્છનીય પુસ્તકના વાચન વિષે વાત કરી. મેં તેમને હકીકત સમજાવી–અને વધારામાં એ દલીલ કરી કે પુસ્તક હું એક પરિણીત પુરુષ તરીકે વાંચતો હતો. ત્યારે મારું લગ્ન થઈ ચૂક્યું હતું. અને આવો આરોપ ખુલ્લી રીતે મારા ઉપર ન મૂકતાં ક્લાર્ક સાહેબ મનમાં રાખી કેમ બીજા આગળ ફરિયાદ કરતા હતા એ બદલ મેં મારો સ્પષ્ટ અણગમો જાહેર કર્યો.

આમે પ્રૉફેસર રત્નસ્વામી સિવાય બીજા એકે પ્રૉફેસર આછી સરખી કાળજીથી પણ ઑનર્સ અંગ્રેજી શીખવતા ન જ હતા. પ્રિન્સિપાલનો ખાસ કશો નિર્ણય આવ્યો નહિ; કૉલેજમાં મારું ભણતર ચાલુ રહ્યું; લગભગ મારી ત્યારની પરિસ્થિતિ અંગે કૉલેજની ફીમાંથી અડધી પોણી મુક્તિ આપવાની લેખી માગણી નામંજૂર કરી; પહેલા વર્ગની નજીક આવે એટલા ગુણ સાથે હું અંગ્રેજી ઑનર્સમાં સેકન્ડ ક્લાસમાં આવ્યો. પસાર થયેલા વિદ્યાર્થીઓમાં મારા બધા કરતાં વધારે ગુણ–marks– આવ્યા, અને મને કૉલેજના ફેલો તરીકે નીમવાનો પ્રસંગ આવ્યો ત્યારે પણ મારે કાને વાતો આવવા લાગી કે મારા અનિચ્છનીય વાચનના પ્રસંગને ક્લાર્ક સાહેબ હજુ ભૂલી ગયા નથી.

છતાં તેમણે મારી જ ફેલો તરીકે નિમણૂક કરી અને થોડા જ માર્ક્સ માટે મારો પ્રથમ વર્ગ ગયો એ બદ્દલ દિલગીરી પ્રદર્શિત કરી. એ પછી–આટલા જ પ્રસંગ સિવાય– મારો ક્લાર્ક સાહેબની વચ્ચેનો સંબંધ બહુ સારો રહ્યો. પ્રિન્સપાલમાંથી તેમને કેળવણી ખાતાના વડા તરીકે બદલવામાં આવ્યા ત્યારે શ્રી સયાજી સાહિત્ય-

માળાને અંગે તેમ જ વિજ્ઞાનકોષને અંગે પણ હું તેમના ઠીક ઠીક પરિચયમાં રહ્યો. In kerala ( કેરલ પ્રદેશમાં ) એ નામનું તેમણે અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરેલું પુસ્તક તેમણે મને ઘેર બોલાવીને ભેટ આપ્યું. તેમનામાં બહુ જ ભલમનસાઈ હતી. એનો મને વિદ્યાર્થી અવસ્થા પછી પણ અનુભવ થતો રહ્યો. તેઓ વિદ્યાર્થીઓની પ્રીતિ અને માન સંપાદન કરી શક્યા હતા, અને તેમના શોકજનક અવસાન પછી તેમનું સ્મરણ કૉલેજમાં જળવાઈ રહે એ અર્થે ફાળો ભેગો કરવાના આગેવાન વિદ્યાર્થીઓના પ્રયત્નમાં કાંઈ સહાય કરી શકાય એ અર્થે 'શંક્તિ હૃદય' નામનું મારું નાટક પણ મેં લખી આપ્યું, જેની ભજવણીમાંથી સ્મારક ફાળામાં ઠીક ઠીક રકમ પણ ભેગી થઈ. એ ફાળાનો હજી પણ લાભ વિદ્યાર્થીઓને મળતો હશે એમ હું આશા રાખું છું.

વ્યક્તિઓમાં રાષ્ટ્રીય લક્ષણો કેમ વ્યક્ત થાય છે એનું કલાર્ક સાહેબ એક સરસ દૃષ્ટાંત કહી શકાય. સાલસાઈમાં કોઈ પણ હિંદુ વાસી કરતાં ચઢી જાય. આપણી ધમકાવવાની ઢબ—રાતાપીળા બની જવાની, ધમપછાડા કરવાની, જરૂર કરતાં અવશ્ય વધારે બોલવાની, ગાળભર્યાં નામ વિશેષણ ફેંક્યે રાખવાની અને આસપાસ એક ગાઉ સુધી સાંભળાય એવી બૂમો પાડવાની–એમાંનું કશું કલાર્ક સાહેબમાં નહિ.

છતાં નાની વાતને મોટું સ્વરૂપ આપી દેવાની-fuss કરવાની–શક્તિ તેમનામાં ઘણી ભારે! ફિલોસોફીના પ્રોફેસર શ્રી ડાહ્યાભાઈ પુરોહિત પોંડીચેરીમાં શ્રી અરવિંદ ઘોષને મળ્યા. એ ગુના બદલ અંગ્રેજી રાજયદબાણને વશ થઈ તેમને નોકરીમાંથી ખસેડવાની વડોદરા રાજ્યને પડેલી ફરજ પ્રસંગે કલાર્ક સાહેબે શ્રી પુરોહિત વિરુદ્ધ કરેલી દલીલો સરકારી રાહે મને વાંચવાનો પ્રસંગ મળેલો! નજીવી, સાહજિક રાજકીય, રાજકીય તત્ત્વ રહિત, જૂના પરિચિત મિત્રની મુલાકાતને ગંભીર સ્વરૂપ આપવાની અંગ્રેજ કલાર્ક સાહેબની શક્તિનો મને ઠીક પરિચય મળ્યો.

એ વાંચતી વખતે કૉલેજમાં અનિચ્છનીય પુસ્તકવાચન અંગે

મને જાણ પણ કર્યા વગર કલાર્ક સાહેબે કરેલી ધમાલ ઠીક ઠીક યાદ આવી. પુસ્તકોમાં જરૂર ભેદ પાડવા પડે છે. કાચી વયમાં અમુક પુસ્તકો—ખાસ કરી જાતીય પ્રશ્ન છણતાં પુસ્તકો વિદ્યાર્થીના હાથમાં ન જ મુકાય એ હું માનું છું.

સાથે સાથે જાતિવિષયક જ્ઞાન, સાચું તંદુરસ્તી ઉપજાવતું જ્ઞાન, ગાંભીર્ય અને જવાબદારી ઉપજાવતું જ્ઞાન વિદ્યાર્થીવર્ગમાં ફેલાય એ ઇચ્છનીય છે એવો મત હવે શિક્ષણશાસ્ત્ર વધારે પ્રમાણમાં સ્વીકારતું જાય છે એ પણ નોંધવું જોઈએ.

અને એ પુસ્તક વાંચવાથી જ હું સ્વાભાવિક રીતે થાત એના કરતાં વધારે ખરાબ માણસ બની ગયો નથી એની ખાતરી કલાર્ક સાહેબના જીવન દરમિયાન જ મેં પરોક્ષ રીતે આપી હતી એમ નમ્રપણે હું માનું તો કાંઈ હરકત છે?

૬

હાઈસ્કૂલના હેડમાસ્તર દોરાબજી પટેલ પણ કૉલેજમાં અંગ્રેજી શીખવતા—એકાદ બે વર્ષને માટે. તેમનું શિક્ષણ સરસ હતું; અને શિક્ષણમાં રમૂજનું તત્ત્વ તેઓ એવી સરસ રીતે ઉમેરતા કે તેમના વર્ગમાં જવું એ અમારે મન આનંદનો વિષય હતો. બહુ નવાઈ જેવું એ સત્ય છે કે શિક્ષણને આનંદમાં ફેરવી નાખનાર શિક્ષકો—હાઈસ્કૂલ અને કૉલેજમાં—બન્ને પારસી હતા: હાઈસ્કૂલમાં વાડિયા અને કૉલેજમાં દોરાબજી. શિક્ષકો મોટા અને નાના મુખ્યત્વે બે પ્રકારની અસરો ઉપજાવે છે: એક માથું દુખવાની અને બીજી નિદ્રાની. નિદ્રા ઊડી જાય અને દુઃખતું માથું પણ ઊતરી જાય એવું અપૂર્વ શિક્ષણ આપનાર આ બન્ને પારસી ગુરુઓને હું ઘણી વાર યાદ કરું છું. રખે કોઈ એમ માને કે આ બન્ને શિક્ષકો માત્ર હસાવી જાણતા હતા! નહિ, તેમનું આપેલું શિક્ષણ નક્કર હતું.

શિક્ષણ અને આનંદનો સમન્વય કરનાર શિક્ષક વગર શિક્ષણ વેઠ રૂપ બની રહે છે. શિક્ષણ જાતે પણ હવે તો ગણિત, ન્યાય કે ફિલસૂફી સરખું શાસ્ત્ર બની ગયું છે—બીક લાગે એવું. એને આનંદને અજવાળે કોણ ઊજળું કરશે?

દોરાબજી પટેલ હાઈસ્કૂલમાં પાછા ગયા—અમારી ભારે દિલગીરી વચ્ચે, અને અમેરિકાથી એક હિંદી ખ્રિસ્તી સેમ્યુઅલ જોશી અંગ્રેજીના પ્રૉફેસર તરીકે આવ્યા. ઊંચા, ઠીક ઠીક દેખાવડા, વક્તા તરીકે આપણને ગમે એવા, પ્રૉફેસર જોશી ઠીક ઠીક આનંદી પણ હતા, મળતાવડા પણ હતા અને વિદ્યાર્થીઓને પ્રિય થઈ પડે એવા ગુણો ધરાવતા. જ્ઞાન સારું, પરંતુ હિંદુસ્તાનની હવા કે હિંદી કૉલેજોની હવા જ કદાચ પશ્ચિમની કૉલેજો કરતાં જુદી હશે! પ્રૉફેસર જોશી ઝડપથી સામાન્યતામાં ઊતરી ગયા, અને વિદ્યાર્થીપ્રિય રહેવા છતાં તેમના શિક્ષણનું રેઢિયાળપણું ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગ્યું. તેઓ ગૃહક્લેશથી પીડાતા હતા એવી વાતો પણ સાંભળવામાં આવતી. તેમને જે આશાઓ સહ લાવવામાં આવ્યા હતા તે પૂર્ણ થઈ ન હતી એમ પણ તેમની ફરિયાદ હતી એમ કહેવાતું. વાઇસ-પ્રિન્સિપાલનું સ્થાન તેમને મળશે એવી કદાચ તેમની ધારણા હતી. આવક કરતાં વધારે ખર્ચ તેમને થતો હતો, અને કદી કદી વિદ્યાર્થીઓ પાસેથી ઉછીના પૈસા માગવાની સ્થિતિએ પણ તેઓ આવી જતા હતા એનો મને જાતઅનુભવ પણ હતો. પ્રૉફેસર પણ માનવી છે એ કદી ન ભૂલવું જોઈએ. ગૃહ- વાતાવરણ અને તેને સ્થિર, શાન્ત રાખનાર આર્થિક વાતાવરણ પણ શિક્ષણકાર્યને ઉત્તેજિત કરે એવું હોવું જોઈએ, અને તેમ ન હોય તો શિક્ષણ ઉપર તેની ભારે અસર થાય છે એનો સ્વીકાર શિક્ષણશાસ્ત્રીઓએ કર્યો છે કે નહિ તેની ખબર મને ન જ હોય.

પરંતુ ગૃહવાતાવરણના પ્રશ્નમાં અંતે નસીબ ઉપર જ સહુએ આધાર રાખવો રહ્યો! અને આર્થિક વિટંબણાઓ પ્રૉફેસરોની જ નહિ પરંતુ સહુની દિવસે દિવસે વધતી જ જાય છે એ સ્વાનુભવ છે. ગૃહક્લેશ કે પ્રેમની નવીન છોળના પ્રભાવે વિદ્યાર્થિનીઓ ઉપર ભૂરખી નાખનાર પ્રૉફેસરો એ સમયે વડોદરા કૉલેજમાં ન હતા, એને અમારા યુગનું પછાતપણું કે અવિકસિતપણું સૂચવે છે એમ કોઈ કહે તો અમારે મસ્તક નીચું જ ઢાળવું રહ્યું ને?

કોઈ પણ બહાના નીચે સ્વીકૃત ફરજ બજાવવામાં શિથિલતા

આવે ત્યારે જાણવું કે વ્યક્તિ અને સમાજ નીચે ઊતરે છે. શિક્ષણમાં ખાસ પ્રૉફેસરોને કદાચ છલકાતું ધન નહિ મળતું હોય, છતાં આર્થિક સ્વસ્થતા તો ઠીક પ્રમાણમાં હોય છે એમ બીજા નોકર સમૂહોનો વિચાર કરતાં સહજ લાગે એમ છે. તોય શિક્ષણની ઊંચામાં ઊંચી કૉલેજ સરખી સંસ્થા અને કૉલેજોને દોરવણી આપતી આપણી યુનિવર્સિટીઓમાં ઊભરાતાં અસંતોષ, વેરઝેર, પક્ષાપક્ષી, કાવાદાવા, ષડયંત્રો, મારું તારું, ખટપટ અને માનવ નીચતાના વમળોને ઓળખાવી રહેલાં કાંઈ કાંઈ નામો નીચે પરિચિત થયેલી પ્રવૃત્તિઓ આંખો મીંચીને ચાલનારના પણ જોવા સાંભળવામાં આજ આવતાં રહે છે અને શિક્ષણસંસ્થાઓ વિશુદ્ધિના આદર્શ આપવાને બદલે કોઈ છૂપી પોલીસની કચેરી, જાસૂસમંડળનું મિલન, સત્તા ઝૂંટવવા તલપી રહેલા કોઈ રાજકીય પક્ષની મધરાતે મળતી છૂપી સભા કે યુદ્ધે ચડેલા દેશોના પરદેશી મંત્રીઓની પરિષદનો ભાસ આપી રહે છે. સ્વતંત્ર ભારતનું ભલું ઇચ્છનાર સહુ કોઈ જરૂર જાણી લે કે આપણી શિક્ષણસંસ્થાઓ પણ આપણા વ્યક્તિગત અને સામાજિક દોષોથી ઊભરાઈ રહેલી છે. એના સરખું દેશનું બીજું દુર્ભાગ્ય પણ ન જ હોય!

હડધૂત થતા લેક્ચરરો અને માતૃભાષામાં શિક્ષણ આપતા આપણા કહેવાતા પ્રૉફેસરો તરફનો આજનો વર્તાવ આપણા ઉચ્ચ શિક્ષણના મોવડીઓની અધમતાનો એક ભડકા સરખો પુરાવો દેખી શકાય એમ છે.

ઢોળાવ આવતાં નીચે જ ગબડી પડાય છે! અને ઊંચે ચડવું તો અઘરું જ છે! સહુની સાથે લેખકો પણ એ સત્ય ધ્યાનમાં રાખે! હું લેખક હોવાનો ઘમંડ સેવતો હોઉં તો હું પણ!

દક્ષિણ હિંદના — ઘણું કરી તામિલ પ્રદેશમાંથી આવેલા પ્રૉફેસર રત્નસ્વામી પણ અમારા અંગ્રેજી ભાષા શીખવનાર પ્રૉફેસર. અંગ્રેજીમાં પોતાનું નામ 'રથનસ્વામી' ઉચ્ચાર થાય એમ લખતા હતા. દક્ષિણ હિંદની ભાષાઓ શીખવાનો ગુજરાતે જરા ય ઉત્સાહ સેવ્યો નથી. હિંદી અને બંગાળી આગળ આપણે અટકી જઈએ છીએ. દક્ષિણની

ચાર ભગિનીભાષાઓ પ્રાચીન અને વિકસિત સ્વરૂપે કરોડો હિંદવાસી ભાઈઓની વૈખરી બની રહી છે. તામિલ, તેલુગુ, મલયાલમ અને કાનડી. આપણા ગુજરાતી વ્યાપારીઓ ઠીક ઠીક પ્રમાણમાં એ પ્રદેશનો નિવાસ કરી રહ્યા છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય એ વલ્લભાચાર્ય એ પ્રદેશમાંથી પધાર્યા અને આપણા ધર્મનું તેમણે શુદ્ધીકરણ કર્યું. એ પ્રદેશમાંથી કેટલાક દીવાનો પણ વડોદરા રાજ્યમાં આવી ગયા; છતાં એક ભણેલા ગુજરાતી તરીકે એ દક્ષિણ હિંદ વિષે હું એટલું જ જાણું છું કે વલ્લથોલ નામના એક સુપ્રસિદ્ધ કવિ એ બાજુના છે; લાંબાંમાં લાંબાં નામો એ પ્રદેશમાંથી મળી આવે છે.—ઉર્દૂ પારસી નામભિધાન પૂરાં ઉચ્ચારીએ તો તેમના હરીફ સરખાં; તામિલ ભાષામાં અતિ પ્રાચીન રામાયણ રચાયેલું છે; ભરત નાટયમ્‌નું શુદ્ધ સ્વરૂપ દક્ષિણમાં મળી આવે છે; કથકલી નૃત્યપ્રકાર ત્યાંની વિશિષ્ટતા છે; ત્યાંનાં મંદિરો કલાના નમૂનારૂપ છે; ગીલીદંડાની રમત તેલુગુ ભાષામાંથી કે એ પ્રદેશમાંથી ગુજરાતમાં આવી હશે; અને એ બાજુના ઇટલી ઢોસા નામની વાનીઓએ આપણા પાકશાસ્ત્ર ઉપર આક્રમણ કર્યું છે!

આ ઉપરાંત તેલુગુ ભાષામાં ભજવાયલું એક નાટક ઉટીમાં જોયું હતું. ભાષામાં બળ હતું, એમાં ઘણા સંસ્કૃત શબ્દો હતા, અને પૂરું થયું ત્યાં સુધી વગર સમજ્યે આખું નાટક મેં જોયું હતું, એ સિવાય બીજું કાંઈ યાદ નથી. અને સંસ્કૃત કે તેલુગુ એમાંથી એકે ભાષા મને આવડતી નથી!

તેલુગુ એ જ તેલંગણ પ્રદેશ હશે! બાર્પ નામના તેલંગણના સેનાપતિએ ગુજરાત ઉપર ચડાઈ કરી હતી એમ કોઈ ઇતિહાસમાં વાંચ્યું હતું એમ યાદ છે—જોકે એમાં ગુજરાતનું ભાગ્યે કાંઈ ગૌરવ હશે. ગુજરાતમાં ગૌરવ હશે. ગુજરાતના ગૌરવ સરખા કનૈયાલાલ મુનશીએ રચેલી 'પૃથ્વીવલ્લભ'ની કથામાં આવતો તૈલપ પણ તૈલંગણનો જ હશે! જોકે એ વાર્તા સાથે માળવાને સંબંધ છે, ગુજરાતને નહિ.

દક્ષિણ હિંદના મારા જ્ઞાનનો આ સરવાળો!

પ્રો. રત્નસ્વામી બહુ ઊંડા અભ્યાસી હતા. રોમન કેથલિક પંથના આ ખ્રિસ્તી શિક્ષકની ભાષા તથા ઇતિહાસનું જ્ઞાન ઊંડું હતું. વર્ગના–મોટા વર્ગના શિક્ષણમાં તેઓ બહુ સારી અસર ઉપજાવી શક્યા નહોતા, પરંતુ બી. એ. ના નવા શિક્ષણ ક્રમમાં અંગ્રેજી ઑનર્સ–માનભર્યો ક્રમ નવો દાખલ થયેલો મેં લીધો ત્યારથી હું તેમના સહજ નિકટ પરિચયમાં આવ્યો અને બી.એ.નાં બે વર્ષમાં મને તેમના વિશાળ વાચન અને જ્ઞાનનો બહુ સારો અને આજ પર્યંત યાદ રહે એવો અનુભવ થયો. ભાષાશાસ્ત્ર (Philology) અને અલંકારનો શોખ મને તેમના શિક્ષણમાંથી મળ્યો; અને હવે તો અભ્યાસ માટે સમય ઓછો જ રહે છે છતાં શબ્દ, અર્થ અને રસાલંકારમાં વારંવાર પ્રવેશ કરવાનું મને મન થાય છે, એ રત્નસ્વામીના શિક્ષણનો પ્રતાપ હું માનું છું.

રત્નસ્વામી શાંત પણ ઘણા મળતાવડા હતા. મારા જીવનમાં કોઈ પણ પ્રોફેસરે મને ચાનું આમંત્રણ આપી ઘેર બોલાવ્યો હોય તો તે રત્નસ્વામીએ. વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે નાનકડા સમૂહમાં આમંત્રણ આપવું, આછાં પાતળાં ચા કે કાચું કોરું ખવરાવવાં, તેમને ટેનીસ, બેડમિન્ટન, પીંગપોંગ કે પત્તાં રમાડી ખૂબ નિકટ લાવવા અને વિદ્યાર્થી તથા શિક્ષક વચ્ચે આપ્તપણું ઉપજાવવું એ શિક્ષણશાસ્ત્રે આવશ્યક માન્યું છે કે કેમ તે હું જાણતો નથી. આવશ્યક મનાયું હોય તો તેનો બહુ ઉપયોગ થતો જોયો નથી–આજ પણ. પરંતુ રત્નાસ્વામીનો એ પ્રયોગ મને બહુ ગમ્યો હતો. એ પ્રોફેસરનો લાભ વડોદરા કૉલેજને થોડો જ મળ્યો. એમની પ્રથમ પસંદગી વખતે બાજુએ મુકાયેલા પ્રો. સોઆરીસને કેટલેક વર્ષે તેમની ઉપર વધારે પગારમાં લાવીને બેસાડવામાં આવ્યા અને સ્વાભાવિક રીતે જ રત્નસ્વામીનું આત્મમાન ઘવાયું. તેમણે વડોદરાની નોકરી છોડી અને પછી તો એક યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પણ બન્યા, હિંદી ધારાસભામાં ડેપ્યુટી સ્પીકર કે સ્પીકર તરીકેનું માન પણ મેળવ્યું અને હિંદના રાજકીય ખ્રિસ્તી નેતા તરીકે પણ તેઓ ઝળક્યા હતા. કૉલેજ છોડ્યા પછી મારો અને તેમનો સંબંધ રહ્યો નહોતો.

કોઈ પણ પ્રૉફેસર કે શિક્ષક સાથે પત્રવ્યવહાર કે અંગત સંબંધ મેં કેળવ્યો નથી. મારું અતડાપણું એમાં કારણ રૂપ હોય. અતિ નિકટતા ભાગ્યે જ હું કોઈ સાથે કેળવી શક્યો હોઉં!

એક વર્ષ કૉલેજના પ્રિન્સિપાલ ક્લાર્ક ચારછ મહિના વિલાયત ગયા ત્યારે વાઇસ પ્રિન્સિપાલ મિ. બરો 'મિલ્ટનનું પૅરેડાઈઝ લૉસ્ટ' અમને શીખવતા હતા. વિજ્ઞાનશિક્ષક બરોનું સાહિત્યશિક્ષણ આકર્ષક નહોતું. ક્લાર્ક સાહેબના અવસાન પછી મિ. બરો લાંબા સમય સુધી વડોદરા કૉલેજમાં પ્રિન્સિપાલ હતા.

ફારસીભાષા શીખવતા પ્રૉફેસર નવાબઅલી દેખાવમાં, કપડેલત્તે અને સ્વભાવમાં બહુ જ આકર્ષક સજ્જન હતા. હસમુખા, ઓછાબોલા અને સૌમ્ય પ્રૉફેસર નવાબઅલીના વર્ગમાં હાજરી આપવી ગમતી. ફારસી શીખનારા કૉલેજમાં ત્યારે થોડા વિદ્યાર્થીઓ. માધવ જુલિયનને નામે પ્રસિદ્ધ થયેલા મહારાષ્ટ્રી સાહિત્યકાર શ્રી. પટવર્ધન કૉલેજમાં મારી સાથે જ હતા, અને ફારસી વર્ગમાં અમે ઠીકઠીક ભેગા પણ મળતા. આજ મને દિલગીરી થાય છે કે તેમનો ગાઢ પરિચય હું મેળવી શક્યો નહિ. નવાબઅલી સારું શીખવતા; પરંતુ તે એવું નહિ કે જે વ્યસન બનીને વળગે. એ સંસ્કારી પ્રૉફેસર સંગીત અને ચિત્રકલાના પણ સરસ જાણકાર હતા એ સને ૧૯૧૬માં વડોદરા કૉલેજહોલમાં ભરાયલી પ્રથમ અખિલ ભારતીય સંગીત પરિષદ વખતે હું જાણી શક્યો. વડોદરા રાજ્યના એક નિવૃત્ત સૂબા અને એકાઉન્ટન્ટ જનરલ શ્રીમંત પિલાજીરાવ ગાયકવાડ પાસે કેટલાંક અમૂલ્ય હિંદી ચિત્રો હતાં, જેના ઉપર ફારસી લિપિમાં લખાણ હતું. એ ચિત્રો મારા જોવામાં આવ્યાં અને તે સમયે મારી પાડોશમાં જ માંડવી પાસે આવેલી જુમ્મામસ્જિદના રહેઠાણવાળા વિભાગમાં નિવાસ કરતા પ્રો. નવાબઅલી પાસે હું ચિત્રો લઈ ગયો. તેમણે પારસી લેખો ઉકેલી આપ્યા અને ચિત્રકલાની અત્યંત ઊંચી કક્ષાની સુંદર પ્રશસ્તિ પણ લખી આપી. હિંદી, મોગલ, રજપૂત, કાંગરાવેલી વગેરે નામ પામેલી ચિત્રકલાના નમૂના મેં અનેક જોયા છે. છતાં શ્રીમંત પિલાજીરાવ પાસે જે ચિત્રો હતાં તેમની બરોબરી

કરી શકે એવાં બીજાં ચિત્રો મેં હજી જોયાં નથી. સોળેક ચિત્રોની એ ચિત્રાવલીના ચિત્રકારોમાં ઘણા હિંદુ કલાકારો હતા એટલું યાદ આવે છે. અનુપમ રંગ, અદ્‌ભુત રેખાવલિ, અજોડ ભાવપ્રદર્શન દર્શાવતાં એ ચિત્રો આજ ક્યાં હશે?

લૉજિક શીખવતા પ્રોફેસર ડાહ્યાભાઈ પુરોહિતની રજામાં થોડા સમયને માટે શ્રી. અતિસુખશંકર ત્રિવેદી આવ્યા હતા એમ મને યાદ છે. લૉજિક ઇન્ટરમિડિયેટ ક્લાસમાં શીખવાતું. પછી તો પ્રો. ત્રિવેદી કૉલેજ અને વડોદરાના સાહિત્યજીવનના અમારા અગ્રણી દીર્ઘ સમય સુધી હતા, જેમનો અંગત પરિચય મારા જીવનનું એક મિષ્ટ સ્મરણ બની રહ્યો છે.

૭

શ્રી પાંડુરંગ ભીખાજી નાયક અમને ઇતિહાસ શીખવતા.

કૉલેજના પ્રથમ વર્ષમાં ઇતિહાસ—અને તે પણ એક વર્ષ ગ્રીસનો ને એક વર્ષ રોમનો—ફરજિયાત હતો. મેં બે વર્ષ એમાં ગાળેલાં એટલે મને એ બન્ને ઇતિહાસ શીખવાનો લાભ મળેલો. મને આજ પણ ઇતિહાસ અને ભૂગોળનું વાચન ઘણું ગમે છે; ત્યારે પણ ઇતિહાસ ગમતો. શિક્ષક તરીકે પ્રોફેસર નાયક બહુ સાધારણ. પરંતુ તેઓ મોટાં મોટાં પુસ્તકોનો ભારો વર્ગમાં લાવતા અને અમારું જરા ય ધ્યાન ન ખેંચાય એવું શીખવતા. પરંતુ પ્રોફેસર નાયક એક સરસ વ્યક્તિ રૂપે ઓળખવા સરખા હતા. રમત અને કસરતના શોખીન એ પ્રોફેસર કૉલેજ યુનિયનના પ્રમુખ હતા એટલે ટેનીસ તથા ક્રિકેટની રમતદોરવણી તેમને હસ્તક રહેતી. એ કાર્યક્રમમાં તેઓ વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ સાથે એવા ઓતપ્રોત બની જતા કે તેઓ પરાયા છે કે વડીલ છે એવો ભાગ્યે જ વિદ્યાર્થીઓને ભાસ થતો. ક્રિકેટ મૅચના દિવસોમાં તો પ્રોફેસર નાયક મેદાન ઉપર દેખાતા જ હોય. મૅચ જોવાનો શોખ ત્યારે પણ વિદ્યાર્થીઓમાં ઘણો ભારે. વડોદરા કૉલેજને પશ્ચિમ છેડે રમતનું વિશાળ મેદાન હતું જ્યાં ક્રિકેટ મૅચ રમાતી. એ પછી ન્યુ રેસીડેન્સીને નામે ઓળખાતા સહજ દૂર આવેલા સ્થળે મેદાનની રચના થઈ હતી. ‘એમ્ફીથિયેટર’ સરખી ચઢતી-ઊતરતી ભૂમિબેઠક પણ મેદા-

નની આસપાસ થોડાં વર્ષ કરવામાં આવી હતી. રમતમાં ઉત્સાહ અને ઉશ્કેરાટના પ્રસંગો તો પળે પળે આવે. આપણી બાજુ જીતતી હોય તો આપણને હર્ષનો ઉન્માદ થઈ આવે, હારતી હોય તો જીતતા પક્ષને હરાવવા માટે બને એટલી પ્રબળ કોશિશ આપણા તરફથી થાય જ. War of Nerves—જ્ઞાનતંતુઓને છંછેડતું યુદ્ધ, અને Cold war—શીત યુદ્ધ એ બન્ને અત્યારે ઓળખાયલા સ્વીકૃત યુદ્ધપ્રકારો છે. વિદ્યાર્થીઓ જગત-મુત્સદ્દીઓની પહેલાં આ બન્ને પ્રકારોને ઓળખતા, પ્રામાણિકપણે સ્વીકારી લેતા અને તેનો ઉપયોગ કરતા. એમાં ઉશ્કેરાટ વધતાં ધાંધલના પ્રકારો પણ રચાતા અને ઠીક હોહા મચતી. એવે પ્રસંગે અમારા નાયક સાહેબ પોતાની છત્રી સહ આવી વિદ્યાર્થીઓનાં ટોળામાં ધક્કા મારી—ધક્કા ખાઈ શાન્તિ સ્થાપતા. અને તેમનું વચન ઉથાપવા કે તેમની ધમકીને અવગણવાની કોઈને ઇચ્છા જ થતી નહિ. એટલા બધા તેઓ આપ્ત બની જતા. કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી પણ શ્રી નાયક વિદ્યાર્થીઓની કાળજી રાખતા અને દક્ષિણી હોવા છતાં ગુજરાતી વિદ્યાર્થીઓને પણ ખૂબ પ્રિય બની શક્યા હતા.

પ્રોફેસર આર્તે સંસ્કૃતમાં નિષ્ણાત ગણાતા. પરંતુ મારે સંસ્કૃત કે વિજ્ઞાન સાથે કશો સંબંધ ન હોવાથી એ પ્રોફેસરોનો મને બહુ અનુભવ ન હતો. વિજ્ઞાનમાં શ્રી. મસાણી તથા ડૉ. કાંગાનાં નામ જાણીતાં હતાં. ડૉ. કાંગા અતિ શાન્તિ પારસી સજ્જન હતા. પારસીઓ કદી કદી અતિ શાન્ત પણ હોઈ શકે છે એનું દૃષ્ટાંત—કે અપવાદ—આપતા એ અનેક ડિગ્રીધારી પ્રોફેસરની એક વાત પણ વિદ્યાર્થીઓમાં પ્રચલિત હતી—ઘણું કરીને અમારા અભ્યાસસમયમાં જ બનેલી કહેવાતી. શાંતિપૂર્વક પ્રયોગશાળામાં બેસી સામેની ડૅસ્ક ઉપર તેઓ એકલા પ્રયોગ કરવામાં લીન થઈ ગયેલા હતા. એક પારસી વિદ્યાર્થીએ પ્રયોગશાળામાં પ્રવેશ કર્યો અને તેણે કાંગાની પીઠ જોઈ—પારસી ટોપી નિહાળી. એ દૃશ્યમાં તેને પોતાના એક પારસી મિત્રનો ભાસ થયો. પાછળથી એ વિદ્યાર્થીએ ધસી વહાલભર્યું સંબોધન—કદાચ ગંભીર શિષ્ટતા ગાળ તરીકે પણ ગણી લે એવું સંબોધન—કરી પૂર્ણ

બલ સાથે કાંગાને વિદ્યાર્થી મિત્ર માની વાંસામાં ધબ્બો લગાવી દીધો ! પ્રૉફેસર કાંગાએ માત્ર ડોકું ફેરવી વિદ્યાર્થી ભણી જોયું. વિદ્યાર્થીને પોતાની ભૂલ સમજાઈ કે એણે મિત્રના વાંસાને બદલે એક પ્રતિષ્ઠિત પ્રૉફેસરની પીઠ ઉપર ધબ્બો લગાવી દીધો હતો ! અત્યંત વીલા પડી ગયેલા વિદ્યાર્થીથી માફી પણ માગી શકાઈ નહિ અને વધારે માનપ્રદ વસ્તુ તો એ હતી કે પ્રૉફેસર કાંગાએ વિદ્યાર્થી પાસે માફી મંગાવવાનો આછો પ્રયત્ન સુધ્ધાં કર્યો નહિ; એટલું જ નહિ, એ બનાવ ભૂલી જવાને પાત્ર માન્યો ! શાન્ત કાંગા એકાન્તમાં ઘેર જઈ આ પ્રસંગ ઉપર ઠીક ઠીક હસ્યા પણ હશે. વિદ્યાર્થીને તો આ પ્રસંગ ઉપર બહુ લાંબે ગાળે હસવું આવ્યું હશે – પ્રૉફેસરે કાંઈ પણ પગલાં લીધાં નથી એમ ખાતરીપૂર્વક જાણ્યા પછી અજાણતાં થયેલી ભૂલો માફીને જ પાત્ર હોય. અને ભવ્ય પ્રતિષ્ઠા પણ જીવનમાં કોઈ કોઈ વાર ધબ્બો ખાઈ હસતી હસતી નીચે ઊતરી આવે તો પ્રતિષ્ઠાનું પ્રતિષ્ઠિતપણું ઓછું તો ન જ થાય.

પ્રૉફેસરો પોતાના વિષયમાં તો નિષ્ણાત હોવા જ જોઈએ. નવી હકીકતો અને સંભાવનાઓનો પરિચય તેમને હોવો જ જોઈએ.

આવડત સાથે શિક્ષણ આપવાની પણ શક્તિ તેમનામાં હોવી જોઈએ. ઘણા ય પ્રૉફેસરો એ બાબતમાં તદ્દન રેઢિયાળ હોય છે. પોતાના વિષયમાં રસ ન ઉપજાવી શકતો શિક્ષક – કે પ્રૉફેસર – શિક્ષણ માટે તદ્દન નકામો ગણાય. પ્રાથમિક કેળવણી અને માધ્યમિક કેળવણી આપવાની શક્તિ વધારવા અર્થે શિક્ષકોને તાલીમ આપવા ભગીરથ પ્રયત્નો થાય છે અને શિક્ષકોના જાન ખાઈ જવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણમાં શિક્ષણ કલા માટે તલપૂર પણ કાળજી કેમ રાખવામાં નહિ આવતી હોય તે હજી ન સમજી શકાય એવી ઘટના છે. પરીક્ષાની પદ્ધતિને મનભર ગાળો દેવા છતાં એ જ ગાળ ખાતી પરીક્ષાનાં પરિણામો પ્રૉફેસરપદને માટેની કસોટી બની રહે છે; એટલું જ નહિ, પ્રૉફેસરમાં નિમાઈ ગયેલી વ્યક્તિને શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન મળી જ ચૂક્યું છે એમ માની લેવામાં આવે છે ! પરદેશનો મોહ ન જ હોવો જોઈએ એમ ભાષણ કરી આવતા નિમણૂકસમિતિના સભ્યો પરદેશની

ઉપાધિને પહેલાં પગે લાગે છે! પરીક્ષા અને પરદેશ અંગે ચલાવાતું જૂઠાણાભર્યું ધતિંગ આપણી આસપાસ ચાલી રહેલાં અનેક તિરસ્કારપાત્ર ધતિંગોમાંનું એક છે એમ માની આપણે સંતોષ લઈએ. રસભર્યું શિક્ષણ આપનાર શિક્ષકો – પ્રોફેસરો સુદ્ધાં – બહુ વિરલ હોય છે. મારા યુગની એ બૂમ આજ પણ ચાલુ છે.

વિદ્યાર્થીઓની શક્તિ પરખે એવી નિકટતા સાધતા પ્રોફેસરો પણ બહુ જોવામાં આવતા નથી. પરીક્ષામાં ઊંચો વર્ગ આપી, વિદ્યાર્થીને કૉલેજમાં જ સારી જગાએ ગોઠવી દઈ, પોતાનો પક્ષ મજબૂત કરનાર મજબૂત પ્રોફેસરો ઠીકઠીક જોવા-સાંભળવામાં આવે છે. પરંતુ એમની એ મજબૂતી મંદિરમાં પ્રવેશ પામી ચૂકેલા ઠગ કે ખિસ્સાકાતરુ સરખી લાગે છે.

વળી જિંદગીભર યાદ રહે, અને પેઢીઓ પણ સંભારે એવા કેટલા પ્રોફેસરો આપણે ત્યાં હશે? વર્ડ્ઝવર્થ, શાર્પ, પરાંજપે, ભાંડારકર, અરવિંદ ઘોષ, ટેટ, લીટલડેલ, મનુભાઈ, હોડી? વલા, કોમીસેરિયેટ, ડૉ. હેરોલ્ડ માન' જે. પી. ત્રિવેદી, આનંદશંકર, ઊનવાલા : આવાં આપણને વગર જોયે પણ ઉચ્ચ કક્ષાનું ભાન કરાવે એવાં કેટલાં નામની યાદી આપણે કરી શકીશું? પ્રયત્ન કરવા જેવો છે : પ્રોફેસરોએ નહિ, બીજાઓએ!

જ્ઞાનમૂર્તિ, સંસ્કારમૂર્તિ, આદર્શમૂર્તિ, ગુરુઓ સિવાય આપણું શિક્ષણ – ઊંચું અને નીચું – શુષ્ક બની જાય છે. ભારે પગારો માગતા અને લેતા પ્રોફેસરો બીજા બધા જ ભારે પગાર કે લવાજમ માગતા અને લેતા હિંદીઓ માફક ભાર રૂપ જ છે.

છતાં જ્ઞાનની કણિકાઓ જેમની પાસેથી મેં વીણી છે એ સર્વ મારા ગુરુઓને વંદન કરવું જ રહ્યું. વંદન કરતાં કરતાં તેમનાં વર્ણન પણ કરવાં જ રહ્યાં. કેળવણી ખરેખર Career – ધંધો જ બનવો જોઈએ કે સેવા? પરંતુ સેવાને ગાંધી ગયા પછી સહુ હસી કાઢે છે! અને ધંધો એટલે Profit – motive! નફાની જ વૃત્તિ! કેળવણીના ક્ષેત્રમાં પણ!

પ્રોફેસરોની સાથે સાથે જ મારે કૉલેજની લાયબ્રેરી – પુસ્તકા-

લય અને Reeding room—વાચનાલયનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. હાઇસ્કૂલમાં પણ મૅટ્રિક્યુલેશન સુધી વિદ્યાર્થી માટે પુસ્તકાલય કે વાચનાલય હોય એમ અમને ખબર પડી જ ન હતી. કૉલેજમાં આવી એ બંને સંસ્થાઓનો લાભ લઈ શકાયો. અને એ ખરેખર પરમ લાભ હતો એમાં પણ શક નહિ. એક કલાક અને બીજા કલાક વચ્ચે ખાલી સમય ગાળવાનો હોય ત્યારે કૉલેજ-વાચનાલય અમને બહુ જ ઉપયોગી થઈ પડતું. રોજિંદાપત્રો, અઠવાડિકો, માસિકો, ગુજરાતી, મરાઠી અને અન્ગ્રેજી ભાષાનાં—દેશપરદેશનાં—વાચનાલયના મેજ ઉપર મુકાયલાં હોય. એમાંથી આપણને રસ પડે એવું વાચનસાધન લઈ બેસી જવું એ મારી કૉલેજની મોટામાં મોટી મોજ હતી. મૉડર્ન રિવ્યુ, ઇન્ડિયન રિવ્યુ, ઇસ્ટ ઍન્ડ વેસ્ટ, સ્ટ્રૅન્ડ, ગ્રાફીક, ટીટ્બીટ્સ વગેરે અંગ્રેજી ભાષાનાં માસિકો સરસ વાચન પૂરું પાડતાં હતાં. ટાઈમ્સ આફ ઇંડિયા, મરાઠા, સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા, ઈંડિયન સોશ્યલ રિફૉર્મર જેવાં અંગ્રેજી વર્તમાનપત્રો વાચવામાં પણ ખૂબ રસ પડતો હતો એમ મને યાદ આવે છે. મુંબઈ સમાચાર, સાંઝ વર્તમાન, ધી ગુજરાતી, પ્રજાબંધુ જેવાં ગુજરાતી ભાષાનાં પત્રો તથા વસંત, સમાલોચક, બુદ્ધિપ્રકાશ, કેળવણી જેવાં માસિકો પણ નજર નીચે આવી જતાં. ભાષાસુધારણાની દૃષ્ટિએ, વર્તમાન વિચારપ્રવાહોની સાથે વિહરવાની દૃષ્ટિએ તેમ જ માનસિક સીમાડાઓને વિશાળ બનાવવાની દૃષ્ટિએ કૉલેજનું વાચનાલય મારાથી તો ભૂલી શકાય એમ નથી જ. એ પછી તો આપણા પત્રકારિત્વમાં કૈંક ભરતીઓટ આવ્યાં. એ બધાંએ પોતપોતાનો સરસ ફાળો આપ્યો છે એમાં શક નથી. એ પ્રવાહી સાહિત્યે આપણા જીવનમાં કોણ જાણે કેટકેટલા પ્રવાહો રચ્યા હશે ?

## ૮

અમારી કૉલેજની લાયબ્રેરી અને વાચનાલય ઉપરાંત વડોદરામાં શ્રી સંપતરાવ લાયબ્રેરી નામનું એક પુસ્તકાલય પણ હતું, જે મહારાજા સયાજીરાવના નાના ભાઈ શ્રીમંત સંપતરાવે સ્થાપન કરેલું હતું. એમાં પણ ઘણાં સુંદર પુસ્તકો હતાં અને

તેનો લાભ પણ મેં ઠીકઠીક પ્રમાણમાં લીધો હતો. શ્રીમંત મહારાજા સાહેબ એ અરસામાં અમેરિકાથી જાહેર વાચનાલયોની સુંદર યોજના લઈ આવ્યા હતા. અને શ્રી બાર્ડન નામના અમેરિકન નિષ્ણાતના હાથ નીચે શહેર, કસ્બા અને ગ્રામ પુસ્તકાલયોની એવી સુંદર યોજના વિકસાવી કે જે વડોદરા રાજ્યનો કીર્તિકળશ બની ગઈ. વડોદરા શહેરમાં એક મધ્યસ્થ પુસ્તકાલય સ્થાપવામાં આવ્યું, જેની ગોઠવણી અને પુસ્તક આપવા-લેવાની વ્યવસ્થા હિંદભરમાં હજી સુધી બેનમૂન છે. મુંબઈ સાથે વડોદરા રાજ્યની મેળવણી કરી મહાયશ પ્રાપ્ત કર્યો હોય એમ છાતી કાઢી ચાલતા નિષ્ફળતાની દરેક રીતની પરિસીમારૂપ લોકનેતાઓ અને લોકજ્ઞ પ્રધાનો વડોદરા રાજ્યની કેટકેટલી સુયોજનાઓને ધૂળમાં મિલાવી દે છે, તેની સાથે આ વડોદરાની પુસ્તકાલય-યોજનાને પણ અવલમંજિલે પહોંચાડી દેશે કે કેમ તેનો ભય સતત લાગ્યા કરે છે. હિંદ સાથે વડોદરાનું જે ભલુંબૂરું થાય એ ખરું. અત્યારે તો આર્થિક ઝંઝાવાતમાં ઝોલાં ખાતું હિંદનું નાવ કદી ન હતું એવી ડામાડોળ દશામાં છે તે પ્રસંગે વડોદરાના પરમ યશસ્વી પુસ્તકાલય વ્યવહારને સશોક યાદ કરવાનું મારા માટે રહે છે. એ વડોદરાના મધ્યસ્થ પુસ્તકાલયે પણ મારા વાચનને વિશાળ બનાવવામાં પરમ સહાય આપી હતી એમ સાભાર મારે કબૂલ કરવું જોઈએ.

પુસ્તકાલયનાં કબાટ વાચકો માટે ખુલ્લાં. પુસ્તકોનું બહુ સુંદર વર્ગીકરણ. ગ્રંથપાલો ઉપયોગી થઈ પડવાને સતત આતુર. નવનવાં, આંખે ઊડીને વળગે એવાં પુસ્તકોનાં થોકેથોક ગોઠવાયેલા હોય. પસંદગી કરતાં આપણે ગૂંચવાઈએ, થાકીએ અને છતાં આપણી જ્ઞાનસીમા વિસ્તૃત બનાવીને જ આપણે એ પુસ્તકાલયમાંથી બહાર નીકળીએ. સારાં પુસ્તકો ચોરાય પણ ખરાં. પુસ્તકોમાંથી ચિત્રો કપાઈને ગૂમ પણ થાય ખરાં. હ્યુએનસંગના વખતમાં પરદેશીઓ પણ હિંદવાસીઓની સત્યનિષ્ઠાનાં વખાણ કરતાં થાકતા નહિ. એ આપણી સત્યનિષ્ઠા અત્યારે ક્યાં આવીને અટકી છે એ કહેવાની જરૂર નથી. પુસ્તકાલયના પરદેશી ચાલક મિ. બૉર્ડન માટે એક એવી વાત

કહેવાય છે કે ચોરાઈ જતાં પુસ્તકો અને ચિત્રો માટે તેમની પાસે ફરિયાદ લઈ જવામાં આવતી, પુસ્તકાલયને જ્ઞાન-પરબ તરીકે ગણતા એ પરદેશીની આંખમાં આપણી નીતિકક્ષા માટે એક સ્મિત ફરકતું અને શાંતિભર્યો એના મુખેથી એક ઉદ્‌ગાર નીકળતો :

'પુસ્તકાલયો એ તો એક જ્ઞાનપરબ છે. ભલે પુસ્તકો ચોરાય.'

કૉલેજથી માંડી આજના દિન સુધી વડોદરા રાજ્યના પુસ્તકાલયે મને આપેલી સગવડ એક ઈશ્વરદત્ત સગવડ છે એમ હું માની રહ્યો છું.

આમ કૉલેજ લાયબ્રેરી, સંપતરાવ લાયબ્રેરી અને વડોદરાનું મધ્યસ્થ પુસ્તકાલય મને તો આશીર્વાદ રૂપ જ નીવડ્યાં.

એ જ અરસામાં કલાપીનો કેકારવ મારે હાથે ચડ્યો અને કલાપીની કવિતાએ મારા જીવન ઉપર બહુ ભારે અસર ઉપજાવી. કલાપીની ઊર્મિભરી, વિષાદભરી, દર્દભરી અને ચિંતનના પણ ઝબકારાથી આપણા માનસને ઉજ્જવલ કરતી કવિતા બેત્રણ વર્ષને માટે મારા હૃદયનો કબજો લઈ બેઠી હોય એમ અત્યારે મને યાદ આવે છે. વાંચતાં વાંચતાં, કલાપીનાં કાવ્યો મોટા ભાગે મને મુખપાઠ થઈ ગયાં. હાઈસ્કૂલ દરમિયાન સામાન્ય વાચન અને શ્રેય: સાધક વર્ગનું સાહિત્ય મારા માનસને ઘડી રહ્યાં હતાં. કૉલેજમાં સૌથી ભારેમાં ભારે અસર કલાપીનાં કાવ્યોએ કરી. તેમાં યે શેલી-કીટ્સ જેવા કલાપીના ટૂંક જીવનમાં કલાપીના જીવન સાથે વણાઈ ગયેલી રોમાંચક પ્રેમ- કથા અને એક સંતને શોભે એવો કલાપીનો પ્રમાણિક પ્રેમએકરાર મને બહુ ગમ્યાં. અને આજ સુધી કલાપીનું જીવન મારે માટે તો માનવતાનો ભર્યો ભર્યો ભંડાર બની રહ્યું છે. ગાંધીજીના નિર્મળ, પ્રમાણિક, બાલ નિર્દોષ સ્વખામી કથનનો કલાપીમાં વધારે સંસ્કારિત પડઘો સંભળાયા કરે છે. કલાપીની અસર આજ પણ ભૂલાતી નથી જોકે કલાપીની કવિતામાં રહેલી અનેક ખામીઓ જોવાની અને કહેવાની ધૃષ્ટતા–કહો કે માનસ સ્થૂળતા–મારાંમાં આવી ગઈ છે. મને ઘણી વખત લાગે છે કે એ બુદ્ધિજન્ય ધૃષ્ટતા ન આવી હોત અને કલાપીની કવિતાની ખામી

જોવાનું ચાપલ્ય મેં ન મેળવ્યું હોત તો વધારે સારું થાત.

૯

કૉલેજમાં પ્રત્યેક સત્રે સામયિક બહાર પડતું, જેને તે સમયે 'કૉલેજ મિસેલેની' કહેતા. અંગ્રેજી, મરાઠી ને ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓની લેખનશૈલી સારી રીતે ઘડાય અને કૉલેજની પ્રવૃત્તિનો અહેવાલ સચવાય એ અર્થે થયેલી આ યોજનાનો લાભ લેવાની મને આકાંક્ષા થઈ. હાઈસ્કૂલમાં અમે શરૂ કરેલું 'વિદ્યાર્થી ભૂષણ' કૉલેજમાં પણ ચાલુ જ હતું. તેમાં આપેલી એક કવિતા મેં 'મિસેલેની' માટે મોકલી અને પ્રસિદ્ધ પણ થઈ! તંત્રીને એ કવિતા મોકલ્યા પછી એને પ્રસિદ્ધિ મળશે કે કેમ એ વિષે મેં કશી તપાસ કરી નહિ—જોકે હું એને માટે ઉદાસીનતા કેળવી શક્યો હતો એમ ન જ કહેવાય. પરંતુ નકારની ઘડી જેટલી આગળ લંબાય એટલું વધારે સારું એમ માનીને મેં કોઈ મિત્રને વાત પણ નહિ કરેલી અને એ કવિતા છપાય એને માટે મેં કશી તજવીજ પણ નહિ કરેલી. તજવીજ અને લાગવગ જીવનમાં ઉપયોગી તત્ત્વો હશે—છે, અને તે ઉપયોગી થઈ પડતાં મેં નિહાળ્યાં પણ છે. પરંતુ એ તત્ત્વોનો ઉપયોગ કરવાનું મને જીવનભર ગમ્યું નથી અને આવડ્યું પણ નથી. આત્મમાન અને આત્મભાન એવી તજવીજના સહજ પણ પ્રયત્નમાંથી જ ઘવાય એવી મારી બીક મારી કહેવાતી સૌમ્યતામાં બહુ જ ઉગ્ર સ્વમાનને સંતાડી રહી છે; સાથે સાથે સ્વમાનની મારી વૃત્તિ બીજાના સ્વમાનને જરા ય વાગે નહિ એવી કાળજી રાખવા હું સતત પ્રયત્નશીલ પણ રહ્યો છું, જેને લીધે હું કોઈને અતિવિવેકી લાગું છું. કોઈને હું નમ્ર, મુલાયમ અને નિર્બળ પણ લાગું છું. ભલો માણસ—જેનામાં ખોટું કરવાની શક્તિ તો ન જ હોય, પણ બીજું કાંઈએ કરવાની શક્તિ ન હોય એવો—પણ મને માનવા કોઈ પ્રવૃત્ત થયા હશે એનું મને પૂરું ભાન છે. પરંતુ મારું સ્વમાન મને બહુ વહાલું છે અને તે અત્યંત જાગૃત સ્વમાન સહુમાં હોય જ એવી ખાતરીમાં જ મેં મારો વિવેક, સૌમ્યતા કે નિર્બળતા કેળવ્યાં છે. મારા સ્વમાન ઉપર કદી જાણી-બુઝીને થયેલા આક્રમણનો પ્રતિકાર મેં એક ઝનૂનીની ઘેલછાથી કર્યો

છે એ પણ મારે નોંધવું રહ્યું.

મારી કવિતા 'મિસેલેની'માં પ્રગટ થયાના સમાચાર એક મિત્રે આપ્યા. હું એ અંક લઈ આવ્યો, અને આનંદિત પણ થયો જ હોઈશ. એ કવિતા વર્ષો પછી મારા 'નિહારિકા' નામના કાવ્યસંગ્રહમાં પણ મેં ગ્રંથસ્થ કરી છે. એ કાવ્યરચના ગઝલમાં ઊતરી નીચે પ્રમાણે શરૂ થાય છે:

> બુલબુલ ઊડ્યું ગુલઝારથી,
> ગુલગુલ બધાં ધરણી ઢળ્યાં!
> ગુલશન પડી મારી સૂની,
> એ ગુલશનને જઈ શું કરું?

એ બુલબુલ અને ગુલગુલના પ્રાસાનુપ્રાસ ઉપર હસીને મેં કરેલી એક કાવ્યરચના 'દિવ્યચક્ષુ'ના 'સાક્ષર' નામે આવેલા એક પ્રકરણમાં મેં આપી છે. કદીકદી હું મને પોતાને પણ હસું છું ખરો! પોતાની ખામીઓ ઉપર હસવાની ટેવ વધારે પ્રમાણમાં વિકસે તો મોજનાં સાધનોમાં બીજાના વ્યક્તિત્વ સાથે આપણું વ્યક્તિત્વ પણ આવી જાય, અને હાસ્યસમૃદ્ધિમાં જરૂર વધારો થાય. પોતાને ન હસી શકતો માનવી બીજાને પણ સાચી રીતે હસી ન જ શકે.

પછી તો હું ઘણું ખરું એ પત્રમાં કાંઈ કાંઈ લખતો. હવે આવાં સંસ્થા-સ્થાપિત મુખપત્રો સારાપ્રમાણમાં પ્રસિદ્ધ થાય છે. હાઈસ્કૂલોમાં પણ આવી લેખનપ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે. અને હસ્તલિખિત સામાયિકો તો બહુ કલામય ઢબે સારા પ્રમાણમાં બહાર પડે છે. એ પ્રવૃત્તિઓની વાર્ષિક નોંધ અને ચકાસણી થવાની જરૂર ઊભી થાય એટલું બધું સાહિત્ય એવી પ્રવૃત્તિઓ દ્વારા રચાયે જાય છે. બીજું કાંઈ નહિ તો પણ સારા વિવેક દ્વારા એ ઝડપથી નજર તળે નીકળી જતી પ્રવૃત્તિ માર્ગદર્શન તો એથી પામશે જ.

કૉલેજમાં વિદ્યાર્થિનીઓ ત્યારે બહુ જ થોડી—નહિ જેવી. સહશિક્ષણથી ત્યાંના વિદ્યાર્થીઓ અપરિચિત હતા. કૉલેજના પ્રથમ વર્ષમાં ત્યારે મિસિસ તુલાસકર નામનાં એક દક્ષિણી બહેન અમારી

સાથે હતાં. પછી શાન્તાબાઈ હેરલેકર, હાલ મિસિસ શાન્તાબાઈ કશાળકર અને રાધાબાઈ પવાર કૉલેજમાં અમારી સાથે આવ્યાં. આ બેત્રણ વિદ્યાર્થિનીઓ અમારે માટે તો નવાઈનો વિષય હતાં. અલગ પાટલી ઉપર પ્રૉફેસરને જમણે હાથે તેને સ્થાન આપવામાં આવતું-અને એ સારું હતું! કૉલેજની એક સીડી પાસે પાટિયાં ભરી લઈ એક કૅબીન–ઓરડી–બનાવવામાં આવી હતી જેમાં તેમનો ખાલી વખતમાં નિવાસ રહેતો. તે સમયના વિદ્યાર્થીઓમાં સ્ટૅંપિંગ–પગપછાડ અને હોકારાની બહાદુરી જરા ય ખીલેલી નહિ. માથે પડતા રસહીન શિક્ષણનો ઊંઘ સિવાય બીજો પ્રતિકાર હતો નહિ. વિદ્યાર્થિનીઓને ત્યારે સતત જાગૃત રહેવું પડતું, કારણ ત્યારે પણ પ્રૉફેસર ઉપરાંત વિદ્યાર્થીઓની આંખ તેમના તરફ વાળતી તો હશે જ, અને તેમની નહિ જેવી સંખ્યાને લીધે તેમને પણ કૉલેજનું વાતાવરણ અતડું અને સ્વભાનપ્રેરક લાગતું જ હશે.

શ્રીમંત મહારાજા સયાજીરાવનાં પુત્રી ઇન્દિરા રાજે પણ થોડો સમય કૉલેજનાં અભ્યાસ–વ્યાખ્યાનો સાંભળવા આવતાં અને સહુની સાથે રીતસર લાકડાની પાટલી ઉપર બેસતાં. રાજકુટુંબીઓ માટે વિશિષ્ટ ગોઠવણ કૉલેજમાં હતી નહિ, એમાં શ્રીમંત સયાજીરાવની તે સમયની દૃષ્ટિ કારણરૂપ હતી. સહજ સંકોચ અનુભવીને પણ કૉલેજનો અભ્યાસ મક્કમપણે આગળ વધારતી આ બેત્રણ બહેનોએ કૉલેજમાં આવવા માંડ્યું અને સને ૧૯૧૫–૧૬માં હું જ્યારે વડોદરા કૉલેજના 'ફેલો' તરીકે નિમાયો ત્યારે આઠેક વિદ્યાર્થિનીઓ કૉલેજમાં અભ્યાસ કરતી હતી એમ ભાસ થાય છે. અલ્પસંખ્ય વિદ્યાર્થિનીઓમાં હમણાં વડોદરામાં સ્થપાયલી શ્રી સયાજીરાવ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર શ્રીમતી હંસાબેન મહેતા પણ હતાં.

હિંદની સ્ત્રી-કેળવણીનો ઇતિહાસ કોઈ સ્ત્રીને હાથે લખાય તો વધારે સારું. માત્ર આંકડા જ નહિ, પરંતુ માનસ પ્રત્યાઘાતોનાં પણ દર્શન સચોટ કરાવતું સ્ત્રી-કેળવણી વિષયક પુસ્તક આપણને મળે તો એ ઇતિહાસ સાચો સમજાય. આજ તો કૉલેજોમાં પણ સ્ત્રી-કેળવણી ઠીકઠીક પ્રમાણમાં વધી રહી છે, અને નવીનતાને હળવી

બનાવે એટલી વિદ્યાર્થિનીઓની સંખ્યા પણ મોટી થઈ છે. યુરોપ અમેરિકાની ગોરી સ્ત્રીઓ, થોડી અર્ધગોરી હિંદી ખ્રિસ્તી સ્ત્રીઓ અને કંઈક અંશે પારસી કોમની કન્યાઓ કૉલેજનું શિક્ષણ લે છે અને તે પણ મુંબઈ અને કલકત્તા જેવા શહેરની કૉલેજમાં, એવો ખ્યાલ ત્યારે સામાન્ય રીતે પ્રવર્તતો હતો. એ ખ્યાલના અપવાદરૂપ લેડી વિદ્યાગૌરી અને શારદાબહેનનાં દૃષ્ટાંતો ગુજરાતની સામે ત્યારે હતાં. પરંતુ તેમના પછી ઉચ્ચ કેળવણી લેતી વિદ્યાર્થિનીઓ ગુજરાતમાં નહિ જેવી હતી. એ બન્ને ગુર્જર સન્નારી ગ્રેજ્યુએટો અને તેમના પછી થયેલાં નારી ગ્રેજ્યુએટો વચ્ચે કેટલો સમય વીતી ગયો હશે તેનો વિચાર સ્ત્રી-કેળવણીના ઇતિહાસમાં બહુ જરૂરી ગણાય.

૧૦

વાચનનો મારો શોખ વધતો જતો હતો, પરંતુ તે અભ્યાસ-ક્રમના ગ્રંથોનો નહિ, અભ્યાસથી ઇતર વાચન ઘણું થતું. આ એક ભયંકર કુટેવ છે; અને જોકે પ્રસંગે વાંચનની વિશાળતા લાભદાયક થાય એ કબૂલ કરવા છતાં અભ્યાસમાં જ રત રહેવાની ટેવ ન પડે, એમાં કાં તો વ્યક્તિગત બિનજવાબદારીનું કારણ પણ ગણી શકાય અને વિદ્યાર્થીઓના અભ્યાસને દોરવણી આપવાની પ્રૉફેસરોની અશક્તિ પણ કારણરૂપ ગણી શકાય. બર્નાડ શૉ અને ઇબ્સનનાં નાટકો મારા મિત્રમંડળમાં વંચાવા લાગ્યાં અને પશ્ચિમના વિચારસ્વાતંત્ર્યની ચમકાવતી અસર અમે અનુભવતા એ આજ પણ યાદ આવે છે. સમાજવાદ તથા સામ્યવાદ જેવા ત્યારે અણધાર્યા લાગતા વાદ સાથેનો નૂતન પરિચય નૂતન વિશ્વનાં જાણે દ્વાર ખોલતો હોય એમ લાગતું હતું. મહેનત કરી, બુદ્ધિ વાપરી, નફો મેળવવો એ ત્યારે સર્વસ્વીકૃત સિદ્ધાંત ગણાય. તેમાં આખી સમાજરચના ખાનગી નફા ઉપર ન રચાવી જોઈએ એવી સંભાવના શાસ્ત્રી ઢબે કે કલાત્મક ઢબે રજૂ થાય ત્યારે જૂની દુનિયાના સીમાડા તૂટી જતા લાગે છે લગ્ન એ પવિત્ર અતૂટ જીવનસંસ્કાર છે. અગર હોવો જોઈએ એવી દૃઢ માન્ય-તાની સામે લગ્ન એ માત્ર પ્રપંચ છે, હવસને સંતોષવાનો કાયદાએ ખુલ્લો કરી આપેલો માર્ગ છે, સ્વાર્થનું બંધન છે, એવા એવા

સિદ્ધાંતો કે સૂચનો આપણી પાસે રજૂ થાય ત્યારે આપણું માનસ કેવો નવીન કંપ અનુભવે એ અંગ્રેજી વાચને અજબ ઢબે બતાવ્યું.

નવા વિચારોની ધૂનમાં અમે ખૂબ ચર્ચાઓ પણ કરતા; અને એ ચર્ચાઓ જોકે જવલ્લે જ ઉગ્ર બનતી, છતાં આવી જ કોઈ ચર્ચામાંથી હું અને મારા પરમ મિત્ર ચુનીલાલ શાહ કૉલેજમાં જતાં જતાં વિશ્વામિત્રીના પુલ આગળ લગભગ મારામારી ઉપર આવી જઈએ એવું ઝઘડ્યા હતા, એ આજ પણ અમને બન્નેને હસાવે છે. સિદ્ધાંતના કૈંક ઝઘડાની પાછળ મૂર્ખાઈ કે અપક્વ વિચાર જ કારણભૂત હોય છે. મરવા—મારવાની જરૂર ઊભી કરે એવા સિદ્ધાંતો માનવીને તો ન જ શોભે.

કાચી વિચારસરણીને અંગે એવો જ એક બીજો નોંધવા યોગ્ય પ્રસંગ મને યાદ આવે છે. સદ્‌ગત બિંદુભાઈ—રાવસાહેબ રામમોહન-રાય દેસાઈ—'સુંદરી સુબોધ'ના પ્રગતિશીલ પત્રનું સંચાલન કરતા માનનીય વિદ્વાનને અમદાવાદમાં અકસ્માત મળવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો; અને ઉંમરફેર હોવા છતાં વાતચીતમાં લગ્નવિષયક ચર્ચામાં ઊતરી પડતાં મેં લગ્નની બિલકુલ જરૂર ન હોવાના નવા વાદને રજૂ કર્યો. શ્રી. બિંદુભાઈને મારો ઉત્સાહ અનુકૂળ ન પડ્યો. શાન્તિથી તેમણે મને જણાવ્યું કે લગ્નની આવશ્યકતાનો સ્વીકાર જ્યાં ન હોય ત્યાં તેઓ ચર્ચા કરવા ધારતા જ નથી. મારી બધી જ દલીલો અટકી પડી. એટલું જ નહિ, કૉલેજમાં હું હતો ત્યારે જ મારું લગ્ન પણ થઈ ગયું ! બી.એ.નાં બન્ને વર્ષનું મારું ભણતર પરિણીત અવસ્થામાં જ થયું. હું ગ્રેજ્યુએટ થયો તે પહેલાં જ પતિ બની ચૂક્યો હતો !

સમાજવાદ અને સામ્યવાદ ત્યારે તદ્દન નવા હતા. ભયપ્રેરક વિચાર આંદોલનો મનાતાં, ત્યારથી એ વિચારસરણીમાં રહેલાં સમતાનાં તત્ત્વો મને તો આકર્ષી રહ્યાં છે. આજના ઇન્ગ્લંડનો રાજવહીવટ સમાજવાદી છે. રશિયા એ જ દસકામાં સામ્યવાદી સમાજરચનાનો સફળતાભર્યો પ્રયોગ કરવા માંડ્યું હતું. ચીને સામ્યવાદ સ્વીકારી ઢીલી, દીર્ઘસૂત્રી અને અનેક બદીઓ સર્જતી લોકશાહીને દેશપાર

પણ કરી દીધી છે. બેલામી નામના લેખકની Looking Back ward નામની કલ્પિત વાર્તા વાંચી, સમાજવાદ અનુસાર સામાજિક રચના કેવી રચાય, એનાં કલ્પનાચિત્રો અમે ઉપજાવતા. એ વાદ અનુસાર સમાજરચના થાય એવી ખાતરી ત્યારે અમને પણ થતી નહિ. એક દસકામાં તો રશિયાએ અને ત્રણ દસકામાં ચીને સામ્યવાદી જીવનવ્યવહાર શક્ય બનાવ્યો છે એટલું જ નહિ, નફાના ધોરણે ચાલતી અમેરિકાની દક્ષ લોકશાહીને એ વાદે ઉજાગરા કરાવવા માંડ્યા છે.

જીવન કેટલું ઝડપી છે? આવતી કાલે આપણે કંઈ અણધારી નવીનતા નહિ જોઈએ?

આજ અને પહેલાં પણ હું સમાજવાદી કે સામ્યવાદી છું એમ કહેવાની જરૂર જોતો નહિ. એનાં મુખ્ય સાધનોમાં હું માનતો નથી. બળનું અંતિમ સ્વરૂપ હિંસા: અને બળથી કે હિંસાથી થતાં પરિવર્તનો જગતકલ્યાણ માટે થતાં—કહેવાતાં હોય તો ય એ કલ્યાણમાં બળને અને હિંસાને અણધાર્યો પ્રવેશ કરાવે છે એમ મને લાગ્યા કરે છે. બળ, સત્તા, હિંસા દ્વારા થતા ઇષ્ટમાં અનિષ્ટનો ભેળ થઈ ચૂક્યો જ એવી મારી નમ્ર માન્યતા આજ છે.

સાધન અને સિદ્ધિ વચ્ચેનો જીવંત સંબંધ બન્નેમાં સરખી વિશુદ્ધિ માગે છે. પ્રાપ્તવ્ય ઇષ્ટ હોય અને સાધન હીણાં હોય તો એ સિદ્ધિ એટલી નીચી ઊતરે છે એમ મને સતત લાગ્યા જ કર્યું છે. એટલે દરજ્જે મને ગાંધીવાદ જ સ્વીકાર્ય છે. વિશ્વ–વિચાર–સંચલન World thoughtમાં ગાંધીજીનો એ જ મોટામાં મોટો ફાળો છે કે તેઓ સાધનોને સિદ્ધિ જેવાં જ વિશુદ્ધ હોવાનો આગ્રહ રાખે છે. એ સિવાય આપણો એકે વાદ પૂર્ણ કલ્યાણકર નહિ નીવડે; ગાંધીજીએ સંસ્કારેલી મહાસભા પણ એ જ ખડક ઉપર આથડી પડી છે એમ કહીને મેં આજ તો મહાસભાવાદીઓનો રોષ પણ વહોરી લીધો છે, જોકે મારા સરખા નાના માણસનું કથન હિસાબ વગરનું જ ગણાય, અને નાના માણસો પ્રત્યેનો રોષ પણ મહત્તાને અસ્થિર ન જ બનાવે. છતાં

નોકરીના અકસ્માતે તટસ્થ રાખેલા મારા જેવાના કથનને મહાસભાવાદી જ્યોતિર્ધરોનો ટેકો મળે છે એમ કહેવામાં મારે સાબિતીઓ આપવાની આજ જરૂર છે ખરી? મહાસભાને કડવાં લાગતાં મારાં કથનો એક મિત્રનાં કથનો છે, દુઃખપૂર્ણ હૃદયે ઉચ્ચારાતાં કથનો છે, મહત્તાના ઝબકતા પૂજ્ય મિનારને હાલતો ડોલતો પડતો નિહાળી ઉપજતી નિરાશા અને નિર્વેદનાં કથનો છે, એમ જાહેર કરી કોઈની પણ મહેરબાની મેળવવાની મેં કદી જરૂર જોઈ નથી.

કૉલેજના યૌવનને—તે યુગના મારા યૌવનને બે આદર્શો આકર્ષી રહ્યા હતા: એક કૉલેજમાં પ્રોફેસર અધ્યાપક બની તાજી, કિલ્મિષ રહિત, સ્વચ્છ કિશોર માનવતા સાથે સતત સંબંધમાં આવવું. શિક્ષકની અનેકવિધ શક્યતાઓ આજ પણ મને મોહિત કરે છે, અને વારંવાર વિદ્યાર્થીઓના સંસર્ગને સેવવા પ્રેરે છે જોકે હું શિક્ષક થયો, પણ રહી ન શક્યો!

શ્રી. ગોપાલ કૃષ્ણ ગોખલેની સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાઇટીમાં જોડાઈ રાજકીય ક્ષેત્રમાં કામ કરવું એ મારો બીજો આદર્શ.

એ બેમાંથી એકે આદર્શ હું સફળ કરી શક્યો નથી. આદર્શમાં અસફળ નીવડનાર મહાન ન જ બને. માટે જ હું મારી સામાન્યતા ઉપર વધારે ભાર મૂકું છું.

## ૧૧

એક માનવીને સમષ્ટિમાં કેટકેટલાં અંગ ઘડી રહી છે એનો વિચાર ગમે તેવા અહંને પણ નમ્ર બનાવી રહે. હાઈસ્કૂલના મારા મિત્રો કૉલેજમાં પણ ચાલુ જ રહ્યા. પરંતુ કૉલેજમાં મિત્રનું વર્તુલ બૃહદ્ બન્યું અને તેમની અસર વિચારતાં માનવ-ઘડતરનાં સાધનોમાં મૈત્રી કેવું અદ્‌ભુત સાધન બની રહે છે એનો ઠીક ઠીક ખ્યાલ મને આવી રહે છે. શાળા, હાઈસ્કૂલ અને કૉલેજ છોડ્યા પછી ઓળખાણ કદાચ ઘણાં વધારે થાય; પરંતુ મૈત્રી તો પછી ભાગ્યે જ રચાય છે. જેમને હું અંગત માનીને ચાલી શકું એવા મિત્રો કૉલેજ છોડ્યા પછી મને બેત્રણ મળ્યા છે, જ્યારે કૉલેજ સુધીના મિત્રોની મોટી સંખ્યા આજ પણ મારામાં આભારવૃત્તિ પ્રેરી રહી છે. મિત્રોનાં

મૂલ્ય ન થઈ શકે.

અમારું 'વિદ્યાર્થીભૂષણ' સામયિક કૉલેજમાં પણ ચાલતું. કૉલેજનું વાચનાલય અને પુસ્તકાલય અમારા વાચન રસને પોષતું. વળી 'ડિબેટિંગ સોસાયટી'માં અમે બોલવાની શક્તિ પણ કસતા. હું મને પોતાને કદી સારો વક્તા માની શક્યો નથી. જોકે મને અને સાંભળનારને પણ કંટાળો આવે એટલું બોલવાના પ્રસંગો મારા જીવનમાં ઊભા થયા છે ખરા. અને હું ઇચ્છું કે જાહેરમાં બોલવાનો પ્રસંગ જેમ ઓછો આવે એમ વધારે સારું. પરંતુ એ બોલવાની ટેવનાં મૂળ કૉલેજની 'ડિબેટિંગ સોસાયટી' સુધી કદાચ પહોંચે ખરાં. મને એમાં ઈનામો પણ મળ્યાં હતાં. હું બી.એ. કે એમ.એ. માટે વાંચતો ત્યારે 'ડિબેટિંગ સોસાયટી'માં હું અને શ્રી અરવિંદના પટ્ટ શિષ્ય શ્રી અંબુભાઈ પુરાણી સામસામે આવી ગયા હતા. મને યાદ છે ત્યાં સુધી ચર્ચાનો વિષય હતો: યુદ્ધ અનિવાર્ય છે? અંબુભાઈ યુદ્ધની તરફેણમાં હતા, મેં યુદ્ધનો વિરોધ કર્યો હતો—જો મારી યાદદાસ્ત સાચી હોય તો એ વાતને પાંત્રીસેક વર્ષ વીતી ગયાં. યુદ્ધ વગર માનવીને સત્યનો પરચો બનાવવાનો માર્ગ હજી બીજો દેખાતો નથી. ગાંધીજીનું જીવ્યું માનવજાત શું નિષ્ફળ કરશે?

કૉલેજની 'ડિબેટિંગ સોસાયટી' જાણે ઓછી પડતી હોય તેમ વાદવિવાદ અને ચર્ચાની અમારી શક્તિ ખીલવવા અમે 'વિદ્યાર્થી-ભૂષણ ડિબેટિંગ ક્લબ' પણ કાઢી, જેને આજની અનેક મંડળીઓની યુગમાં પ્રવર્તી રહેલી પ્રથમાક્ષરે ઓળખવાની પ્રક્રિયાના સૂચક તરીકે અમે V.B.D.C. ને નામે ઓળખતા અને અર્ધ હાસ્યમાં અમને પોતાને પણ 'વી.બી.ડી.' સ્યન' તરીકે ઓળખાવતા! કોણ જાણે કેટલું યે અમારું મહત્ત્વ માની અમે ફરતા હોઈશું! એની પહેલી બેઠકમાં મુખ્ય વક્તા આવવાનું જ વીસરી ગયા! ગંભીરતાપૂર્વક તેમની બેકાળજી માટે દિલગીરી દર્શાવતો ઠરાવ પસાર કરી અમે ચર્ચા આગળ ચલાવી! એ વક્તાને વ્યાખ્યાન કરતાં ક્રિકેટ વધારે પસંદ હતું! અમારી એ વ્યાખ્યાનસભાના મંત્રી ઘણું કરી આજ પણ ગંભીર ગણાતા શ્રી ધીરજલાલ છગનલાલ છગનલાલ મોદીને મુંબઈની

કૉંગ્રેસ લડતના એક આગેવાન તરીકે ઓળખાવી શકાય.

એમાં જ ભાગ લેનાર બીજા મિત્ર શ્રી ચુનીલાલ શાહે તો પોતાની કારકિર્દીનો ભોગ આપી વડોદરાના એક સાચામાં સાચા ગાંધીવાદી કાર્યકર્તા તરીકે વડોદરાની જનતામાં ઉચ્ચ કીર્તિ મેળવી છે, તેમને કીર્તિનો પણ ખપ નથી. આજની રાજકીય પ્રવૃત્તિ તેમનો પૂરો ઉપયોગ કરી શકતી નથી એમાં એ પ્રવૃત્તિ પોતાની કક્ષાની ઠીકઠીક કિંમત કરાવતી જાય છે. સાચામાં સાચો ભોગ આપનારને બાજુએ ધકેલી મહત્ત્વની ગાદીઓ ઉપર ગોઠવાઈ ગયેલા વેશધારીઓએ ગાંધીવાદને લગાડેલી ઝાંખપ વિશે હવે કાંઈ બોલવાની જરૂર રહી જ નથી. અમદાવાદની જાન્યુઆરી માસમાં ભરાયલી કૉંગ્રેસ બેઠકમાંથી (૧૯૫૦–૫૧) પુરાવા વીણી લેવાય એમ છે.

એક સદ્‌ગત મિત્ર દેવીદાસ શાહ વધારે જીવ્યા હોત તો વ્યાપારના ક્ષેત્રમાં જરૂર નામના કાઢી શકયા હોત. તેમનું હસતું મુખ અને ચપળ બુદ્ધિ કદી ભૂલી શકાય એમ નથી.

સુરતના સદ્‌ગત ગજાનન દેસાઈ પણ આનંદી, ઊર્મિલ, કપડાંના શોખીન અને તીવ્રબુદ્ધિથી સતત તરવરતા રહેતા સારા એન્જિનિયર તરીકે તેઓ પંકાયા હોત, જોકે તેમનો સાહિત્ય શોખ તેમને એક સાહિત્યકારનું સ્થાન પણ અપાવી શકયો હોત.

મૃત્યુ સાથે શું શું અટકી જાય છે? જીવનારની સ્મૃતિ તો અટકતી નથી જ. મૃત મિત્રોને એ સ્મૃતિ વારંવાર વળગેલી જ રહે છે. સંભારનારના મૃત્યુ પછી શું થશે? જીવન મૃત્યુ આગળ અટકી જતું હશે, કે આગળ વધવાનો એ માર્ગસ્તંભ હશે? **जातस्य हि ध्रुवो मृत्युः** એ સાચું, પરંતુ બાકી રહેલું અર્ધું ચરણ ખરું હશે? **ध्रुवं जन्म मृतस्य च।** પુનર્જન્મ ઉપર પડદો પડતાં કેટકેટલી આશા-સમૃદ્ધિ ખોવાઈ જાય છે? પુનર્જન્મ ન હોય તો ય તે માગી લેવા જેવો છે, વિકસાવવા સરખો છે. નરસિંહ મહેતાએ પણ માગ્યું છે:—

'હરિના જન તો કાંઈએ ન યાચે,
યાચે જનમોજનમ અવતાર રે!'

નરસિંહનો ઉદ્દેશ જન્મ પામી ભક્તિ કરવાનો હતો. મારા જેવા સામાન્ય માનવી માટે સંકુચિત ઉદ્દેશ હોય; એના એ મિત્રો અને સ્નેહીઓ મળે તો ફરી જન્મ લેવાનું મન થાય ખરું. મૈત્રી પણ એક અનેરી ભાવના છે.

મારા મિત્ર સુરેન્દ્રનાથ ઘારેખાનને ત્યારે પણ વાચન ઉપરાંત લલિત કલાઓનો ભારે શોખ પરિચય. પશ્ચિમનાં સુપ્રસિદ્ધ ચિત્રો અને સ્થાપત્યોના ચિત્રસંગ્રહ તેમણે મોટા પ્રમાણમાં કરી નાખ્યા હતા. ચિત્રોના જાહેરાતગ્રંથો પણ સારા પ્રમાણમાં બહાર પડત, જે તેઓ પોતાની પાસે રાખી તેમનો અભ્યાસ પણ કરતા. તેમણે એ ચિત્રસંગ્રહો મિત્રોમાં ફેરવી પશ્ચિમના કલાકારો અને તેમનાં મહાન ચિત્રોનો બહુ સારો પરિચય કરાવ્યો.

હિંદની ચિત્રકલામાં ત્યારે રવિવર્મા બહુ વિખ્યાત. આજનું નિષ્ણાતપણું હવે રવિવર્માનાં ચિત્રો જોઈ રાજી થવામાં સંકોચ સેવે છે, અને રવિવર્માને ચિત્રકાર તરીકે સ્વીકારવામાં માનહાનિ અનુભવે છે. મને તો આજ પણ રવિવર્માનાં ચિત્રો ગમે છે, અને ત્યારે પણ ગમતાં. એ પછી ધુરંધરનાં ચિત્રોએ પ્રખ્યાતિ મેળવી અને પુરુષોત્તમ વિશ્રામ માવજીની 'સુવર્ણમાળા' દ્વારા તેમનાં ચિત્રો ગુજરાતમાં પણ પ્રસિદ્ધિ પામ્યાં. ગુજરાતી ચિત્ર પ્રણાલિકાનો ત્યારે ઉદય થયો ન હતો. શ્રી રવિશંકર રાવળ અમારા કૉલેજ સમયનાં હજી જાણીતા થયા ન હતા. બંગાળી સ્કૂલ 'મોડર્ન રિવ્યુ' દ્વારા ગુજરાતને જાણીતી થવા લાગી હતી, અને સુપ્રસિદ્ધ ડૉક્ટર કુમારસ્વામીના લેખો આપણા પ્રાચીન ચિત્ર-સ્થાપત્ય તરફ જિજ્ઞાસુઓનું ધ્યાન દોરતા હતા. એ યુગમાં બંગાળી અને પ્રાચીન ચિત્રકલા ઉપર ધીમે ધીમે આંખ બેસતી જતી હતી. એની ખૂબીઓ ઓછી વધતી ટીકા કરીને પણ સમજાવા લાગી હતી. એ જ સમયે પશ્ચિમના ચિત્રકલાધરોનો પરિચય બહુ ઉત્તેજક નીવડ્યો, અને કલા તરફની અભિમુખતા પણ ખૂબ વધી. એમાં નિષ્ણાત કે અભ્યાસીની દૃષ્ટિ તો નહિ જ; છતાં કવિતા સાથે ચિત્રકલા પણ સંસ્કારવર્ધિની બની શકે છે એટલો ખ્યાલ આવવા લાગ્યો ખરો.

એમાં સુરેન્દ્રનાથ ઘરેખાનની મૈત્રી બહુ ઉપયોગી નીવડી એમાં

જરા ય શક નહિ. વળી તેમની મૈત્રીએ સંગીતનો શોખ જગાડ્યો એ પણ મારે સ્વીકારવાનું રહ્યું. હું કદી સારું ગાઈ શક્યો નથી; હવે સારું કે ખોટું કાંઈ પણ ગાઈ શકતો નથી; છતાં સંગીત સાંભળવાની ઘેલછા સારા પ્રમાણમાં સચવાઈ રહી છે. આમે વડોદરાના સામાન્ય સંગીતશોખીનોનો મને સ્પર્શ ખરો. મારાં ફોઈના પુત્ર સદ્ગત ઇન્દુવદન, જે ઘણું ખરું મારી સાથે જ ઊછર્યા હતા, તેમને સંગીત ઘણી ઝડપથી બેસી જતું, અને મારા મિત્ર વિભુકુમાર તો સંગીતની તાલીમ જ લેતા હતા. એમાં સુરેન્દ્રનાથનો સંગીતશોખ ઉમેરાયો. તેમની પાસે તે સમયની સારામાં સારી ગાયિકાઓની રેકર્ડ્ઝ બહુ મોટા પ્રમાણમાં રહેતી. અમે જ્યારે જ્યારે તેમને ઘેર મળતા ત્યારે ચિત્રોની ચર્ચા કરતા અને 'રેકર્ડ્ઝ' પણ સારા પ્રમાણમાં સાંભળતા. તે વખતે સિનેમા નહિ, ટૉકી નહિ, એટલે શાસ્ત્રીય સંગીતની જ મોટા ભાગે રેકર્ડ્ઝ ઊતરતી. મલ્કા, જાનકી, ગૌહર, ઝોહરા સુપ્રસિદ્ધ ગાયિકાઓ ગણાતી. તંતુવાદ્યોની રેકર્ડ્ઝ પણ સારા પ્રમાણમાં તેમની પાસે હતી. સંગીતશ્રવણના એ પ્રયોગો હજી પણ યાદ રહી ગયા છે.

સંગીતની સાથે જ એક સદ્ગત મિત્ર યાદ આવ્યા. ગુજરાતી ભાષામાં બહુ ઓછી સન્નારીઓ કવિતા લખે છે. એ કવયિત્રીઓમાં બહેન જયમનગૌરી ઊંચે સ્થાને છે. એમના પતિ સદ્ગત વ્યોમેશચંદ્ર પાઠકજી ત્યારે અમારી સાથે કૉલેજમાં હતા. તેઓ જાતે ઘણું સારું ગાઈ શકતા અને તેમના રમૂજી અને માયાળુ સ્વભાવને લીધે વિદ્યાર્થીઓમાં બહુ પ્રિય બની ગયા હતા. તેમની પણ મૈત્રીનો લાભ અમને સહુને મળ્યો હતો. ખ્યાલ, ઠુમરી, ટપ્પા, ગઝલ વગેરે સંગીતશૈલીઓના નમૂના વ્યોમેશ પાઠકજી પાસેથી સાંભળવાના મળતા. જુદાં જુદાં સંગીત ઘરાણાંની વિશિષ્ટતા પણ તેમના કંઠમાં સારી રીતે બેસી જતી. એ વિલક્ષણ વ્યક્તિનું અવસાન અંગત મિત્રોને તો ઘણું જ સાલે છે; પરંતુ પ્રભુએ તેમને લાંબું આયુષ્ય આપ્યું હોત તો તેઓ સાહિત્યની પણ ઊજળી સેવા કરી શક્યા હોત.

આમ સંગીતના શોખીનો અને સંગીતના આછાપાતળા જાણકારોની સંગત અસર ઉપજાવ્યા વગર તો ન જ રહે. સુરેન્દ્રનાથે મને

એક નાનો સિતાર પણ અભ્યાસ અર્થે આવ્યો; જેના ઉપર હું થોડી ગત શીખ્યો પણ ખરો. દિલરુબા અને સારંગી પણ આછાંપાતળાં સ્પર્શ્યાં અને તાલ તથા લય સમજવા માટે તબલાં પણ થોડાં શીખ્યો. અમારી 'વિદ્યાર્થી ભૂષણ ડિબેટિંગ' (વી. બી. ડી. સી.) ઉત્સવો પણ સારા પ્રમાણુતાં ઊજવતી. એમાં સંગીત આવડે તે સહુ ભાગ લઈ આનંદમાં સંગીતની વિચિત્રતાઓ (mannerisms) ના પ્રયોગો સંગીતની મશ્કરી પણ ઉડાવતા. ઈશ્વરની મશ્કરી કરનાર યૌવન સંગીતને કેમ ન હસી શકે?

મારે કંઠે તો સંગીત ઊતર્યું નહિ; મારી આંગળીઓએ પણ પૂરો જવાબ ન આપ્યો. સંગીત જે મહેનત માગે તે મહેનત આપવાનો સમય મને ન મળ્યો એમ બહાનું હું કાઢી શકું. કુદરતે ગળાની બક્ષિસ આપી જ હતી. કુદરત ન આપે તે શ્રમથી મેળવી જરૂર શકાય. પરંતુ એ શ્રમ માટે જોઈતો સમય અને જરૂરી સાધનો ન મળ્યાં કે ઉપયોગમાં મેં ન લીધાં. મારી જિંદગીના કેટલાક પશ્ચાત્તાપોમાંનો એક પશ્ચાત્તાપ એ છે કે હું સંગીત ન શીખ્યો! ફૈયાઝખાનનો મને સારો પરિચય; પંડિત ઓમકારનાથજી મારા મિત્ર છે. કૉલેજ યુગથી સંગીત શ્રવણની ઘેલછા ચાલી આવે છે.

છતાં હું અંગત રીતે તો સંગીતશૂન્ય જ રહ્યો. સુંદર કંઠ મારા હૃદયને હલાવી શકે છે. પરંતુ કોઈના ય હૃદયને હલાવી શકે એવો કંઠ કે અંગુલી મને મળ્યાં નહિ. મારા પોતાના હૃદયને પણ હું મારા સંગીતથી રીઝવી શકતો નથી. પત્નીના અવસાન પછી ગીત વાદ્ય શીખવાની આછી પાતળી વૃત્તિ પણ નાબૂદ થઈ.

મિત્રો અને પરિચિત વ્યક્તિઓ આપણા જીવનમાં કેવી અસર ઉપજાવી જાય છે એનું એ કુટુંબ-દૃષ્ટાંત જ હું મારા જીવનમાંથી આપું છું. આપણી જોડે આપણને ઘડતાં તત્ત્વોની કિંમત ઓછી ન આંકવી જોઈએ.

## ૧૨

કૉલેજનું જીવન પણ જીવનના પાયાનું ચણતર બની રહે છે. એમાં ભેગી કરેલી સામગ્રી અને એમાં ઊપસેલાં વલણ જીવનનાં

નિયામક તત્ત્વો બની રહે છે. કૉલેજના અભ્યાસક્રમ પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા રહેતી એમાં જેટલો શિક્ષકોનો દોષ તેટલો જ વિદ્યાર્થીનો—મારો પણ દોષ ખરો જ. છતાં અભ્યાસક્રમ સાથે શોખના પણ વિષયો ઠીક ઠીક જોડાયલા રહેતા. ગણિત સિવાય બીજા બધા જ વિષયો મને ગમે ખરા. ગણિત ઇન્ટરથી અટકી ગયું એ મારે માટે તો સારું જ થયું. બી. એ. માં પણ જો ગણિત ફરજિયાત હોત તો હું ગ્રેજ્યુએટ થયો હોત કે કેમ તેની મને શંકા રહે છે. ઇન્ટરમાં હું પાસ થયો ત્યારે ગણિતમાં તો માત્ર કિનારે જ ડૂબતો ડૂબતો આવી પહોંચ્યો. પરંતુ બીજા વિષયોમાં મળેલા ઠીક ઠીક ગુણને લીધે મને અમારી કોમની એક સ્કૉલરશીપ પણ મળી.

હું ઇન્ટરમાં હતો અને મારું લગ્ન થયું. કલાપી, ન્હાનાલાલ, શેક્સપિયર, શૉ, ટેનિસ અને હાફેઝની કવિતાઓ રટનાર અમારા યુગને પ્રેમની ઘેલછા તો જરૂર હશે જ. પરંતુ એ ઘેલછા મોટે ભાગે લગ્નમાં સંતોષ મેળવી શકતી હતી. વિવાહ તો નાનપણથી જ મળેલો હતો, એટલે લગ્ન નિશ્ચિત હતું. કૉલેજમાં છોકરીઓની સંખ્યા નજીવી હતી, અને જે હતી તેની સાથે વાતચીત, ભણતર કે રમતનો પરિચય પણ અમને થયેલો નહિ અને એ પરિચય માટે સહેજ પણ ઉત્કંઠા સેવાયલી નહિ. તે યુગના સંસ્કારો સ્ત્રી અને પુરુષ-વિદ્યાર્થીઓને પરસ્પરથી સહજ દૂર રહેવા પ્રેરતો હોય એ પણ શક્ય ગણાય. એટલે અમારા યુગની પ્રેમ-પરિપાટી બહુ વિસ્તૃત બનવાનો સંભવ ઓછો હતો.

આજના યુગ કરતાં અમારો યુગ વધારે નીતિમાન હતો એવો અહંકાર હું ન જ સેવું. છતાં અમારા મિત્રવર્તુલમાં તો સ્ત્રી આદરની ભાવના સારા પ્રમાણમાં ખીલેલી હતી. અને મિત્રોમાંના ઘણા ખરા તો કૉલેજ જીવનમાં કે પહેલાં પરણી ચૂકેલો હતા. એટલે કૉલેજમાં પ્રેમનાં ચેડાં કાઢવા માટેનો અવકાશ બહુ જ મર્યાદિત હતો. વ્યાયામનો શોખ અને સ્ત્રીસન્માનની ભાવના પણ નૈતિક વિશુદ્ધિ તરફ વધારે પ્રેરતાં ખરાં.

ઉપરાંત મારી પત્નીનો દેખાવ પણ ઘણો સારો કહી શકાય. મને તો તે ઘણો સારો લાગ્યો હતો એટલું મારે માટે બસ હતું. સારા

દેખાવની પત્ની મળે તો ય પ્રેમપાગલપણું ચાહીને બતાવવું અને પ્રેમની ફાંટાબાજી આપણી આસપાસ રચવી, એવી કવિઉચિત એષણા પણ જાગી ન હતી. એટલે છ-સાત વર્ષની ઉંમરે મળેલા વિવાહને સ્વીકારી મેં મારું લગ્ન થવા દીધું. એક વાર મારી તબિયત સારી ન હોવાથી કોઈ સજ્જન કે સન્નારીએ આવી મારાં માતાપિતાને વાત કરી કે મારી તબિયત અંગે મારો વિવાહ કદાચ ફોક પણ થાય એવો સંભવ વિચાર્યો હતો, ત્યારે મારી પત્નીએ મારી જ સાથે લગ્ન કરવાનો આગ્રહ રાખી વિવાહ ફોકની વાતને આગળ વધવા જ ન દીધી. આ વાત હું સાંભળી ગયો—જોકે જૂની રૂઢિ અનુસાર મારાથી મારાં લગ્ન કે અલગ્ન વિશે કાંઈ પણ વાત સાંભળી શકાય નહિ! મારું અભિમાન સંતોષાયું અને મારા જીવનમા મેં romance—પ્રેમવીરત્વ અનુભવ્યું!

કેટલીક વાર મને મારા પ્રેમજીવન વિશે પ્રશ્નો પુછાય છે. લેખકને દરજ્જે પહોંચવામાં કદી કદી દરજ્જાની કિમ્મત આપવી પડે છે, જો લેખકની કે લેખકના દરજ્જાની કશી ય કિંમત હોય તો! માનવી કેમ જીવે છે, જીવનમાં શું શું કરે છે, એની લઢણો અને ટેવો કેવી છે, એની ખૂબી-ખામી ક્યાં રહી છે એ જાણવાની જિજ્ઞાસા બહુ સ્વાભાવિક છે. માનવીની વિચિત્રતાઓ સમજવાની અને એ વિચિત્રતાઓનો તેના સળંગ જીવન સાથે મેળ પાડવાની વૃત્તિ પણ જિજ્ઞાસાનો એક ભાગ છે. પારકી પંચાતમાં ન પડવાની શિખામણ ખૂબ અપાય છે અને ઘણી યે વાર એ શિખામણ માનવા સરખી હોય છે પણ ખરી. છતાં પારકું જીવન જાણવાની જિજ્ઞાસા એ દરેક વખતે ડારવા જેવી કુટેવ ન ગણાય. વળી પ્રેમ-જીવન એ માનવજીવનનો અત્યંત અટપટો અને હજી પૂરો ન સમજાય એવો નિયામક વિભાગ હોવાથી એક માનવીને બીજા સહમાનવીના પ્રેમજીવનને સમજી સરખામણી કરવાનું ભાન સ્વાભાવિક રીતે રહે છે જ. એ જીવનનું વૈચિત્ર્ય અનુભવનો વિષય છે, છતાં લેખકોએ પ્રેમ-વૈચિત્ર્યને કલા દૃષ્ટિએ કે નફટાઈપૂર્વક કેળવેલું હોય છે એવી સાચીજૂઠી માન્યતા અનુસાર લેખકોનાં પ્રેમજીવનમાં ડોકિયાં કરવાનું મન તેના વાચકોને જરૂર થાય. હું પણ એક વાચક તરીકે મારા

પ્રિય લેખકોના પ્રેમજીવનને જાણવા-સમજવાની જિજ્ઞાસા હજી પણ સેવું છું, એટલે લેખક તરીકે સાચું-ખોટું ભાન સેવતા મારા સરખા માનવીએ મારા પ્રેમજીવન વિશે થતા પ્રશ્નોનો ઉતર આપવો જોઈએ.

સાથે સાથે એ પણ હું જાણું છું કે મારા જીવનમાં પ્રેમ-સાહસની કથનીઓ સાંભળવા ઇચ્છતા પૃચ્છકોને મારે નિરાશ કરવા પડશે. કારણ એવી કોઈ સાહસકથની મારા જીવનમાં ઉત્પન્ન થઈ નથી અને મેં તે ઉત્પન્ન થવા દીધી પણ નથી. મારું ટૂંકું પ્રેમજીવન એ મારું લગ્નજીવન. અને મને એ જીવનમાં મળેલું કંપભર્યું સુખ કોઈ પણ સાહસભર્યા પ્રેમજીવન કરતાં ઊતરતું કે ઓછું સંતોષ-પાત્ર હતું એમ માનવાને મને જરા ય કારણ મળ્યું નથી. મારું લગ્નજીવન અત્યંત સુખભર્યું હતું એમ કહેવામાં હું નીતિઘમંડ સેવું છું એમ માનવાની જરા ય જરૂર નથી. જીવનની ઘટનાઓમાં કોઈનો પણ ઘમંડ નભી શકે એમ નથી એનાં દૃષ્ટાંતો તપસ્વીઓથી માંડી સામાન્ય માનવીઓ સુધીનાં આપણી પાસે યુગયુગથી પડ્યાં છે. અને નૈતિક સ્ખલનો – આપણે માની લીધેલાં નૈતિક સ્ખલનો – ની કદી પણ હું ટીકા કરવા ન પ્રેરાઉં એમ ઇચ્છી રહ્યો છું, કારણ એ કહેવાતાં સ્ખલનો પ્રેમજીવનની સુખમય ગોઠવણી – Adjustment ના પ્રયોગ પણ હોઈ શકે છે. અંતે તો માનવી સંયોગોનું જ ઘડતર માત્ર કહી શકાય. અને સંયોગો ઉપર એક વ્યક્તિનો અંકુશ હોઈ શકે પણ કેટલો ? માનવી બીજાં બધાં અભિમાન સેવી શકે પોષી શકે, પ્રગટ કરી શકે – માત્ર એક નીતિ અભિમાન સિવાય. પોતે નક્કી કરેલી નીતિના ચોકઠામાં રહી શકતા માનવીએ ઈશ્વરને, અદૃશ્ય-ને, સંયોગોને જ યશ આપી ચૂપ રહેવું !

આજના કૉલેજજીવનમાં પ્રેમપ્રસંગોની સગવડ વધી છે, જોકે લગ્નની સગવડ ઘણી ઘટી ગઈ છે. મારા યુગના કૉલેજજીવનમાં પ્રેમની સગવડ ઓછી હતી, પરંતુ લગ્નની સગવડ વધારે હતી એ વસ્તુસ્થિતિ તરફ ધ્યાન ખેંચવા મેં મારું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તે સમયના કૉલેજ વિદ્યાર્થીઓનો ઠીક ઠીક મોટો ભાગ પતિપદને પામી ચૂકેલો હતો. અલબત્ત વિદ્યાર્થી અવસ્થા અને લગ્નજીવન પરસ્પર

ઉપકારક ન જ નીવડે. ઘણા વિદ્યાર્થીઓ લગ્ન પછી ગ્રેજ્યુએટ થયા છે, અને હું પણ લગ્ન પછી જ ગ્રેજ્યુએટ થયેલો વિદ્યાર્થી છું. છતાં લગ્નજીવને કેટલા ય સારા વિદ્યાર્થીઓના વિદ્યાભ્યાસને કુંઠિત કરી નાખ્યા હોય તો તેમાં નવાઈ નહિ. આર્થિક સ્થિતિ પગભર થયા સિવાય લગ્ન કરવામાં પ્રેમ સરખી પવિત્ર ભાવના વ્યવહારના ખડકે અથડાઈ પડે છે. અને વિદ્યાર્થીજીવન અર્થવ્યય કરાવનારું હોય છે, અર્થવર્ધક તો નહિ જ. ઓછામાં ઓછી બી.એ.ની ડિગ્રી મેળવ્યા સિવાય કોઈ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને પરણવાની સલાહ હું ન જ આપું. પ્રેમમાં પડવાની સલાહ પણ નહિ જ. પરંતુ મારી સલાહ ઉપર કોઈએ પ્રેમ કે લગ્નનો આધાર રાખ્યો હોય એવું હજી સુધી બન્યું નથી!

બી.એ. નું વાચન મને ગમ્યું. મારાં બી.એ.નાં બે વર્ષો દરમિયાન Honours Course–ઉચ્ચ શ્રેણીનો અભ્યાસ ક્રમ પહેલવહેલો યુનિવર્સિટીએ દાખલ કર્યો અને મેં અંગ્રેજી ભાષાનો ઉચ્ચ અભ્યાસક્રમ ગ્રહણ કર્યો. ચોસરથી માંડી ટેનિસન સુધીના સાહિત્યયુગો અભ્યાસક્રમમાં આવી જતા હતા, અને એ યુગોમાં વિકસેલાં પ્રત્યેક સાહિત્ય સ્વરૂપોનો ઠીક ઠીક અભ્યાસક્રમ એમાં ગોઠવાયલો હતો. એ વાચન મને બહુ અનુકૂળ પડ્યું. સાહિત્યના નવનવા પ્રકારો એમાં ઊઘડતા જાય, નવનવા સાહિત્ય સ્વામીઓની કૃતિઓ આપણી નજર સામે ખુલ્લી થાય. એ કૃતિઓની ખૂબીઓ સમજાતી જાય, વિવેચનોનાં નવનવાં દૃષ્ટિબિંદુ ઊપસી આવે અને યુગયુગનાં જીવન સાથે સંકળાયલા સાહિત્યના અંકોડા ઊકલતા જઈ સાહિત્ય અને સામાજિક જીવનના સંબંધો ઓળખાતા જાય. આખો સાહિત્યપ્રદેશ મને ઉત્તેજક નીવડ્યો, અને વાચનનો શોખ હતો તેને સારી પુષ્ટિ મળી. કૉલેજનું પુસ્તકાલય પણ મેં ઠીકઠીક ઉથલાવવા માંડ્યું. અંગ્રેજી ભાષાશાસ્ત્ર–Philology અને અલંકારશાસ્ત્રમાં પણ રસ ઊપજ્યો.

અંગ્રેજી ભાષાની ઉચ્ચ શ્રેણીનો અભ્યાસક્રમ લેવાની મેં ઇચ્છા પ્રદર્શિત કરી ત્યારે પ્રથમ તો મને ઠીક ઠીક ડરાવવામાં આવ્યો. સામાન્ય વાચન નહિ ચાલે, બહુ મહેનતની જરૂર પડશે, તદ્દન નવો

પ્રયોગ હોવાથી એમાં ઘણી મૂંઝવણો ઊભી થશે, એમ મને કહેવામાં આવ્યું. પરંતુ હું મારી ઇચ્છાને ચીવટાઈથી વળગી રહ્યો એટલે મારો સ્વીકાર થયો, છતાં શિક્ષણની મુશ્કેલી તો ઊભી જ રહી. ક્લાર્ક સાહેબ, પ્રો. જોર્ષી અને પ્રો. રત્નસ્વામી એ ત્રણ અંગ્રેજી ભાષાના ગુરુ. હું એકલો જ વિદ્યાર્થી–જોકે શરૂઆતમાં મારી સાથે બેત્રણ વિદ્યાર્થીઓ હતા ખરા–એટલે ગુરુની સગવડ અને ઇચ્છાનુસાર જ મારે શીખવાનું હતું. કૉલેજની શિક્ષણપદ્ધતિ પ્રત્યે મને ભાગ્યે જ ભારે માન ઉત્પન્ન થયું હોય! ઘણી બાબતો તો એવી જ હતી કે જેમાં પ્રોફેસરોની સહાય જરૂર વગરની બની જતી. કૉલેજના વિદ્યાર્થીઓની ઉચ્ચ શ્રેણી માની લઈ પ્રોફેસરો પણ સારા પ્રમાણમાં બેદરકાર રહી શકતા અને પશ્ચિમની કૉલેજોનાં દૃષ્ટાંત આપી કૉલેજના અભ્યાસને લગભગ અપૃચ્છિક બનાવી દઈ પશ્ચિમમાં મળતી દોરવણીથી પણ વિદ્યાર્થીઓને વંચિત રાખતા હતા. હજી પણ એ પરિસ્થિતિ બદલાઈ હોય એમ માનવાનું કારણ નથી. બદલાઈ હોય તો હું બહુ જ રાજી થઈશ, અને સંતોષ માનીશ કે પ્રધાનોથી માંડી પટેલો સુધીના બેદરકાર તંત્રમાં પ્રોફેસરોએ તો રચનાત્મક કાર્યક્રમ કરવા માંડ્યો છે. રસ પડે એવું માર્ગદર્શન કેળવણીમાં પણ કરવું એને હું રચનાત્મક કાર્ય જરૂર કહું. મને તો સહાય મળી આછીપાતળી રત્નસ્વામી તરફથી; અને ઉચ્ચ શ્રેણીના અભ્યાસનું સાહસ તો મેં કર્યું ખરું; છતાં પરીક્ષામાં હું ક્યાં ઊભો રહીશ એ પ્રશ્ન મને સતત મૂંઝવતો હતો. મારું અંગત વાચન ચાલ્યા કરતું હતું.

સાથે બીજી ભાષા ફારસીનો અભ્યાસ પણ ચાલુ રહે જ. તેમાં પાછી મુખપાઠ પરીક્ષા આવવાની હતી. ફારસીમાં વાતચીત કરવાની કદી ટેવ કૉલેજમાં પડેલી નહિ તો ય પરીક્ષા વાતચીતમાં આપવી જ જોઈએ.

મારા સામાન્ય વાચને મને યારી આપી અને સને ૧૯૧૪ માં બી.એ.ની પરીક્ષામાં હું સત્તાવન ટકા ગુણ અંગ્રેજી ભાષામાં લઈ ઉચ્ચ શ્રેણીમાં ઉત્તીર્ણ થયો. ક્લાર્ક સાહેબ બહુ રાજી થયા. સત્તાવન ટકા એટલે પ્રથમ વર્ગની બહુ જ નજીક કહેવાય; અને સહજ તેમણે

કાળજી રાખી હોત તો હું પહેલા વર્ગમાં પણ આવી શક્યો હોત એમ પણ તેમણે જાહેર કર્યું. પરંતુ પરિણામ જાહેર થઈ ગયું હતું. બીજા વર્ગમાં આવવા છતાં મારા ગુણ બી.એ. પસાર કરનાર કોઈ પણ વિદ્યાર્થી કરતાં વધારે હતા. હેવલોક એલીસનું જાતીય વિજ્ઞાન સંબંધી પુસ્તક વાંચનાર મને 'ફેલો' તરીકે નીમવો કે કેમ એ પ્રશ્ન ઊભો કરી અંતે કલાર્ક સાહેબે મને 'ફેલો' તરીકે નીમ્યો. મારી સાથે ફિલોસોફી લઈને કૉલેજમાં બીજે નંબરે આવનાર શ્રી. ભંભાણી નામના સિંધી ગૃહસ્થ બીજા ફેલો તરીકે નિમાયા.

પરંતુ એ જ વર્ષમાં 'ટર્મ' બદલાઈ છ મહિના આગળ લંબાઈ. એનો લાભ મારી પહેલાંના ફેલો શ્રી. આસાના નામના પારસી ગૃહસ્થને આપવામાં આવ્યો. સંતતિનિયમન વિશે અવારનવાર ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં પત્રો લખતા શ્રી. આસાના અમદાવાદની કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયા હતા તે જ એ ગૃહસ્થ હતા એમ કેટલેક વર્ષે મેં જાણ્યું.

એ છ માસ બેસી રહેવાનો પ્રસંગ આવ્યો. એમ.એ.ની પરીક્ષા આપી ઊંચે નંબરે પાસ થઈ પ્રોફેસર કે લેક્ચરર તરીકે કૉલેજનું જીવન ગાળવું એ આદર્શ તો હતો જ. એટલે અંગ્રેજી ભાષાનો એમ.એ.નો અભ્યાસક્રમ લઈ મે વાંચન શરૂ કર્યું. છ માસ અંગ્રેજી સાહિત્ય મેં ખૂબ વાંચ્યું. એમ.એ.માં તો છેક ચાલુ યુગનો પણ સ્પર્શ કરવાનો હતો. એ સ્પર્શ પણ ગમ્યો. મને ફેલોશીપ મળે એ દરમિયાન આ સાહિત્ય અભ્યાસ ઉપરાંત એક બીજો વ્યવસાય પણ મારે શરૂ કરવો પડ્યો. સુરતમાં સાહિત્ય પરિષદ ભરવાનું નક્કી થયું હતું. મારા વતન કાલોલમાં ત્યારે હું થોડો સમય રહ્યો. કાલોલ ગોમા નદીના તટ ઉપર આવ્યું છે. નદીનો પટ વિશાળ પરંતુ તેમાં પાણી ચોમાસા પૂરતું જ રહે; એટલે એ રેતીનું રણ અમારી રમત-ગમત અને કસરતનો અખાડો બની રહેતું હતું. નાટકનાં દૃશ્યો તો અમે રજામાં ઘણુંખરું કરતા. રેતીમાં રમતાં રમતાં એક વિચાર ઊપજ્યો : આપણે સુરતની સાહિત્ય પરિષદ ઉપર એક નાટક ભજવીએ તો કેવું ? આવા વિચારો સામુદાયિક અને સાર્વજનિક હોય છે.

એનો સ્વીકાર થયો અને નાટક લખવાનું કાર્ય મિત્રોએ મને સોંપ્યું.

૧૩

દિલ્હીના છેલ્લા ક્ષત્રિય સમ્રાટ પૃથુરાજનું જીવન અનેક દંતકથાઓથી વીંટળાયલું હોવા છતાં બહુ આકર્ષક કહી શકાય. પ્રતાપ, પૃથુરાજ અને શિવાજી એ ત્રણ મધ્ય કાલીન–મુસ્લિમ યુગ–ની મનહર મૂર્તિઓ. તેમાં યે પૃથુરાજની આસપાસ પ્રેમ અને દેશાભિમાનનાં તેજવર્તુલ બન્ને રમી રહેલાં દેખાયાં. દંતકથાઓને ખોટી પાડતી શોધખોળ અને પ્રજાએ ઉપજાવેલી મૂર્તિઓને ભૂંસી નાખવા મથતા પુરાવા ઉપર જ જીવતો અભ્યાસ ત્યારે બહુ જોરમાં નહિ. મેં પૃથુરાજ અને સંયુક્તાના પ્રેમપ્રસંગ ઉપર એક નાટક રચવાની હિંમત કરી. રજામાં ભેગા થયેલા મિત્રોએ એમાં ભાગ લેવાનો ઉત્સાહ દર્શાવ્યો. કોણે કયો સ્વાંગ લેવો એ નક્કી થયું. સ્ત્રીસ્વાંગ વગરનું નાટક કોઈને ગમે નહિ એ વાત– આજ પણ નાટક જોવું એ પણ સ્ત્રીઓને શોભે નહિ એવા વાતાવરણમાં સ્ત્રીઓ તો નાટકમાં ઊતરે જ કેમ? છોકરાઓ–અને તે પણ અમારા સરખા નાગર જેવી કહેવાતી ઉચ્ચ કોમના–નાટક કરે એ પણ મહા ચર્ચાનો વિષય થઈ પડચો. અમે મિત્રોએ પુરુષસ્વાંગ તો નક્કી કર્યા. પરંતુ સ્ત્રીપાત્રો માટે શું કરવું એ પ્રશ્ન મૂંઝવણભર્યો થઈ પડચો. સદ્‌ગત ઇન્દુવદને સોહાગીના કલ્પિત પાત્રમાં ઊતરવાનું કબૂલ કર્યું; દ્રુપદકુમાર દેસાઈએ સંયુક્તા બનવાની હા પાડી, અને સખીનો એક નાનો સ્વાંગ ભજવવા શાંતનું દેસાઈ કબૂલ થયા. આમ અમારી મૂંઝવણનો ઉકેલ આવ્યો, અને નાટક લખાતું ગયું તેમતેમ તેનાં દશ્યો ગોખાઈ ભજવાવા લાગ્યાં. ગુજરાતીઓ સંગીતશૂન્ય ભલે ગણાતા હોય, અમને તો કાલોલમાંથી જ હાર્મોનિયમ વગાડનાર અને પખવાજ તબલાં વગાડનાર નિષ્ણાત મળી આવ્યા. વૈષ્ણવ મંદિરોમાં કીર્તનોમાંથી તૈયાર થયેલા છગનભાઈ વાવમાર અમારાથી વયે ઘણા મોટા હતા, છતાં અત્યંત ઉત્સાહપૂર્વક તેમણે અમારા સંગીતતાલ ગોઠવી તબલાંનો સાથ આપ્યા કર્યો. સંગીત અને શૃંગારરસની માફક, હાસ્ય પણ નાટકમાં આવશ્યક હોય. મને મારા હાસ્યલેખન ઉપર શ્રદ્ધા ન હતી એટલે સર રમણાઈનું 'નવાબ

સાહેબની મુલાકાત' નામનું પ્રહસન ગોઠવ્યું. જેને સદ્‌ગત મનુભાઈ દેસાઈ તથા મહેશરાય મહેતાએ બહુ સારો ન્યાય આપ્યો.

ખૂબ મજા આ ભજવણીમાં આવતી. આજ નાટક ભજવવામાં ઘણી સરળતા આવી રહી છે. તે સમયે ઊભી થતી મુશ્કેલીઓમાં અમે નાટક ભજવવાની હિંમત કેમ કરી શક્યા એ આજ તો સમજાતું નથી જ. અમારા વડીલો પણ બહુ ઉદાર દિલના હતા. તેમનો આછો પણ વિરોધ હોત તો અમે નાટકનો વિચાર પણ કરી શક્યા ન હોત. સાહિત્ય પરિષદના કાર્યવાહકો સાથે પત્રવ્યવહાર થયો. તેમણે અમને રૂબરૂ પણ બોલાવ્યા અને થોડાં દશ્યો અને ગીતો વંચાવી પરિષદ ઉપર અમને બોલાવવા હા પાડી. બે માસ ધમાલ કરી નાટક તૈયાર કર્યું, પરંતુ સાહિત્ય પરિષદના સંચાલકો ન અમને બોલાવે કે ન પત્રનો જવાબ આપે. પરિષદ પણ ભરાઈ ચૂકી અને અમારી મહેનત તત્કાળ તો નિષ્ફળ ગઈ લાગી. છેવટે કાલોલમાં જાહેર નાટક ભજવી ત્યાંની શાળા માટે ઠીક રકમ એમાંથી મેળવી. છ માસની વધારાની 'ટર્મ' પૂરી થઈ અને વડોદરા કૉલેજના 'ફેલો'નું સ્થાન મેં લીધું. હજી પણ વડોદરા કૉલેજના 'ન્યુ રેસીડેન્સી' નામે ઓળખાતા છાત્રાલય પાસેથી જ્યારે જ્યારે હું પસાર થાઉં છું. ત્યારે ત્યારે મારી રૂમ નં. ૩ મને ખૂબ યાદ આવે છે. 'ફેલો' તરીકે મારી એક ફરજ એ હતી કે મારે ત્યાં રહેવું અને વિદ્યાર્થીઓ પર સામાન્ય દેખરેખ રાખી રાત્રે નવ વાગ્યે તેમાં રહેતા વિદ્યાર્થીઓની હાજરી રોજ પૂરવી. કૉલેજના પ્રથમ વર્ષમાં 'ફેલો'ને કેટલાંક શિક્ષણ વ્યાખ્યાનો આપવાની ફરજમાંથી બેત્રણને મુક્ત કરવામાં આવ્યા હતા એટલે પ્રિન્સિપાલ સોંપે એવા નિબંધો જોઈ સુધારવાનું માત્ર કામ એ બીજી ફરજ. એ ઉપરાંત મારે મારો એમ.એ.નો અભ્યાસ કરવાનો હતો. 'ફેલો' તરીકે મળતું વેતન માસિક સાઠ રૂપિયાનું હતું જે મને અને મારા કુટુંબને બહુ ઉપયોગી થઈ પડ્યું.

મારી કૌટુમ્બિક આર્થિક પરિસ્થિતિ એટલે ઊતરતા મધ્યમ વર્ગનું જીવન. છાપખાનું અને વર્તમાનપત્ર કાઢી મારા પિતાએ અનેક આર્થિક મુશ્કેલીઓ અનુભવેલી. છાપખાનું જતાં બે વર્ષ

લિક્વીડેટર તરીકે કામ કર્યા પછી આજીવિકાનો મુશ્કેલ પ્રશ્ન તેમની સામે આવી ઊભો રહ્યો હતો. મુંબઈનાં હવાપાણી એ યુગમાં ભયજનક મનાતાં હતાં એટલે મારાં માતાએ તેમના મુંબઈ જવા સામે વાંધો લીધો અને તેમણે વડોદરા રાજ્યમાં બાંધકામ ખાતે શિરસ્તેદારની જગા મેળવી, જેનો પગાર ૫૦–૫૫ રૂપિયાથી વધારે નહિ હોય. કુટુંબ બહોળું અને મિત્રો–મહેમાનોની અવરજવર સારા પ્રમાણમાં. ઊતરતો મધ્યમ વર્ગ એટલે એક પગ ગરીબીમાં અને બીજો પગ...જ્યાં પડે ત્યાં...પ્રતિષ્ઠિત દેખાવાના સતત પ્રયત્નમાં. મોટે ભાગે બન્ને પગ ગરીબીમાં; માત્ર મગજનો કેટલોક ભાગ ઊંચે ઊડે એટલું જ. કલ્પના અને ગોઠવણુ સુખી જીવન માટેની; પરંતુ વાસ્તવિકતા ગરીબીમાં સતત ધકેલાતી જ હોય. મારા પિતાએ ગરીબી સાથે જોડાયલી દીનતા કે લોભ-લાલચ, અનેક ખેંચાખેંચીમાંથી ઊપજતી અશિષ્ટ હલકાઈનો ઓળો પણ અમારા ઘરમાં ન પડે એની બહુ જ કાળજી રાખી હતી. ગરીબીને અનુકૂળ તેમનો સ્વભાવ જ ન હતો. પરંતુ એનું પરિણામ આવકને અભાવે દેવાદારીમાં જ આવે. વખતસર જોઈતી રકમ મેળવવા કરવા પડતા તેમના પ્રયત્નો અમારા ધ્યાન બહાર તો ન જ રહે. તેમાં મારા મોસાળની નજીવી મિલકત અંગે દાવાદુવી પણ ચાલતાં જ હોય. આવી પરિસ્થિતિમાં સંકોચ એટલે શું એની સમજ ન પડે એમ તો બને જ નહિ. એટલે 'ફેલો' તરીકેનો માસિક પગાર અમને ઉપયોગી થઈ પડચો. વળી હું પરણ્યો પણ હતો.

હજી હતી તો વિદ્યાર્થીઅવસ્થા. 'ફેલો' બનવાથી એમ. એ.ની પરીક્ષા આપી શકાશે એવી અભિલાષા જાગી હતી જ; એલએલ.બી. માટે પણ ઇચ્છા ખરી. પરંતુ મુંબઈનાં રોગિષ્ઠ પાણી વિશેની મારાં માની માન્યતા દૂર થાય જ નહિ, અને મુંબઈ સિવાય વકીલાતના ભણતરની બીજે કોઈ સ્થળે ત્યારે સગવડ ન હતી. એટલે એલએલ.બી. નો વિચાર જરા મુલતવી રાખ્યો અને અંગ્રેજી ભાષા તથા ફારસી ભાષાનાં ઠરેલાં પુસ્તકો વાંચવાની પણ શરૂઆત મેં કરી દીધી. નવા અભ્યાસક્રમ પ્રમાણે એમ.એ.ની પરીક્ષા માટે બે

વર્ષના અભ્યાસની આવશ્યકતા રહેતી, જે જૂના અભ્યાસક્રમમાં ન હતી. અભ્યાસમાં પ્રોફેસરોની જરૂર મને બહુ લાગી જ. અંગ્રેજીમાં થોકડાબંધ ટીકાઓ, વિવેચનો અને ભાષાના યુગવાર ઇતિહાસો મળી આવતા હતા. કદી કદી પ્રોફેસર રત્નસ્વામી પુસ્તકો સૂચવે ખરા. પરંતુ અંગ્રેજી કરતાં ફારસીના અભ્યાસમાં મને વધારે વિકટતા દેખાવા લાગી. પુસ્તકો મેળવવાની મુશ્કેલી અને તેમને ઉકેલી સમજવાની વધારે મુશ્કેલી. સમજાવનાર કોઈ નહિ. આમ ફારસી ભાષાનો અભ્યાસક્રમ મને ડરાવી રહ્યો હતો.

કૉલેજ છોડ્યા છતાં ફેલો તરીકે કૉલેજનો સંપર્ક તો ખરો જ. ત્યાં એમ.એ. માટેનું વાચન મને વિદ્યાર્થી બનાવ્યે રાખતું હતું. ફેલો તરીકેનું કામ તદ્દન નહિ જેવું, એટલે તે અન્વયે મળતો મુસાહીરો સ્કૉલરશીપ – શિષ્યવૃત્તિ – બની રહેતો. ન્યુ રેસીડેન્સીમાં રહેતા વિદ્યાર્થીઓને મારે માટે સદ્ભાવ ઘણો હતો. આમ તો વિદ્યાર્થીઓમાં ધાંધલ અને ધિંગામસ્તી ચાલ્યા કરે. પરંતુ એકે તોફાન એવું નહિ કે જેનું નિવેદન કરવું પડે. હાજરી લીધાનું તેમ જ કાંઈ વિશિષ્ટ બનાવનું એક ચોપડીમાં રોજ નિવેદન રેસીડેન્ટ પ્રોફેસરને કરવું પડે. પરંતુ મને એવો કાંઈ બનાવ નિવેદનપાત્ર લાગતો નહિ, અને પ્રો. જોષી, જે રેસીડેન્ટ પ્રોફેસર તરીકે પાસેના બંગલમાં રહેતા, તેમને આખી સૃષ્ટિમાં વિશિષ્ટતા ન દેખાય એમ હતું. છતાં એક વખત તેમણે મને કહ્યું :

‘દેસાઈ! તમારે ત્યાં કાંઈ બનાવ બનતો જ નથી શું ?’

એટલે મેં લખવા માંડ્યું : અ આજ રાત્રે હાજરી લેતી વખતે ન હતા પરંતુ તેમને સજા કરવાની જરૂર નથી. ગેરહાજરીનું કારણ સંતોષકારક હતું...બની તબિયત જરા નરમ હતી, પરંતુ ડૉક્ટરની દવા મંગાવી છે...ક ટેનીસ રમવામાં બહુ સમય ગાળે છે, પરંતુ એ ‘ચૅમ્પિયન’ થવા માંગે છે એટલે એણે રમવું જોઈએ...ડ અને ઢ મારી રજા લઈ નાટક જોવા ગયા હતા.

આવા આવા ઉલ્લેખો નીચે પ્રો. જોષી સહી કરે અથવા મારા નિવેદનને અનુકૂળ સૂચન કરે. મારા મિત્ર રમાકાન્ત ધારેખાન રમવામાં

અને ગમ્મત પ્રસંગોમાં મારો વિશેષ ઉલ્લેખ પામતા, કારણ તેઓ વિદ્યાર્થીઓમાં તેમ જ પ્રોફેસરોમાં બહુ માનીતા હતા. એમનો વાંક હોય તોપણ હું તેમના જ નામનો ઉપયોગ કરતો.

સુરત-નવસારીના બે સાથે રહેલા વિદ્યાર્થીઓ ઘેરથી મીઠાઈ લાવ્યા છે એવી ખબર પડોશના વિદ્યાર્થીઓને પડી. મીઠાઈના માલિક વિદ્યાર્થીઓ કૉલેજમાં ઓરડી વાસી ગયા પરંતુ જાળી વાળી બારી ઉઘાડી રાખતા ગયા. એમાંથી પેસાય એવું ન હતું, છતાં તેમની મીઠાઈ બીજા મિત્રોને ખાઈ જવી હતી. મુશ્કેલીનો સામનો વિદ્યાર્થીઓ સારી રીતે કરી શકે છે. તેમણે ઓરડીમાં ફરી વળે એવો વાંસ તૈયાર કર્યો અને વાંસને છેડે બે અણીદાર ખીલી ઠોકી એક શસ્ત્ર બનાવ્યું. એક ખાટલા નીચે મીઠાઈનો કરંડિયો પડચો હતો, તેને અણીવાળા વાંસ વડે જાળી પાસે ઘસડી લાવી શકાયો. પરંતુ તે ઊંચકાય કેમ? અને જાળીમાંથી બહાર લવાય કેમ? વાંસના ખીલા વડે કરંડિયાનું ઢાંકણું ઉઘાડી વાંસને છેડે બાંધેલા ખીલા મીઠાઈમાં ખોસી જાળીમાંથી તેમણે બને એટલી મીઠાઈ બહાર કાઢી. વેરાતી, ચૂરો થતી મીઠાઈમાંથી સહુને ભાગે તો થોડી થોડી મળી આવે જ. આ ઢબમાં મળવા કરવાં મીઠાઈ વેરાઈ બધારે. માલિકોએ આવી જોયું અને તેની પ્રો. જોષી પાસે ફરિયાદ ગઈ. આવા કામે ચોર નક્કી હોય છતાં ચોરીના સાક્ષીપુરાવા મળવા ઘણા કઠણ. જોષીએ ફરિયાદીઓને તેમ જ જેમના ઉપર તેમને શંકા હતી તેમને પોતાની પાસે બોલાવ્યા. તપાસ ચાલતાં કાંઈ સત્ય પુરાવાને ત્રાજવે તોળાય એવું દેખાયું નહિ. જોષીથી પુછાઈ ગયું :

What was the sweet meant tor ?– મીઠાઈ શા માટે મંગાવવામાં આવી હતી ?'

'To be eaten, Sir ! – ખાવા માટે, સાહેબ.' ફરિયાદીએ જવાબ આપ્યો.

Oh ! so what is the complaint ? Thc Sweet has been put to its legitimate use. Go ! ( એમ ! તો હવે ફરિયાદ શી છે ? જે અર્થે મીઠાઈ મંગાવી હતી તે અર્થે તેનો

ઉપયોગ થયો. જાઓ !) પ્રો. જોષીએ જવાબ આપ્યો.

આવાં તોફાનો નાનાં મોટાં ચાલ્યા કરતાં હતાં પરંતુ એમાંથી વિદ્યાર્થીઓમાં વેરઝેર વધવાને બદલે અતિ ગાંભીર્ય અને ચાપલૂસી ઘટતાં હતાં. રીસ ચઢી હોય તો ય તે ઝડપથી ઊતરી જતી હતી.

વિદ્યાર્થીની તબિયત સારી ન હોય ત્યારે રાજ્યના વિશિષ્ટ વૈદ્યકીય અમલદાર પાસે જવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. એક મહાન વૈદ્યકીય અમલદાર વિદ્યાર્થીઓને મળ્યા. પોતાના પહેલા બીજા માળની અગાશીમાં આવી તેઓ નીચે કંપાઉન્ડની જમીન ઉપર ઊભા રહેલા દર્દીને પૂછતા :

'કેમ ? શું છે ?'

'સાહેબ ! તબિયત ઠીક નથી. તાવ...'

'જીભ બહાર કાઢો.'

વીસેક ફૂટની ઊંચાઈએથી ડૉકટર જમીન ઉપર ઊભેલા દર્દીની બહાર નીકળેલી જીભ જોતા અને ઉપરથી દર્દને પરખી દવાનો નુસખો લખી ફેંકતા !

આવા કૈંક પ્રસંગો મારી ફેલો તરીકેની કારકિર્દીમાં બની ગયા હશે, પરંતુ તે બધા મારી કાર્યમર્યાદા બહારના હતા. વિદ્યાર્થીઓ સાથેનો મારો સંબંધ બહુ જ મીઠો અને શીળો હતો. કુંજવિહારી ધ્રુવ તે સમયે અમારી કૉલેજ અને છાત્રાલયમાં આવી પોતાની સુંદર હલકવાળી ગઝલોનો મોહ લગાડી ગયા હતા.

મારું રચેલું 'સંયુક્તા' નાટક પણ આ સમયે વડોદરાના વાંકાનેર થિયેટરમાં અમે ભજવ્યું. ડૉ. સુમંત મહેતા અને સર મણિલાલ નાણાવટીની દેખરેખ નીચે એક બહુ વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ એક સામાજિક કાર્ય માટે રકમ ભેગી કરવાના ઉદ્દેશથી એ નાટક ભજવાયું. હજી હસીએ છીએ એવી કેટલીક ભૂલો એ ભજવણીમાં થઈ હતી. છતાં પાંચેક કલાક ચાલેલા એ નાટકમાંથી કોઈ અડધું જોઈ ચાલ્યું ગયું હોય એમ જાણવામાં નથી. એમેચ્યોર્સ–બિનધંધાદારી રંગભૂમિના પ્રાથમિક પ્રયોગોમાં અમારી નાટ્ય પ્રવૃત્તિ મૂકી શકાય. સુરતની સાહિત્ય પરિષદે તુચ્છકારેલું નાટક વડોદરામાં

અમે સારી રીતે ભજવી શક્યા; એનું પ્રહસન પણ આખા શ્રોતાવર્ગને હસતા રાખી શક્યું.

મને છ માસમાં જ સમજાઈ ગયું કે ફારસી ભાષા સાથે હું અંગ્રેજી ઑનર્સમાં ભાગ્યે લાભ મેળવી શકું. ફેલો તરીકેની મારી નિમણૂક એક વર્ષમાં પૂરી થવાની હતી. એવામાં જાહેરાત આવી કે જૂના અભ્યાસક્રમ અનુસાર એમ.એ.માં બેસવાની છેલ્લી તક એ વર્ષે લંબાવવામાં આવી હતી. મેં નવા અભ્યાસક્રમને બાજુએ મૂકયો, અંગ્રેજી અને ગુજરાતીના વિષયો જૂના ક્રમ અનુસાર લીધા, ઠીકઠીક રંચ્યું, પરીક્ષામાં બેઠો અને એમ.એ.ની પરીક્ષામાં પસાર પણ થઈ ગયો !

પરંતુ તે ત્રીજા વર્ગમાં. મારા ગુજરાતી જ્ઞાને કે અભ્યાસે મને યારી આપી નહિ. ગુજરાતીએ મને ત્રીજા વર્ગમાં ઘસડી પાડચો ! ગુજરાતી ભાષાના મહા પંડિત પરીક્ષકોએ વર્ષોનાં વર્ષો સુધી કોઈ પણ વિદ્યાર્થીને ઊંચો વર્ગ આપ્યો ન હતો એટલે મારાથી પણ આશા કેમ રાખી શકાય ? સંસ્કૃતનો મને સંપર્ક ન હોવાથી મારાં વ્યાકરણ અને જોડણી આજ પણ અસહ્ય છે એ હું કબૂલ કરું છું.

મારી 'ફેલો' તરીકેની કારકિર્દી પણ પૂરી થઈ. એ સાથે વિદ્યાર્થી અવસ્થા પણ પૂર્ણ થઈ. પ્રાથમિક અને ઉચ્ચ કેળવણીનો આ લાંબો ગાળો જોતજોતામાં વીતી ગયો. મુશ્કેલીઓ છતાં એ વિદ્યાર્થી યુગ ઘણો જ રસમય, ઘણો જ મહત્ત્વનો. માનવીના ઘડતરમાં તેનો ભારે હિસ્સો. એ ગયો સમય ફરી નહિ મળે એવા ભાવ એના સ્મરણમાંથી ઉદ્ભવે એવો એ યુગ હતો. ધર્મ, દેશભક્તિ, વ્યાયામ, પ્રેમ, વાચન શોખના પડદાઓ ઉકેલતાં ઘણું સાંભરે છે; અને એથી ઘણું ભુલાઈ ગયું છે. મારી નાનપણની એક છબી જે અકસ્માત જડી આવી છે, એને અત્યારે નીહાળતાં હું મને પોતાને જ ઓળખી ન શકું એવા મુખ પર ફેરફાર થયા છે. મારા વિદ્યાર્થીયુગને હું આજ પૂરેપૂરો તો કેમ ઓળખી શકું ?

છતાં જીવનસંધ્યા તરફ ખેંચી રહેલા પ્રવાહનો એ એક મહત્ત્વનો વિભાગ હતો ખરો.

જે સત્ય મારે માટે, એ સહુને માટે હોય. પૂર્વ કાળમાં નજર નાખવી હજુ પણ ગમે છે.

## ૧૪

કૉલેજમાં મેં શું મેળવ્યું ? મેં શું ખોયું ?

મેળવ્યામાં ઉચ્ચ શિક્ષણ—અતિશય ડહાપણ—દોઢ ડહાપણ—Sophisticationને જો ઉચ્ચ શિક્ષણ કહેવાતું હોય તો. પ્રાથમિક અવસ્થાની ગમ્મત, તોફાન, દુનિયાના, કુદરતના કે માનવ સ્વભાવનાં અતિ ઊંડાણમાં ઊતરવાની ફુરસદનો અભાવ, તત્કાલ અને તત્ક્ષણ જીવવાની ઈંતેજારી એ સઘળું જ મેં ગુમાવ્યું. હાઈસ્કૂલ સુધી કવિતા, વાર્તા કે કોઈ પણ સારી વસ્તુ કેમ ગમતી એના કારણમાં ઊતરવાની જરૂર લાગી ન હતી. કૉલેજમાં એ ડહાપણ શરૂ થયું, પુસ્તકવાચન બહુ ઊંડું અને Critical—અન્વેષણલક્ષી થવા માંડ્યું : વાદવિવાદ વધવા માંડ્યા અને વાદવિવાદના વિષયો પણ વિસ્તૃત બન્યા. હાઈસ્કૂલમાં મિત્રો સાથે પ્રેમની ચર્ચા કરી હોય એમ યાદ નથી; પરંતુ કૉલેજમાં એ ચર્ચા જરૂર કરી છે.

એલન કી નામની સુપ્રસિદ્ધ લેખિકાથી માંડી એની બિસેન્ટ, સિસ્ટર નિવેદિતા અને સરોજીની નાયડુના લેખો અને પુસ્તકો જોવાઈ જતાં હતાં. લગ્ન અને અલગ્ન અવસ્થાની ઉત્તમતા વિષે ઠીક ઠીક ચર્ચાઓ અમે મિત્રો કરતા. નવા વિચારના કોઈ જુસ્સામાં કે પ્રકાશમાં લગ્નવ્યવહારનો વિરોધ પણ મેં કરેલો. પરંતુ એ વિરોધ વખતે હું ભૂલી ગયો હતો કે એ જ કૉલેજના સમયે મને લગ્ન પણ આપ્યું અને જીવનભર ચાહી શકું એવી પત્ની પણ આપી.

દેશાભિમાન સારા પ્રમાણમાં જાગ્યું હતું પરંતુ તેને કોઈ ઢબે ઉપયોગમાં લેવું એની સમજ બહુ જ ઝાંખી હતી. લોકમાન્ય તિલક અને ગોખલેના સંપ્રદાયો તે સમયે રાજકીય જીવનમાં સ્પષ્ટ થઈ ચૂક્યા હતા. પરદેશી સત્તાધીશોમાં માત્ર લુચ્ચાઈ, દોંગાઈ અને કૂડ કપટ જોવાં, તેમના સદ્‌ગુણો માત્ર સ્વાર્થભરેલા જ હતા એમ માનવું અને આપણે હિંદવાસીઓ સર્વગુણ સંપન્ન હોઈ છતાં માત્ર આપણા સારાપણાનો ભોગ થઈ પડ્યા છીએ એવું આશ્વા-

સન લેવું, એ મને કદી ગમ્યું નથી; આજ પણ નહિ અને ત્યારે પણ નહિ. પરદેશી રાજ્ય સારું નહિ, એ આપણી હીનતાનું સૂચક છે, અને પ્રયત્ન કરીએ તો આપણે હિંદવાસીઓ પણ સ્વશાસન ચલાવવાને પાત્ર થઈએ, એવી માન્યતા તો જરૂર હતી; પરંતુ કોણ જાણે કેમ લોકમાન્ય તિલક કરતાં ગોખલેનો માર્ગ મને મારા સ્વભાવને વધારે અનુકૂળ લાગ્યો અને એ રસ્તે રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કરવાની અભિલાષા જાગી હતી. શ્રી ઇંદુલાલ યાજ્ઞિક, શ્રી કેશરીપ્રસાદ તથા ડૉ. સુમંડ મહેતા સર્વન્ટ્સ ઑફ ઇંડિયા સોસાયટીમાં જોડાયા હતા કે જોડાવાના હતા, એ માહિતી મને એ માર્ગે જવા પ્રેરતી હતી. પરંતુ બીજી પાસ મારી કૌટુંબિક જવાબદારીઓ, માતાપિતાની ઇચ્છા અને મારી કૌટુંબિક દેવાદાર સ્થિતિ એ સઘળાંનો વિચાર મને કંઈ પણ સાહસ કરતા રોકતો હતો. દુઃખસુખ, ચડતી અને પડતી, ઠીક ઠીક પ્રમાણમાં અનુભવ્યાં છે. છતાં સાહસિકપણું મારામાં ઘણું જ ઓછું હશે એમ મારે કબૂલ કરી લેવું જોઈએ. દેશને માટે હું કોઈ પણ પ્રવૃત્તિમાં પરિણામનો વિચાર કર્યા વગર ઝૂકાવી શક્યો નથી એ બતાવી આપે છે કે સાહસની મારામાં ઇચ્છા કે શક્તિ ઘણી જ ઓછી હોય. સ્વભાવમાં રાજકારણનો અતિશય શોખ અને રચનાત્મક કાર્યક્રમ પ્રત્યે બહુ જ સદ્ભાવ હોવા છતાં રાજકીય કે લોકસેવાના પ્રવાહ સાથે હું તરી શક્યો નથી—જોકે મારી નોકરી દરમિયાન પણ મેં એ પ્રવાહનો રજ પણ વિરોધ કર્યો નથી. ઊલટું મારો પોતાનો જ પ્રવાહ ગણી, નોકરીનું જોખમ ખેડીને પણ મેં તેને બિરદાવ્યો છે.

સાહિત્યપ્રેમ સારા પ્રમાણમાં વધ્યે ગયો. અંગ્રેજી વાચન પણ વિશાળ બનતું ગયું અને ગુજરાતી સાથે અંગ્રેજી લખાણ લખવાના પણ મને કોડ જાગેલા. પરંતુ નકાર સ્વીકારવાની શક્તિ બિલકુલ ન હોવાથી અંગ્રેજી કે ગુજરાતી લખાણ મારી કૉલેજ કારકિર્દીમાં કોઈ પણ પત્રને મોકલાવ્યું નથી. 'વિદ્યાર્થીભૂષણ' માં તેમ જ કૉલેજ મિસેલેનીમાં હું કદી કદી કવિતા કે લેખ લખતો, છતાં હું કાંઈક સારું લખું છું અગર લખવાનો છું એવું ભાન મને ભાગ્યે જ થયું

હતું. કૉલેજ યુગમાં મેં સ્વપ્ને પણ આશા રાખી ન હતી કે સાહિત્ય મને આછો પાતળો પણ જાણીતો કરશે. આજ પણ હું મારાં લખાણો ઊંચી કક્ષાનાં હોવાનો ભ્રમ સેવતો નથી. અને મારાં લખાણ પ્રત્યે હું મારા ટીકાકારો કરતાં પણ વધારે કડક નજર રાખવા પ્રેરાઉં છું તે એટલે સુધી કે મારા દોષ ન હોય તેવા દોષ સ્વીકારી ઉતાવળિયા ટીકાકારોને મારી ટીકા કરવાનાં સાધનો હું જ પૂરાં પાડું છું એમ મારા મિત્રો અને સ્નેહીઓ મને કહી રહ્યા છે. છતાં એટલું તો કબૂલ કરવું જોઈએ કે કૉલેજે મારા વાચનશોખને વ્યવસ્થિત, દૃઢ અને વ્યાપક બનાવ્યો. લેખક બનવાના સંજોગો મારા જીવનમાં ઊભા થયા ન હોત તોપણ હું સરસ વાચક તો જરૂર બની રહ્યો હોત; આજ પણ લખવા કરતાં વાંચવા તરફ વૃત્તિ વધારે જ ખેંચાતી હોય છે. અને હું લખું છું એના કરતાં જરૂર વાંચું છું વધારે. આ વાચનનો શોખ એ કૉલેજનો જ વારસો કહી શકાય.

કૉલેજમાં જઈને મેં ક્રિકેટ અને અખાડાની કસરત એ બન્ને ગુમાવ્યાં. આછું પાતળું ટેનીસ પણ કૉલેજ છોડ્યા પછી હું રમી શક્યો. કૉલેજનું સમયપત્રક એવા પ્રકારનું હતું કે ત્રણ સાડાત્રણ સુધીમાં મોટે ભાગે અમારો અભ્યાસ પૂરો થઈ જાય. ત્રણ માઈલ દૂર આવેલા મારા ઘર સુધી જઈ પાંચેક વાગે ક્રિકેટ રમવા માટે પાછા કૉલેજ ગ્રાઉન્ડ ઉપર ફરવાનો સમય ભાગ્યે જ રહેતો. રાજમહેલ ગ્રાઉન્ડ ઉપરની એકબે કલબમાં રમવાના પ્રયત્નો કર્યા પરંતુ એ જમીન મને બરાબર ફાવી નહિ. આ કૉલેજમાંથી ક્રિકેટને અને અખાડાને લગભગ છેલ્લી સલામ કરી દીધી. અખાડામાં અપાતું અનિયમિત શારીરિક શિક્ષણ અને એકનીએક બાબતોનાં વ્યાયામ આવડતાં હવે મને ઓછાં રસદાયી લાગવા માંડ્યાં. છોટુભાઈ પુરાણીનો બાજવાડાનો અખાડો તે સમયે ખ્યાતિમાં આવતો હતો અને ત્યાં દાખલ થવાની વૃત્તિ પણ જાગ્રત થયેલી ખરી. પરંતુ સેન્ડોના ડંબેલ્સની પદ્ધતિ મારું શરીર સ્વાસ્થ્ય સારું રાખતી હતી. કૉલેજનો અભ્યાસ પણ વધારે વાચન માગતો હતો અને મિત્રોમાં મળવા હળવાનું અને વાદવિવાદ કરવાનું

વધારે પ્રમાણમાં થતું હોવાથી મેં અખાડાને તિલાંજલિ આપી. વ્યાયામ અંગે જૂની ઢબના અખાડાઓ અને જૂની ઢબનાં શિક્ષણ બહુ ફેર માગતાં હતાં, એ મને ત્યારથી જ લાગવા માંડયું હતું. ઉસ્તાદોની બેકાળજી, જૂની કસરતની એકતાનતા અને નવીનતાનો કટ્ટર વિરોધ આપણા બીજા બધા વ્યવહારોની માફક આપણા વ્યાયામવ્યવસાયને કુંઠિત કરનારો નીવડચો છે. પુરાણીના અખાડામાં નવીનતા હતી, બૌદ્ધિક સંચલન હતું અને પ્રગતિશીલતા પણ હતી એ હું જોતો અને સાંભળતો પણ ખરો. શ્રી અંબુભાઈ પુરાણી સાથે મારે કૉલેજમાંથી જ આછીપાતળી મૈત્રી ખરી.

અખાડાની વ્યવસ્થા અતિ જુનવાણી હોય તોપણ તેને છાંડી દેવી એના કરતાં એને સેવવી એ જ વધારે ઇષ્ટ છે. શારીરિક સ્વાસ્થ્ય વગરનું ભણતર બિલકુલ નકામું છે એવી મારી માન્યતા વધારે અને વધારે દૃઢ થતી જાય છે. ગુજરાતમાં શારીરિક શ્રમ પ્રત્યે ઉદાસીનતા છે એમાં હું આખા ગુજરાત સાથે મારી પણ નામોશી જ જોઉં છું. ડિગ્રી માત્ર બૌદ્ધિક આવડત ઉપર આધાર ન રાખતાં વ્યાયામ, કવાયત અને કસરતની આવડત ઉપર પણ સાથે સાથે આધાર રાખે એમ થવું બહુ જ જરૂરી છે. એકલું બૌદ્ધિક શિક્ષણ માનવીને પાંગળો બનાવી દે છે. રમતગમતના શોખ વગરનો, વ્યાયામથી કંટાળતો, શારીરિક શ્રમથી ભય પામતો, કષ્ટનો કાયર, ગ્રેજ્યુએટ હિંદમાં ન જ ખપવો જોઈએ. ગાંધીજીની અહિંસાનો હિમાયતી હોવા છતાં માત્ર શારીરિક વ્યાયામ જ નહિ પરંતુ લશ્કરી કેળવણીનો પણ હું હિમાયતી છું. કૉલેજની કોઈ પણ ડિગ્રી આપતાં પહેલાં એકાદ વર્ષની લશ્કરી કેળવણી અત્યંત જરૂરી ગણાવી જોઈએ. અભ્યાસક્રમનાં વર્ષો વધારી, અભ્યાસક્રમનાં દોરડાં સાંધ્યા કરતી નવી અને જૂની યુનિવર્સિટીઓ અભ્યાસક્રમનાં એકાદ બે વર્ષ ઓછાં કરી તેમને સ્થાને શુદ્ધ લશ્કરી કેળવણી આપવાનું આવશ્યક માને એવી ઇચ્છા હું વર્ષોથી રાખી રહ્યો છું. સ્વરાજ્યમાં પણ એ ઇચ્છા ફળીભૂત ન થાય તો રાજ્યનું નસીબ જે આજ તો બહુ ચમકતું દેખાતું નથી.

સિનોરની મારી બાલ્યાવસ્થામાં કુદરતનો જે સંપર્ક અમને હતો તે વડોદરાના અભ્યાસમાં બહુ ઓછો બની ગયો. કોયલીના મનસુખરામ મહારાજે કરેલા સતયુગ યજ્ઞ વખતે અમે મિત્રો પગે ચાલીને ગયેલા – આવેલા.

કોલેજમાં સંગીત અને કલાનો શોખ વધ્યો અને કુમાર તથા મોડર્ન રિવ્યુના વાચનથી આપણી પ્રાચીન આર્ય કલા તેમ જ તેમાંથી ઉપસ્થિત બંગાળી કલા પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થવા લાગ્યો, જોકે તે વખતે લાગતી આપણી કલાની વિચિત્રતાઓ હાસ્યપાત્ર બનતી ખરી.

કોલેજમાં તે વખતે ઠીક ઠીક પ્રમાણમાં સાદાઈ હતી. કોટ-પાટલૂન પહેરનારા વસ્ત્રશોખીનો તે વખતે છેક ન હતા એવું નહિ. કોટ અને પાટલૂન કદી ઊંચાં યે થતાં અને કદી નીચાં યે થતાં; હાથ તથા પગની બાંય કદી ચપસાતી આવતી અને કદી ખુલ્લી આવતી, હાઈસ્કૂલમાં મેં કદી કોટ-પાટલૂન પહેર્યાં હશે–ખાસ પ્રસંગે. પરંતુ કોલેજમાં તો ધોતી–ખમીસ–હાફકોટ અને ભૂજની રેશમી ભરતવાળી ટોપી સિવાય હું કાંઈ પહેરતો નહિ, અલબત્ત બેંગલોર ટોપી નામે ઓળખાતી ગોળ ટોપી તે વખતે લોકમાન્ય બની હતી. ફેલો તરીકે નિમાયા પછી મારા મિત્રોના ખૂબ આગ્રહને અંતે મારે પણ ફેશનેબલ કહેવાય એવાં કોટ-પાટલૂન પહેરવાં પડ્યાં અને પછી તો એ જ અને એવાં કોટ-પાટલૂન પહેરી નોકરીઓ શોધવી પડી અને નોકરીઓ કરવી પડી. ગાંધીજીએ પ્રેરેલી સાદાઈને હું ખૂબ વખાણું છું, છતાં નિવૃત્તિ પછી પણ મારાં જીવનસંગી કોટ-પાટલૂન ચાલુ જ છે. મારી નોકરીની શોધ અને મારી નોકરી, બન્ને મારી દૃષ્ટિએ ખૂબ રસપ્રદ નીવડ્યાં.

# ખંડ બીજો

## રોટીની શોધમાં

૧

એમ. એ ના ત્રીજા વર્ગમાં પસાર થનારને નોકરી આપવા ભાગ્યે કોઈ શોધતું આવે. મારી ફેલો તરીકેની કારકીર્દિ પૂરી થઈ ગઈ હતી. એક વર્ષ સુધી નહિ જેવું કામ લઈ એ સ્થાને મને માસિક સાઠ રૂપિયા એક વર્ષ સુધી આપ્યા હતા. હવે શું કરવું? આજ સુધી પિતાની નાની સરખી આવક આખા કુટુંબને પોષી રહી હતી. તેમણે અનેક વારાફેરા અનુભવ્યા હતા. જે વારાફેરામાં ધનની રેલમછેલ કદી થઈ ન હતી; અને છતાં કોઈ પણ ધનિકની ધનચમક આંજી નાખે એવી હીન મનોવૃત્તિ બાળકોમાં કદી ઊપજે નહિ એવી તેમણે સતત કાળજી રાખી હતી. છતાં હવે મારે કૌટુમ્બિક ભાર ઉપાડવામાં ભાગ લેવો જોઈએ એટલું તેમણે મને ભણાવ્યો હતો. રોટી વગર કોઈને ચાલ્યું નથી. રોટી એ જ કાંઈ જીવનનો પર્યાય નથી એ વાત સાચી; જીવનમાં રોટી સિવાય બીજું ઘણું ઘણું છે, જે ન હોય તો જીવન રોટી હોવા છતાં અધૂરું જ બની રહે છે. રોટીનું નામ દેવું એમાં હલકટપણું છે, ક્ષુદ્રતા છે, જડતા છે એમ આપણે જરૂર લેખોમાં લખીએ અને વ્યાખ્યાનોમાં કહીએ. પરંતુ એ અંશતઃ સાચી વાત પૂર્ણ સત્ય નથી, એ પણ આપણે ભૂલવું ન જોઈએ. રોટી એ જ જીવનનો પ્રાથમિક આધાર છે. રોટીની જ શોધમાં વ્યક્તિ અને પ્રજાઓનાં મહાન પરિભ્રમણો થયાં છે, રોટીની જ શોધમાં જ રાજ્યો સ્થપાયાં છે અને ઉથાપાયાં છે, અને રોટીની જ શોધમાં આખી સમાજવ્યવસ્થા રચાય છે ને ફરી ફરી રચાય છે. જે ગૃહ, જે ગામ, જે નગર, જે રાજ્ય અને જે સમાજ વ્યક્તિ અને સમુદાયની રોટી-વ્યવસ્થા ન કરી શકે તેનો પલટાયે જ છૂટકો. સર્વ ક્રાંતિના પાયામાં રોટીની અસ્થિર વ્યવસ્થા જ કારણભૂત છે એમ કહેનાર અને માનનારને સમાજવાદી કે સામ્યવાદી તરીકે ઠરાવી ભલે સત્તાધીશો કેદખાને મોકલે. એથી ક્રાંતિ અટકવાની નથી જ, કારણ માનવ જીવનના પાયામાં જ રોટી છે. પાયાની કેળવણી, પાયાનું

જીવન એ સર્વના પાયામાં જ રોટી રહેલી છે એ સમજવામાં જેટલી વાર થાય છે એટલું માનવ-જીવન વેડફાય છે. રોટી માગવાની જ પરિસ્થિતિ ઊભી ન થાય એવી ગૃહરચના, રાજ્યરચના અને સમાજ-રચનામાં સાચી ગૃહસ્થાઈ અને સાચા સંસ્કાર રહેલા છે. રોટીની બૂમ પાડવા દેતાં ગૃહ, રાજ્ય, અને સમાજના સંસ્કારનો ચળકાટ ખોટો અને જૂઠો છે.

મારે પણ રોટી શોધવાનો પ્રસંગ આવ્યો. ગૃહમાં તો પિતાની નાનકડી આવક. વતન એ વંશપરંપરાની આવક તો ખરી. પરંતુ એમાં પડી ગયેલા ભાગ અને જમીનો ઉપર થઈ ચૂકેલાં દેવાં જમીન-દારીમાંથી ભાગ્યે જ કુટુંબનું પોષણ કરે. ધંધો પ્રથમ તો મૂડી માગે, અને મૂડીમાં હોય માત્ર આપણું શિર. માનવીનું શિર પણ કોઈને શા કામનું? યુદ્ધ સિવાય? જર્મનયુદ્ધ ચાલતું હતું; પ્રથમ વિશ્વયુદ્ધે એની ટોચ જોઈ હતી. પરંતુ એ યુદ્ધમાં અંગતપણું ન હતું. હોત તોપણ હું યુદ્ધમાં જાત કે કેમ એ પ્રશ્ન આજ હું ઉકેલી શકતો નથી. એલએલ.બી. ન હતો એટલે વકીલાતનો વિચાર થઈ શકે એમ હતું જ નહિ. આપણામાં કહેવત છે: ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર અને કનિષ્ઠ નોકરી. આછીપાતળી જમીનદારી હોવા છતાં ખેતી માટેની જરાય આવડત ન હતી. મૂડી નહિ એટલે વ્યાપાર પણ નહિ. બાકી રહી કનિષ્ઠ નોકરી, અને સ્વાભાવિક રીતે જ નોકરી તરફ લક્ષ્ય ગયું.

નોકરીના પણ બે પ્રકાર: સરકારી અને ખાનગી. માનવીનો ઉપયોગ કરવાના માર્ગો નિશ્ચિત કરી રાખવા જેવી કક્ષાએ આપણો સમાજ હજી આવ્યો નથી. એટલે આંધળાના ગોળીબારની માફક જ્યાં ત્યાં પાસા ફેંકવા એ જ માર્ગ રહે છે. લાયકી પ્રમાણે જ નોકરી મળે છે એ વાત મોટે ભાગે ખોટી છે. સિફારસથી કામ થતું નથી એમ કહેનાર આજની તારીખ સુધી ખોટા છે. 'આપ વખાણે સો ગદ્ધા' એ કહેવત સાચામાં સાચી હોવા છતાં નોકરી શોધનારે તો પોતાનાં ગુણગાન ગાવાં પડે છે અને ગવરાવવાં પણ પડે છે. મેં પણ ચારે પાસ નજર નાખી અને જ્યાં ખાલી જગા હોય ત્યાં હું જ લાયકમાં લાયક છું એવાં સ્વવખાણનું સૂચન કરતી અરજીઓ ફેંકવા માંડી.

સ્વવખાણની સાબિતી માટે પ્રમાણપત્રો પણ મેળવવા માંડયાં. મારી લાયકાતનો અનુભવ મારાં માતાપિતાને હોય; પરંતુ સગાંવહાલાંનાં પ્રમાણપત્રો ચાલતાં નથી. લાયકાતનો બીજો અનુભવ મિત્રોને હોય; પરંતુ ત્યારે તો એ મિત્રો જ નોકરી શોધવામાં પડયા હોય. અરસપરસ અમે વખાણપત્રો લખી શકયા હોત, પરંતુ તાજા ભણેલા મિત્રોનો અભિપ્રાય કોઈ માને નહિ. એટલે મને ઓળખનાર વર્ગમાં બાકી રહ્યા મારા પ્રૉફેસરો, પ્રિન્સિપાલ કલાર્ક, પ્રૉ. જોષી અને સા. રત્નસ્વામીનાં વખાણપત્રો મને સહજ મળી ગયાં. આપણું મન માને એવું ગુણવર્ણન એ પત્રોમાં થયું હતું. પ્રમાણપત્રો સાચાં હોય તો આ દુનિયા વધારે અને વધારે સુખી હોવી જોઈએ. આજ હું પણ પ્રમાણપત્રો આપવાની પાત્રતા મેળવી શકયો છું. નિવૃત્ત અમલદારોનો વધારેમાં વધારે ઉપયોગ નોકરી શોધનારને પ્રમાણપત્રો આપવામાં અને પેન્શનરોની હયાતીના દાખલા આપવામાં જ થાય છે, એ હું સારા પ્રમાણમાં અનુભવી રહ્યો છું. એટલે પ્રમાણપત્રોમાંથી કેટલો ભાગ સાચો અને કેટલો વિવેકપૂરતો લખાય છે એનો ખ્યાલ આવ્યા વગર તો ન જ રહે. પરંતુ મને મળેલાં પ્રમાણપત્રો સાચાં માની જે જગા મળે તે લઈ લેવા મેં ધસારો કર્યો.

પરંતુ નોકરી માટેનો ધસારો એ કાંઈ યુદ્ધકીય ધસારો નથી જ કે જેનું પરિણામ તરત દેખાય. અરજીઓ ગમે તે સ્થાનને માટે કરી શકાય. અમલદાર, કારકુન, શિક્ષક, સેક્રેટરી કોઈ પણ કામ કરવાની મારી તૈયારી હતી અને તેને માટે મારી લાયકી મેં તો માની જ લીધી હતી. પરંતુ એની ખાતરી બીજાઓને થાય તે પહેલાં હું ધારતો હતો તે કરતાં વધારે વખત વીતી જાય એમ હતું.

મેં અરજી નહિ કરેલી એવા એક સ્થળેથી મને અણધારી ચિઠ્ઠી મળી. વડોદરામાં શ્રી સયાજી હાઈસ્કૂલ જાણીતી સંસ્થા છે. હું ભણતો ત્યારે પણ સરકારી હાઈસ્કૂલ ઉપરાંત ખાનગી હાઈસ્કૂલ તરીકે એ જ સંસ્થા પ્રતિષ્ઠા પામ્યે જતી હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન સદ્‌ગત શ્રી હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ એ સંસ્થાના પ્રિન્સિપાલ તરીકે ત્યાં લાંબો સમય હતા અને વિદ્યાર્થીવર્ગનું તેઓ આકર્ષણ

પણ બની શક્યા હતા. પરંતુ તેમણે એ અરસામાં સયાજી હાઈસ્કૂલ સાથેનો સંબંધ છોડી દીધો હતો અને તેની વ્યવસ્થા પેટલાદવાળા સદ્‌ગત શ્રી હીરાલાલ મજમુદાર, શ્રી અંજારિયા અને શ્રી વીરબલરામ મહેતાના હાથમાં આવી હતી.

શ્રી વીરબલરામની વિવેકભરી ચિઠ્ઠીમાં મને રૂબરૂ મળી જવા જણાવ્યું હતું. હું તેમને મળ્યો અને તેમણે મને સાઠ રૂપિયા માસિકની એક શિક્ષકની જગા આપવા ઇચ્છા પ્રદર્શિત કરી. મેં તેમને સરકારી નોકરી વિશેનો મારો પક્ષપાત સમજાવ્યો અને તેમણે પણ એક વડીલની શુભેચ્છા દર્શાવી કહ્યું કે વધારે સારી સરકારી નોકરી મળે તો મારે ખુશીથી શિક્ષકની જગા છોડી દેવી.

અરજીઓના જવાબ આવતા ન હતા. મારા પિતા નોકરી અર્થે મને શ્રી મનુભાઈ, જેઓ એ અરસામાં વડોદરા રાજ્યના દીવાનપદે આવ્યા હતા તેમની, તથા સરસૂબા કે સેટલમેન્ટ કમિશનર શ્રી ગુણાજીરાવ નિંબાલકર પાસે લઈ ગયા હતા. આ બે અમલદારોને મારા પિતા સહજ ઓળખતા હતા એટલે તેમણે આટલી હિંમત કરી હતી. મારા પિતા વડોદરા રાજ્યના વતનદાર હતા અને વતનદારોને રાજ્યની નોકરીમાં ઠીકઠીક જગાઓ આપી તેમનો સદ્‌ઉપયોગ કરવાની શ્રી સયાજીરાવ મહારાજની નીતિ જાણીતી હતી. વતનદારના દીકરા તરીકેનો નોકરી માટેનો હક્ક મારા પિતાએ માસ પ્રમાણપત્રોની મદદમાં રજૂ કર્યો. સર મનુભાઈનાં અનેક વિશિષ્ટ સદ્‌લક્ષણો મેં મારા લખેલા તેમના રેખાચિત્રમાં નોંધ્યાં છે. 'તેજચિત્રો' નામના મારા પુસ્તકમાં એ રેખાચિત્ર પ્રસિદ્ધ થયું છે. તેમને રૂબરૂ હું પહેલવહેલો મળ્યો. વિદ્યાર્થી તરીકેની સ્વાભિમાની વૃત્તિ અમલદારો કે મોટા માણસોના પરિચય શોધતાં મને ત્યારે અટકાવતી. આજ પણ મોટા માનવીઓને મળવાનો મને તલપૂર પણ શોખ કે ઉત્સાહ નથી. મોટાઈ લાગે ત્યાંથી હું દૂર ભાગતો. પરંતુ નોકરી અર્થે મોટાઈને પણ સલામ કે નમસ્કારની ખંડણી જરૂર આપવી જ પડે છે. શ્રી મનુભાઈ ઓછામાં ઓછું બોલતા. જોકે સાંભળતા બધુંય. તેમનો એક મહામંત્ર હતો: 'ઠીક છે. જોઈશ.' એ મહામંત્રનો

જે અર્થ થાય તે ખરો! હજી મનુભાઈએ કાંઈ જોયું ન હતું. ગુણાજીરાવ નિંબાલકરે પણ મારી અરજી ઉપરથી યોગ્ય નિકાલ કરવાનો સરકારી રાહે મીઠાશભર્યો જવાબ આપ્યો હતો. આ બન્ને સિફારસો ઉપર ટીંગાઈને લાંબો સમય બેસી રહેવાય એવી મારી સ્થિતિ ન હતી. એ સંજોગોમાં શ્રી વીરબલરામે મને શિક્ષકનું સ્થાન આપવા પોતે મને બોલાવ્યો અને સારી નોકરી મળ્યે પોતાની નોકરી છોડવા માટે સગવડ પણ આપી. એટલે મેં પ્રથમ હાથ લાગેલી જગા સ્વીકારી લીધી, શ્રી વીરબલરામનો આભાર માન્યો, અને ચરિતાર્થ માટે સહુથી પહેલો હું શિક્ષક બન્યો.

આમ મને પહેલી રોટી આપનાર ધંધો શિક્ષકનો. તે પણ ખાનગી સંસ્થામાં. અને મારી દૃષ્ટિ સમક્ષ વડોદરા હાઈસ્કૂલના આદર્શ શિક્ષક શ્રી વાડિયા રમતા હોવાથી તેમને પગલે ચાલી શિક્ષણનું કાર્ય સારી રીતે કરવાનો નિશ્ચય કરી મેં શ્રી સયાજી હાઈસ્કૂલમાં નોકરી સ્વીકારી.

૨

શિક્ષકનું કામ મને ગમી ગયું. નિષ્પ્રાણ, નિર્જીવ, વેઠરૂપ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓમાં બગાસાં, ઊંઘ, બેધ્યાનપણું, બુદ્ધિજડતા, મસ્તીતોફાન અને વર્ગમાંથી ભાગી જવાની વૃત્તિ પ્રેરે છે એનો તો મને જાતઅનુભવ તાજો જ હતો, વર્ગમાં આવતી ઊંઘ રોકવા મેં મારા દેહને ઠીક ઠીક ચૂંટીઓ ભરી હતી. ઊંઘ મને પ્રિય છે, પરંતુ જાહેરમાં ઊંઘરેટા દેખાવાનું મને કદી ગમતું નહિ...કોઈને પણ ન જ ગમે. ચાલતા શિક્ષણે નિદ્રા અને સ્વમાન વચ્ચેના ઘર્ષણમાં હું ઝોકામાંથી બચી ગયો છું, પરંતુ એ ઘર્ષણમાં શિક્ષણને મારા ધ્યાનનો લાભ મળતો નહિ. મસ્તી અને તોફાનનો હું દુશ્મન નથી, જોકે એમાં કાંઈ પણ ઉમેરો કરવાની મારી અશક્તિ મેં સતત વિદ્યાર્થી અવસ્થામાં અનુભવી છે. રેઢિયાળ શિક્ષણ વર્ગમાંથી હું કદી કદી ભાગી છૂટતો ખરો. એટલે એક નિશ્ચય તો મેં કર્યો હતો કે શિક્ષણનું કાર્ય બને એટલું રસમય બનાવવું. પોતાને શિક્ષણવિષયમાં રસ ન હોય તો અન્યમાં તે પ્રેરી શકાય જ નહિ.

વળી ફારસી શિક્ષક કાદરી માસ્તર તથા અંગ્રેજી શિક્ષક વાડિયા માસ્તર એ બન્ને મારી દૃષ્ટિ આગળથી ખસતા નહિ. શિક્ષણ માત્રથી આખા વર્ગને જીવતો જાગતો રાખનાર એ બન્ને આદર્શ શિક્ષકોએ રમૂજ અને ગાંભીર્ય શિક્ષણમાં કેમ ભેગાં કરી શકાય એનું મને સતત ભાન કરાવેલું. એટલે શિક્ષણમાં ચમક Sparkle, રમૂજ તથા ગાંભીર્ય ત્રણેને સ્થાન ન હોય તો શિક્ષણ અશિક્ષણ બની જાય એમ હું માનતો જ હતો. અને મને આત્મવિશ્વાસ પણ હતો કે હું એ તત્ત્વોને મારા શિક્ષણમાં લાવી શકીશ.

આ આત્મવિશ્વાસ સહ હું વિદ્યાર્થીઓ સમક્ષ પહેલવહેલો ઊભો રહ્યો. પહેલવહેલું વ્યાખ્યાન વક્તાને જરા ગભરાવી મૂકે છે એવો અનુભવ ઘણાને થાય છે. મારામાં આવડત કરતાં આત્મવિશ્વાસ વધારે પ્રમાણમાં છે એમ હું ધારું છું. વિદ્યાર્થીઓને પ્રથમ શિક્ષણ આપતાં મને સંકોચ ન થયો કે મનમાં ધ્રાસ્કો પણ પડ્યો નહિ. ગુજરાતી, અંગ્રેજી અને ઇતિહાસ મારે શીખવવાનાં હતાં, અને તે મને ગમતા વિષયો હતા. ઘણું કરીને પાંચમા ધોરણમાં અને મૅટ્રિક્યુલેશન વર્ગમાં મારું સિક્ષણકાર્ય ત્યારે વહેંચાઈ ગયું હતું. હું વિદ્યાર્થીઓની પરીક્ષામાં પસાર થયો કે નહિ તે તો વિદ્યાર્થીઓ જ કહી શકે. મને તો બહુ યાદ નથી. પરંતુ વડોદરા કૉલેજના વિદ્વાન સંસ્કૃત પ્રોફેસર શ્રી ગોવિંદલાલ ભટ્ટ, સુપ્રસિદ્ધ કથાકાર શ્રી હરિહરપ્રસાદ, શ્રી રઘુનાથ પરીખ, ડૉ. હર્ષદરાય ઠાકોર મને કદી કહે છે કે હું તેમનો શિક્ષક હતો. જેમના મિત્ર ગણાવામાં હું આજ માન લઉં એવી વ્યક્તિઓ મારા શિષ્યવર્ગમાં હોય એ અનુભવ પણ ઉત્તેજક છે. મને પોતાને મારા શિક્ષણથી સંતોષ થયો હતો. વિદ્યાર્થીઓ ઊંઘતા ન હતા, તેમના ચાપલ્યે મને કદી મૂંઝવ્યો નહિ, અને મેં કોઈ વિદ્યાર્થીને વર્ગ બહારની કે બીજી શિક્ષા કરી નથી. એટલા ઉપરથી આજ મને લાગે છે કે મારું શિક્ષણ તદ્દન નિર્માલ્ય નહિ નીવડ્યું હોય.

વિદ્યાર્થીઓ મને ગમતા. તેજના ફુવારા સરખા વિદ્યાર્થીઓ આજ પણ મને ગમે છે, અને તેમનાં કાર્યમાં જ્યાં જ્યાં બને ત્યાં ત્યાં હું બહુ ખુશીથી ભાગ લઉં છું. તાજગી ભરી વિદ્યાર્થી સૃષ્ટિ

સહુને તાજગી આપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદ્યાર્થીઓની શિસ્ત, શિથિલતા, ચારિત્ર્ય તથા વડીલો પ્રત્યેના અવિનય સંબંધમાં બહુ કડવી ફરિયાદ થયા કરે છે. રાજકીય લડતમાં સત્તાનો સામનો કરવા માટે પ્યાદા તરીકે વારંવાર વપરાયેલા વિદ્યાર્થીવર્ગને હવે રાજદ્વારી વિષયોમાં ભાગ ન લેવાની સલાહ એ જ વર્ગ આપી રહ્યો છે કે જેણે અસહકારની લડતમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વિજયો મેળવ્યા હતા. રાજદ્વાર હવે પ્રજાના અણુએ અણુમાં ઓતપ્રોત થઈ ચૂક્યું છે. નિત્યની ખોરાકવ્યવસ્થા તથા ભણતર-વ્યવસ્થામાં પણ જો રાજકારણ પ્રવેશ પામે તો કોઈ પણ વર્ગને રાજકાજમાં ભાગ લેવાની મના કરવી નિષ્ફળ બનશે. કોઈ પણ વર્ગને અસ્પૃશ્ય શૂદ્ર બનાવવાની વૃત્તિ હવે સફળતા મેળવી ન જ શકે. રાજદ્વારી બ્રાહ્મણત્વમાં વિદ્યાર્થી શૂદ્રોનો સ્પર્શ ન હોય એમ કહેનાર રાજ-દ્વારને તેમ જ વિદ્યાર્થીવર્ગને ઓળખાતા નથી. અને યુનિ-વર્સિટી સરખાં વિદ્યાસ્થાનો જ ખટપટનો જ ચક્રવ્યૂહ રચવામાં મશગૂલ રહેતાં હોય ત્યાં વિદ્યાર્થીના શિસ્તભંગને વખોડનાર સાચે સ્થાને પોતાનું તીર તાકતા નથી. વિદ્યાર્થીઓ પણ સમાજનું એક પ્રતિબિંબ છે. એ પ્રતિબિંબને ધોવા કરતાં સમાજનું જે પ્રતિનિધિત્વ ધરાવવાનો ગર્વ રાખે છે તે નેતાવર્ગ પોતાના મુખ ઉપરનાં હવે પાછાં ધાબાં બની ગયેલા કાળા ડાઘને ધોવા મથે તો વિદ્યાર્થીવર્ગ સારું અને સ્વચ્છ પ્રતિબિંબ પાડશે.

મારું શિક્ષણકાર્ય સરળતાપૂર્વક ચાલતું હતું. એમ.એ.માં મને ત્રીજો વર્ગ મળ્યો એનો ભારે અસંતોષ હતો. મનમાં વારંવાર ઊર્મિ આવ્યા કરતી હતી કે કોઈ બીજો વિષય લઈ એ જ પરીક્ષા આપી હું વધારે ઉચ્ચ કક્ષાએ પસાર થાઉં. એટલે મેં ઇતિહાસનો વિષય લઈ એમ. એ.માં ફરી બેસવાનો વિચાર કર્યો; કેટલાંક પુસ્તકો પણ ભેગાં કર્યાં અને મારો અભ્યાસ મેં શરૂ કર્યો. હાઇસ્કૂલમાં કોઈ કોઈ ખાલી કલાકો પણ ગુજારવાની જરૂર પડે છે, જોકે કૉલેજ કરતાં ઘણી ઓછી. એ અવકાશના સમયમાં હું મારા ઇતિહાસના વાચનને વધારતો, અને પાઠ્યપુસ્તક પણ શાળામાં લઈને આવતો, જેથી

નવરાશ મળતાં બરાબર હું વાંચી શકું. દેશ પરદેશના ઇતિહાસનાં મારા વાચનમાં મને નવા નવા પ્રદેશો ઊઘડતા લાગ્યા. પરંતુ શાળા-વહીવટને અંગે ઊઘડેલો એક પ્રદેશ હું કદી ભૂલી શકું એમ નથી. એ પ્રદેશ આમ ઊઘડ્યો.

મૅટ્રિક કલાસને હું અંગ્રેજી કવિતા શીખવતો હતો. હું હજી કોઈ મહા અનુભવી શિક્ષક ન હતો. શિક્ષણને શાસ્ત્ર ગણવામાં ત્યારે આવતું નહિ, એટલે કે શિક્ષક થવામાં પાછી બી.ટી, કે ટી.ડી.ની પરીક્ષાની આવશ્યકતા ત્યારે બહુ સ્વીકાર પામી ન હતી. કેળવણી-શાસ્ત્રમાં પારંગત થવાનાં સાધનો ત્યારે હિંદભરમાં નહિ જેવાં હતાં. એટલે શાસ્ત્રીય ચાંપલાશ વગર માધ્યમિક કેળવણી અપાયા કરતી હતી, જેમ આજ કૉલેજના શિક્ષણ માટે થાય છે તેમ છતાં શિક્ષણ કેમ આપવું, ખડી અને પાટિયાનો કેમ ઉપયોગ કરવો, નકશા દ્વારા વિષયો કેમ સમજાવવા, નોંધ કેમ તૈયાર કરવી, વગેરે પ્રશ્નો ચર્ચતાં પુસ્તકો ત્યારે ખરાં. જે હું આછાંપાતળાં જોઈ જતો હતો. હું મારી પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીઓને કવિતા સમજાવતો હતો એટલામાં જ અમારી શાળાના એક વડા વાર મારા વર્ગમાં રુઆબ સાથે આવી પહોંચ્યા, અને હું શિક્ષણ કેમ આપું છું તે જોવા લાગ્યા. થોડી ક્ષણો વીતી અને એ વડાએ મારા શિક્ષણકાર્યમાં ઝંપલાવી વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા માંડ્યા. કોઈએ ઉત્તર આપ્યો; કોઈએ સાચો ઉત્તર આપ્યો. અને કોઈએ ખોટો. થોડી વાર તેમણે એ જ કવિતાનું એમના મત પ્રમાણે શાસ્ત્રીય શિક્ષણ આપવા માંડ્યું. મારી પદ્ધતિ સારી હતી કે તેમની ? એ પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય એમ હતું જ નહિ. હાથ નીચેના માનવી કરતાં ઉપરી જરૂર ઊંચો રહેવાનો. વીસેક મિનિટ શિક્ષણ આપી મારી સામે જોયા વગર, પોતાને કેમ આવવું પડ્યું તેનો ઉલ્લેખ કર્યા વગર, આછો તિરસ્કારભર્યો કોઈ હુંકાર ઉચ્ચારી મુખ ઉપર અણગમો પ્રગટ કરી એકાએક મારા વર્ગમાંથી તેઓ બહાર નીકળી ગયા.

હું જરા વિમાસણમાં પડી ગયો. ચાલતા વર્ગમાં શિક્ષક કરતાં રાજા પણ ઊતરતો ગણાવો જોઈએ એ ઇંગ્લન્ડની એક

કથામાંથી ઊપજી આવતા ધ્વનિને અનુસરનારું મારું મન ખિન્ન પણ બન્યું. જેમ તેમ કરી એ વર્ગનું કામ મેં પૂરું કર્યું, અને બીજા વર્ગમાં હું જતો ત્યાં મને એક ચિઠ્ઠી મળી કે મારે એ શાળાના વડાને શાળાનો સમય પૂરો થતાં મળી જવું. મારું મન જરા વ્યગ્ર બન્યું. મારો કોઈ ગુનો થયો હશે? મારી શિક્ષણની આવડતમાં કાંઈ ભયંકર ખામી હશે? શિક્ષક તરીકેની મારી લાયકીમાં શાળાના વડાને શી ઊણપો દેખાઈ હશે? આવા આવા વિચારો મને આવવા લાગ્યા, અને નોકરી એ પરાધીનતા શા માટે કહેવાય છે તેનો મને પ્રથમ અનુભવ થયો. શાળાનો સમય પૂર્ણ થયો અને અપરાધથી અજાણ અપરાધીની સ્થિતિ અનુભવતો હું શાળાના વડા પાસે હાજર થયો. નમન કરી મેં તેમને કહ્યું :

'આપે મને બોલાવ્યો છે?'

'હા...તમે એમ.એ.નો ફરી અભ્યાસ કરો છો?'

'શરૂઆત કરી છે...ઊંચો વર્ગ મેળવવાને લોભે. હજી છેલ્લો નિશ્ચય થઈ ચૂક્યો નથી.' મેં કહ્યું.

'તમે શાળામાં એ પુસ્તકો લાવી વાંચો છો?'

'હા જી; નવરાશના કલાકો કદી મળે ત્યારે થોડું વાંચી લઉં છું.'

'તમે વર્ગમાં પણ એ પુસ્તકો વાંચો છો.' આરોપ મૂકનાર પ્રશ્ન કદી કરતો નથી. એ તો નિશ્ચયાત્મક કથન જ કરે છે. એકાએક અંધકારમાંથી પ્રકાશ પડ્યો. ચાલતા વર્ગે આવેલા ઉપરીએ એમ જ માનીને મારા વર્ગમાં પ્રવેશ કર્યો હતો કે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાને બદલે હું એમ.એ.ના અભ્યાસક્રમનું મારું કોઈ પુસ્તક વાંચતો હોઈશ! પરંતુ તેમ કરતાં હું પકડાયો નહિ એટલે તેમણે તેમના ગુસ્સાને કે અણગમાને ટકાવી રાખી પોતે મારા પ્રત્યે નારાજ છે એમ દેખાડવું ચાલુ જ રાખવું જોઈએ! મને બોલાવવામાં પણ એ જ હેતુ હતો એ હું સમજી શક્યો. મારાથી બોલાઈ ગયું :

'એ હડહડતું જૂઠાણું છે, સાહેબ! વિદ્યાર્થીઓને ઉપયોગમાં ન આવે એવી એક ક્ષણ પણ મેં વર્ગમાં વિતાવી નથી.'

'જુઓ, જુવાન માણુસ Youug man! વર્ગ ચાલતો ન હોય ત્યારે પણ મળતા સમયનો ઉપયોગ તમારે શાળા માટે જ કરવો જોઈએ એમ તમને નથી લાગતું?' તેમણે કડકાશ છોડી મુરબ્બીવટ ધારણ કરી.

'આપ કામ સોંપો, હું તૈયાર છું...અને કેટલી યે વાર મારી નવરાશ આપના હુકમ પ્રમાણે મેં મારા નહિ એવા વિષયો શીખવવામાં ગાળી છે.'

'કદાચ વર્ગ ન સોંપાય. છતાં તમે વાંચો તે પણ શાળા ઉપયોગી હોય તો શું ખોટું?'

'વારુ. મારા એમ.એ.ના અભ્યાસક્રમનાં પુસ્તકો હું કદી અહીં શાળામાં નહિ લાવું. એ જ ને?' મેં કહ્યું.

અને પછી તો સામાન્ય વાતચીત તરફ વળી સહુ સહુની ફરજ બજાવવા વિશે એકબીજાથી ચઢિયાતાં વાક્યો બોલી છૂટા પડચા. ન્યાયને ખાતર મારે કહેવું જોઈએ કે એ દિવસનો ડંખ મારા દિલમાં રહી ન જાય એ માટે મુલાકાતના અંત ભાગે તેમણે મારા પ્રત્યે બહુ સદ્‌ભાવ બતાવ્યો. ડંખ તો રહ્યો નહિ પરંતુ એ પ્રસંગ હજી સુધી મને યાદ રહી ગયો છે.

આરોપ અગર શંકા તદ્દન નિર્મૂળ હતાં. છતાં કોઈએ એ ઉપરીને વાત કહી હશે કે હું શાળાનો લાભ લઈ મારા એમ.એ.ના ફરી અભ્યાસને પોષી રહ્યો છું; તેઓ મને ગુનો કરતાં પકડવા ઇચ્છે એ પણ સહજ કહેવાય. ઉપરીની ફરજ છે કે શાળાનું કામ દક્ષતા-પૂર્વક ચાલે એ જોવું. હું પકડાયો નહિ એ પણ તેમને ન જ ગમે. એટલે હું તેમનો દોષ કાઢવા આ પ્રસંગ અહીં ઉતારતો નથી. હું તો માત્ર આપણા નિત્ય વ્યવહારમાં શંકાને કેટલું મોટું સ્થાન રહ્યું છે અને એ શંકા ખોટી ધારણા હોય તોપણ એ આપણા જીવનને હલાવી નાખે એવા કેટકેટલા પ્રસંગો ઉપજાવવાનું બળ ધરાવે છે, તે દર્શાવવા આ યાદ રહેલા પ્રસંગને ફરી યાદ કરું છું.

માનવ સંબંધોમાં શંકા ઊપજે જ નહિ. એવું ન બને?

ઉપરી અને હાથ નીચેની વ્યક્તિઓના સંબંધમાં સિપાઈ અને

ચોરના વ્યવહારને બદલે વધારે માનવતાભર્યા, બન્નેની માનવતાને ઉચ્ચ કક્ષાએ ઊંચકી લેતા વ્યવહાર ઊભા ન કરી શકાય ?

મારા શિક્ષક તરીકેના અનુભવમાંથી આટલું જ યાદ રહ્યું છે. એ દિવસ પછી શાળામાં મારાં ખાનગી અભ્યાસક્રમનાં પુસ્તકો લાવવાં મેં બંધ કર્યાં. પરંતુ શાળાના અભ્યાસક્રમને એથી લાભ થયો કે નહિ તે હું કહી શકતો નથી. નોકરીને ગુલામી ન બનાવવી જોઈએ. ફરજ સાથે શોખ અને આનંદ પણ ભળવાં જોઈએ ખરાં. નહિ તો શંકા સાચી પડે એવી નફટાઈ નોકરીમાં જરૂર ખીલી નીકળે.

૩

પરંતુ શિક્ષકનું પવિત્ર કાર્ય કરવાનું મારે નસીબે લખાયું ન હતું. શ્રી સયાજી હાઇસ્કૂલમાં છ માસ નોકરી કરી અને નવેમ્બર ૧૯૧૬ની આખરે મહારાજા સયાજીરાવના હુઝૂર કામદાર—Private Secretary—ની કચેરીમાંથી મને એક ચિઠ્ઠી મળી કે મારે વડોદરાના નામદાર દીવાન સાહેબને મળવું. દીવાન ત્યારે મનુભાઈ સાહેબ હતા. ઘણું કરીને એ ત્યારે ‘ સર ’ થયા ન હતા. સરકારી નોકરીની આછી આશા ઉત્પન્ન થઈ. ખાનગી નોકરીમાં પેન્શન – નિવૃત્તિવેતન નહિ અને આગળ વધવાની અભિલાષા પણ વધારે નહિ. સરકારી નોકરીમાં એ બન્નેનો સંભવ; ઉપરાંત એનો ચળકાટ પણ વધારે. નોકરી લેવા જનારને શોભે એવાં વસ્ત્રો પહેરી હું દીવાન સાહેબને મળવા ગયો. ધીર ગંભીર દીવાનસાહેબે ધીમા પણ ચોખ્ખા સ્પષ્ટ શબ્દોમાં વાત કરી મને કહ્યું :

‘ હુઝૂર કામદાર કચેરીમાં હેડકલાર્કની જગા ખાલી છે. સાઠ રૂપિયાના માસિક પગારથી તે શરૂ થાય છે. પરંતુ મારો અધિકાર પ્રાથમિક નિમણૂક માટે પચાસ રૂપિયા કરતાં વધારે પગાર આપવાનો નથી. તમે એ જગા લઈ લો. હું બેત્રણ માસમાં સાઠ રૂપિયા કરી આપીશ.’

મારા પગમાંથી જોર જતું રહ્યું. તે સમયમાં એમ. એ. પસાર થનારની જરા કિંમત હતી ખરી. સારી આશા રાખીને ગયો હતો, તેને બદલે મને મળતી રકમમાંથી પણ દસનો ઘટાડો દીવાન સાહેબે

સૂચવ્યો ! મેં સહજ આનાકાની કરી ત્યારે તેમણે કહ્યું કે, 'સારી નોકરી કરનારને રાજ્યની નોકરીમાં સારી તક મળવાનો સંભવ છે.' એક બેદરકાર યુવાનના વિવેકી ઈન્કાર સરખું બહાનું કાઢી વડીલોને પૂછી છેવટનો જવાબ આપવા મેં કહ્યું, ને નમસ્કાર કરી ભારે હૈયે હું પાછો આવ્યો. માતાપિતાને વાત કરી, પત્નીને વાત કરી, મિત્રોને પૂછી જોયું, અને મારી નામરજી વ્યક્ત કરી. પરંતુ સહુની એવી સલાહ થઈ કે મારે વડોદરા રાજ્યની નોકરી સ્વીકારી લેવી, પ્રથમ ઓછું મળે તો ઓછું પણ લઈને દીવાન સાહેબે આપેલી સૂચના નકારવાની ભૂલ આપણે ન કરવી જોઈએ; મહારાજાની જ કચેરીમાં મહારાજાની સાન્નિધ્યમાં કામ કરવાની તક શોધતાં પણ ભાગ્યે જ મળે !

માબાપને અને મિત્રોને કોણ જાણે મારામાં ભારે શ્રદ્ધા ઉત્પન્ન થઈ હશે ! મહારાજાને મળવાની તક આવતાં બરોબર હું મારા દેખાવ અને બાહોશીથી તેમના ઉપર સરસ છાપ પાડી શકીશ એવી તેમને ખાતરી થઈ હોય ! છાપ પડી કે સીધો આગળ વધવાનો રસ્તો થઈ ગયો એમ માની લેવું ! અનેક છાપને ઘોળી પી જનાર વિચક્ષણ મહારાજા સયાજીરાવ પાસે મને ઊભા રહેવાની પણ તક મળવાની ન હતી એની કોઈને શાની ખબર હોય ? સહુની સલાહ માની મેં પ્રથમ મળતી સરકારી નોકરી સ્વીકારી લેવાનો અંતે નિશ્ચય કર્યો અને સયાજી હાઈસ્કૂલની શિક્ષકની નોકરીને રામરામ કર્યા.

જૂની ગાયકવાડી નોકરી માટે એક હિંદી કથન પ્રચલિત હતું જેની પરંપરા મારા સુધી પહોંતી હતી :

'કલમ કટ્ટે, નાક કટ્ટે, ઔર કરજ કે ખાયે,
નોકરી જબ ના મિલી, તબ બડોદા આયે.'

જેની કલમ કપાઈ ગઈ હોય–નોકરીમાંથી જેને રૂખસદ મળી હોય એવા દક્ષતાવિહીન શરમ વગરના–માગીને લાંચ લેનારા, દેવામાં ડૂબી ગયેલા, અને બીજે ક્યાંઈ નોકરી ન મેળવી શકેલા માનવીઓ અંતે વડોદરાની નોકરીમાં ગોઠવાઈ જાય છે એવો આ કથનનો ભાવાર્થ કોઈ યુગને માટે સાચો હશે; પરંતુ સયાજીરાવ ત્રીજાના યુગને માટે તો એ જરા

ય સાચો ન હતો એની મને અંગત ખાતરી છે. પીલાજીરાવ અને દામાજીરાવે તો મોગલાઈ પાસેથી ગુજરાત જીતી ગાયકવાડી સ્થાપી; મોટા સયાજીરાવના નામે ઓળખાતા સયાજીરાવ બીજાનું લાંબું રાજ્ય વડોદરાની આબાદીનો કાળ હતો. ખંડેરાવે પણ રાજ્યવહીવટમાં કેટ-કેટલા સુધારા કર્યા હતા. અને સર સયાજીરાવ ત્રીજાએ વડોદરાના વહીવટનો જે દીર્ઘયુગ સ્થાપ્યો એની દક્ષતા, પ્રજા-પાલનવૃત્તિ, પ્રગતિશીલતા અને લોકમાનસને ઝીલવાની તૈયારી ત્યારે ન હતી. બ્રિટિશ રાજશાસનમાં; અને આજના સ્વરાજ્ય શાસનમાં છે કે કેમ તે આજનો વહીવટ કરનારા અને આજની જનતા જાણે! 'ગાયકવાડી' શબ્દ ગેરવહીવટનો સૂચક હતો, મશ્કરીમાં વપરાતો, અને આજ સુધી તે વપરાય પણ છે—એટલું જ નહિ, પણ આજની અમલદારશાહી આયનામાં પોતાનું મુખ જોયા વગર પોતાની બાહોશી બતાવવા એ શબ્દ વાપરે છે પણ ખરી. પરંતુ એ વહીવટ પાસેથી ઘણુંઘણું શીખ્યા પછી જ સર સયાજીરાવના વહીવટની બરોબરી આજનો વહીવટ કરી શકશે એમ મારું અંગત મંતવ્ય અને આજનો અનુભવ કહી રહે છે.

એનો અર્થ એમ તો ન જ થઈ શકે કે વડોદરા રાજ્યવહીવટમાં કશી ખામી હતી જ નહિ. ત્રીસ વર્ષ ઉપરાંત મારા જીવનને ઘડી રહેલો એ વહીવટ તેની તેજછાયા સાથે મેં અનુભવ્યો અને એણે મને રોટી આપી. શિક્ષક મટી હુઝૂર કામદાર કચેરીના હેડકલાર્કની જગાએ કામ કરવાની મેં હા પાડી અને મારી નિમણૂક થઈ ગઈ. સને ૧૯૧૬નો ડિસેમ્બર માસ એ હશે. લાલબાગ પેલેસને નામે ઓળખાતા રાજ્યમહેલમાં હુઝૂર કામદાર કચેરી ત્યારે બેસતી. મહારાજા સાહેબ પણ કોઈ કોઈ વાર કચેરીમાં આવતા. પરંતુ દીવાન, નાયબ દીવાનો, ખાતાના મુખ્ય અધિકારીઓ જે રાજાને કામ સમજાવે, તે રાજા પાસે મારે દૂર પણ ઊભા રહેવાનો પ્રસંગ શાનો આવે? એસિસ્ટન્ટ સેક્રેટરી થોડા અંગ્રેજી કાગળો મારી પાસે લખાવે, તેને સુધારે અને તેમના સુધારા પ્રમાણે હું બીજા કાગળો લખું તો તેને પણ ફેરવે. સારાં કપડાં પહેરી સાડા અગિયાર વાગ્યે હું કચેરીમાં જાઉં અને સાડા પાંચ વાગ્યે છૂટી પાછો ઘેર આવું.

કપડાં પહેરવામાં મને મારી પત્ની ભારે મદદ કરતી હતી. મને હજી પણ 'ટાઇ' બાંધતાં આવડતું નથી એમ કહું તો ભાગ્યે જ કોઈ તે માનવા તૈયાર થાય. મને ફેંટો–સાફો બાંધતાં પણ હજી આવડતો નથી, છતાં એ બન્ને આભરણોનો મારે ઉપયોગ કરવો પડતો. ગળું ચપસાય, માથું ગૂંગળાય, દેહને બંદીવાન બનાવ્યો હોય એવાં કપડાંમાં કદી મને ફાવ્યાં નથી; અને અંગ્રેજી ઢબનાં 'ફીટ' કપડામાં દેહને ઢબૂરવાનો ઈશ્વરે જીવનભર પ્રસંગ પાડ્યો! પત્નીની મદદથી ઠીક ઠીક કપડાં પહેરી હું કચેરીમાં જતો. એ કચેરીના બે પ્રસંગો મને યાદ રહી ગયા છે.

અલી બિરાદરો તરીકે ગાંધીજીના રાજકારણમાં પ્રસિદ્ધિ પામેલા મહમદઅલી અને શૌકતઅલી એ બે ભાઈઓમાંના મહમદઅલી ત્યારે વડોદરા રાજ્યમાં નોકરી કરતા હતા. અમારા કૉલેજના દિવસોમાં ક્રિકેટ મેચમાં કૉલેજ મેદાન ઉપર આવી રમતા મહમદઅલીએ 'આઉટ' થવાના કારણે ગુસ્સે થઈ એક વિદ્યાર્થી ઉપર હાથ–અને કોઈ કહેતા પગ–ચલાવી તેમના પ્રત્યેના મારા સદ્‌ભાવને નષ્ટ કરી નાખ્યો હતો. બાળક, સ્ત્રી તથા વિદ્યાર્થી પ્રત્યે હાથ ઉગામનાર માનવી મને આજ સુધી ઘૃણા ઉપજાવે છે. એ મહમદઅલી મહારાજાના પાટવી પુત્ર ફત્તેસિંહરાવના મિત્ર હતા એમ સાંભળેલું. ફત્તેસિંહરાવના અવસાન ઉપર અંગ્રેજીમાં મહમદઅલીએ એક કવિતા લખી હતી તેની નકલ કચેરીમાં પડેલી મારા જોવામાં આવી અને ખરેખર એ કવિતાની રચના તથા ભાવના ઉપર હું મુગ્ધ થયો હતો. પછીથી મહમદઅલીએ રાજકીય ક્ષેત્રમાં ગાંધીજીને સહારે ઠીકઠીક નામ પણ કાઢ્યું હતું અને અંગ્રેજી પત્રકાર તરીકે કીર્તિ પણ મેળવી હતી. એથી મારો સદ્‌ભાવ ફરી જાગ્રત તો ન થયો; પરંતુ સારું લખવું અને સારું જીવન જીવવું એ બે વચ્ચે તફાવત હોઈ શકે છે એટલો ખ્યાલ દૃઢ થયો. ત્યારના એ કવિતાના વાચને ઊભી કરેલી લાગણી હું હજી વીસર્યો નથી.

ઘણું કરીને 'વીસમી સદી' માં કવિ ન્હાનાલાલે મહારાજા સયાજીરાવનું એક રેખાચિત્ર દોર્યું હતું. મેં તે વાંચ્યું હતું.

સયાજીરાવના વ્યક્તિ તરીકેના ગુણદોષનું સચોટ વર્ણન એ કદાચ પહેલું જ હશે. સતત વખાણથી ટેવાઈ ગયેલા એ રાજ્યકર્તાને કેટલીક સાફ સાફ વાત સંભળાવતો લેખ કેટલો ગમ્યો હશે એની ખબર નથી. સયાજીરાવ કદી મહારાજા મટી શક્તા નથી–તેમના ખાનગી જીવનમાં પણ–તથા ગુર્જર નરેશ તરીકે ઓળખાવા છતાં તેઓ કદી ગુજરાતી બની શક્યા નથી, એવો એ લેખનો ધ્વનિ હતો; ધ્વનિ નહિ, સ્પષ્ટ ઉલ્લેખ હતો. હુઝૂર કામદાર કચેરીમાં એક દિવસ ધમાલ મચી રહી. પ્રથમ તો મને સમજ પડી નહિ કે આખી કચેરીને હલાવી નાખતો કયો પ્રસંગ ઊભો થયો છે. અંતે જણાઈ આવ્યું કે 'વીસમી સદી'ના એ લેખવાળા ત્રણચાર અંકો કચેરીમાં ફરતા થઈ ગયા હતા. મહારાજાએ એ લેખ વાંચ્યો હતો, અને મહારાજા કરતાં મહારાજની કચેરીમાં એ લેખે વધારે ઉગ્રતા ફેલાવી હતી. એ લેખમાં ટીકા હતી ખરી; પરંતુ ઉગ્ર બનાવે એવી ટીકા એને કહી ન શકાય. ઈશ્વરના અવતાર તરીકે મનાતા મોટામાં મોટા માનવીને પણ તે માટીની બનેલી મૂર્તિ છે એમ દેખાડવામાં માનવીને ખરેખર લાભ જ થાય છે.

એકબે માસ એ કચેરીમાં મેં કામ કર્યું અને મહારાજાએ જ મારી બદલી કરી મને મુલ્કી ખાતે રૂ. ૬૦ ના માસિક પગારે મૂકચો. દક્ષિણી- ગુજરાતીના ભેદભાવ મને મારી આખી નોકરીમાં કદી નડચા નથી. મેં દક્ષિણી ઉપરીઓ પાસે પણ કામ કર્યું છે અને દક્ષિણી મદદનીશો પાસેથી મેં કામ લીધું પણ છે. એમાં આ પ્રાંતીય ભેદ મને વચ્ચે નડચો હોય એમ લાગતું નથી. છતાં તે વખતે મેં એમ પણ સાંભળ્યું કે હુઝૂર કચેરીમાં કોઈ ગુજરાતીને એ કચેરીતંત્ર કદી ટકવા દે જ નહિ. હું જાતે હુઝૂર કામદારની પદવીએ પહોંચ્યો ત્યારે પણ એ જૂની હવા મેં ત્યાં નિહાળી ખરી. એ કચેરીમાં કામ કરનાર વર્ગમાં ભાગ્યે જ કોઈ ગુજરાતીને સ્થાન હતું, જોકે મને તેથી કશી પણ હરકત પડી છે એમ કહી શકાય નહિ. વળી તે વખતે તો મારી નોકરીની શરૂઆત હતી. મને મારું પોતાનું જ મહત્ત્વ દેખાતું ન હતું; પછી બીજાને તો તે દેખાય જ કેમ? મને વહીવટીતંત્રનો

અનુભવ આપવા માટે મારી સગવડ મુલ્કી ખાતામાં કરી અને મહેસાણાની સૂબા કચેરીના હેડકલાર્ક તરીકે હું કાયમ મુલ્કી ખાતે નિમાયો, અને નોકરીના અંત સુધી મુલ્કી ખાતા સાથે જ જોડાયલો રહ્યો. મહારાજા સાહેબ ઉપર છાપ પાડીને આગળ વધવાની કોઈએ મારે માટે આશા રાખી હશે તો તે નષ્ટ થઈ, અને અનેક મુલ્કી નોકરોમાંનો હું એક નોકર બની રહ્યો. મને અનુભવ આપવા માટે કરેલી મારી બદલીએ ખરેખર એ ઉદ્દેશ સફળ કર્યો એમાં શક નહિ. મને આ બદલીથી કદી અફસોસ થયો નથી. મુલ્કી ખાતામાં કામ કરતાં મને જે અનુભવો મળ્યા એ કદાચ બીજા ખાતામાં મને મળી શકત નહિ.

નોકરીની શ્રેણીના લગભગ નીચામાં નીચા પગથિયાથી હવે મારી નોકરી શરૂ થઈ. અવલકારકુનની એ કક્ષા, એટલે કારકુની ખરી જ. બદલીનો આજ પણ સહુને ભારે ત્રાસ થાય છે. સને ૧૯૧૭માં મહેસાણા સરખા અજાણ્યા પ્રદેશમાં જવું એ મારાં માતપિતાને બહુ ગમ્યું નહિ હોય. આજ છે એવી જ મકાનોની હાડમારી ત્યારે પણ મહેસાણામાં ખરી. મારા મિત્ર સુરેન્દ્રનાથ તથા રમાકાન્ત ધારેખાનના મામા શ્રી બાબારાય મહેસાણા પ્રાંતના પ્રખ્યાત વકીલ હતા. તેમના ઉપર મારી ભલામણ ગઈ અને હું એકલો મહેસાણા નોકરી કરવા ગયો.

મારે કામ કરવાનું હતું શ્રીમંત સંપતરાવ ગાયકવાડ પાસે. તેઓ મહેસાણા પ્રાંતના સૂબા હતા. તેમના સ્વભાવ વિશે અવનવી વાતો ત્યારે સંભળાતી. એક તો તેઓ મહારાજા સયાજીરાવના સગા ભાઈ હતા, એટલે એ સગપણનું ભાન તેમને વિશિષ્ટતા અર્પતું હતું. અને એ યુગમાં સૂબાગીરીનો રુઆબ બહુ ભારે ગણાતો હતો. બ્રિટિશ હકૂમતના કલેક્ટરોનો ક્યાં ઓછો દેખાવ હતો ?...અને આજની નમ્રતાના યુગમાં પણ કલેક્ટરની પદવી માનવીના મગજને સહજ ફુલાવે છે એ છેક અજાણ્યું તો નથી જ. હું મહેસાણા ગયો, શ્રી બાબારાયનો મહેમાન થયો, અને એક માસ સુધી તેમણે મને બળ કરી તેમને ઘેર જ રાખ્યો. તેમનું આતિથ્ય આ યુગમાં ખૂબ યાદ

આવે એવું હતું. ઘરના માણસ તરીકે જ તેમણે મારી સાથે વર્તન રાખ્યું અને આજ સુધી તેમના કુટુંબ સાથે એક કુટુંબીજન તરીકેનો સંબંધ ચાલુ છે.

૪

મહેસાણા નોકરી ઉપર જતાં મને સ્નેહીઓએ મહેસાણા માટે ભયપ્રદ ખ્યાલ આપ્યો હતો. મહેસાણા ઘણું દૂર, ગાડીઓ બદલવાની, મકાન નહિ મળે, પાણીનું ભારે દુઃખ, નોકર નહિ, અસહ્ય મોંઘવારી, અથાગ ધૂળ, વગેરે વર્ણનોએ મને કશી અસર કરી ન હતી. એકલા જવામાં એક પ્રકારના સાહસનો પણ અનુભવ થયો. અત્યંત શીત પ્રદેશોમાં રહેતા અંગ્રેજો હિન્દુસ્તાન સરખા ગરમ પ્રદેશમાં આવી માત્ર રહે છે જ નહિ પણ રાજ્ય કરે છે, એ સહનશક્તિનો પરચો સર્વ હિંદવાસીઓને હોય જ. એવી સહનશક્તિ મારામાં નથી; અને હશે તો ય તે વાપરવાનો પ્રસંગ ત્યાં કદી આવ્યો નહિ. નોકરી સ્વીકારનારથી સ્થાનની પસંદગી કરી શકાય જ નહિ. નોકરીના મારા લાંબા અનુભવમાં હું જોઈ શક્યો કે સ્થળની હેરફેર એ રાજ્યવહીવટનો ઠીકઠીક કપરો પ્રશ્ન બની રહે છે. કેટલાક માણસોને અમુક સ્થળ જ જોઈએ; કેટલાકને અમુક સ્થળ ન જ જોઈએ. બનતાં સુધી પોતાના જન્મસ્થાન નજીક, કોઈ સગવડવાળા શહેર નજીક કે શહેરમાં જ નોકરી મેળવવાના ભગીરથ પ્રયત્નોમાં નોકરોનું મન ઘણું ખરું રોકાયલું જ રહે છે, અને તેને માટે સિફારસો, ભલામણો અને ચિટ્ઠીઓની પરંપરા એ અધિકારીઓનો નિત્ય અનુભવ બની રહે છે

કેટલેક અંશે એવી વૃત્તિ સકારણ પણ હોય છે. માબાપ ખસેડી શકાય નહિ એવાં વૃદ્ધ હોય, માંદી પત્નીને દવાખાનાનું સ્થળ જરૂરી હોય, સંતાનો કોલેજમાં અભ્યાસ કરતાં હોય એ કારણો સમજી શકાય એવાં ખરાં. પરંતુ બધા જ નોકરોનાં માબાપ અતિ અશક્ત હોય, બધા જ નોકરોની પત્નીઓ દવાખાનાં માગતી હોય, બધા જ નોકરોનાં બાળકો જન્મતા બરોબર કોલેજમાં જવાનાં હોય તો રાજ્યવહીવટ માટે માબાપ વિહોણા, પત્ની વિહોણા, અને સંતાન વિહોણા નોકરોની ભરતી કરવી પડે ! સ્થળફેર કરવું મુશ્કેલ તો ખરું. જ્યાં જન્મ્યા

હોઈએ ત્યાં જ નોકરી જીવનભરની મળી જાય તો વધારે સારું; પરંતુ વહીવટ માણસોની ફેરબદલી જરૂર માગે.

મને મહેસાણામાં ગામને છેડે તળાવ ઉપર ગંગારામની લાટીમાં બાંધેલાં અર્ધ કાચાં સરખાં મકાનોમાં સ્થાન મળી ગયું. આસપાસ ખુલ્લી જગા હતી તે મને ખૂબ ગમી ગઈ. અને શ્રી બાબારાયજીને ત્યાંથી તેમની અનિચ્છા છતાં હું એ નવા સ્થળે રહેવા ગયો. ત્યાં મને કશી અડચણ પડી હોય એમ લાગ્યું નહિ. સ્વયંપાકનું આછું-પાતળું શિક્ષણ પણ મેં લીધું. નજીકમાં સંગીત શોખીન દક્ષિણી ભાઈઓનાં કુટુંબ રહેતાં હતાં એટલે કદી કદી જલસાઓ પણ જીવનમાં અનુભવી શકાતા. ઘણું કરીને ટેંબે નામના હાર્મોનિયમ નિષ્ણાતને મેં ત્યાં જ સાંભળ્યા હતા. સહુએ ધાર્યા જેવું દુઃખ મહેસાણામાં મને પડ્યું નહિ અને પડ્યું હશે તો તે લાગ્યું પણ નહિ. મહેસાણામાં ભાડાની ઘોડાગાડી ત્યારે મળતી નહિ; આજ પણ ઘણું કરીને એ જ પરિસ્થિતિ છે. સ્ટેશનથી ગામને છેડે આવેલ મારા ઘર સુધીની જવરઅવર મને તો નહિ, પરંતુ મારાં અતિવૃદ્ધ દાદીને ભારે મુશ્કેલીભરી બની રહી હતી. એ અત્યંત શ્રદ્ધાળુ પિતામહીને બહુચરા માતાનાં દર્શનની ઘણી જ ઇચ્છા હતી, જે મેં મારા મહેસાણા નિવાસ દરમિયાન પૂરી કરાવી. પરંતુ ઘેરથી સ્ટેશને જતાં ગાડી ન મળવાને કારણે તેમને ઊંચકી લેવાં પડેલાં.

મહેસાણા પ્રાંતના સૂબા શ્રીમંત સંપતરાવ ગાયકવાડની મારા ઉપર ઠીક ઠીક કૃપા હતી. હેડક્લાર્ક તરીકે સીમાડાનાં કામો, પરરાજ્ય સાથેનાં કામો, એક્સ્ટ્રાડીશન તેમ જ બીજું કંઈ અંગ્રેજીમાં લખાણ કરવાનું કામ મારે માથે આવતું હતું. શ્રી ધુળેકર નામના એક અનુભવી મદદનીશ પણ મારી પાસે હતા, અને તુકારામ નામનો સદ્‌ભાવશીલ પટાવાળો અમારી કચેરીમાં હતો, જે મારા ઘરની પણ કાળજી રાખતો. આમ તો હું કચેરીમાં એક સામાન્ય મુખ્ય કારકુન; મુલકી અને ફોજદારી કામને જે મહત્ત્વ અને પ્રતિષ્ઠા મળે તે મારા કામને ન મળે. પરંતુ મને મારા કામની વિગતોમાં બહુ રસ પડવા લાગ્યો. એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચેના સંબંધો કેવા પ્રકારના હતા, કેવી રીતે

વિકસ્યા, એની પાછળ કયા ઐતિહાસિક કારણો હતાં, કઈ કઈ નાની મોટી શરતો આ 'વ્યવહાર' ને નિયમિત કરતી હતી, નદી નાળાંની અર્ધ સીમા, સીમાડાઓ ચોક્કસ કરવા માટે ઊભા કરવામાં આવતા સ્તંભો, ટ્રિગ્નોમેટ્રિકલ સ્ટેશનો, એ બધું કોલેજમાંથી સાહિત્ય અને સામાન્ય શિક્ષણ લઈ આવેલા મારા જેવા માટે તદ્દન નવો જ પ્રદેશ કહી શકાય. એ આખી ઘટનાની પાછળ રહેલી પાર્શ્વભૂમિ સમજાય નહિ એ તો આ વિષય અતિશય જડ બની જાય. પરંતુ મારા સદ્‌ભાગ્યે મને ઇતિહાસ અને ભૂગોળ બન્નેમાં ખૂબ રસ હતો એટલે મને મારા ચાલુ કામ ઉપરાંત રાજ્યોના પરસ્પર સંબંધના લેખો અને ઇતિહાસ વાંચવાનો સમય પણ ઠીક ઠીક પ્રમાણમાં મળતો અને મને મારું કામ ગમતું.

શ્રીમંત સંપતરાવને મારું ગુજરાતી-અંગ્રેજી લખાણ ઠીક ઠીક ગમી ગયું. શ્રી સયાજીરાવ સરખા મહા વિચક્ષણ રાજવીના એ ભાઈ બૅરિસ્ટર થયેલા હતા, અને મને પોતાને તો સ્વભાવે ઘણા ભલા લાગતા હતા. એમની ભલમનસાઈ હસવા જેવી હદે પહોંચતી હતી એમ એમના સંબંધમાં વાતો કરનાર અન્ય અમલદારો કહેતા ખરા, પરંતુ મારું કામ ખૂબ મર્યાદિત હતું. મુલકી, ફોજદારી કરતાં ઓછું મહત્ત્વનું હતું એટલે મને માત્ર તેમની ભલમનસાઈનો અનુભવ થયો. એમની શક્તિનું માપ કાઢવા માટે હું ત્યારે પાત્ર પણ ન હતો અને તેવી મને ઇચ્છા પણ ન હતી. મારે માટે શ્રીમંત સંપતરાવ બહુ સારા નીવડ્યા—જો કે ઘણાને એ પરિસ્થિતિની નવાઈ લાગતી.

સને ૧૯૧૭ની એ સાલ હતી. જર્મન યુદ્ધનો અંત હજી દેખાતો ન હતો અને વડોદરા રાજ્ય પોતાને હિંદના બ્રિટિશ અમલનું મિત્ર ગણતું હોવાથી યુદ્ધમાં માણસોની તેમ જ પૈસાની મદદ કરવા માટે તત્પરતા બતાવતું હતું. અલબત્ત પ્રજાને તેમ જ રાજ્યને એ યુદ્ધમાં અંગ્રેજો પ્રત્યે ઊંડો સમભાવ હોય એમ હું કદી માની શક્યો નથી. છતાં યુદ્ધફાળાના પ્રચાર અર્થે શ્રીમંત સંપતરાવને પાટણ, વીસનગર, વડનગર જેવા શહેર કસ્બાઓમાં ફરવું પડતું હતું અને આગેવાનોની સભા ભરી તેમને યુદ્ધહિતો સમજાવી ફાળો સારો દેખાય

એવી વ્યવસ્થા કરવાની રહેતી. બીજાં કામો અંગે પણ સૂબાને ફરવું તો પડતું જ, અને શ્રીમંત સંપતરાવને ફરવું ગમતું પણ ખરું. આવે પ્રસંગે શ્રીમંત સંપતરાવ મારી પાસે તેમનાં ભાષણ ગુજરાતીમાં લખાવતા અને કેટલીક જગાએ તેમના તરફથી મારી પાસે એ વ્યાખ્યાનો વંચાવતા પણ ખરા. હું એ બન્ને કામ ખુશીથી કરતો. યુદ્ધ વિષે મને વિચારવાનું અને લખવાનું મળતું અને કચેરીનું કામ ઓછું હોવાથી આ કામની ના પાડવાનો કંઈ અર્થ ન હતો. આને ખાનગી કામ ન કહી શકાય.

પરંતુ શ્રીમંત સંપતરાવ મારી પાસે એક ખાનગી કામ પણ લેતા. તેમના પુત્ર સીતારામ ગાયકવાડ તે વખતે વિલાયતમાં રહેતા, લાંબા પત્રો લખી ઠીકઠીક પ્રમાણમાં અને વારંવાર પૈસા મંગાવ્યા કરતા હતા, અને કોઈ અંગ્રેજ કન્યા સાથે પરણવાની તજવીજમ હતા. આખી પરિસ્થિતિ શ્રીમંત સંપતરાવને પસંદ આવતી ન હતી. એકાદ માસ મહેસાણામાં રહ્યો હોઈશ એટલામાં એક સવારે સૂબા કચેરીનો સિપાઈ મને તેડવા આવ્યો અને મને સમાચાર આપ્યા :

'મહારાજ બોલાતે હે.'

શ્રીમંત સંપતરાવને વાતચીતમાં તેમના હાથ નીચેના અમલદારો તેમ જ પ્રજાજનો મહારાજ કહી બોલાવતા હતા. સાચા મહારાજ થતાં અકસ્માત અટકી ગયેલા સાચા મહારાજાના ભાઈ તરીકે શ્રીમંત સંપતરાવ પોતાને મહારાજ કહેવડાવે, લોકો તેમને મહારાજ કહે, અને તેમની ઇચ્છા-અનિચ્છાએ એ સંબોધન વગર હરકતે માન્ય રાખે તો મને તેમનો બહુ દોષ દેખાતો ન હતો. પછી તો ધીમે ધીમે ખબર પડવા માંડી કે ગાયકવાડ કુટુંબના શ્રીમંત મહારાજા સાહેબના દૂરના અગર પાસેના સગાંઓ પણ પોતાને માટે મહારાજના સંબોધનનો આગ્રહ રાખતા હતા; એટલું જ નહિ પણ કંઈક મહારાષ્ટ્રીય સરદારો પણ પોતાને મહારાજના સંબોધનનો આગ્રહ રાખતા હતા. એક બે ગાયકવાડ અમલદારો પોતાને મહારાજ ન કહેનારા ઉપર ગુસ્સે થઈ તેમની એક અગર બીજે બહાને ખબર

પણ લઈ નાખતા હતા એ મારી જાણમાં છે. શ્રી મહારાજા સાહેબને પોતાને પણ આ પ્રથાની જાણ હતી જ. અને તેમના પોતાના સિવાય કોઈને પણ મહારાજનું સંબોધન ન કરવાની તેમણે આજ્ઞા પણ કરી હતી. પરંતુ બધી રાજ્યાજ્ઞાઓ ક્યાં પાળી શકાય છે? મોટાઈપૂર્વક પોતાને સંબોધન થાય એવી ઇચ્છા આપણા લોકશાસનમાં પણ બહુ ઓછી થઈ હોય એમ મને લાગતું નથી. છતાં આ માનવ નિર્બળતા મને ઠીક ઠીક રમૂજ આપી શકી છે. સદ્ભાગ્યે મારે સાક્ષાત મહારાજા સિવાય બીજા કોઈને મહારાજ તરીકે સંબોધન કરવાની ફરજ પડી નથી.

સિપાઈની પાછળ હું શ્રીમંત સંપતરાવને બંગલે ગયો. મારી સાથેનું તેમનું વર્તન તો ઘણું વિવેકભર્યું હતું. તેઓ એકલા હતા અને તેમણે મને બોલાવી તેમના પુત્રના બેત્રણ કાગળો વંચાવ્યા. મને ખબર ન પડી કે આ કાગળો મારે શા માટે વાંચવા જોઈએ. પરંતુ હું વાંચી ગયો, અને તેમની પાસે કાગળ પાછા મૂક્યા. સહજ સ્મિત કરી તેમણે મને કહ્યું:

'દેસાઈ! આનો જવાબ મને ન ઘડી આપો?'

'મારાથી આપના આવા અંગત સંબંધીને કેમ કરી કશું લખી શકાય? હું લખું તોપણ એના હાર્દમાં ફેર પડે!'

'હરકત નહિ. હું તમને એનું હાર્દ સમજાવું.' એમ કહી બે મોટા કાગળો લખાય એટલી મને સૂચનાઓ આપી, શ્રીમંત સંપતરાવ સારું અંગ્રેજી બોલતા હતા; અને જેવું બોલતા હતા તેવું લખાણ તરીકે ચાલ્યું જાત. પરંતુ મારાથી એ કહેવાય એમ હતું નહિ. મેં તેમની સૂચના સ્વીકારી લીધી અને ત્યાં જ બેસી એક કાગળનો મુસદ્દો તૈયાર કર્યો. તેમણે મુસદ્દામાં થોડા સખત શબ્દો ઉમેરાવ્યા, અને મુસદ્દાને પસંદ કર્યો. ત્યારથી હું વર્ષ સવા વર્ષ તેમની પાસે રહ્યો ત્યાં સુધી શ્રી સંપતરાવનાં વ્યાખ્યાનો અને તેમના પુત્રના અંગ્રેજી પત્રના જવાબ હું જ તૈયાર કરતો.

વર્ષો પછી શ્રીમંત સંપતરાવના પુત્રને એક ભલા, આદર્શવાદી ચોખ્ખા સજ્જન તરીકે ઓળખવાનો મને પ્રસંગ પડ્યો હતો એ

મારે અત્યારે ભૂલવું ન જોઈએ. વડોદરા રાજ્યની નોકરીમાં અમે બન્ને સાથે જ ઘણી વાર ભેગા થઈ જતા હતા. જોકે મેં તેમને મારી નોકરીની શરૂઆતની આ વાત કદી કહી નથી.

સરકારી માણસ પાસે ખાનગી કામ લેવાય કે કેમ એ પ્રશ્ન આજકાલ બહુ જ ચર્ચાય છે અને છતાં કામ લેવાય છે તો ખરું જ. સરકારી નોકરી માનવ સંબંધ ન હોય અગર માનવ સંબંધ ન ખીલવે એવું જડ યંત્ર હોય તો જ આ પ્રશ્ન ઉદ્‌ભવી શકે. અમલદાર અને તેની સાથે કામ કરતાં માણસો વચ્ચેના સરકારી સંબંધો સંયમભર્યા અને મીઠા હોય તો પરસ્પર અંગત લાગણી ઊભી થયા વગર રહેતી જ નથી, અને એક વડીલનું કે શુભેચ્છકનું આપણે કામ કરતા હોઈએ એવો ભાવ ખાનગી કામોમાં પણ ઉદ્‌ભવે છે, તોછડા, ઘમંડી અને હક્ક તરીકે ખાનગી કામ કરાવવા માગતા અમલદારો દ્વારા મગાતું ખાનગી કામ એ વેઠ બની રહે છે. શ્રીમંત સંપતરાવનું આ કામ કદી મને વેઠ જેવું લાગ્યું ન હતું. જોકે કેટલી યે વાર તેઓ મને અનુકૂળ ન હોય એવા સમયે પણ મને બોલાવતા ખરા.

પછી તો કોઈક વાર કશું કામ ન હોય તોપણ વાતચીત અર્થે તેઓ મને બોલાવતા.

તેમની મોટાઈ-પ્રદર્શનનું એક બીજું પણ લક્ષણ કહેવાતું. તેઓ બહારગામ કામ અર્થે જાય ત્યારે અને બહારગામથી મહેસાણા આવે ત્યારે તેમને સ્ટેશને લેવા અગર મૂકવા કચેરીના ઘણા માણસોને જવું પડતું હતું. એમ પણ કહેવાતું કે સ્ટેશને હાજર ન રહેનારને એક અગર બીજે બહાને ઘેરથી બોલાવી મંગાવતા પણ હતા. મને સામાન્યતઃ આમાંથી માફી મળી ચૂકેલી હતી. હું જવલ્લે જ તેમને લેવા અગર મૂકવા સ્ટેશને ગયો હોઈશ.

મોટા માણસની મોટાઈ અનેક સ્વરૂપે પ્રદર્શિત થાય છે. સ્વરૂપમાં ફેર પડતો હશે, પ્રદર્શનમાં તો નહિ. જ ઘણી વાર નમ્રતાના દેખાવ નીચે પણ ભયંકર ઘમંડ ધગધગતો રહે છે. મારી નોકરીમાં મારા વર્તનનું ઘડતર આવા અનેક પ્રસંગોએ કર્યું છે, અને નમ્રતા તથા દબદબાના અભાવ તરફ મારી અભિમુખતા રહે એ માટે મેં

સતત પ્રયત્ન કર્યો છે. પરંતુ શ્રીમંત સંપતરાવની મારી ઉપરની મુરબ્બીવટ એટલી સૌમ્ય હતી કે તેમને માટે–તેમના દબદબાના શોખ માટે મારા હૃદયે કશો સામનો કર્યો ન હતો. સદ્ગત શ્રીમંત પછીથી પણ–હું નોકરીમાં આગળ ચઢ્યો ત્યારે પણ મારા પ્રત્યે બહુ જ કુમળી લાગણી ધરાવતા મેં જોયા છે.

૫

મારી નોકરી અંગે ઘણી વિગતો હું ટાળી કાઢીશ. Routine –યંત્રવત થતું વહીવટી કામ વાચકોને રસભર્યું ન લાગે એ સહજ છે. છતાં એ વહીવટ તંત્ર એક માનવીને–મારા સરખા સામાન્ય માનવીને કેમ ઘડે છે, અને પ્રજાજીવન સાથે તેનો કેવો ગાઢ સંબંધ રહેલો છે એનો વિચાર મારી નોકરીના લાંબા ગાળામાંથી ઠીક ઠીક પ્રસંગોની યાદ આપી રહે છે. લગભગ નાનામાં નાની જગાએથી શરૂઆત કરી વગર લાગવગે હું એક મુલકી ખાતા સરખા મહત્ત્વના વહીવટીતંત્રનો સંચાલક બની શક્યો એમાં મને બહુ સરસ અનુભવો મળે એ સ્વાભાવિક ગણાય. એ અનુભવોની પરંપરાએ પણ મારા જીવનમાં ઠીકઠીક ભાગ ભજવ્યો છે એમાં સંશય નહિ. બાળપણમાં શાળા, કિશોર અવસ્થામાં કૉલેજ અને યૌવનમાં નોકરી–ધંધો–ચરિતાર્થ માટેનો વ્યવસાય એ આપણાં બાહ્ય ચોકઠાં આપણા માટેનો વ્યવસાય એ આપણાં બાહ્ય ચોકઠાં આપણા માનસને આકાર આપ્યે જ જાય છે. મારાં ભૂતકાળમાં કદી કદી દૃષ્ટિ નાખવી મને ગમે છે. મને નોકરીએ ઘણું ઘણું આપ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવો મને જરૂર ગમે.

કચેરીનું મારું કામ તો ચાલ્યા જ કરતું હતું. સરહદી કામો વર્ષોનાં વર્ષો સુધી લંબાયા કરતાં હતાં એટલો ભાસ મારા મન ઉપર રહી ગયો છે. એ કામ મને ભારણ રૂપ ન લાગ્યું એ પણ મારે કહી દેવું જોઈએ. મહેસાણામાં વણીકર કલબને નામે એક સારું મકાન અને ટેનીસ-કૉર્ટ હતાં. હું ઘણું ખરું સાંજે ટેનીસ રમતો. એ રમત મને બહુ સારી તો નહોતી આવડતી; છતાં સાધારણ આવડતથી મને સંતોષ મળતો. કૉલેજમાં હું 'ફેલો' હતો ત્યારે

મારા મિત્ર રમાકાંત ઘારેખાન પાસે એ રમતનું મેં પ્રાથમિક શિક્ષણ લીધેલું. અમલદારો, વકીલો, ડૉક્ટરો અને ગામના અન્ય આગેવાનોને ક્લબમાં મળી શકાતું. પરંતુ મને પત્તાંનો કે વાર્તાલાપનો ખાસ શોખ ન હતો એટલે ટેનીસ રમી હું ઘેર ચાલ્યો જતો. છતાં 'ક્લબ' એ એક એવું સ્થળ છે કે જ્યાં ઇચ્છા ન હોય તો ય ઘણા ગામગપાટા અનેક શેરીગપાટા સાંભળી શકીએ. એનો પણ માનવીને રસ લાગી જાય છે, હું નાની પાયરી ઉપર હતો એટલે મારી હાજરીનું મહત્ત્વ પણ ક્લબમાં ઓછું જ હોય. મહત્ત્વનાં માણસોને—ખાસ કરી અમલદારી મહત્ત્વ ધરાવતાં માણસોને 'ક્લબ' તેમના મહત્ત્વનું ભાન કરાવે છે એમાં સંશય નહિ. મેં એમ પણ સાંભળ્યું છે કે અમુક અમુક અમલદારોને તો રમતમાં પણ કાળજી રાખીને જિતાડવા જ જોઈએ એવી પણ પ્રથા પડી જાય છે. એક સૂબા—કલેક્ટર—ટેનીસમાં હારી જાય તો તેમને ભારે નાખુશી ઉત્પન્ન થતી અને હરાવનાર સામાવાળાએ તેમનો હાર પછીનો મિજાજ જીરવવો મુશ્કેલ થઈ પડતો. હાકેમી મનુષ્ય સ્વભાવને પણ સતત ચઢેલો રાખે છે.

હવે શરૂઆતના નોકર તરીકે મને ખબર પડી કે મારે 'હાયર'ની પરીક્ષા આપવી જ પડશે. વડોદરા રાજ્યની 'લોઅર' અને 'હાયર' એ બે પરીક્ષાઓમાંથી પસાર થયા વગર નોકર કાયમ થઈ શકતો નહિ, અને કદાચ અપવાદ તરીકે કાયમ થાય તો ય તેને આગળ વધવાનો માર્ગ બંધ પડી જતો. હું ગ્રેજ્યુએટ તો હતો જ. અવલકારકુનની પાયરીમાં મુકાયો હતો એટલે મારે 'લોઅર' ની પરીક્ષામાં બેસવાનું ન હતું; પરંતુ 'હાયરની પરીક્ષા' મારે માટે ફરજિયાત હતી. રાજ્યની આ પરીક્ષા બહુ જરૂરી છે એમ હું માનું છું. એ સિવાય રાજ્યતંત્રનો પૂરો ખ્યાલ આવવો અશક્ય મનાય. પરંતુ એમ.એ. જેવી પરીક્ષા એક વર્ષ ઉપર જ મેં આપી હતી અને હવે નોકરીમાં પણ પાછી પરીક્ષા આપવી પડે અને તે માટે વાંચવું પડે, એ પરિસ્થિતિ મને બહુ આવકારદાયક તો ન જ લાગી.

વળી એમાં વાચનના વિષયો પણ કદી કલ્પેલા ન હોય એવા સામે આવતા. જમીનમહેસૂલનો નિબંધ તથા નિયમ, જમાબંધીના

નમૂનાનું જ્ઞાન, રાજ્યના–એટલે કચેરીઓમાં રાખવાના હિસાબ, પરચૂરણ નિયમોનો સમૂહ, બારખળી–એટલે સામાન્ય જમીનવહીવટથી જુદી ઊભી થયેલી વહીવટશ્રેણી, જમીનની પ્રતવારી અને માપણી, વડોદરાના રાજ્યકર્તાઓનો ઇતિહાસ, અન્ય રાજ્યો સાથેની સંધિઓ ફોજદારી કાયદો અને કામ ચલાવવાની રીત, સાક્ષી પુરાવાનો કાયદો, મુલકી તથા ફોજદારી ઠરાવોનું ઘડતર: આવા આવા વિષયોનાં થોથાં મારી સામે આવી ઊભાં રહ્યાં. એમાં કવિતા ન હતી, નાટક ન હતું, રમૂજી લેખ ન હતો કે જે વાંચવાથી આપણા મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય. હું એલએલ.બી થયો હોત તો આવા કાયદાઓનો આછો પાતળો પરિચય મેળવી શક્યો હોત. પરંતુ આ તો મારી સામે એક નવીન કડક દુનિયા આવીને ખડી થઈ ગઈ. પરીક્ષાનો પણ માનવીને કંટાળો આવી જાય છે...અને પેરીક્ષાને બહુ ગાળો દઈ તાળી પડાવનાર કેળવણીના નેતાઓએ હજી પરીક્ષા વર્તુલથી આગળ જઈ માનવીની બુદ્ધિ માપવાનું બીજું સાધન ઊભું કર્યું નથી, એ આપણે જાણીએ છીએ. મને ખરેખર પરીક્ષાનો કંટાળો આવ્યો. પ્રથમ તો એ કાયદાઓ શી વાત કરે છે, શાની વાત કરે છે, એ જ પૂરું સમજાય નહિ; એમાંથી પણ મારા મનને ગમે એવા ત્રણ વિષયો નીકળી આવ્યા: ફોજદારી કાયદો, જેમાં ગુનાઓનું વર્ગીકરણ અને તેની વ્યાખ્યાઓ આપવામાં આવેલી હોય છે તે એક. મેકોલેએ રચેલા પીનલકોડનું એ ગુજરાતીકરણ લગભગ કહેવાય. ગુનાની પણ જાતભાત હોય છે; એ ગંભીર અને હળવા હોય છે; મિલકત વિરુદ્ધના પણ ગુના હોય અને નીતિ વિરુદ્ધના પણ ગુના હોય. ચોરી અને લૂંટ બન્નેમાં પાછો તફાવત; બળાત્કાર અને વ્યભિચાર પાછાં જુદાં જુદાં; અને ગુનાની કોશિષ કરવી એ પણ પાછો ગુનો! આમ સરકારી રાહે સ્વીકાર પામેલા ગુનાનું પૃથક્કરણ મને રસમય લાગ્યું ખરું – જોકે વાંચતાં વાંચતાં મને ઘણી વાર ભય લાગતો કે આમાંના કેટલાયે ગુના મેં કર્યા હશે – અગર કરવાની કોશિશ પણ કરી હશે! કોશિશ નહિ કરી હોય તેમાં કદાચ મારું બીકણપણું જ કારણરૂપ હોય! ગુનાની આ રસભરી દુનિયા સાથે એકતાર થઈ

જવું સહેલું હતું – માનસિક ઢબે. અને કઈ વાર્તા કે નાટક બિનગુનેગાર પાત્રોથી રચાઈ હશે? ફોજદારી કાયદો વાંચવો ગમ્યો, પણ એ કામ ચલાવવાની રીતમાં પ્રથમ તો કશી જ સમજણ પડી નહિ.

બીજું રસભર્યું વાચન વડોદરાના રાજ્યકર્તાઓએ પૂરું પાડયું. એમાં ઇતિહાસ હતો. વડોદરા રાજ્યની શરૂઆતથી તેની સ્થિરતા સુધીનો – છેક શ્રી સયાજીરાવ ત્રીજા સુધીનો ઇતિહાસ એમાં આવી જતો. ગુજરાતની અને હિંદની પરિસ્થિતિનું એમાં ઠીક ઠીક પ્રતિબિંબ પડતું હતું. ગુજરાતનું મુસ્લિમ રાજ્ય કેમ ગયું, દક્ષિણમાંથી મહારાષ્ટ્રીઓએ આવી મોગલાઈનું સ્થાન કેમ લીધું, તેમનામાં અંદર અંદર કેવા કારણે ઝઘડા થયા, એ ઝઘડામાંથી ત્રીજી અંગ્રેજ સત્તા કેવી સરળતાપૂર્વક પ્રવેશ પામી સાર્વભૌમ બની ગઈ, એ આખો ઇતિહાસ એટલે વડોદરાના રાજ્યકર્તાઓનો ઇતિહાસ. ગાંધીજીએ અપાવેલા સ્વરાજમાં પણ આપણું સહુનું વર્તન આપણા પૂર્વજો કરતાં બહુ વધારે યશસ્વી બનતું હોય એમ લાગતું નથી. આજ કોણ કોને કહી શકે કે ઇતિહાસનું પુનરાવર્તન ન થાય એ જોજો! આખો ભારતીય સમાજ નવા યુગમાં વામણો બની ગયો લાગે છે. ઊંઘણશી અને અફીણી ચીનાઓ જેટલી પણ પ્રગતિ આપણે કરી શકયા નથી એ આપણે કદી સમજીશું ખરા?

ત્રીજું રસભર્યું વાચન ‘પુરાવાનો કાયદો’ – Law of Evidence પૂરું પાડતો હતો.

હાયરની પરીક્ષા આમ અવનવો પ્રદેશ ઉઘાડતી હતી. જમાબંધી શું એની પ્રથમ તો સમજ જ નહિ. બારખળી જમીનની પાછળ કયો વહીવટી ઇતિહાસ છે એ પ્રથમ સમજાય જ નહિ. તેમાં વળી જમીનની માપણીનો પણ વિષય હતો! ટોડરમલે તેમ જ મલીકંબરે જમીનની માપણી કરી હતી અને ભાગબટાઈને સ્થાને રોકડ મહેસૂલ લેવાની પ્રથા વહીવટમાં દાખલ કરી હતી, એમ નાનપણથી ઇતિહાસમાં

વાંચેલું ખરું, પરંતુ એમાં રહેલું તથ્ય જરા ય સમજાતું નહિ. જમીન એટલે શું? જમીનની માપણી કેમ થાય? જાત – પ્રત – શી રીતે નક્કી કરાય? એ બધા ઉપરથી સરકારભાગ શી રીતે નક્કી થાય? એ પ્રશ્નો ઊપજ્યા ન હતા, અને ઊપજ્યા હશે તો મનને એના ઉકેલમાં કદી વાળ્યું ન હતું. એ બધા પ્રશ્નોનો ઉકેલ હાયરની પરીક્ષાએ આપ્યો – અને તે પણ બહુ રસભરી રીતે આપ્યો.

મહેસાણા કસબાના એક તજવીજદાર હતા. આજ નામ ભૂલી ગયો છું. તેઓ બ્રાહ્મણ હતા. તેમણે મને માપણીનું પ્રત્યક્ષ – Practical કામ શીખવવાનું માથે લીધું, અને શંકુ-સાંકળ સાથે તેમણે મને વગડે લઈ જઈ માપણીનું કામ બહુ સારી રીતે શીખવ્યું. એક માનવીને કેટકેટલાના ઉપકાર નીચે આવવું પડે છે! તેમણે મારી પાસેથી કશું મહેનતાણું પણ લીધું નહિ.

ગમતાં અણગમતાં બધું વાંચવું તો પડયું જ. પરંતુ એ બધા વાચનની કિંમત જેમજેમ હું નોકરી કરતો ગયો તેમ તેમ મને વધારે સમજાતી ગઈ. આ લોઅર–હાયરની પરીક્ષા બહુ જ મહત્ત્વની ગણવી જોઈએ. એ વગર વહીવટનો ખ્યાલ આવી શકવો મુશ્કેલ. બ્રિટિશ વહીવટમાં પણ એ પરીક્ષા હતી, અને વડોદરા રાજ્યમાં પણ એ હતી. પરીક્ષામાં સિફારસો ઘણી ચાલતી. અને સિફારસને જોરે ઘણા અમલદારો જો પરીક્ષા પસાર પણ કરી નાખતા હતા એમ કહેવાતું. કેટલેક વર્ષે હું પણ આ પરીક્ષામાં પરીક્ષક બનતો હતો અને આખી પરીક્ષાનું નિયંત્રણ પણ કરતો હતો. સિફારસો આવતી એ વાત સાચી છે એમ મારો જાત અનુભવ છે. પરંતુ મેં મારે માટે જીવનભર સિફારસની યોજના કદી સ્વીકારી નથી. એમાં મારું સ્વમાન ઘવાતું, લાગતું, અને મારા પિતાની પણ એવી સ્થિતિ ન હતી કે તેઓ મારે માટે સિફારસ કરે, અને કરે તો કોઈ માને!

મહેસાણામાં આમ વખત મળતો તેનો ઉપયોગ ધીમે ધીમે ‘હાયર’ વાચનમાં હું કરતો ચાલ્યો. વડોદરા રાજ્યમાં ઘણા નિયમ, નિબંધ અને કાયદા! તીડ પડે ત્યારે તેમને કેમ ઉડાડવા એનો પણ નિયમ,

અને ખુરશી, ટેબલ, ગાદી તથા તકિયા કેટલાં વર્ષ ચલાવવાં એનો પણ નિયમ! આખું વહીવટી તંત્ર ધોરણસર વગર ઘર્ષણે સરળતાપૂર્વક ચાલે એ ઉદ્દેશ, અને શ્રીમંત સયાજીરાવ મહારાજની એ બાબતમાં ચીવટ અતિશય ભારે. કદાચ કોઈ ને વધારે પડતી લાગે એમ પણ કહેવાતું. પરંતુ સરકારી વહીવટ વ્યવસ્થાસર ચલાવવામાં શ્રીમંત સયાજીરાવે કાયદા અને નિયમો માટે વિકસાવેલું સ્થાન ખરેખર આશ્ચર્યકારક ઢબે સફળ થતું હતું.

મહેસાણાથી વીસનગર, વડનગર, બહુચરાજી, સિદ્ધપુર વગેરે સ્થળોની યાત્રા પણ મેં મારાં માતાપિતા તથા દાદીને કરાવી. એમાં કાંઈ ખાસ વિશેષતા ન હતી. પરંતુ આપણાં કેટલાં ય તીર્થધામો ઉત્તર ગુજરાતમાં છે, અને તેમાં આપણી પ્રાચીન કલાના કેટલા ય નમૂના અરક્ષિત પડ્યા છે, એનો ખ્યાલ મને આવવા લાગ્યો. ઉત્તર ગુજરાત એક યુગમાં સંસ્કૃતિનું કેન્દ્ર હતું.

હું મહેસાણા હતો ત્યારે ગુજરાતના એક સુપ્રસિદ્ધ મુત્સદ્દી અને એથી યે વધારે સુપ્રસિદ્ધ ભક્ત શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવનો દેહાંત મહેસાણામાં થયો હતો એમ મને યાદ છે. મારા કૉલેજના દિવસોમાં મેં તેમની કથા કીર્તનસહ સાંભળી હતી તેઓ એક સારા સાહિત્યકાર પણ હતા જેમનો ઉલ્લેખ આપણા આદ્ય વિવેચક નવલરામે પણ કર્યો હતો. મને તેમનું અવસાન એક જ કારણે યાદ રહી ગયું છે. શ્રી અનંતપ્રસાદે તો મૃત્યુનો ભય જીત્યો હતો, પરતુ એમનો અવસાન પ્રસંગે તેમના મિત્ર શ્રી બાબારાયે પ્રભુના નામસ્મરણનું જે સાતત્ય સેવ્યું હતું એ હું કદી ભૂલી શકું એમ નથી. બાબારાયની આંખમાં આંસુ આવતાં ન હતાં એમ નહિ; છતાં આંસુ સહ તેમણે જે ધાર્મિક વૃત્તિ દર્શાવી એ જાણે મૃત્યુને એક ઉત્સવનું સ્વરૂપ આપી રહી હતી. ભારે રોકકળ નહિ, કલ્પાંત નહિ– તેમનાં પત્ની ત્યાં હાજર હતાં– અને એકધારી પ્રભુની નામાવલીનું રટણ કલાકોના સુધી બાબારાય તેમ જ શ્રી અનંત-પ્રસાદના કેટલાક સ્નેહીઓ કરતા જ રહ્યા એ હું કદી વીસરી શકું એમ નથી. મૃત્યુને આપણા ધર્મે સંસ્કાર તો માન્યું જ છે. એ મૃત્યુ ઉત્સવરૂપ બની રહે એના કરતાં માનવભાવના

કેટલી વધારે ઊંચે ઊડે? મૃત્યુથી ડરતા ગુજરાતને અવસાનનો ઉત્સવ ઊજવતાં આવડશે ખરો કદી? શ્રી વૈષ્ણવ અનંતરાય તથા બાબારાયમાં એ ધર્મબળ મેં જોયું.

એક કડવો અનુભવ પણ અહીં નોંધી લઉં.

દીવાન કચેરીના કાઉન્સિલ વિભાગમાં આવતાં કામોની યોગ્ય નોંધ, હકીકત તથા તે ઉપર થતા હુકમોને બરાબર ગોઠવવા માટે પ્રીસી–હેડકલાર્કની જગા માટે ઠીકઠીક અંગ્રેજી લખી શકે એવા માણસની જરૂર પડી. સરસૂબા કચેરીની પોલીટીકલ શાખામાં સદ્ગત વામન સોમનારાયણ દલાલ ઉપરી તરીકે કામ કરતા હતા, અને સૂબા કચેરીની મારી શાખાને એમની સાથે જ સંબંધ રહેતો. શ્રી વામનભાઈને મારું અંગ્રેજી લખાણ ગમ્યું હતું એટલે કાઉન્સિલ સેક્રેટરી શ્રી સત્યવ્રત મુકરજીની પૂછપરછમાં તેમણે મારું નામ આપ્યું. મને મુકરજીએ વડોદરા બોલાવ્યો અને મને મુલાકાત આપી મારી નિમણૂક કરાવી. એટલે મહેસાણાથી બદલાઈ મારે વડોદરે આવવાનું થયું. મહેસાણાની જગા છોડવામાં દસેક દિવસ ગાળી પછી વડોદરા જવાનું હતું. એ જ અરસામાં મહેસાણા પ્લેગનો ઉપદ્રવ અનુભવ્યો. હું તો ગામ બહાર રહેતો હતો અને અમે સહુએ પ્લેગનાં ઇન્જેક્શન પણ લીધાં હતાં. ગામ બહારના પરામાં પણ પ્લેગનાં ચિહ્ન દેખાયાં. મારે મહેસાણા છોડવાને એક અઠવાડિયાની વાર હતી. એક અઠવાડિયા ખાતર ગામ બહાર દૂર કોઈ ખેતરમાં માંડવો બાંધીને રહેવું અનુકૂળ ન હતું. આઠ દિવસ માટે માંડવાનો ખર્ચ કરવાને બદલે વણીકર કલબના મકાનમાં મારે રહેવું એમ કેટલાક શુભેચ્છકોએ સૂચવ્યું. કલબનો સભ્ય જરૂર પડયે એ મકાનમાં આઠ દિવસ રહી શકે એવો કલબનો નિયમ પણ હતો. એટલે તે નિયમ અનુસાર કલબના કાર્યવાહકોનો હુકમ મેળવી હું ત્યાં રહેવા માટે ગયો. મારી પત્ની ત્યારે મારી સાથે જ હતી તથા બીજા કેટલાક મહેમાનો અકસ્માત મારે ઘેર આવી ચઢ્યા હતા. એક બે દિવસ હું કલબના મકાનમાં રહ્યો અને એકદમ મહેસાણાના સિવિલ સર્જન ડૉ. ચૌબલની ચિઠ્ઠી આવી કે મારે તાબડતોબ કલબનું મકાન ખાલી કરવું!

ડૉક્ટર દવા તો સારી કરતા જ હશે. તેઓ ટેનીસ ઠીક રમતા અને ક્લબના ગમતી—આનંદી સભ્ય તરીકે ઓળખાઈ સહુના આદર-પાત્ર પણ બન્યા હતા. ચિઠ્ઠી વાંચતા મને નવાઈ લાગી. હું હતો તો એક નાનો માણસ; પરંતુ તેમનો મને ક્લબમાં થોડો પરિચય થયો હતો. હું તેમને ચિઠ્ઠી અંગે મળવા ગયો ત્યારે આ આનંદી દેખાતા માનવીએ મને તેની તુમાખીનો ઠીક અનુભવ કરાવ્યો, અને મારે બીજી જ ક્ષણે ક્લબમાંથી નીકળી જવું એવો તેમણે મને મૌખિક હુકમ પણ આપી દીધો. પાંચછ દિવસ જ મારે મહેસાણામાં કાઢવાના હતા એમાં ડૉક્ટરે મને—એક મુશ્કેલી અનુભવતા સહ નોકરને હરકત ન કરવી જોઈએ એવી મારી વિનંતી તેમને ગળે ઊતરી નહિ. હું ક્લબના અધિકારીઓને મળ્યો, સૂબા શ્રી સંપતરાવને મળ્યો અને બદલીના થોડા દિવસના ગાળામાં બીજે ક્યાંઈ પણ જવાની મારી મુશ્કેલી સમજાવી. તેમણે સહુએ મારી મુશ્કેલી ધ્યાનમાં લઈ એ જ સ્થાને રહેવા સંમતિ દર્શાવી અને ડૉક્ટરની આજ્ઞાને બાજુએ મૂકવા મને કહ્યું. આઠે દિવસ હું ત્યાં જ રહ્યો. વચમાં ડૉક્ટરે રૂબરૂ પણ મને ધમકી આપી કે મારે એમની આજ્ઞા માનવી અને નહિ તો ભયંકર પરીણામ માટે તૈયાર રહેવું. ભયંકર પરીણામ માટે મેં તૈયારી બતાવી. એ પરીણામ શું હશે તે હજી હું જાણી શક્યો નથી. બદલીની મને મળેલી તારીખ સુધી હું ત્યાં જ રહ્યો.

પછીથી મને ખબર પડી હતી કે ડૉક્ટરે ક્લબના અધિકારીઓ સાથે પણ મને રહેવા દેવાની બાબતમાં ભારે ઝઘડો કર્યો હતો. પરંતુ એ ઝઘડાને ન ગણકારતાં અધિકારીઓએ ડૉક્ટરને મહાત કર્યા હતા.

ક્લબના કાયદા અનુસાર ભોગવી શકાતા રહેઠાણના હક્કનો મને લાભ આપવાને બદલે સાતઆઠ દિવસના મારા છેલ્લા મહેસાણા નિવાસને ખારો બનાવવામાં ડૉક્ટર ચૌબલને શી મઝા આવી હશે?

એ ડૉક્ટર ગૃહસ્થ હાલ નોકરીમાં પણ નથી અને હયાત પણ નથી. પરંતુ એ પછી અમારે આછાપાતળા કરી ભેગા થઈ જવાનો પ્રસંગ આવતો ત્યારે તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અપરાધી તરીકે મારી માથે તેઓ વાત પણ કરતા ન હતા! અને તેમની સાથે

વાત કરવાની તક મને ન મળી તેથી મને કશી ખોટ પણ લાગી ન હતી.

મોટાઈનાં વેરઝેરનો અનુભવ લઈ મેં મહેસાણા છોડ્યું.

ડૉક્ટર ખરેખર મહેસાણાની તંદુરસ્તી માટે આટલો આગ્રહ તો નહિ રાખી રહ્યા હોય? આખા સમૂહને બચાવવા એકાદ વ્યક્તિની અડચણને ન ગણકારવી જોઈએ એ નિયમ અપૂર્ણ માનવ જાતે સ્વીકારવો જ રહ્યો. પરંતુ હું પ્લેગવાળા ગીચ ભાગમાંથી—લતામાંથી આવ્યો ન હતો; ખુલ્લા માંડવા બાંધવાને લાયક વિભાગમાંથી હું ખસતો હતો કારણ બીજા બધા ખસીને બીજી પાસ જતા હતા. મેં સહકુટુમ્બ ઇન્જેકશન લીધું હતું; કલબના ભાગમાં ત્યારે ઘણી ખુલ્લી જગા હતી; અને મારા આઠ જ દિવસના રહેઠાણ માટે માંડવો બાંધવાનો ખર્ચ વધારે પડતો હતો. વળી સરકારી નોકરોની તેમ જ અન્ય સર્વની ગામમાં જવરઅવર તો અટકાવી શકાતી જ નહિ. ડૉક્ટરનું કાર્ય મને ન્યાયી લાગ્યું નહિ...મારા અંગત મત અનુસાર. મારો સ્વાર્થ પણ આમાં ભાગ ભજવતો હોય.

છતાં એટલું તો હું જરૂર કહી શકું કે કાયદો માણસ માટે છે એ ન સમજી સત્તાધીશો કાયદાને માટે જ માણસ સર્જાયો છે એમ માનીને ચાલે છે ત્યારે તે ઘણા અન્યાયો કરી બેસે છે. કાયદાને જરૂર માન આપવું જોઈએ; પરંતુ માનવીનો ભોગ આપવા ખાતર જ કાયદા ઘડાય નહિ એ અમલદારોએ સહુથી પ્રથમ સમજી લેવા સરખું છે. પૂનાના પ્લેગ સમયે લોકોનાં જીવન બચાવવા સારુ મિલિટરી ફોજ ગોઠવવામાં થયેલા જુલમોનો ઇતિહાસ જાણીતો છે. રેન્ડ અને આયર્સ્ટનાં થયેલાં ખૂન પાછળ કાયદાની અમાનુષી ક્રૂર બજાવણી રહેલી હતી એ ભૂલવા સરખું નથી. સત્તાનું શસ્ત્ર માણસાઈની સરાણે ચડેલું ન હોય તો સારામાં સારા કાયદા પણ ભયંકર અન્યાય બની રહે છે.

નોકરશાહીમાં વિકસતી સત્તાની તુમાખીનો અનુભવ કરી મેં મહેસાણા છોડ્યું. તુમાખીને હું વશ ન થયો એમાં મારું અંગત અભિમાન પુષ્ટ થાય ખરું. હું જાતે અભિમાની છું એ હું જાણું છું. પરંતુ વ્યક્તિગત અભિમાન એક આક્રમણ ન બને એની કાળજી

રાખવા પ્રયત્ન કરું છું ખરો. સત્તાની આસપાસ વીંટળાયલો નાગ મને ચૂડમાં ન લે એમ તો હું એ પ્રસંગ પછી ઇચ્છવા લાગ્યો.

૬

નોકરી સ્વીકારવી એટલે નોકરીને અંગેની બધી જ શરતો કબૂલ રાખવી. અગિયારથી પાંચ અગર સાડાઅગિયારથી સાડાપાંચ વાગતાં સુધી કચેરીમાં જઈ રોજનું કામ રોજ કરી નાખવું એ નોકરીની પ્રથમ શરત. મારા ઉપરી તરીકે ત્યારે શ્રી સત્યવ્રત મુકરજી હતા. એ બંગાળી ગૃહસ્થને અમે અમારા કૉલેજના દિવસોથી જોયેલા. ઇન્ડિયન સિવિલ સર્વીસ આઈ.સી.એસ.ની મહા મહત્ત્વની ઇન્ગ્લંડમાં જ લેવાતી પરીક્ષામાં તેઓ પસાર થવાને યોગ્ય પરીક્ષકોને નહિ લાગ્યા હોય; છતાં એ સનંદી પરીક્ષામાં પસાર થયેલા કેટલા ય બાહોશ ગણાતા મહાઅમલદારો કરતાં તેમની બુદ્ધિતીવ્રતા મને કદી ઓછી લાગી નથી. એ પરીક્ષાની આસપાસ ક્યારનું કીર્તિ-વર્તુલ રચાયલું હતું. આઈ.સી.એસ.ની પરીક્ષા એટલે પરીક્ષ્ય વ્યક્તિમાં પ્રથમ અગાધ બુદ્ધિ જોઈએ; હિંદમાં ઊંચા વર્ગમાં સતત આવનાર વિદ્યાર્થી જ એ પરીક્ષા માટે મીટ માંડી શકે. અગાધ બુદ્ધિ તો કદાચ હોય; પરંતુ એ બુદ્ધિને પરીક્ષાને માર્ગે વાળવાની આવડત, ચીવટાઈ તથા ખંત જોઈએ. તે વિના ઊંચો વર્ગ પરીક્ષામાં કદી ન આવે. એ બધું ય હોવા છતાં વિલાયત જઈ ત્રણ વર્ષ ઓછામાં ઓછા રહી અમુક વયમર્યાદામાં જ એ પરીક્ષા પસાર કરવાની શરત બહુ જ થોડા વિદ્યાર્થીઓ પાળી શકે. વિલાયતનો ખર્ચ જ પ્રથમ તો મોટા ભાગના હિંદવાસીઓ ઉપાડી ન શકે. પૈસો અઢળક, બુદ્ધિ અગાધ, અથાગ ખંત અને અમુક વયમર્યાદાની શરત પૂરી પાડવાની સગવડ ઘણા જ ઓછા હિંદવાસીઓને મળે. તેમાં અંગ્રેજી માતૃભાષાવાળા ઈંગ્લંડની જ વસવાટવાળા ગોરાઓની સાથે પરીક્ષામાં બેસવાનું એટલે એ પાછી કક્ષા ઊંચી જ ચઢવાની; એટલે હિંદી વિદ્યાર્થીઓ માટે એ પસાર કરવાની નહિ જેવી તક. મહામુસીબતે હિંદી વિદ્યાર્થીઓને એ પરીક્ષામાં બેસવાનો હક્ક મળેલો. સુરેન્દ્રનાથ બેનરજી, રમેશચંદ્ર દત્ત અને બી. એલ. ગુપ્તા

એ ત્રણે મહત્તાપ્રાપ્ત હિંદવાસીઓ કદાચ પહેલા જ હિંદી આઈ.-સી. એસ. હશે.

એ સનંદી નોકરી એટલે બાહોશીનો પારાવાર એવી પ્રચલિત માન્યતા. માનવીને ઊંચી કક્ષાનું શિક્ષણ મળે એટલે સ્વાભાવિક રીતે જ તેની જ્ઞાન તથા આવડતની મર્યાદા વધી જાય. એ પરીક્ષાની કસોટી પણ સારી રીતે કઠણ હશે. એ પરીક્ષા પસાર થવાનું ફળ લગભગ ઈશ્વરપ્રાપ્તિ જેવું મનાતું. પસાર થતાં બરોબર ઊંચી કક્ષાની નોકરી, ભારે પગાર, વિશિષ્ઠ સગવડ અને નિશ્ચિત ભાવિ. આસિસ્ટન્ટ કલેકટરથી શરૂ કરી કલેકટર સુધીની પાયરીએ જોતજોતામાં પહોંચવાનું; નોકરી હિંદ વ્યાપક, અને એને ધારણ કરનારની દેવ માફક ગણના થાય. સનંદી નોકર જાતે પણ પોતાને દેવ સરખો ઉચ્ચ અને અસ્પર્શ્ય માને; એનાં કુટુંબીજનો--ખાસ કરીને તેની પત્ની પણ એને દેવ જેવો માને અને પ્રજા તો બિચારી એનામાં દેવત્વ જુએ એમાં આશ્ચર્ય શું? હિંદી સરકારનો પણ આ મહામાનીતો નોકરી વ્યૂહ. એની પ્રતિષ્ઠા હિંદી સરકાર પૂરેપૂરી રાખે. સનંદી નોકરને ગવર્નર જનરલ પણ નોકરીમાંથી દૂર ન કરી શકે એટલું તેનું સંરક્ષણ. હિંદમાં બ્રિટિશ સત્તાની સલામતીના બે પાયા ગણાય : એક સૈન્ય અને બીજી સનંદી નોકરી. એટલે સ્વાભાવિક રીતે જ એને સરકાર પ્રતિષ્ઠિત રાખવા મથે.

રાજવહીવટનું તંત્ર બાહોશમાં બાહોશ પુરવાર થઈ ચૂકેલા માનવીઓના હાથમાં રહે એ ઉદ્દેશ આ સનંદી નોકરી અને પરીક્ષાની પાછળ રહેલો ખરો. અને પરીક્ષાની કઠણ કક્ષા પરીક્ષા પસાર કરનારની બુદ્ધિ શક્તિને સારી રીતે કસે એવા પ્રકારની પણ ખરી. આપણી હિંદી પરીક્ષાઓ માફક એમાં દયા, મહેરબાની, સિફારસ અગર પૈસાની લેવડદેવડનું એક પણ તત્ત્વ પ્રવેશ ન પામે એવી અંગ્રેજોની કડક ન્યાયવૃત્તિ પણ એમાં ખરી. Young blood–યુવાન તત્ત્વ નોકરીમાં દાખલ થયા કરે અને તે ઘડાતું ઘડાતું મહત્ત્વની ચાવી રૂપ જગાએ ઉપરથી રાજતંત્રને સંભાળે એની એમાં સગવડ કરવામાં આવેલી. અને ખરેખર અમુક કક્ષાની વહીવટી

દક્ષતા આઈ.સી.એસ.ના વર્ગમાં સ્વાભાવિક રીતે જ આવતી એ આપણે કબૂલ કરવું જોઈએ. આવી પરીક્ષા આપણે ત્યાં સ્વરાજ્યમાં પણ શરૂ થઈ ચૂકી છે, જોકે બંગાળી, મદ્રાસી અને પંજાબીઓ સિવાય તેનો લાભ બીજા પ્રાન્તોને બહુ મળતો દેખાતો નથી. અંગ્રેજોની કડક પરીક્ષા અને આપણા સ્વભાવમાં રહેલા રેઢિયાળપણાથી લેવાતી આપણી પરીક્ષા વચ્ચેનું અંતર માપવાનો હજી પ્રસંગ આવ્યો નથી; હજી તો આપણા થોકડાબંધ વધ્યે જતા પ્રધાનો અને ઉપપ્રધાનોને રાજવહીવટ અંગે ઘણું ઘણું શીખવાનું બાકી છે. પ્રધાનોમાં દક્ષતા આવશે ત્યારે આપણી સનંદી નોકરીમાં દક્ષતા આવશે. ત્યાં સુધી આપણા રાજવહીવટની શિથિલતા ગાભાચીંથરાં જેવી લાગે એ સહેજ છે. અંગ્રેજ સત્તાએ ઘડેલા વહીવટમાં દક્ષતા હતી, વ્યવસ્થા હતી, ઝડપ હતી, નિશ્ચિતપણું હતું, અને ઠીકઠીક સંખ્યામાં અમલદારોની દક્ષતા દેખાઈ આવતી પણ ખરી.

પરંતુ એની કેટલીક ભયંકર મર્યાદાઓ પણ ખરી. સારો વિદ્યાર્થી સતત સારો માનવી રહી શકતો નથી. અને નોકરીની સગવડ તથા સત્તાનો પ્રભાવ ભલભલા માનવીઓને પણ અમાનવ બનાવી દે છે. ઊંચી નોકરીની એકંદર અસર ઉચ્ચ માનવતાને ખીલવવા કરતાં માનવતાને બગાડી મૂકવા તરફ વધારે થતી હોય છે; અને એમાં એ માનવીનો દોષ તો ખરો જ. સાથે સાથે માનવી સંજોગ દ્વારા ઘડાતું પ્રાણી છે એ સિદ્ધાંત પણ માનવીના દોષને બિકસાવે છે. ઊંચી નોકરી અનેક કુટેવ પાડે છે, અને અનેક પ્રકારની ગુરુગ્રંથિઓ ઉપજાવે છે એમાં શક નહિ. નોકરી જેમ ઊંચી તેમ સામાન્ય માનવતાથી એ નોકર વધારે દૂરનો દૂર રહેવાનો. ધનિક માનવીનું વાતાવરણ જેમ તેને અન્ય માનવવર્ગથી દૂર પાડી દે છે તેમ સત્તાતંત્ર હાથમાં રાખતો અમલદાર પણ સામાન્ય માનવવર્ગથી અળગો પડી જાય છે.

ઈશ્વરદત્ત ગણાતી સનંદી નોકરીમાં વળી આ દૂષણો વધારે મોટે સ્વરૂપે ખીલે જ. એની ત્રણ મોટી મર્યાદા: સનંદી નોકર પોતાની શ્રેષ્ઠતાનો ખ્યાલ સતત સેવ્યા જ કરવાનો—એ પોતાની સાચી શ્રેષ્ઠતા સાચવી શક્યો ન હોય તોપણ એનું અહં સદા ય ફૂગ્ગા સરખું

ફૂલેલું રહેવાનું. બીજી મર્યાદા એ કે તે જનતાથી દૂર, અતડો અને અલગ રહેવા પ્રેરાતો હોય છે. જનતા સાથે મળવાનો પ્રસંગ ભાગ્યે જ તેને આવવાનો; અને આવે ત્યારે જનતાએ એની મહેરબાની અને કૃપા માની લેવાની. સહુથી અલગ ઠસ્સામાં રહેવું એ એની ફરજ. અમલદાર જનતા સાથે અતિશય ભળવાની વેવલાશ કરે એ ઇચ્છનીય ભલે ન હોય, પરંતુ પોતાની આસપાસ અંધોળ રાખી ફરનાર અમલદાર માનવજાતથી અલગ પડી ગયેલો ટુકડો બની જાય છે. ત્રીજી મર્યાદા એ કે અંગ્રેજી રાજઅમલના પ્રવાહો સાથે જ એણે તરવાનું.

આમ આ બહુ પ્રશંસા પામેલા નોકરવર્ગની દક્ષતા વખાણવા લાયક ખરી પરંતુ તેનું અતડાપણું, અહંતા અને મોટાઈ એને પ્રજાકીય બળનું સાચું માપ લેવા દેતી નથી, અને કેન્દ્રિત સરકારમાં ચાલતી હવા સાથે જ એને ઊડવાની ટેવ પડે છે. છેલ્લાં કેટલાં ય વર્ષોથી સનંદી નોકરીએ આપણું માન ભાગ્યે જીત્યું હોય. હિંદમાં ચાલુ રહેલા હિંદવાસી સનંદી નોકરોએ ઝડપથી પાઘડી ફેરવી સ્વરાજ્યતંત્રમાં પોતાનું સ્થાન કાયમ રાખી નવીન રાજ્યકર્તાઓના તુક્કાઓને અનુકૂળ બની જવામાં પોતાની પ્રતિષ્ઠા સાચવી રાખી હોય એમ દેખાતું નથી.

હું પણ મારી લાંબી નોકરીના ગાળામાં ઠીક ઠીક આઈ.સી. એસ. વર્ગના અમલદારોને મળવાનો લહાવો લઈ ચૂક્યો છું. હજી બાહોશીમાં એવી છાપ કોઈએ નથી પાડી કે જેના આગળ મને ટોપી ઉતારવાનું મન થાય. હલનચલનની ચબરાકી, વાક્ચાતુર્યની બહુ સોંઘી લઢણ, અહંતાભરેલી નમ્રતા, વિવેક અને પોતાનાથી સહુ કોઈ ઊતરતા છે એવી શ્રદ્ધાની છાપ સિવાય કાંઈ ખાસ બીજી અસર મારા ઉપર ઊપજી નથી. એમ થવામાં મારી પોતાની અહંતા પણ કારણભૂત હોય. છતાં રાજવહીવટમાં અનેક દક્ષ-અદક્ષ અમલદારોના સંસર્ગમાં આવ્યા પછી ટોપી ઉતારવાનું મન થાય એવાં સાડાત્રણ માણસો જ મને મળ્યાં છે: એક શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ; બીજા સર મનુભાઈ મહેતા; ત્રીજા સર વી. ટી. કૃષ્ણમાચારી. મારી અડધી સલામને પાત્ર બે વ્યક્તિ મારી નજર સામે રહી છે: એક સત્યવ્રત

મુકરજી અને બીજા સર મણિલાલ નાણાવટી. અને આમાંનું કોઈ આઈ.સી.એસ. થયેલું નહિ!

શ્રીમંત સયાજીરાવને માનવપરીક્ષા સારી હતી. આઈ.સી.એસ.માં સફળ નિષ્ફળ જેવી કક્ષા હોતી નથી. દર વર્ષે જેટલા સનંદી નોકરો જોઈએ તે સનંદી પરીક્ષામાં પસાર થયેલા વિદ્યાર્થીઓમાંથી ક્રમવાર ચૂંટી લેવાના. બાકીના સનંદી નોકરીમાં ન લેવાય. એમાંથી પણ ઉચ્ચ પ્રકારની કેળવણી લીધેલા પાત્રતાવાળા અધિકારીઓ ઉપજાવી શકાય. એટલે કદી કદી એ પસંદ ન થયેલાઓની સંખ્યામાંથી કોઈ કોઈ યુવકને ચૂંટી કાઢી શ્રી સયાજીરાવ પોતાથી નોકરીમાં રાખી લેતા. અરવિંદ ઘોષ એવા જ એક નિષ્ફળ આઈ.સી.એસ, સત્યવ્રત મુકરજી પણ એ જ વર્ગમાં. એ બન્નેની પસંદગીમાં મહારાજાએ ખાસ ભૂલ કરી હોય એમ પણ દેખાતું નથી. શ્રી અરવિંદનું સ્થાન તો જાણીતું જ છે. શ્રી સત્યવ્રત મુકરજી પણ ઘણા આઈ.સી.એસ. અમલદારો કરતાં વધારે બાહોશ હતા એમાં મને શંકા નથી. એમનું વાચન વિશાળ; સાહિત્યનો તેમને ભારે શોખ; વક્તા તરીકેની તેમની છટા પણ અસરકારક; અને અમે કોલેજમાં હતા ત્યારથી તેમનાં વ્યાખ્યાનો સાંભળી તેમના પ્રત્યે માનભરી લાગણીથી જોતા હતા એવા એક અમલદાર પાસે મારે હવે કામ કરવાનો પ્રસંગ આવ્યો.

કાઉન્સિલ પાસે અનેક પ્રશ્નો આવે. એ પ્રશ્નોનું ટૂંકું અવલોકન કરી તેમાં થયેલા હુકમો કે અભિપ્રાયોની પદ્ધતિસર નોંધ તૈયાર કરવાનું મારું કામ, જેની એક નકલ શ્રી મહારાજા સાહેબની નજર તળે રાખવામાં આવે. વડોદરા રાજ્યના વહીવટીતંત્ર ઉપર નજર રાખવાની શ્રી સયાજીરાવ મહારાજની આવડત રાજતંત્રની દક્ષતાનું એક મુખ્ય કારણ ગણી શકાય. દખલરૂપ થયા વગર બધે નજર રાખી શકાય એવી એમની રચના ખરેખર પ્રશંસાપાત્ર હતી. નોધમાં Key Word–કામનું સ્વરૂપ જેના ઉપરથી પકડી શકાય એવો શબ્દ આવે; એક જ ટૂંકા વાક્યમાં સમાવી લેવાય એવી બાબત આવે; પછી વિગતની ટૂંકી નોંધ અપાય; પછી અંતિમ માગણી અને તેના ઉપરનો કાઉન્સિલનો હુકમ આવે. આટલું થાય એટલે એક નોંધ તૈયાર થાય.

અનેક ખાતાની આ નોંધ હોય. મને પણ જુદાં જુદાં ખાતામાંથી કઈ કઈ બાબતો હુકમ માટે આવે છે એને તેમના ઉપર કેવી ઢબે હુકમ થાય છે એ જાણવાનું સારું સાધન અહીં પ્રાપ્ત થયું. મારા સ્થાનનું ખાસ મહત્ત્વ કશું નહિ, કારણ હુકમો થઈ ગયા પછી મારું કામ શરૂ થાય. એટલે એક ખૂણે બેસી હું મારું કામ આટોપતો. છતાં કાઉન્સિલમાં રજૂઆત કેમ થાય. કઈ બાબતો પાછી મોકલાય, કઈ ખાંચખૂચ કામમાં કાઢી શકાય. એ બધી કચેરીતંત્રની આવડત મારા ધ્યાનમાં બેસવા માંડી. જો કે મારી પાસે મને પૂછવા આવવાની કોઈને જરૂર ન હતી, એટલે મને તો મારું કામ જ રોકેલો રાખતું.

કદી કામ વધી જાય તો હું ઘેર પણ કામ કરતો. નોકરી સ્વીકાર્યા પછી હું અમુક કલાકનું જ કામ કરીશ, એથી વધારે નહિ એવી જીદ મેં રાખી નથી. છતાં નિયમિત છ કલાકનું કામ બુદ્ધિહીન માટે પણ મોટે ભાગે બસ થઈ જાય છે, અને વખત કરતાં વધારે કામ કરવાની ભાગ્યે જરૂર રહે છે એવી મારી માન્યતા બંધાઈ ગઈ છે.

શ્રી મુકરજીને મારું કામ ગમ્યું હોય એમ લાગ્યું. તેઓ એક સરસ સાહિત્ય-અભ્યાસી હતા. તેમનું ગુજરાતી ભાષાનું જ્ઞાન પણ ઘણું સારું કહેવાય. જન્મે ગુજરાતી હોય એવી શુદ્ધ ગુજરાતી ભાષા તેઓ બોલતા. મારી બીજી ભાષા ફારસી હતી એમ એમને ખબર પડી એટલે તેમણે મને બોલાવી ફારસી ભાષાની પિંગળ વિશે કેટલીક વાત પૂછી. ફઅલ-ફાઈલુન–મફાઈલુનનાં મીઝાન તથા વજન, રદીફ કાફિયાનું આયોજન, તથા ફારસી કાવ્યોના પ્રકારો જે મારે બી. એ.ની પરીક્ષા માટે રટવા પડેલા તેની થોડી ચર્ચા અત્યારે થઈ. અને કચેરીમાં પણ કોઈ કોઈ વાર તેમને તથા મને ફુરસદ હોય ત્યારે મને બોલાવી તેઓ મારી પાસેથી ફારસી પિંગળ જાણવા મથતા હતા. વચમાં ગુજરાતી સાહિત્ય વિશે પણ અમારે વાર્તાલાપ ચાલે. સારો હોદ્દો ભોગવતા શ્રી મુકરજીનો આવો સાહિત્યરસ મને બહુ ગમ્યો. માત્ર શોખને ખાતર વિવિધ ભાષાના પિંગળ-નિયમો જોઈ જતા અમલદાર પ્રત્યે માન ઉત્પન્ન થયું, ત્યારથી શ્રી મુકરજી સાથે મારે અંશતઃ

અંગત પરિચય થયો જે અમારી બન્નેની નોકરી ચાલી ત્યાં સુધી ચાલુ રહ્યો. શ્રી મુકરજીમાં એક ભારે સ્વભાવદોષ હતો. તેઓ જોતજોતામાં ગુસ્સે થઈ જતા, સરખા દરજ્જાના અમલદારો સાથે લડી પડતા તેમ જ હાથ નીચેના માણસોને સકારણ-અકારણ વઢી નાખતા. હતા. તેમના સ્વભાવની આ વ્યગ્રતા બહુ જાણીતી હતી અને તેઓ પોતે પણ એને લીધે કદી મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોય એવી વાતો સંભળાતી. વર્ષો પછી સિદ્ધપુરમાં મેં તેમને પોતાના એક શિરસ્તેદારને ધમકાવતા જોયેલા, જેમાં વાંક શિરસ્તેદારનો જરા ય ન હતો. આવો ક્રોધ કોઈને પણ અસહ્ય થઈ પડે છતાં આ સાલસ હૃદયના અમલદારને ખોટું લડચા બદલ માફી માગતાં પણ વાર લાગતી નહિ. સદ્‌ભાગ્યે મને તેમના સ્વભાવની આ ઉગ્ર બાજુનો કદી અનુભવ થયો નહિ; ઊલટ હું તેમના સુંદર પુસ્તકાલયમાંથી પુસ્તકો લાવી વાંચતો અને તેમને મળવામાં મને તો આનંદ જ આવતો. એમનામાં સરસ રમૂજ—જરા વધારે પણ પડે એવી—હતી અને અંગ્રેજી રહેણીની ઢબ—છબને લીધે તેમને અંગે કેટલીક ગેરસજ-જૂત પણ થતી. મને તો તેમની સાથે કામ કરવું ઘણું ફાવી ગયું.

એકાદ વર્ષ કાઉન્સિલ હેડકલાર્ક તરીકેનું મારે મને ઉપયોગી પરંતુ ઘણાને, તદ્દન નિર્માલ્ય લાગતું કામ મેં કર્યું અને 'હાયર-સ્ટેન્ડર્ડ'ની પરીક્ષા પણ સાથે સાથે મેં પસાર કરી દીધી—જરા ય સિફારસ વગર. મહેરબાની માગવાનો મને ભારે તિરસ્કાર છે. એ પરીક્ષા પસાર થતાં મને કોઈ શુભેચ્છકે સૂચના કરી કે મુલકી ખાતામાં પાછા ફરવાથી મારે માટે આગળનાં દ્વાર ખુલ્લાં થાય એમ હતું. ઘણી વાર એક જ ખાતામાં કાયમ થયેલા માણસને બીજા ખાતામાં લેવામાં આવે છે ત્યારે તેને લાભ પણ થાય. મુલકી ખાતા-માંથી બીજાં કેટલાં યે ખાતામાં મારે જવું પડેલું : જેમાંથી મને ખાસ કાંઈ લાભ થયો જાણ્યો નથી.

વચમાં મહારાજા સાહેબે 'હુજૂર પ્રોબેશનરો' ની ખાસ પસંદગી કરવાની યોજના ઘડી કાઢી જેથી અમલદાર તરીકે નોકરીમાં કામ કરતાં માણસોની ઝટ પસંદગી થઈ શકે. મેં પણ ઉમેદવારી નોંધાવી

અને હું પસંદ થયો. પરંતુ એથી કશો લાભ થયો નહિ.

હાયર પસાર થવાના કારણે મુલકીખાતામાં વહીવટદારની પાયરીમાં મારી નિમણૂક થવાની પાત્રતા ઊભી થઈ એટલે મેં મુકરજી સાહેબને વિનંતી કરી. મને કાઉન્સિલ ઑફિસથી છોડવા માગણી કરી. અને મને નવસારી સૂબાના ચિટનીસ તરીકે નીમ્યો. મારે નસીબે બદલીઓ ઘણી લખાયલી હતી. સદ્ગત શ્રી રામલાલભાઈ દેસાઈ ત્યારે નવસારીના સૂબા. તેમની ખ્યાતી કડક અમલદાર તરીકેની હતી. કામમાં પણ ઘણા હોશિયાર અને સ્પષ્ટવક્તા તરીકે ગણાતા હતા. અને તેમની પ્રામાણિકતા માટે પણ ભારે છાપ. કોઈનાં ફૂલહાર સુધ્ધાં લે નહિ; આસ્તિક પણ ભારે. ડાકોરના રણછોડનાં દર્શનનો તેમને નિયમ હતો.

સરકારી નોકરી પણ માનવીની અનેક બાજુઓ ખીલવી શકે છે અને તેમાં હાસ્યના પણ ઠીકઠીક પ્રસંગો ઊભા થાય છે. રામલાલભાઈ ઘણું ખરું દર પૂનમે ડાકોર જતા એટલે તેમના હાથ નીચેના કેટલા ય અમલદારો અને નોકરો પણ પૂનમિયા બની ગયા હતા. ઉપરીને સારું લગાડવા માટે ધર્મનો પણ ઉપયોગ થતો હોય તો તે શા માટે ન કરવો ? ત્યારે તેમ જ આજ મારી આસ્તિકતા સામાન્ય ચોકઠામાં સમાતી નહિ. ડાકોર હું ગયો છું, રણછોડરાયનાં દર્શન પણ મેં કર્યાં છે; પરંતુ શ્રી રામલાલભાઈ મારા ધાર્મિકપણાથી રાજી થાય એ માટે ડાકોર જવાનો મારે કદી પ્રસંગ આવ્યો નહિ.

નવસારી શહેર મને ગમ્યું. સદ્ગત સોરાબજી મંચેરજી દેસાઈ નામના ધાર્મિક વૃત્તિવાળા એક પારસી ગૃહસ્થની સાથે મને પરિચય થયો. તેઓ પુસ્તકોનું જથાબંધ લખાણ કરતા, અને લોકપ્રિય ઢબનાં દૃષ્ટાંતો આપી પોતાના બોધને રસમય બનાવતા. તેઓ થિયોસોફિસ્ટ પણ હતા. મહેરબાબાના પણ પોતાને અનુયાયી માનતા અને જૂનાં પુસ્તકો, સિક્કા તથા પ્રાચીન વસ્તુઓનો સંગ્રહ પણ સારો રાખતા.

હું નવસારી હતો ત્યારે આર્યસમાજનું એક મોટું અધિવેશન નવસારીમાં ભરાયું હતું. કોલ્હાપુરના છત્રપતિ અને મેવાડના કોઈ.

જાગીરદાર પ્રમુખસ્થાને આવ્યા હતા. લુણસી કુઈના મેદાનમાં મોટો મંડપ નાખવામાં આવ્યો હતો અને આર્યસમાજી વિદ્વાનો, વક્તાઓ, ભજનિકો તેમ જ સંન્યાસીઓનો મોટો સમૂહ એમાં ભેગો થયો હતો. ઘણું કરીને નવસારીના સિદ્ધ વામનરાવ તામ્હણકર તથા ચાંદોરીકર સ્થાનિક આગેવાનો તરીકે એમાં કામ કરી રહ્યા હતા.

સૂબા સાહેબ રામલાલભાઈ સનાતની હતા એટલે તેમને આર્ય સમાજના કાર્યક્રમમાં વિવેક પૂરતો જ રસ હોય; વધારે નહિ. કોલ્હાપુરના છત્રપતિ વડોદરાના રાજપરોણા તરીકે વિશિષ્ટ ધ્યાન માગે એ સ્વાભાવિક છે. મને રામલાલભાઈએ આ અધિવેશનમાં હાજરી આપવાની ખુશીથી હા પાડી હતી એટલે તેમની મંજૂરીનો સારો ઉપયોગ મેં કર્યો.

આર્યસમાજના સાહિત્યનો આછોપાતળો મને પરિચય હતો. તેમનો મૂર્તિપૂજક વિરોધ હું જાણતો હતો. વેદ ઉપર જ આર્ય-સમાજ ભાર મૂકતો અને વૈદિક હોમહવન તથા મન્ત્રોચ્ચારનો તેમના કાર્યક્રમમાં સારો હિસ્સો હતો. સ્વામી દયાનંદ પ્રત્યે મને માન ને પૂજ્યભાવ ખરો. માન અને પૂજ્યભાવ ઊપજવા માટે તેમના બધા જ સિદ્ધાંતો માન્ય કરવા પડે અગર તેમની કંઠી બાંધવી જ પડે એવો આગ્રહ કોઈ ન જ રાખે. તેમના બધા સિદ્ધાંતોને હું માનતો નથી પરંતુ સ્વામી દયાનંદે તથા તેમણે સ્થાપેલા આર્યસમાજે ભારતીય પુનરુત્થાનમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે એ કોઈ ઇતિહાસકારથી ભુલાય એમ નથી. હિંદુમુસ્લિમ સંસ્કૃતિ એક બનવાના ક્રમમાં મુકાઈ ત્યારે તેમનું રાજકીય હીર હણાઈ ગયું હતું અને પશ્ચિમી ખ્રિસ્તી સંસ્કૃતિએ તેમના ઉપર પ્રચંડ આક્રમણ કર્યું. મુસ્લિમોની ધર્મતીવ્રતા તેમને સાચવી રહી, પરંતુ હિંદુ સંસ્કૃતિની ઉદારતાએ તેને નિર્બળ બનાવી તેનામાં અનેક ખામીઓ ઉત્પન્ન કરીને ખ્રિસ્તી સંસ્કૃતિ આગળ ઝૂકી પડવાની સ્થિતિએ તેને મૂકી દીધી હતી. મુસ્લિમ અને ખ્રિસ્તી આક્રમણ આગળ લાચારી અનુ-ભવતી હિંદુ સંસ્કૃતિએ સ્વામી દયાનંદમાં એક બહુ જબરદસ્ત મોરચો પ્રાપ્ત કરી પોતાનો બચાવ જ માત્ર નહિ પણ પોતાનો

ઉત્કર્ષ સુદ્ધાં સાધ્યો.

સ્વામી દયાનંદે પરસંસ્કૃતિએ આપેલા 'હિંદુ' શબ્દને ફગાવી દીધો અને ગૌરવભર્યો 'આર્ય' શબ્દ આપણને આપ્યો.

આપણી સંસ્કૃતિના દોષપાત્ર અંશોનો દોષ સ્વીકારી તેમને આર્યસંસ્કૃતિના અંશ તરીકે ગણવાનો ઇન્કાર કર્યો. બાળલગ્ન, મંદિરોની ધર્મઘેલછા, પુનર્લગ્ન-પ્રતિબંધ, નારીને ઊતરતી કક્ષાએ મૂકવાની થતી ભૂલ, સ્પર્શાસ્પર્શની ભાવના અને અંત્યજો પ્રત્યેનો અન્યાય, એવાં એવાં હિંદુ સમાજનાં દૂષણોને ધર્મનો ટેકો નથી એમ કહી સામાજિક સ્વચ્છતાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. સુધારકો પણ એ જ માગી રહ્યા હતા.

સાથે સાથે નવીન ઝળકતી પશ્ચિમ સંસ્કૃતિની સામે તેમણે આખી કેળવણીને દેશાનુકૂલ ઢબે વિચારી ગુરુકુલો આપણને આપ્યાં, જે લઢણને હજી પણ પોષવાની જરૂર છે. અમેરિકન કે ઇન્ગ્લંડની ઢબની ખર્ચાળ કેળવણી આપણા દેશને માટે ધોળા હાથી સમાન છે. અને નવીન સ્વરાજ્ય સત્તાને ભારતવ્યાપક કેળવણી જોઈતી હોય તો સ્વામી દયાનંદે આપેલો નમૂનો સ્વીકારવા સરખો છે.

વેદ અને આર્યતાના પ્રતીક સરખા ઉપવિત પ્રત્યે મમત્વ કેળવી આપણી સંસ્કૃતિના વિજય ટંકાર તરફ સહુનું ધ્યાન દોર્યું.

આર્ય સંસ્કૃતિ બાપડી બિચારી મરવાને આળસે જીવતી કંગાલ સંસ્કૃતિ છે એવી વિકસતી જતી વિચારસરણીને પલટાવી નાખી આર્ય સંસ્કૃતિમાં અભિમાન લેતા સહુને કર્યા, અને એક એવી જોરદાર લગભગ લડાયક ભાવના ઊભી કરી કે બિચારા હિંદુને સામનો કરી શકે એવો, ધર્મ માટે મરી– મારી શકે એવો આર્ય બનાવી દીધો.

એમાંથી રાષ્ટ્ર અભિમાન વિકસ્યું એને ભારતીય રાષ્ટ્રની આજ સિદ્ધ થયેલી ભૂખ જાગી.

આમ રાષ્ટ્રના પુનર્જીવનમાં સ્વામી દયાનંદનો અને આર્ય-સમાજનો યશસ્વી ફાળો નોંધાયો જ છે. વેદને ભલે હું ઈશ્વર-પ્રણિત ન માનું; પરંતુ વેદ જેવા મહાગ્રંથમાં હું ગૌરવ જરૂર લઈ શકું. આર્યતાને હું ઉગ્ર અને મારકણી ભલે ન બનાવું; પરંતુ મારી

આર્યતાથી હું જરા ય શરમાઉં તો નહિ–જે જે આજે વિચિત્ર સંજોગોમાં સ્વતંત્ર ભારતના અગ્રણી મહાસભાવાદીઓએ કરવા માંડ્યું છે. હું તો ગાંધીજીને પણ આર્ય સંસ્કૃતિની જ વિજયકલગી ગણું છું. હું હિંદુ છું, આર્ય છું, આર્ય સંસ્કૃતિમાં અભિમાન લઉં છું એમ કહેતી વખતે રખે ને આપણા બંધુ મુસલમાનોને ખોટું લાગે! રખે ને આંતર-રાષ્ટ્રિય સમતુલા હાલી જાય! એવા ભૂતભડકા કેટલાક આગેવાનોને દેખાવા લાગ્યા છે. એમાં ગાંધીજીને અસ્ત થયેલા સમજું છું.

એ આર્યસમાજનો મેળાવડો મેં નવસારીમાં નિહાળ્યો. એમાં વક્તાઓનું ઊંચા પ્રકારનું વકતૃત્વ અને નગર-કીર્તનની નવીનતા મને નોંધપાત્ર લાગ્યાં. નગરકીર્તન ખરેખર અસરકારક નીવડ્યું હતું.

થિયોસોફિસ્ટો પણ નવસારીના લક્ષ્મણ – હોલમાં આવી ધાર્મિક વ્યાખ્યાનો આપી જતા હતા. શુદ્ધ ગુજરાતીમાં એક પારસી વક્તાને બોલતો સાંભળી મને હર્ષ પણ થયો. નવસારી ગમ્યું; પરંતુ કચેરીના કામની માહિતી મળે એટલામાં સુદર્શન ચક્ર સરખી બદલી એકાએક આવી અને મને માંગરોળ મહાલમાં વહીવટદારની જગાએ મૂકવામાં આવ્યો. નોકરી કરનારથી બદલીની બૂમ પડાય જ નહિ એ સિદ્ધાંત અનુસાર મારે દોઢ-બે માસમાં નવસારી છોડવાનો પ્રસંગ આવ્યો.

૭

નવસારીનાં એ સમયનાં કેટલાંક સ્મરણો હું નોંધી લઉં કે જે મને હજી પણ યાદ છે. સને ૧૯૧૬ના નવેમ્બર – ડિસેમ્બરમાં ગાયકવાડી નોકરીમાં દાખલ થયેલો હું નવસારીમાં લગભગ બે વર્ષની નોકરીએ પહોંચી ગયો હતો. બે વર્ષમાં મેં ત્રણ સ્થાન જોયાં : મહેસાણા, વડોદરા અને નવસારી. દરેકયુગને ટેવ પડી હોય છે કે તે પોતાના જૂના યુગને જરા કૂણી નજરથી જુએ અને ચાલુ જમાનાને અવશ્ય ઊતરતો ગણે. સને ૧૯૧૮માં એ સમયના વૃદ્ધો એમના જૂના કાળને સંભારી તેને વખાણતા હતા. આજ મને પણ એમ લાગે છે કે સને ૧૯૫૨ની સાલ કરતાં સને ૧૯૧૮ની સાલ અંગત રીતે વધારે સારી હશે ખરી. આજ કોઈને ત્યાં પણ મહેમાન

બનવું એના સરખું બીજું એક પણ પાપ નથી. અતિથિસત્કારની આજે જરા યે સગવડ રહી નથી. મહેમાનગીરી સ્વીકારવી અગર મહેમાનગીરી કરવી એ બન્ને આજના યુગમાં લગભગ ગુના બની ગયા છે. બીજા વિશ્વયુદ્ધનું એ મુખ્ય પરિણામ; અને આજના સ્વરાજ્યને ખારું બનાવતી એ પરિસ્થિતિ અંશતઃ આપણા રાજ્યકર્તાઓની અણઆવડતનું પરિણામ. તે વખતે પ્રથમ વિશ્વયુદ્ધ લગભગ પૂરું થયું હતું, પરંતુ એ યુદ્ધે ભારતના આતિથ્ય ગુણને આજની માફક ફટકો માર્યો ન હતો. નોકરીમાં બદલી થાય એટલે બદલીવાળે સ્થળે સગું વહાલું કે ઓળખીતું પહેલું શોધાય. મહેસાણામાં મારું આતિથ્ય કર્યું લગભગ એક મહિના સુધી ત્યાંના વિખ્યાત વકીલ શ્રી બાબારાયે, એ મારા શા સગા થાય? મારા પરમ મિત્ર અને સાઢુ રમાકાન્ત ઘારેખાનના એ મામા! નવસારીમાં પણ મારે પરિચિત વ્યક્તિ શોધવાની હતી. મારા પિતાએ શ્રી મદનલાલ માધવલાલ મહેતાનું નામ શોધી કાઢયું. તેઓ ત્યાં સર ફોજદાર–પોલીસ ઇન્સ્પેકટરનો હોદ્દો ભોગવતા હતા. મારા કરતાં તેઓ વધારે મોટા એટલે મને નહિ જેવો પરિચય. ચરોતરના તેઓ વતની એટલો જ મારો તેમના ઉપરનો હક્ક; અને ચરોતરના બાર ગામમાં મારું ગામ કાલોલ અને શ્રી મદનલાલનું ગામ પેટલાદ એ બે વચ્ચે લગભગ પચાસ માઈલનું અંતર–પગરસ્તે. વધારેમાં તેઓ મારા પિતાના એક મિત્રના જમાઈ થતા હતા એ અમારું સગપણ! એક ન્યાતીલાનો નાતો પણ એમાં ઉમેરી શકાય. એ સંબંધ-સગપણને આધારે હું નવસારી જતા બરોબર એકાદ અઠવાડિયું તેમને ત્યાં જ ઊતર્યો હતો. બીજું ઘર રાખી ઝડપથી ચાલ્યા જવાની મારી ઉતાવળ સામે શ્રી મદનલાલનો કડક વિરોધ હતો; અને શ્રી મદનલાલનાં પત્ની ક્ષયરોગથી પથારીવશ પડેલાં હતાં! આજ આ આતિથ્યનો સંભવ પણ સ્વીકારી શકાય એમ નથી. જૂનો કાળ અને નવો યુગ સંભારતી વખતે મને એક જ પ્રશ્ન પૂછવાનું મન થાય છે: હૃદયમાં આતિથ્યનો ભાવ વિકસાવે એ યુગ સારો કે અતિથિ સામે બારણાં અને આતિથ્ય સામે હૃદયનાં કમાડ બંધ કરવાની વૃત્તિ પ્રેરે એ યુગ સારો?

મને લાગે છે કે માનવજાતને સારી બનાવવી હોય તો આપણા આજના રાજ્યકર્તાઓએ કંજૂસાઈ અને એકલપેટાપણાની ઝડપથી પડતી જતી લોકોની ટેવ બદલાય એવી પરિસ્થિતિ ઊભી કરવી પડે ખરી. સરસ મિજબાનો તરીકે શ્રી બાબારાય અને શ્રી મદનલાલ બન્ને મને યાદ આવે છે. કમનસીબે એ બન્ને સ્વર્ગવાસી છે.

નવસારીના શ્રી સોરાબજી દેસાઈએ તેમના સંગ્રહસ્થાનમાં કેટલીક સારી ચીજો મને બતાવી હતી. તેમાંથી ચીની માટીના બે મોટા કટોરા મને હજી સુધી યાદ રહી ગયા છે. તે એટલા માટે કે તે કટોરાઓમાં મૂકેલી કોઈ પણ ઝેરી વસ્તુનું ઝેર એ કટોરા ચૂસી લેતા અને એ ઝેરી પદાર્થ સ્પર્શ માટે તેમ જ ભોજન માટે સાવ દોષ રહિત બની જતો. આ સત્યની પરીક્ષા તો કેવી રીતે થાય ? હું પોતે ઝેર ભેળવેલા પદાર્થ એ કટોરામાં મૂકીને ખાઈ જોઉં ત્યારે જ એ બને ! પણ તેને માટેની મારી તૈયારી ન હતી. દયારામનું એક કાવ્ય છે :—

'સક્કરખોરનું સાકર જીવન
ખરના પ્રાણ જ હરે.'

નાનપણની બેજવાબદારીના સમયમાં એ પ્રયોગ ખર ઉપર કરી જોવાની થયેલી ઇચ્છા સાકર હાથમાં આવતાં અંગત લાલચમાં બદલાઈ જતી અને ખરને બદલે હું જ સાકર ખાઈ જતો ! આમ પ્રયોગશીલ કે ગુનાઇત માનસમાંથી સર્જાનાર ખર અને સાકરનો સંયોગ આ લાલચ દ્વારા અટકી જતો ! રખે કોઈ માનસચિકિત્સક મારા આ કથનમાં ગુનેગાર માનસની કોઈ ઊંડી ભૂમિકા જોવા પ્રેરાય !

શ્રી સોરાબજી દેસાઈ મને નવસારીના એક ધનિક પારસી કુટુંબના સખાવતી બહેનની મુલાકાતે લઈ ગયેલા. મારાં પત્ની પણ તે વખતે નવસારીમાં જ હતાં. અમારું સુંદર સ્વાગત થયું. એ પારસી બહેનની બાહોશી અને સખાવતની મારા મન ઉપર ઠીકઠીક છાપ પડી. સખાવત બિલકુલ ન કરનાર ધનિકો કરતાં સખાવત કરનાર ધનિકો તો સારા જ કહેવા જોઈએ ને ? જોકે સગવડ હોય તેની સખાવતને સખાવત કહેવાનું મને બહુ મન થતું નથી. એ બહેનની સાથે થયેલી કેટલીક

વાતોમાંથી એક વાત મને આજ સુધી યાદ રહી ગઈ છે. વાર્તાલાપમાં તેમણે એક સૂત્ર ઉચ્ચાર્યું :

"માનવી ગરીબ ભલે હોય; પરંતુ તેને ગંદા રહેવાનો બિલકુલ અધિકાર નથી."

એ બહેન નાખુશ થાય એવો તો કોઈ ઉત્તર મેં આપ્યો નહિ હોય. પરંતુ ત્યારથી આજ સુધી હું આ પ્રશ્નનો ખૂબ ખૂબ વિચાર કરી રહ્યો છું, અને મને ખાતરી થતી જાય છે કે એ બહેને કહેલો સિદ્ધાંત મોટે ભાગે મારા મનથી ભ્રમ જ પુરવાર થયો છે. ગરીબી અને ગંદકી વચ્ચે મા-દીકરાનો સંબંધ છે. ગરીબીમાંથી જ ગંદકી ઉપજે છે. અને ગરીબીને ચાલુ રાખનારી જેટલા જેટલા પ્રકારની ધનિકતા હશે તે સર્વ કોઈ પણ ગંદકી માટે સહુથી પ્રથમમાં પ્રથમ જવાબદાર છે. ધનિકો આમે બહુ સ્વચ્છ રહેતા હોય એમ મારું માનવું નથી. છતાં જે ધનિકની એવી માન્યતા હોય તેને મારું એક જ સૂચન છે : ધન અને ધને આપેલી બધી જ સાહેબી ઉપર એક માસ પૂરતો હક્ક છોડી નવીન જીવનની શરૂઆત કરવી; અને તે પણ એક ઝૂંપડામાં, એક માળાના કબૂતરખાનામાં અગર મ્યુનિસિપલ નોકરની એકાદ ચાલમાં! એકાદ માસનો આ અનુભવ લીધા પછી એ ધનિક નવસારીવાળાં બહેનનું સૂત્ર ઉચ્ચારતો મારી પાસે આવે તો હું જરૂર તેના ચરણની રજ માથે ચડાવીશ જેના ચરણની રજ માથે ચડાવવાનું મન થાય એવો વિશ્વભરમાં આજ સુધી મારે માટે તો એક જ માનવી પાકયો છે : અને તે મહાત્મા ગાંધી! એને મુખે કદાચ એ સૂત્ર શોભે ખરું! એણે ધનિક રહીને એ સૂત્ર કદી ઉચ્ચાર્યું ન હતું.

સાથે સાથે મારો પારસીઓની સુઘડતા માટે ભારે પ્રશંસા કરવાની છે. સ્વચ્છમાં સ્વચ્છ વસ્ત્ર ધારણ કરનાર કોઈ પણ ગુજરાતી કોમ હોય તો તે પારસીઓની જ. તેમનાં વસ્ત્રોમાં છટા અને કિંમતીપણું વધારે ખરાં; તોપણ એમના પહેર વેશની સ્વચ્છતા મને તો આદર્શ અને અનુકરણીય લાગી છે.

અને પારસીઓનાં ગૃહઆંગણાં? પારસીવાડનું એકેએક ગૃહ,

નાનું કે મોટું, પોતાના સ્વચ્છ અને સુશોભિત આંગણાથી નિરાળું પડી આવે છે. સાથિયા અને છાપાં વગરનું એક પણ આંગણું પારસીઓનું ન હોય એ મારી સને ૧૯૧૮ની પડેલી છાપ હજી પણ ભુંસાતી નથી. અને ત્યારથી મારા હૃદયમાં એક સ્વપ્ન ઘર કરી રહ્યું છે કે ગુજરાતના એકેએક ઘરનું આંગણું પારસીઓનાં આંગણાં સરખું સ્વચ્છ અને સાથિયાથી સુશોભિત બની રહે! મારા સ્વરાજ્યની કલ્પનામાં આંગણું એ ઉકરડો નહિ પરંતુ 'કુમકુમ લીપ્યું' પ્રવેશ-દ્વાર હોય.

રખે કોઈ માને કે પારસીઓ બધા જ પૈસાદાર હોય છે. ગરીબ પારસીઓનાં ઘરઆંગણાં પણ સાથિયા છાપાંથી સુશોભિત રહેતાં મેં જોયાં છે...અને ઘણા ય ઢોરવાડાને નામે તિરસ્કાર પામતા મહોલ્લાઓ બ્રાહ્મણ અને વાણિયાવાડ કરતાં વધારે ચોખ્ખા હોય છે. ધનિકતાની સાથે આવતો ઘણો કચરો અને ધૂળ ગરીબીમાં ન હોય એ વાત સાચી. ગરીબીમાં કે ગરીબી વગર ગંદકી તો માનવીને ન જ શોભે, ન જ બોજે. સર્વોદયી સરકાર પણ હવે ગંદકી માટે જવાબદાર ગણાવા માંડશે.

અને સુશોભિત વસ્ત્રો પહેરી કૂવેથી પાણી ભરી લાવતી પાર-સણની કલ્પના આજ કોઈને આવે ખરી? સને ૧૯૧૮માં મેં કૂવેથી પાણી ભરી લાવતી પારસણો જોઈ હતી. આજ તો 'વૉટર વર્ક્સ' ને લીધે અપારસી સ્ત્રીઓને પણ શહેરોમાં હવે પાણી ભરતી જોવી અશક્ય બની જાય છે. કૂવા, પનઘટ અને પનિહારીની આસપાસ ઊપજતી કવિતા હવે નળની ચકલીઓ આસપાસ ઊતરશે ખરી? હજી ગામડામાં કૂવા રહ્યા છે ખરા! યંત્રયુગની કવિતા હવે જુદાં અવ-લંબન લેશે. કવિતા કદી મરશે નહિ—માનવી માનવી રહેશે ત્યાં સુધી.

મારું જીવન મહત્ત્વનું ન હોવાથી મેં મારા અંગની કશી જ નોંધ રાખી નથી. એટલે ઝાંખી ધુમ્મસમય સ્મૃતિ જ મારા પૂર્વ-જીવનને નિહાળવાનો આછો પ્રકાશ આપ્યા કરે છે. નવસારીના મારા પ્રથમ નિવાસનાં એટલાં સ્મરણો—અને એ સિવાયનાં બીજાં કેટલાં

ય–લઈ હું નવસારી પ્રાન્તના માંગરોળ તાલુકાના વહીવટદારનું સ્થાન સંભળાવા માટે ગયો. આજ મુંબઈ રાજ્યમાં જે અધિકારીને મામલતદાર તરીકે ઓળખવામાં આવે છે એ સ્થાન વડોદરા રાજ્યમાં વહીવટદારનું સ્વતંત્ર અધિકાર અને જવાબદારી સાથેનું એ મારું પ્રથમ સરકારી કામ. નોકરીનાં બે વર્ષ બાદ અમલદારીનો પડછાયો આમ મારા ઉપર પડચો.

રાજ્યવહીવટ પણ એક કૌશલ્ય માગતી કળા છે. બ્રિટિશ સત્તાને ગાળો દેવાની પડેલી આપણી ટેવ આજની સત્તાને પડતી ગાળો માટે કેટલે અંશે જવાબદાર છે એ તો જ્યારે નક્કી થાય ત્યારે ખરું. પરંતુ વહીવટનું જે વ્યવસ્થિત તંત્ર બ્રિટિશ સત્તાએ ઊભું કર્યું હતું. એ ખરેખર પ્રશંસા જ માગી લે છે. આજ સ્વરાજ્યમાં પણ બ્રિટિશ સત્તાએ આપેલા વહીવટી તંત્રમાં આપણાથી ઝાઝો ફેરફાર કરી શકાયો નથી. એ જ બ્રિટિશ તંત્રનો આદર્શ લક્ષ્યમાં રાખી એવું જ અને એનાથી પણ વધારે સરળ, ઉદાર અને પ્રજાસંપર્ક સાધી શકે એવું રાજતંત્ર શ્રી સયાજીરાવે ગોઠવ્યું હતું. એના મુલકી વિભાગની એક ગોઠવણ તે મહાલ–તાલુકો. ભારતનું વસતી એકમ એ ગામ, અને ગામોના સમૂહની આખી મુલકી વ્યવસ્થાનું કેન્દ્રિત વર્તુલ તે મહાલ–તાલુકો. એક તાલુકામાં ચાળીસ, પચાસ, સાઠ ગામ–ગામડાં હોય. એની સીમા સરહદ નક્કી થઈ ગયેલી હોય. તાલુકાનું જમીન-મહેસૂલ ઉઘરાવવાની મુખ્ય જવાબદારીભર્યું કામ જેને સુપરત કરવામાં આવ્યું હોય એ અમલદારનું નામ વહીવટદાર. જમીન મહેસૂલ ઉઘરાવવાનું એનું કામ મુખ્ય ખરું; પરંતુ એ કાર્યમાં આખી સરકારી જમીનની વ્યવસ્થા સાચવવાની હોય છે. જમીનની માલિકી સરકારની. માત્ર ભોગવટાના વિવિધ અધિકાર પ્રજાજનોએ ભોગવવાના. અને જમીન ક્યાં ન હોય ? એના ઉપર જ આખા તાલુકાની વસ્તી, ખેતી, ઉદ્યોગ, હુન્નર, કે મુસાફરી થયા કરે. એ દૃષ્ટિએ જમીનની સરકારી વ્યવસ્થા કરનાર અમલદારને ઠીકઠીક વ્યાપક સત્તાઓ અને પ્રતિષ્ઠા પણ મળેલી હોય છે. કેટલાંક સત્તાસ્થાનો સત્તાના સ્વરૂપને અંગે જ પ્રતિષ્ઠા પામે છે. અને જમીનની

વ્યવસ્થા કરનાર અમલદાર શરૂઆતમાં ધારે નહિ એટલી સત્તા અને પ્રતિષ્ઠામાં પોતાને વિંટળાયલો નિહાળે છે.

વહીવટદાર તરીકે આમ પ્રથમ જ મેં સત્તાનો ઝભ્ભો ઓઢચો માંગરોળ તાલુકામાં. સત્તા એ કેવી નશો ઉપજાવનારી વસ્તુ છે એનો પ્રથમ અનુભવ થયો મને માંગરોળ તાલુકાથી. નવસારીથી કોસંબા સ્ટેશને મારે ઊતરવાનું અને કોસંબાથી ઊપડતી બીજી નાની રેલગાડીમાં બેસી મારે વેળાછા ગામે ઊતરવાનું. કોસંબા સ્ટેશને હું ઊતર્યો, અને મને લેવા માટે એક મોટું ટોળું સ્ટેશને આવીને ઊભેલું મેં જોયું. હું ઊતર્યો તે સાથે જ મારા ગળામાં ફૂલના હાર પડચા...અને મારી પત્નીના ગળામાં પણ ફૂલહાર પડચા. મારા સરસામાનની હું કાળજી રાખું એના કરતાં કેટલા ય અજાણ્યા માણસોએ વધારે કાળજી રાખી અને હું કોઈ મહાપુરુષ હોઉં એ ઢબે ટોળાં વચ્ચે સલામો અને નમસ્કાર ઝીલતો હું વેળાછા જતી ગાડીમાં બેઠો.

ફૂલહાર શા માટે? આટલી બધી સરભરા શા માટે? હજી વધારે સરભરા થવાની બાકી હતી. ગાડીના ડબ્બામાં બેઠા પછી સરસ ચા અને નાસ્તો પણ મારે માટે આવી પહોંચ્યો. કોણે આ બધી વ્યવસ્થા મારે માટે ગોઠવી હતી? અહીં કોઈ મારું સગું ન હતું, વહાલું ન હતું, ન્યાતીલું ન હતું! છતાં આવું આતિથ્ય? હું શરમાયો અને મૂંઝાયો.

પોલીસ–સિપાઈઓએ મેં કદી નહિ માગેલી સલામ મારી સામે ફેંકવા માંડી. હું કોણ હતો? સારો માણસ હતો? લોકો ઉપર મેં કાંઈ ઉપકાર કર્યા હતા? હું સારું કામ કરી લોકોની આશા–અભિલાષા પૂર્ણ કરીશ એવો કોઈ વિશ્વાસ લોકોને મારું નામ સાંભળી ઊપજ્યો હતો?

એવું કાંઈ જ હતું નહિ. હું એક વહીવટદાર તરીકે માંગરોળ તાલુકાના પ્રવેશદ્વારમાં પગ મૂકતો હતો. હું હવે એક સત્તાધીશ હતો!

સત્તા સારી લાગી! સલામો ગમી! નમસ્કારને હું લાયક છું એમ

જ એ ક્ષણે મને લાગ્યું !

અને છતાં આવું સન્માન અપાવી રહેલી સત્તાએ મને બહુ જ ગંભીર પણ બનાવ્યો...લગભગ મૂંઝવણમાં મને નાખ્યો !

માત્ર વહીવટદારીમાં જ આટઆટલી પ્રતિષ્ઠા ! શું હશે એ સત્તામાં ? હજી મેં એ સત્તા ભોગવી પણ ન હતી.

વેળાછા ઊતર્યો ત્યારે પણ એ જ માનવગિરદી, અને એ જ સલામો !

માંગરોળ તાલુકાનું મુખ્ય સ્થળ ત્યારે વેળાછા નામનું ગામડું હતું. મશ્કરીમાં છવેલાદુ:ખનું ભરેલું ગામ એવો લોકો એનો અર્થ કરતાં.

આ બધું શું હશે ?

અરે, મારે માટે રસોઈ પણ તૈયાર હતી ! એ કોણે બનાવી ? શા માટે ? મેં કોઈને કહ્યું કે લખ્યું પણ ન હતું કે હું આવતાં બરોબર તૈયાર રસોઈ પણ માગવાનો છું ! કયા અધિકાર ઉપર હું એ માગી શકું અને એનો હું ઉપભોગ કરી શકું ?

કોને ખર્ચે એ રસોઈ, ચા અને ફૂલહાર મારે માટે થયાં હતાં ?

ખર્ચ મારો તો નહિ જ. એટલું હું ત્યારે જાણી શક્યો હતો. પછી સત્તાએ—સત્તાના ભણકારે આ બધું કર્યું શું ?

૮

ગામડે ફરીને હું ગ્રામજીવનને જોતો હતો, કચેરી સંભાળી વહીવટતંત્ર એટલે શું એની માહિતી લેતો હતો, ન્યાયાધીશ તરીકે સારામાં સારો ન્યાય કઈ રીતે આપી શકાય એ સમજવા મથતો હતો, લોકોના પરિચયમાં આવવાનો પ્રયત્ન કરતો હતો, સત્તાને લોભાવનાર અને સત્તાને અતંત્ર બનાવનાર તત્ત્વો મારા મનમાં ક્યાં ક્યાં હતાં અને એમને વિકસાવનાર બાહ્ય તત્ત્વો ક્યાં હતાં એ ઝીણવટથી છતાં ચાંપલાશ અને નીતિના ઘમંડ વગર કેમ નિહાળી શકાય એની તપાસ રાખતો હતો—અને મારો પગાર લેતો હતો—એટલામાં મને સમાચાર મળ્યા કે મારી બદલી વડોદરા થઈ !

સરકારી નોકરીમાં 'બદલી'– સ્થાનફેર–એ ભારે આફતરૂપ હોય

છે—અને છતાં એ અપરિહાર્ય, અનિવાર્ય આફત હોય છે. ત્રણ વર્ષ પહેલાં કોઈ અમલદારની બદલી કરવી નહિ એવો સામાન્ય નિયમ ખરો; પરંતુ એ નિયમ પોતે જ અપવાદ રૂપે પળાય છે. એક સ્થાનેથી બીજે સ્થાને જવું એમાં ખર્ચ પણ ઘણો થાય, અથડામણ ઘણી પહોંચે, પૂરતો અનુભવ મળતાં પહેલાં ખસવું પડે નવી એટલે નવી જગાએ નવેસર અનુભવ લેવાનો અને અસ્થિરતા ભારે. એ બદલી એટએટલા પ્રશ્નો ઊભા કરે છે સરકારી નોકરો બદલીના નામથી કંટાળે છે, એટલું જ નહિ, પણ કંપી ઊઠે છે, અને અનુકૂળ પડી ગયેલા સ્થળે ચાલુ રહેવા અગર બદલાવા માટે ભારે ખટપટો પણ ઊભી થાય છે. રાજવહીવટમાં ફેરબદલી એ ભારે ગૂંચવણ ભર્યો પ્રશ્ન ગણાય.

મેં પણ નોકરીમાં એકત્રીસ વર્ષ દરમિયાન સારા પ્રમાણમાં બદલીનો અનુભવ લીધો. પરંતુ કેટલાક નિશ્ચયોમાંનો આ પણ એક મારો નિશ્ચય હતો કે નોકરી સ્વીકાર્યા પછી માલિકતંત્ર જ્યાં મોકલે ત્યાં જવું જ. માંગરોળ મહાલ મને ગમ્યો હતો; ત્યાંનું કામ પણ ગમ્યું હતું; પાણી બહુ સારાં ગણાતાં નહિ છતાં મને બીક ન હતી. ડુંગરા અને જંગલવિભાગ મને ખૂબ ગમે. ઝંખવાવ એ કોસંબા રેલવેનું છેલ્લું સ્ટેશન. ત્યાં રાત્રે વાઘ પણ આવતા એમ ત્યારે સાંભળેલું. હું ત્યાં ગયો અને રહ્યો ખરો; પરંતુ વાઘનાં દર્શન થયાં નહિ. રાનીપરજ–કાળીપરજની પ્રજાની પ્રાથમિક સંસ્કૃતિનો અભ્યાસ કરવાની પણ વૃત્તિ હતી. એ બધું છોડી મારે વડોદરા આવવાનું હતું !

ઠીકઠીક મિજબાનીઓ પણ ગોઠવાઈ. બદલી – અને તે અમલદારની –ઠીકઠીક મિજબાનીની પરંપરાઓ ઊભી કરે છે. જેના ઉપર મેં કાંઈ જ ઉપકાર કર્યો ન હોય એવી વ્યક્તિઓ પણ મને માનપૂર્વક આમંત્રણો આપવા લાગી. આ અનુભવ પણ મારે માટે નવો હતો. બધી મિજબાનીઓ સ્વીકારી શકાય એમ હતું જ નહિ, એટલે ના ન કહેવાઈ એવી બે ચાર જગાએ મિજબાનીઓ સ્વીકારી મેં માંગરોળ છોડયું.

વડોદરાના રાજવહીવટમાં ત્યારે એક મોટો સુધારો કરવામાં આવ્યો હતો. શ્રી સત્યવ્રત મુકરજી તથા સદ્દગત વામનભાઈ સોમનારાયણ

દલાલ માઈસોર સેક્રેટરિયટનો અભ્યાસ કરી લાવ્યા હતા અને બીજા સેક્રેટરિયટના સહ અભ્યાસ સાથે તેમણે વડોદરા રાજ્યને અનુકૂળ પડે એવી ઉચ્ચતમ કચેરીની પુનર્ઘટનાનાં સૂચનો કર્યાં હતાં. અસલ દીવાનકચેરીને નામે ઓળખાતી વ્યવસ્થામાં અને તેના કામકાજની પદ્ધતિમાં ભારે ફેરફારો સૂચવાયા અને રાજ્યે તે સ્વીકાર્યા. એની વિગતમાં હું નહિ ઊતરું. પરંતુ એમાં દીવાન સાહેબને માટે એક સેક્રેટરી – મન્ત્રીની યોજના કરવામાં આવી હતી. મને ખબર પણ નહિ કે મારું નામ દીવાન સાહેબના સેક્રેટરીની જગા માટે સૂચવાયું હતું અને તેને મહારાજાની મંજૂરી પણ મળી હતી. હુકમ આવ્યો ત્યારે મને આ ખબર મળી. મહાલના અમલદારને સ્થાનથી દીવાનના સેક્રેટરીનું પદ! વાતાવરણ સત્તાની દૃષ્ટિએ ઉચ્ચ ખરું, પરંતુ મને તો ગામડાં અને મહાલ તથા ત્યાંનું કામ બહુ ગમતાં હતાં. મને અભિનંદન પણ મળ્યાં કે હું એવી જગાએ જાઉં છું જ્યાંથી મારી કારકિર્દીને વેગ ભર્યું ઉડ્ડયન મળી શકશે. મને મારી જગાનો સંતોષ હતો. પરંતુ હુકમનો અમલ કર્યા વગર ચાલે એમ ન હતું.

વળી મારાં માતાપિતા વડોદરા રહેતાં અને મારી નાની બહેન નવનીધ લાંબી માંદગી ભોગવતી વડોદરામાં મારે ઘેર જ સારવાર લેતી હતી. મને મારાં કુટુંબીજનો પ્રત્યે ઘણી જ મમતા અને તેમાં યે બહેનો પ્રત્યે મારો ભાવ અઢળક. સામેથી બહેનો પણ હું એકલા ભાઈને અત્યંત વાત્સલ્યથી સતત જોતી હતી. માંદી બહેનને જોવા હું નવસારી તથા માંગરોળથી ઘણી વાર આવી જતો. પરંતુ હવે મને તેની પાસે રહી સારવાર કરવાનો લાભ મળશે એ ખ્યાલથી વડોદરાની બદલી મને ગમી પણ ખરી. જેમ માંગરોળ મહાલમાં પ્રવેશતી વખતે મને ફૂલહાર મળ્યાં તેમ માંગરોળ મહાલ છોડતાં પણ મન પ્રસન્ન થાય એટલાં ફૂલહાર મળ્યાં. શા માટે? પ્રભુ જાણે!

હું વડોદરા આવ્યો. વડોદરે કોઈએ ફૂલહાર કર્યાં નહિ. માંડવી પાસે કાકાસાહેબની હવેલી સામે પ્રભુ કાશીની હવેલીના એક ભાગમાં અમે ભાડે રહીએ. બાજુમાં જુમ્મા મસ્જિદ. જ્યાં એક વિભાગમાં મારા પર્શિયન પ્રોફેસર નવાબઅલી રહેતા હતા. વડોદરે આવી હું

મારી જગાએ દાખલ થયો. દીવાન સાહેબના સેક્રેટરી તરીકે મારે સવારે નવ વાગ્યે દીવાન સાહેબને બંગલે જઈ સાડાઅગિયાર–બાર વાગ્યે પાછા ઘેર આવવાનું. વળી બપોરે અઢી ત્રણ વાગ્યે સેક્રેટરિયટ-કોઠી–કચેરીમાં જવાનું અને સાડાપાંચ વાગ્યે કચેરી છૂટયે પાછા આવવાનું. ગામને એક છેડે હું રહું; બીજે છેડે કે સ્ટેશનથી યે આગળ એક યુગમાં સુપ્રસિદ્ધ બનેલા 'દિલારામ' બંગલામાં દીવાન સાહેબ રહે.

મને એવો ખ્યાલ હતો કે દીવાન સાહેબના અંગત મંત્રી તરીકે દીવાન સાહેબનું ઘણું ઘણું કામ કરવાનું મારે માથે આવશે; તેમના અંગત પત્રવ્યવહારો અને યોજનાઓ વિશે મારે બહુ ઊંડા ઊતરી અનેક વિષયોનો અભ્યાસ કરવો પડશે. અને... અને...હું અંગત હોવાથી કોઈ કોઈ વાર મારી સલાહ લેવાની પણ જરૂર દીવાન સાહેબ પડશે ખરી. રાજબંધારણ, રાજનીતિ–Politics–office methods કચેરીના વહીવટી તંત્રનો અભ્યાસ વગેરે વિષયો ઉપરનાં પુસ્તકો કચેરીના પુસ્તકાલયમાંથી તેમજ વડોદરાની સુપ્રસિદ્ધ સેન્ટ્રલ લાયબ્રેરી માંથી હું લઈ ગયો અને ગંભીરતાપૂર્વક મેં એ પુસ્તકો વાંચવા માંડયાં અને તેમાંથી ટૂંકી નોંધ પણ કરવા માંડી. કપડાં પણ જરા ભભકાદાર પહેરવાં શરૂ કર્યાં. આમ તો સ્વભાવે હું કપડાંની બાબતમાં ઘણો જ રેઢિયાળ; કૉલેજમાં ફેલો થયો ત્યાં સુધી મેં કોટ પાટલૂન કે ટાઈ પહેરેલાં નહિ. મારી પત્નીને કપડાંનો ઘણો જ શોખ. એ ઇચ્છે પણ ખરી કે એના સરખી કપડાંની કાળજી અને પહેરવેશની સફાઈ મારામાં તો ન જ આવી; છતાં પત્નીને પ્રયત્ને હું વસ્ત્ર-શોખીન છું એવો દેખાવ તો મારી આસપાસ ઊભો થયો ખરો!...અને ભ્રમ ઠીકઠીક ચાલ્યો પણ ખરો.

હું સનાતની છું કે સુધરેલો એની મને જ હજી ખબર નથી! મૂર્તિપૂજામાં મૂર્ખાઈ છે એમ માનવા હું તૈયાર નથી. જોકે મૂર્તિની આસપાસ ઘણી મૂર્ખાઈઓ પ્રચલિત હોય છે એ હું જાણું છું. સાથે સાથે સ્ત્રીઓ ઊતરતી છે, તેમને ભણાવાય નહિ, જરૂર હોય ત્યાં પુનર્વિવાહ ન થાય એમ પણ હું માનતો નથી. આદર્શો બધા ય મને

ગમે છે. આર્ય અને અનાર્ય રીતરિવાજોની પાછળ રહેલી ઘટના વિચારી હું ઘણા કઢંગા રિવાજોને હસવા છતાં તેમને દૂર કરવાની જેહાદ ઉઠાવવા તલપી રહેલો નથી. વિચિત્ર લાગતી નવીનતાનાં પણ કારણો વિચારી એ નવીનતાને હું આવકારું પણ છું. જેહાદ ઉઠાવવા જેવી તીવ્રતા રહિત એક જાતની શિથિલ ઉદારવૃત્તિએ જુનવાણી અને નવીનતા પ્રત્યેનો મારો ભાવ એવી શિથિલ ઉદારતામાં કાંઈ નીપજે નહિ એ વાત સાચી. સાથે જૂની નવી વિચિત્રતા સામે મારામારી કરવા જેવું ઝનૂન કે ખુન્નસ પણ એથી ઉત્પન્ન થતું નથી; એટલે હું જીવનભર, બીજું કાંઈ નહિ તો ય, નિરુપદ્રવી ઠીકઠીક પ્રમાણમાં રહી શક્યો છું! આત્મકથામાં કદી કદી મને પોતાને પ્રમાણપત્ર આપવાની તક હું શા માટે જતી કરું?

મારી પત્નીનો વસ્ત્રશોખ, અલંકારશોખ, વ્યવસ્થાની ચીવટ અને વાર્તાલઢણ મને ખૂબ ગમતાં— જોકે મારાં લગ્ન પછી પણ તેનો પહેરવેશ અને તેની વાતચીતની ઢબછબ અમારી જ્ઞાતિમાં વાતચીતનો —કદાચ ટીકાનો વિષય બની રહેતાં ખરાં. અને એની મને ખબર પણ હતી મારું લગ્નજીવન પ્રમાણમાં ઘણું ટૂંકું, છતાં બહુ જ સુભગ, મંગલમય, પરમ આનન્દના અવિરત સ્રોત સરખું હતું; અને એણે મારી લગ્ન ભાવના, અને સ્ત્રીહૃદયની ઓળખ મને આપી છે એમ આજ પણ કહેતાં મને સંકોચ થતો નથી.

અમારાં લગ્ન પછીની થોડા જ દિવસની વાત છે. નાની સરખી વાત છે, છતાં નાની નાની વાતો જીવનને કેમ ઘડે છે એનું એ એક ઉદાહરણ પણ છે. પત્નીના વસ્ત્રશોખની સાંભળેલી વાત પ્રત્યક્ષ થઈ; સીધી સેંથી અને ચપ્પટ વાળ એ કેશગૂંથણીની સભ્ય, વિવેકી ડાહ્યાંડમરાંમાં ગણાવાને યોગ્ય રચના કહેવાય. સ્ત્રીઓ વસ્ત્રોમાંથી, અલંકારોમાંથી, કેશરચનામાંથી અવનવી સૌન્દર્યસૃષ્ટિ ઉપજાવે છે એ જાણીતી હકીકત. મારી પત્નીની કેશરચના ખાસ સભ્યતાની છાપ સ્વીકારે એવી તો ન હતી. મોટા કુટુંબમાં એકાંત ઘણું ઓછું મળે; એકાંત વગર પતિપત્નીથી અરસપરસ બોલાય નહિ એ લઢણ અમારા કુટુંબમાં ચીવટાઈથી પળાતી. સહજ એકાંત મળતાં મેં પ્રશ્ન કર્યો.

'તમે આવા ઊંચ–ફુલકા જેવા વાળ કેમ રાખો છો!' મારું સનાતની પાસું જોર કરી મને પુછાવી રહ્યું.

વળી અમારી જ્ઞાતિમાં પત્નીને તુંકારવાની મના કરે છે, અને એ રિવાજનું હું ઠીક ઠીક પાલન પણ કરતો હતો—નવીન રિવાજ પ્રત્યે જરા જરા ય ઈર્ષ્યા રાખ્યા વગર!

'એમ? તમને એ નથી ગમતું?' પત્નીએ પ્રશ્ન કર્યો. એ યુગમાં હજી પત્ની પતિને તુંકારવાની ભૂમિકાએ આવી પહોંચી ન હતી.

મારાથી કેમ કહેવાય કે એ મને ગમતું ન હતું? સાચે એ ગૂંથણી મને ગમતી જ હતી.

'ગમે તો છે...પણ લોકો વાત કરે છે.' મેં કહ્યું.

'ભલે ને લોકો વાત કરે! તમને ગમે એટલે બસ... અને મને લાગ્યું જ હતું કે તમને એ ઢબ ગમતી હશે.'

'શા ઉપરથી?' મેં પૂછ્યું.

'તમે પોતે જ એવા વાળ રાખો છો ને?'

ખરેખર હું પણ મારા વાળનો મોખરો ફુલેલો જ રાખતો હતો! કોઈને ખબર ન પડે એવું વાળનું અને રૂપનું અભિમાન ત્યારે મારામાં પણ હશે ખરું! આજ એ કાંઈ નથી; પત્ની પણ નથી. પરંતુ ત્યાર પછી મેં મારાં વસ્ત્રાલંકારની ગોઠવણ મારી પત્નીને જ સોંપી દીધી—અને તેને લીધે હું સહજ વસ્ત્રશોખીન પણ ગણાયો, જે હું ખરેખર ન હતો. પત્નીને જીવન સોંપવામાં ભારે સલામતી છે.

પત્નીની પસંદગી અનુસાર વસ્ત્રો ધારણ કરી હું દીવાન સાહેબના બંગલે અને કચેરીમાં જવા લાગ્યો. પ્રથમ દિવસે દીવાન સાહેબે બોલાવી મને પૂછ્યું:

'અહીં ફાવશે ને?'

'હા જી.' મેં જવાબ આપ્યો.

'કામની કાંઈ યોજના વિચારી છે?'

'કાંઈક અંશે...હમણાં તો હું...પુસ્તકો લાવ્યો છું અને નોંધ કરું છું.'

'તમને ઉપયોગી થઈ પડશે.' બહુ જ થોડાબોલા દીવાન મનુ-

ભાઈએ કહ્યું.

'બીજું તો આપ જે બતાવશો તે.'

'વારુ.' કહી તેમણે મને વિદાય આપી. ત્રણ ચાર કામનાં કાગળિયાં મારી પાસે નોંધ કરવાને મોકલ્યાં જે વાંચી નાખી મને સમજાય એવી નોંધ મેં કરી પણ ખરી. દીવાનની પોલિટિકલ શાખામાં કામ કરતા મારા મિત્ર શ્રી રામપ્રસાદ શાસ્ત્રી લાંબા સમયથી દીવાન સાહેબના અંગત એટલે બંગલે કરવાનું સરકારી કામ કરતા હતા. હું તેમને ત્યારે નહિ જેવું ઓળખતો. છતાં મારા કૉલેજના એક અંગત મિત્ર શ્રી મણિધર ભટ્ટના તેઓ નજીકના સગા હતા, એટલે અમારો પરિચય વધ્યો અને તે સુખદ હતો.

પરંતુ બે દિવસ, ચાર દિવસ, અઠવાડિયું થયું અને મને લાગવા માંડ્યું કે આ સ્થાને મને બાંધી રાખે એવું કશું જ કામ મારે કરવાનું હોતું નથી. અંગત કામ, કાગળપત્રોનો જવાબ, મુલાકાતની ગોઠવણ, સમયનોંધ એ બધું શ્રી શાસ્ત્રી કરતા જ હતા. અને કામોના થોકડા સીધા દીવાન સાહેબના હુકમ થઈ મારી તલપૂર પણ દરમિયાનગીરી વગર બહાર આવતા—જે માહિતગાર શાસ્ત્રી જ્યાં ત્યાં મોકલી દેતા. મને લાગ્યું કે હું તો અદ્ધર હવામાં જ ફરું છું!

૯

શ્રી મનુભાઈ દીવાનના સેક્રેટરી તરીકે આમ હું મને નિરુપયોગી લાગવા માંડ્યો. પુસ્તકો, નિવેદનો, વાર્ષિક નિવેદનો વગેરે વાંચવા છતાં જે કામ માટે મને નીમ્યો હતો તેમાં નહિ જેવો ઉપયોગ થતો હોવાથી હું મૂંઝાતો. તેમના ગૃહકામમાં કે કુટુંબ મેળામાં ઊતરી પડવાની ત્યારે મને સગવડ હતી છતાં મારો અતડો સ્વભાવ મને તેમ કરતાં રોકી રાખતો. મને સોંપાયલી દિલારામ બંગલાની ઓરડી હું શ્રી શાસ્ત્રીના સહભાગમાં ભોગવતો—પરંતુ એ ઓરડીથી આગળ બંગલાની અંદર હું કદી ગયો જ નહિ—અલબત્ત કામ પ્રસંગે દીવાન સાહેબના દીવાનખાનામાં કે તેમના કામ કરવાના ખંડમાં હું જતો. પરંતુ કુટુંબ સાથે, કુટુંબનાં છોકરાં કે સગાં સાથે હું કદી સંસર્ગ-માં આવ્યો નહિ. ભવિષ્યમાં સર મનુભાઈનાં પુત્રપુત્રી પ્રત્યે ભલા-

મણપત્રો લખાવવાનો આગ્રહ કોઈ મને કરતું અને હું તેમને ઓળખતો નથી એવો જવાબ આપતો ત્યારે સાંભળનારને તો આશ્ચર્ય થતું. સેક્રેટરી કુટુંબીજનોને ન ઓળખે? પરંતુ સત્ય એ જ હતું.

એનો અર્થ એમ નહિ કે અમે પરસ્પરને ન જ ઓળખીએ. કદી કદી પાર્ટીઓ અંગે અગર નિત્યની અવરજવરને લીધે દીઠ ઓળખાણ તો ખરું જ. અને લેડી મનુભાઈ કદી કદી સર્વની સાથે મારી સાથે પરિચયમાં આવ્યાં. પરંતુ એ આખું કુટુંબ ઘણું જ ઓછાબોલું હતું.

વડોદરાની સુપ્રસિદ્ધ સંગીતશાળા ત્યારે મૌલાબક્ષના વૃદ્ધ પુત્રની દેખરેખ નીચે ચાલતી. શ્રી મહારાજા સાહેબ માગે એવી ઝમક કદાચ એમાં નહિ આવતી હોય; અને આપણા જૂની ઢબના સંગીતકારો વર્તમાન યુગને શું ગમે છે તેનો વિચાર કરવાની તસ્દી જ લેતા નથી—આજ પણ. ફ્રેડલીસ નામના એક યુરોપિયન બૅન્ડમાસ્તર—જે સંગીતશાળા ઉપર પોતાનો અંકુશ લાવવા મથતા હતા, તેમની બોલવાની છટા અને પ્રિય થઈ પડવાનું લક્ષણ અમલદારી વર્ગમાં ઠીકઠીક અસર કરતાં હતાં. શ્રી મહારાજા સાહેબ ઉપર પણ તેમણે સારી. છાપ પાડી અને પરિણામે જૂના સંગીતકારને શાળામાં ચાલુ રાખવા સરખી આવડત છે કે કેમ તેની પરીક્ષા લેવાનો પ્રસંગ ઊભો થયો. શ્રી મહારાજા સાહેબ માત્ર પોતાની ખુશી નાખુશી ઉપર આધાર રાખી કોઈને નોકરીમાં રાખતા કે નોકરીમાંથી કાઢી મૂકતા એમ બનતું નહિ. નિયમ પ્રમાણે રખે પોતાનાથી અન્યાય ન થઈ જાય એની કાળજી રાખીને, સામા માણસને પોતાની બાજુ પૂરેપૂરી રીતે રજૂ કરવાની તક આપીને, અંતે તેઓ પોતાના છેલ્લા નિર્ણય ઉપર આવતા. સંગીતશાળાના ઉપરીએ પોતાની આવડત પુરવાર કરવા આજના સંગીતનિષ્ણાતોની સમિતિ પાસે ઊભા રહેવાનું ઠર્યું. સમિતિમાં દીવાન સાહેબ, જાણીતા વિદ્વાન શ્રી નરસિંહરાવ દિવેટિયા તથા અત્યારના સુપ્રસિદ્ધ સંગીત વિશારદ ઓમકાર નાથજી હતા. નરસિંહરાવ ત્યારે સંગીતની શ્રુતિઓ વિશેની ચર્ચામાં સંગીતના જાણકાર તરીકે આગળ આવી ગયા હતા. ગાંધર્વ મહાવિદ્યાલયની

લાહોર શાખા ચલાવતા ઓમકારનાથ ત્યારે તેમની પ્રસિદ્ધિની શરૂઆતમાં હતા.

એ પરીક્ષા દીવાન સાહેબના બંગલે લેવાઈ. ત્યારે મેં એ પરીક્ષા ખંડમાં મારા સેક્રેટરી તરીકેના હક્કનો ઉપયોગ કરી હાજરી આપી અને ત્યાં પ્રથમ ઓમકારનાથજીને જોયા. શ્રી નરસિંહરાવને તો હું સાધારણ ઓળખતો; બી. એ. પાસ થયા પછી મેં લખેલું ' સંયુક્તા ' નાટક તેમને બતાવવા મેં વિનંતી કરી હતી અને તેમણે તેના ઉપર પોતાની ટીકા મને લખી મોકલી હતી. ઘણું કરીને એ આખું નાટક મારે ફરી તપાસી ફરી લખવાની તેમની ભલામણ હતી. સંગીતની પરીક્ષા અન્ય પરીક્ષાઓ સરખી રસહીન હોતી નથી – જોકે પરીક્ષ્ય વ્યક્તિને તો તેમ ન જ લાગે ! મને યાદ છે કે નરસિંહરાવે પૂછેલા પ્રશ્નોમાં સોરઠ તથા દેશ રાગ વચ્ચેના તફાવત સમજાવવાનો એક પ્રશ્ન હતો. સંગીતકારની પરીક્ષા મને ગમી અને તેમાં ઓમકારનાથની કંઠ સૂરાવલી સાંભળી વૃદ્ધ ઉસ્તાદ– જેઓ પરીક્ષા આપતા હતા તેમની પ્રસન્નતા પણ મને હજી યાદ આવે છે. રાગ ભેદ સમજવા માટે ઓમકારનાથ જાતે ગાઈ પ્રશ્ન કરતા ત્યારે એક બે વખત એ પરીક્ષ્ય-વૃદ્ધથી બોલાઈ ગયું :

' વાહ ! ક્યા આવાઝ હૈ ! '

પરિણામ તો અંતે એ આવ્યું કે એ વૃદ્ધ ઉસ્તાદને રજા મળી અને સંગીતશાળાના અધિષ્ઠાતા તરીકે ફ્રેડલીસ આવ્યા. હિંદુસ્તાની સંગીત શીખવનાર શાળા એક યુરોપિયન સંગીતકારના હાથ નીચે મુકાઈ ! ફ્રેડલીસનું પશ્ચિમી સંગીતનું જ્ઞાન સારું હશે જ; એમણે હિંદુસ્તાની સંગીત પણ વાત કરી શકાય એટલું સાધ્ય કરી લીધું. પછી તો એ લાંબા ગાળા સુધી વડોદરાની સંગીતશાળામાં રહ્યા અને મહારાજના ખાનગી સંગીતકારો ઉપર અંકુશ રાખતા પણ બની ગયા. વહીવટી તંત્રની સંભાળ લેવાનું કામ પશ્ચિમની પ્રજાને ખરેખર સરસ આવડે છે. સંગીતશાળાનો આખો ચહેરો ફ્રેડલીસે ફેરવી નાખ્યો. જુદા જુદા વર્ગો તે કાઢે, સંગીતના કાર્યક્રમો ગોઠવી લોકોને રસ લેતા કરે, સંગીત સંબંધી ઐતિહાસિક વાતો કરે, સંગીતશાળામાં કામ કરતા

સંગીતકારોને એ જાગૃત રાખે અને સંસ્થાને વિકસાવે. ફેડલીસની આવડત ઓછી હશે; એનામાં ખટપટની શક્તિ હતીઃ ઘણો ઉપરછલ્લો અને લહેરી હતો એવી એવી વાતો સંભળાતી; છતાં એનો સ્પર્શ થતાં ઊંઘણશી જેવી લાગતી સંગીતશાળા જાગૃત બની ગઈ ખરી. એણે સારંગીશિક્ષણનો એક વર્ગ કાઢ્યો હતો. તેનો સહજ લાભ મેં પણ લીધો હતો.

સારીગમો અને ચીજો ગોખી રહી તૈયાર કરી. પરંતુ મને મારા કંઠે કદી સંતોષ આપ્યો નહિ. મને શિક્ષણ અપાતું હોય તે સાંભળી મારાં પત્ની મારા કરતાં વહેલાં એ શિક્ષણને સાધ્ય કરી લેતાં હતાં. મારા મિત્ર વિભુકુમારે તો કૉલેજના સમયથી સંગીતની તાલીમ લીધી હતી, અને મારા બીજા મિત્ર ઇન્દુવદનનો કંઠ જ એવો હતો કે એમાં સ્વાભાવિક રીતે જ ચીજ રાગ ઊતરી જાય. માત્ર હું જ સંગીતઠોઠ રહ્યો! મારા સંગીત શીખવાના પ્રયાસોનો ઇતિહાસ મારે મન રસિક અને ઉત્તેજક છે; બીજાઓને મન એ ઘણો રમૂજી નીવડે એમ છે! કવિતા રચવાની મને ઇચ્છા કદી થતી પરંતુ મારું મન રાગદારીની ચીજો તરફ વધારે ઢળતું. પરંતુ સંગીતની આવડત ન હોવાને લીધે મારા કાવ્યપ્રયોગો નમૂનાનાં ગીતોના ઢાળમાં જ સમાઈ રહેતા. રાગ-પ્રસ્તારની આવડત સુધી મારાથી પહોંચાયું નહિ, અને સુરદાસ, અષ્ટસખા, તાનસેન કે સદારંગ અદારંગ જેવી રાગદારીભરી ચીજો રચવાની મારી એષણા અફળ રહી ગઈ સંગીત શીખવા ફરી જન્મ લેવાની પણ ઇચ્છા થાય ખરી—મુક્તિ મળતી હોય તો પણ!

સવારમાં દીવાન સાહેબને બંગલે નહિ જેવું કામ. બપોર પછી કચેરીમાં પણ એનું એ જ. બધા જ કામ કરતા હોય અગર કામની વાતો કરતા હોય; હું કોઈ પણ કચેરીખંડમાં વધારે પડતો મને લાગતો. ઉપરીઓની, બીજા ખાતાના અમલદારોની તીખી તમતમતી ટીકાઓ ચાલ્યા કરતી, પરંતુ મારાથી એમાં ખાસ ભાગ લેવાતો નહિ, અને મારો સમય એળે જવા લાગ્યો.

એ જ અરસામાં મને એક સુંદર આશ્રય મળી ગયો.

વડોદરામાં ભરાયલી સહિત્ય પરિષદ વખતે શ્રીમંત મહારાજ

સાહેબે એક સારી રકમ અલગ કાઢી અને તેમાંથી કેળવણી ખાતા-મારફત સારાં પુસ્તકોનાં ભાષાંતર તથા અસલ ગ્રંથો રચાવવાની યોજના અસ્તિત્વમાં આવી; એમાં દીવાન સાહેબ મનુભાઈની પ્રેરણા અને પ્રયત્નને યશ ઘટે છે. તેઓની જાણમાં આવ્યું કે મને વાચન-લેખનનો કાંઈ રસ છે એટલે સર જોન લ્યુબોકનું Origin of Civilization નામનું પુસ્તક તેમની જ સૂચનાથી મને ભાષાંતર માટે મળ્યું.

આ યોજના એક જુદા ભાષાંતર શાખા નામના કેળવણી વિભાગને સોંપવામાં આવી હતી. એ વિભાગને અધ્યક્ષસ્થાને હાલ ભુલાઈ જતા સાક્ષર શ્રી જયસુખરામ જોષીપુરા હતા. એમનો ઉત્સાહ, એમની ખંત અને સાક્ષરતા માટેની ચીવટાઈ ખરેખર પ્રશંસનીય હતાં. એમની જ જોડમાં શ્રી ભાનુ સુખરામ નિર્ગુણરામ મહેતા તથા તેમના વિદ્વાન સુપુત્ર ભરતરામ પણ હતા. શ્રી ભરતરામને હું કૉલેજમાંથી ઓળખું. અંગત મૈત્રીના પરિઘમાં આવતાં સહજ રહી ગયેલા મિત્ર સમોવડા સ્નેહીઓમાં હું તેમને ગણું છું. તેમની હૂંફે હૂંફે અને મારા દીવાન સાહેબના સેક્રેટરીપદની પ્રતિષ્ઠાએ હું ભાષાંતર શાખામાં આછું આછું જવા લાગ્યો અને જોતજોતામાં એ બન્ને વડીલો શ્રી જયસુખરામ તેમ જ શ્રી ભાનુસુખરામે મારા સાહિત્યશોખને પરખી મને અપનાવી લીધો, અને નાનાં-મોટાં પુસ્તકો સયાજી સાહિત્યમાળા તથા બાળજ્ઞાનમાળાની શ્રેણીમાં લખવા માટે મને પ્રેર્યો. એમની કચેરી સાહિત્યકચેરી જ હતી. ગ્રંથરચનાનું જ એમનું કામ. એમાં સાહિત્ય-ચર્ચાઓ થતી, વાદવિવાદ થતા અને મને રસ પડે એવું વાતાવરણ જામતું. કચેરીના ભાગનો સમય કલાક દોઢ કલાક હું એ વડીલ સાહિ-ત્યકારોના સંગમાં નિત્ય ગાળતો.

## ૧૦

એક દિવસ મારાથી રહેવાયું નહિ. થોડું કામ હતું તે લઈ દીવાન સાહેબે મને બોલાવ્યો. એ કામ થઈ રહ્યા પછી મળેલી તકનો લાભ લઈ મેં મનુભાઈ સાહેબને કહ્યું :

‘સાહેબ ! મને લાગે છે કે હું આપને પૂરતો ઉપયોગી થઈ શકતો નથી.’

ઓછામાં ઓછું બોલી સામા માણસને જેટલું બોલવું હોય એટલું બોલવા દેવાની ટેવવાળા મનુભાઈ સાહેબે મને પૂછ્યું :

'શા ઉપરથી તમને એમ લાગ્યું ?'

'ઘણું કામ આપ જાતે જ કરી લો છો...અને બાકીના કામ માટે શાસ્ત્રી પૂરતા થાય છે...એટલે હું મને અહીં નિરુપયોગી લાગું છું.' મેં હિંમત કરી કારણ આપ્યું, જોકે મને ભય લાગ્યો ખરો કે દીવાન સરખા સત્તાધીશનું સાન્નિધ્ય છોડવાનું આમાંથી પરિણામ આવે તો મને મારી મૂર્ખાઈ માટે લોકો જરૂર હસવાના. કામ લેવું એ ઉપરીના હાથની વાત છે. ઓછું કામ હોવાના કારણે સારું સ્થાન જતું કરનાર હાસ્યાસ્પદ તો જરૂર બને. છતાં નહિ જેવા કામથી કંટાળી મેં ઉપરીને વિનંતી તો કરી, અને મારા આશ્ચર્ય વચ્ચે શાણા સર મનુભાઈએ મને બહુ જ ધીમેથી જવાબ આપ્યો :

'તમારું કહેવું સાચું છે...પરંતુ મારી કામ કરવાની ઢબ જ એવી છે કે હું જાતે બધું ન જોઉં ત્યાં સુધી મને સંતોષ થતો નથી...હું જોઈશ.' દીવાન સાહેબે મને કહ્યું. 'ઠીક છે...જોઈશ.'ના ટૂંકાક્ષરી મંત્રથી સહુનું સાંત્વન કરનાર સર મનુભાઈ ધારતા ત્યારે બરાબર જોતા; અને મારે માટે તેમણે કામ ઉપજાવ્યું.

વિશ્વયુદ્ધ પહેલાંનું એક પરિણામ એ આવ્યું કે સરકારી ખાતામાં આંકડાનું મહત્ત્વ એકદમ સ્વીકારાયું અને પછી ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ તરીકે જાણીતા થયેલા શ્રી ફીન્ડલે શીરાઝ નામના અંકશાસ્ત્રીના પ્રમુખપણા નીચે કલકત્તામાં Statistics – અંકશાસ્ત્રના વહીવટી શિક્ષણનો એક વર્ગ શરૂ કરવામાં આવ્યો, જેનો લાભ લેવા માટે દેશી રાજ્યોને પણ સૂચના કરવામાં આવી.

વડોદરા એક એવું રાજ્ય હતું કે જે કાંઈપણ વહીવટ નવીનતા નિહાળે તેનો લાભ લેવા જરૂર તત્પર થાય. સહકાર્ય ખાતાના ઉપરી શ્રી સેવકલાલ પરીખ, મુખ્ય અધિકારી શ્રી સાને અને હું એમ ત્રણ જણે આ વર્ગનો લાભ લેવો એવો હુકમ થયો. એક માસનો અભ્યાક્રમ હતો, પરંતુ મારે માટે એવો વિશિષ્ટ હુકમ થયો કે એક માસ વધારે રહી મારે અંકશાસ્ત્રનો અનુભવ મેળવવો.

મારે માટે કલકત્તા એ તદ્દન અજાણી જગા હતી. કલકત્તામાં મારા એક કૉલેજ મિત્ર શ્રી આદિત્યલાલ દોશી ગ્રેજ્યુએટ હોવા છતાં સરકારી નોકરીના મોહને છોડી વ્યાપારમાં પડ્યા હતા. તેમને મેં પત્ર લખ્યો. તેમણે બહુ સદ્‌ભાવભર્યો જવાબ આપી મારે માટે બધી સગવડ કરવાની જવાબદારી માથે લીધી...એટલું જ નહિ, પરંતુ મારી સાથે મારાં પત્નીને પણ લાવવાનો અને કલકત્તા બાજુ જોવાનો આગ્રહ કર્યો. મારાં પત્નીને હરવાફરવાનો ઘણો જ શોખ હતો, અને મારી પણ ઇચ્છા હતી કે એને હું મારી સાથે જ લઈ જાઉં. પરંતુ મુરબ્બીઓની એમાં સંમતિ ન મળી; અને મુરબ્બીઓને નાખુશ ન કરવાના વલણને લીધે હું એકલો જ કલકત્તા ગયો. શ્રી આદિત્યલાલ મને લેવા માટે ખાસ હાવરા સ્ટેશને આવ્યા હતા. પ્રથમ હું તેમને ત્યાં જ ઊતર્યો, અને દસ પંદર દિવસ પછી જ મારા આગ્રહને વશ થઈ તેમણે મને એક જુદે સ્થળે રહેવા જવા દીધો. તેમનાં પત્ની વિજયાલક્ષ્મીએ પણ મારું ઘણું સ્વાગત કર્યું, અને જે બે માસ કલકત્તામાં રહ્યો તેમાં એ બન્ને પતિપત્નીનું આતિથ્ય અને તેમની કાળજી હું વીસર્યો નથી. જિંદગી પણ એક અજબ રમત છે. કૉલેજમાં અમે ઠીકઠીક સાથે રહેતા. ગાંધી આશ્રમમાં સુપ્રસિદ્ધ બનેલા શ્રી વાલજી ગોવિંદજીના તેઓ મિત્ર હતા. કલકત્તામાં કોઈ ન કરે એવું આતિથ્ય તેમણે મારું કર્યું. પરંતુ સને ૧૯૧૯ કે ૨૦માં અમે કલકત્તા મળ્યા ત્યાર પછી હું અને આદિત્યલાલ કે તેમનાં પત્ની ત્રીસ બત્રીસ વર્ષે પણ ફરી મળી શક્યાં નથી!– મારી બહુ ઇચ્છા છતાં. આટલા બધા ગાળામાં અમે બન્ને એવા બદલાઈ ગયા હોઈશું કે કદાચ રસ્તામાં ભેગા થઈ જઈએ તો પરસ્પરને ઓળખી શકીએ કે કેમ એનો ભય રહ્યા કરે!

દમામદાર, વિજયી નીવડેલા બ્રિટિશ સામ્રાજ્યના પ્રતિનિધિ શ્રી ફીન્ડલે શીરાઝના વર્ગમાં વિધવિધ રાજ્યોના પ્રતિનિધિઓએ હાજરી આપી, જેમાં અમારો સમાવેશ થઈ ચૂક્યો. વડોદરા રાજ્યના પ્રતિનિધિઓમાં વચ્ચે તેમ જ પાયરીમાં હું ઊતરતો હતો. આવાં સ્થળોમાં પાયરી ઝડપથી પરખાઈ જાય છે. શ્રી સેવકલાલભાઈ વિદ્વાન, વાચાળ

અને ઝડપથી મૈત્રી બાંધી લે એવા સદ્‌ગુણો ધરાવતા હતા. શ્રી સાને જોકે મારી સાથે ત્યારથી બહુ નિકટ સંબંધમાં આવ્યા અને એ નિકટતા આજ સુધી સચવાઈ રહી છે, છતાં એ ઝડપથી મૈત્રીમાં ભાગ્યે જ ઊતરતા. હું પણ અંશતઃ અતડો ખરો. મારો મૈત્રીસંબંધ અત્યંત વિસ્તૃત, વિશાળ અને અનેકવર્ગીય છે, અને એમાં હું પરમ ધન્યતા અનુભવું છું. છતાં હું મૈત્રીમાં ધસતાં સર્વદા સંકોચ સેવતો આવ્યો છું, અને છે એના કરતાં વધારે વિશાળ અને ઉપયોગી મિત્રમંડળ ઊભું કરવાની મને ઘણી ઘણી મળેલી તક મેં જતી કરી છે. અનેક રાજ્યોના ભેગા મળેલા અમલદારોનો મને ત્યાં સંપર્ક થયો ખરો; પરંતુ એ સર્વની સાથે પડાવેલી એક સમૂહ છબી સિવાય કોઈ વ્યક્તિનું મને સંભારણું રહ્યું નથી. વર્ગમાં જુદા જુદા અંકશાસ્ત્રીઓ આવી અંકશાસ્ત્રનો વિષય ઝીણવટપૂર્વક સમજાવી જતા; બે અઢી કલાક આ વર્ગો ચાલતા; પછી ત્યાં બેસી વાંચવું હોય તો વાચન માટે સારી સગવડ હતી; પરંતુ અત્રે મોટા ભાગના અમલદાર વિદ્યાર્થીઓ વર્ગ પૂરો થયે ભાગી જતા. શ્રી સેવકલાલભાઈ ચા પીતા નહિ. પરંતુ શ્રી સાને તથા હું એમ બે વડોદરાવાસીઓ ભેગા મળી નિત્ય બપોરની ચા સાથે પીતા.

ઘણા માને છે કે મારો સંબંધ સાહિત્ય સાથે જ હોઈ શકે. વહીવટી તંત્રનો મને ઘણો અનુભવ છે, અને મારી સાહિત્યરચનાને વહીવટી તંત્રે ઠીકઠીક વેગ આપ્યો છે એ ભલે બીજું કોઈ ન જાણે; પરંતુ હું તો જાણું જ છું. વળી સાહિત્યને અને સરકારી નોકરીને —અને ખાસ કરીને મુલકી નોકરીને બને જ નહિ એવી પણ સામાન્ય માન્યતા ફેલાયલી હું જોઉં છું. પરંતુ એ બન્ને વચ્ચે માનવામાં આવે છે એવો વિરોધ મને કદી લાગ્યો નથી. સ્વાતંત્ર્ય મળ્યા પછીની સરકારી નોકરી લેખનકાર્યમાં વિઘ્ન નાખતી થઈ ગઈ છે. પરંતુ દેશી રાજ્યની નોકરી કરવા છતાં મને અંગ્રેજી કે દેશી રાજ્યની કકકમાં કડક ટીકા કે મશ્કરી કરતાં મને કોઈ ઉપરી-અમલ-દારે રોક્યો ન હતો, એ આજના સ્વાતંત્ર્યયુગમાં મારે સાભાર કબૂલ કરવું જોઈએ. આજના રાજદ્વારમાં નોકરી કરતાં કરતાં સને ૧૮૫૭ના બળવા સાથે

સંબંધ ધરાવતો 'ભારેલો અગ્નિ' કે ગાંધીવાદની યશગાથા સરખું 'દિવ્યચક્ષુ' હું લખી શક્યો હોત કે કેમ એની મને શંકા પડે છે. મહાસભાની સહજ પણ ટીકા સહી ન શકતા આજના ધર્માન્ધ મહાસભાવાદીઓ કરતાં મારા યુગનું દેશી રાજતંત્ર પણ વધારે ઉદાર હતું એવી મારી વધતી જતી માન્યતા સાચી ન ઠરે તો મારા જેટલો ભાગ્યે જ બીજાને આનંદ થશે.

એ સમયે હું સાહિત્યમાં જરા ય જાણીતો થયેલો નહિ; પરંતુ વાચનનો શોખ તો ત્યારે પણ ઘણો ભારે. Statistics – અંકશાસ્ત્રને લગતાં પુસ્તકો ત્યારે સારા પ્રમાણમાં મેં વાંચ્યાં, અને એને લગતું વિજ્ઞાન પણ ઠીક ઠીક જોયું. વર્ગીકરણ, પ્રમાણ, સરાસરી, ટકાવારી વગેરેનું મહત્ત્વ સમજાયું. માનવ જાતના ઉપયોગમાં આજની બધી જ વિદ્યાઓ સારી; પરંતુ અંકશાસ્ત્ર જેવી ચોક્કસ ગણાતી વિદ્યાનો પણ માનવી દુરુપયોગ કરી શકે ખરો! પ્રચાર જેમ જૂઠાણું બની જાય છે તેમ આંકડા પણ જૂઠાણું બની શકે છે.

પગાર એક રૂપિયો મળતો હોય તેના બે રૂપિયા કરવામાં આવે તો અંકશાસ્ત્રને આધારે પગાર આપનાર કહી શકે કે તેણે પગારમાં સો ટકાનો વધારો આપ્યો!

દસ રૂપિયાનો પગાર પાડનારને પંદર આપીને ખુશીથી કહી શકાય કે પગારમાં પચાસ ટકાનો વધારો કર્યો છે!

અને એને જ સાડાબારનો પગાર આપતાં એમ સચ્ચાઈપૂર્વક કહી શકાય કે પગારમાં પચીસ ટકાનો વધારો કરવામાં આવ્યો છે! જોકે સાડાબારને પચીસે પહોંચતાં જન્મારો વિતાવવો પડે!

અંકશાસ્ત્રના દુરુપયોગે આંકડાને જૂઠાણાનો સરદાર બનાવ્યો છે – Lies, Damn Lies and Statistics! જૂઠાણું, હડહડતું જૂઠાણું અને આંકડા; આવું જ વર્ગીકરણ આંકડાને જૂઠાણાના મુગટ તરીકે ઓળખાવે છે!

એ શાસ્ત્ર હું શીખ્યો. વર્ગ પૂરો થયા પછી મારે એક માસ વધારે રહેવાનું હતું, અને અંકકચેરીનું કામકાજ જોવાનું હતું. અને મેં એ વિસ્તૃત કચેરીનું કામ જોવા માંડ્યું. કેવડી મોટી કચેરી!

સેંકડો માણસો એમાં રોકાયલાં ! અને સેંકડો જાતના આંકડા ! પ્રાંતવાર આંકડા ! ઊભાં પ્રમાણુ અને આડાં પ્રમાણુ ! પછી તો આંકડાની ભુલભુલામણીમાં આપણે શું શોધવા નીકળ્યા છીએ એ જ ન સમજાય. મને ત્યારે જ લાગેલું કે આંકડા જરૂરી ખરા, પરંતુ જીવનમાં આંકડા સિવાય બીજા કશાનું જ મહત્ત્વ ન હોય એટલી બધી આંકડાની જટિલતા વધારી દેવાની જરા ય જરૂર નહિ. ફેંકી દેવાને પાત્ર, છ છ મહિને કે બારબાર મહિને સુધારવાને પાત્ર, સેંકડો છાપેલાં અંકપુસ્તકો જોઈ રાજવહીવટમાં પ્રવેશતી વહીવટી ઘેલછાનો મને અહીં અનુભવ થયો. થોડા જ સમયમાં એ ખાતું સંકોચાઈ ગયું અને શ્રી ફીન્ડલે શીરાઝ ગુજરાત કૉલેજમાં આવી પ્રિન્સિપાલ પણુ બની ગયા. એટલે મને લાગે છે કે આવા વિરાટ ખાતાની જરૂર ત્યારની હિંદી સરકારને પણુ પછીથી લાગી નહિ હોય.

કલકત્તાથી હું શાન્તિનિકેતન જઈ આવ્યો. કવિવર ટાગોરનું સાહિત્ય શ્રેષ્ઠત્વ વિશ્વસ્વીકૃત હતું, અને જલિયાનવાલા બાગના હત્યાકાંડ અંગે તેમણે સરકારને પાછો મોકલી દીધેલો 'સર' નો ઇલ્કાબ તેમનું રાજકીય ક્ષેત્રમાં પણ માન વધારી રહ્યો હતો. વિશ્વભારતી એ ઉચ્ચ શિક્ષણનો એક અવનવો પ્રયોગ પણ હતો અને તેમાં સંગીત, ચિત્ર, નૃત્ય વગેરે કળાઓને અપાયલું સ્થાન મારી જિજ્ઞાસાને જાગૃત કરી રહ્યું હતું. મારામાં Wander-lust–મુસાફરીનો શોખ કે ધગશ નથી; જરૂર કરતાં વધારે ફરવાનું મારાથી બની શકતું નથી. છતાં મુસાફરીનો કંટાળો જ આવે એવી બેઠાડુ વૃત્તિ ત્યારે મારામાં ખીલેલી નહિ. જગન્નાથજી જવું કે શાન્તિનિકેતન ? એ પ્રશ્નનો ઉત્તર શાન્તિનિકેતનની તરફેણમાં આવ્યો અને શાન્તિનિકેતન ગયો.

## ૧૧

કલકત્તાથી લગભગ એક રાત્રિ જેટલું બોલપૂર સ્ટેશનનું અંતર, એવો ખ્યાલ પણ રહી ગયો હોય. બોલપૂર થઈને પછી પગરસ્તે શાન્તિનિકેતનમાં જવાય. સ્ટેશનથી ત્રણચાર માઈલ એ સ્થળ દૂર હશે; આજ યાદ નથી. ત્યાં ઊતર્યો ત્યારે આજની માફક બસ કે ગાડીઓનાં સાધન હોય છે તેવાં ન મળે. હું અજાણ્યો હતો,

સામાન્ય માનવી હતો—અને હજી પણ છું જ. કોઈને ખબર પણ પણ આપેલી નહિ, એટલે માર્ગદર્શક તો કોણ મળે? હું સાથે સરસામાન ઠીક ઠીક રાખું છું. પૂછતાં બધે પહોંચાય. સરસામાન લઈ જવા માટે એક પાંજરા વગરનું બળદ ગાડું મળ્યું તે લઈ લીધું. હિંદની એકતા સિદ્ધ કરતાં બળદગાડાં અહીં પણ જોઈને મને આનંદ થયો. બાળપણમાં ગાડાની લાંબી મુસાફરીનો આનંદ બહુ લીધેલો. હવે તો એ અશક્ય બને છે. મારાથી અંદર બેસાય એમ ન હતું, કારણ મેં કોટ-પાટલૂન પહેર્યાં હતાં; અને ગાડા સાથે મેં પગે ચાલવા માંડ્યું. એ પણ બહુ સારું જ લાગ્યું હશે ને?

હું એવે સમયે શાન્તિનિકેતન પહોંચ્યો કે જ્યારે પ્રભાતવર્ગોમાં શિક્ષણ ચાલતું હતું. અને વર્ગો પણ ક્યાં ચાલતા હતા? વિશાળ-અતિ વિશાળ લીલોતરીવાળું વ્યાપક સ્થળ; વૃક્ષોની સુંદર અને રમ્ય ઘટા; વચમાં કુટિરો; એક કુટિર ને બીજી કુટિર સાથે જોડતા સરસ રસ્તા; અને વનશ્રીનો ભરાવ: આ સઘળું જોઈને મને પ્રાચીન ઋષિકુળ અને પ્રાચીન ગુરુકુળ યાદ આવ્યાં. એટલે મારી કલ્પના અહીં સાચી પડતી મેં જોઈ. વૃક્ષોની ઘટા નીચે વર્ગો ચાલતા હતા; લીલોતરી ઉપર બેસીને ગુરુ- શિષ્ય શિક્ષણનો વ્યવસાય ચલાવી રહ્યાં હતાં. શિષ્યોમાં યુવતીઓ કિશોરીઓ પણ હતી.

ગાડા સાથે ચાલી આવતા અજાણ્યા માણસને જોઈ એક સભ્ય શિક્ષક મારી તરફ આવ્યા અને બંગાળી ભાષામાં મને કાંઈ પ્રશ્ન કર્યો. એમને લાગ્યું કે હું બંગાળી છું. દૂર રહ્યે રહ્યે બંગાળીઓના રૂપ માટે મને સારો ખ્યાલ હતો. મૉડર્ન રિવ્યુનાં બંગાળી ચિત્રો પણ બંગાળી સ્વરૂપની સુંદર સજાવટ કરે એ સ્વાભાવિક ગણાય. મને પણ એ જ ખ્યાલ. પરંતુ કલકત્તા બાજુના પરિચયથી મને સમજાયું કે રૂપ તો જેમ ગુજરાતમાં પણ સામાન્ય ન હોય તેમ બંગાળમાં પણ રૂપ સામાન્ય તો ન જ દેખાયું. પ્રાંતિક વિશિષ્ટ છાપ ખરી, પરંતુ એ વિશિષ્ટતા સૌન્દર્ય તરફ જ વળે એવું કાંઈ નહિ. મને બંગાળી ધાર્યો એમાં મારે ખાસ ગૌરવ લેવા જેવું મને લાગ્યું

નહિ. અંગ્રેજી અમલમાં અંગ્રેજી ભાષાનો જ આશ્રય લેવો રહ્યો. મેં અંગ્રેજીમાં માફી માગી જણાવ્યું કે હું બંગાળી ન હતો, પરંતુ ગુજરાતી હતો, અને શાન્તિનિકેતનનાં દર્શને ખાસ કલકત્તાથી આવતો હતો. હું બંગાળી ન હતો એ હકીકત તેમને ગમી નહિ. છતાં તેમણે અત્યંત વિવેકથી મારું સ્વાગત કર્યું અને મને એક કુટિરમાં લઈ ગયા — જ્યાં એક ગુજરાતના પાટીદાર ભાઈ રહેતા હતા, તેઓ અભ્યાસ કરતા હતા કે ગુરુજન હતા એની સ્મૃતિ મને અત્યારે રહી નથી; પરંતુ અજાણી જગાએ એક ગુજરાતી ભાષા જાણતા અને બોલતા ભાઈ મળ્યા એથી મને સ્વાભાવિક રીતે સ્વસ્થતા પ્રાપ્ત થઈ. એમનું નામ હું અત્યારે ભૂલી ગયો છું. અમદાવાદની સાહિત્ય પરિષદ વખતે ટાગોર આવ્યા ત્યારે તેમની સાથે એ ભાઈ આવેલા, જ્યારે હું તેમને બીજી વાર મળ્યો. ત્યાર પછી તેમનો જરા ય સંસર્ગ મને રહ્યો નથી — તે એટલે સુધી કે બે દિવસ હું એમની સાથે જ રહ્યો, છતાં આજ નામ પણ યાદ આવતું નથી. તેઓ પોતે લેખનવ્યવસાયમાં ઊતરવાના હોય એમ મને ત્યારે લાગ્યું હતું. તેમની એક ગુજરાતી કૃતિ શાન્તિનિકેતનમાં મને વંચાવી હતી. પછી તો શાન્તિનિકેતન સ્વસ્થતાપૂર્વક હું જોઈ શક્યો. આપણી યુનિવર્સિટીઓ અને શાળા — મહાશાળા — પાઠશાળા ભવ્ય પાકાં મકાનોની પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે. એ બદલમાં કેળવણીને અતિશય મોંઘી બનાવી દે છે; એના કરતાં શાન્તિનિકેતનને પગલે નાનકડી કુટિરો અને વન—ઉપવન—બાગની ઘટા નીચે પોતાનું શિક્ષણ-કાર્ય કરે તો એ શિક્ષણ વધારે રસિક અને વધારે ફળદાયી બને એમ હું ક્યારનો યે માનતો આવ્યો છું. અરણ્યમાં શિખવાતાં આરણ્યકો અને ગુરુ—કુટિરમાં શિખવાતાં ઉપનિષદો આજની કૉલેજ—હાઇસ્કૂલના શિક્ષણ કરતાં ઓછાં અસરકારક તો નથી જ. આર્ય-સમાજનાં ગુરુકુલ તથા ટાગોરનું શાન્તિનિકેતન એ જ સ્થળ પસંદગી અર્થે સાચાં શિક્ષણસ્થાનો છે એમાં મને શક નથી. સિમેન્ટનાં ખોખાંમાં લાખ્ખો રૂપિયા ખાઈ જતા એન્જિનિયરોએ હજી વર્તમાન યુગનું કોઈ સ્થાપત્ય સરજ્યું હોય એમ દેખાતું નથી. અને કોઈ

પણ કૉલેજ–યુનિવર્સિટીના મકાને હજી યાજ્ઞવલ્કય, કબીર, ચૈતન્ય કે વલ્લભની ઝૂંપડી કે પાઠશાળામાં અપાયલા જ્ઞાનનો અલ્પાંશ પણ આપ્યો હોય એમ દેખાતું નથી. મને શાન્તિનિકેતનની સ્થળ-વ્યવસ્થા બહુ ગમી. આજ ત્યાં શું છે એની મને ખબર નથી. વૃક્ષ નીચે બેસી ભણતાભણાવતા આ ગુરુ-શિષ્યોનું દૃશ્ય મને હજી પણ ગમે છે, અને અભણ હિંદને ભણાવવું હોય તો વૃક્ષો નીચે શાળા ભરવામાં જરા ય અડચણ આવે એમ મને લાગતું નથી. પરંતુ યુરોપ અમેરિકાના મોહમાં પડેલા આપણા મહાન શિક્ષણશાસ્ત્રીઓથી પોતાના લાંબા ચોડા નિવેદનોમાં કેમ કરીને લખી શકાય કે વૃક્ષઘટા નીચે શાળા ચલાવવી શકચ છે? એકલા વ્યાપારીઓને નફાખોરીના દોષ માટે ભલે આપણે ગાળો દઈએ. આજ તો શિક્ષકો–મહાશિક્ષકો તો ખાસ કરીને – અને શિક્ષણશાસ્ત્રીઓ નફાખોરીના નમૂના તરીકે જરૂર વ્યાપારીઓની સ્પર્ધા કરી શકે એમ છે.

ત્યાંના કેટલાક વર્ગો મને બતાવવામાં આવ્યા. સંગીત અને ચિત્ર-શિક્ષણનો ક્રમ પણ મેં ત્યાં જોયો. વિદ્યાર્થીઓ અને ગુરુઓના સંબંધ પણ મેં નિહાળ્યા. ક્ષિતિમોહન સેનનો મને ત્યાં ઠીકઠીક પરિચય થયો. ટાગોરની પણ મુલાકાતનો મને લાભ મળ્યો. કેટલીક વ્યક્તિઓ જીવનભર ભુલાતી નથી –માત્ર એક જ વાર નિહાળી હોય તો ય. રવીન્દ્રનાથ ટાગોર એક વાર નિહાળ્યા પછી કદી ન ભુલાય, એવું સોહામણું વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમનો ગૌર, ઊંચો, સપ્રમાણ દેહ, કેશાવલીની છટા, મુખને શોભાવતી દાઢી અને ચમકતી આંખો, કલામય છતાં સાદાઈભર્યાં લાગતાં વસ્ત્ર અને તેમની આસપાસ ઊભું થતું વાતાવરણ તેમને ખરેખર એક આકર્ષ દેહધારી તરીકે ઓળખાવે એમ હતું. દેહ અને રૂપ પણ કિંમતી છે; અસંયમીને રૂપ હોય તો મન સંકોચાઈ જાય. સરસમાં સરસ પુરુષદેહની સ્પર્ધા યોજવામાં આવે તો રવીન્દ્રનાથ ટાગોરનું સ્થાન એમાં ઘણું ઊંચું આવે એમાં શક નહિ. સાક્ષાત્ ઋષિમુનિની આપણી કલ્પના એમના દેહમાં સિદ્ધ થતી આપણને દેખાઈ આવતી. બંગાળી પ્રજા પણ સરસમાં સરસ માનવદેહ ઉપજાવી શકે છે એની સાબિતી તે રવીન્દ્રનાથ ટાગોર.

ભારતને વિશ્વભરમાં ગૌરવાન્વિત બનાવનાર એ મહાસાહિત્યકારની મને પહેલી અને છેલ્લી મુલાકાતનું માન મળ્યું. મને તેમણે કલાકેક બેસાડ્યો, ગુજરાતી સાહિત્ય વિશે થોડી ઘણી વાતચીત થઈ; રાજદ્વારી વિષયો પણ ચર્ચાયા; અને વડોદરાની પ્રગતિ વિશે પણ કેટલીક વાતચીત થઈ. મોટાઈનું એક મહાલક્ષણ એ કે અલ્પતાને અલ્પતાનું ભાન ન થવા દેવું. એક વિશ્વવિખ્યાત વ્યક્તિની સામે મારા સરખો એક નાનકડો—કદે, પ્રતિષ્ઠામાં તેમ જ જ્ઞાનમાં નાનકડો—માનવી બેઠો હતો. એના સાથે કલાક સુધી વાતચીત કરવી એ ઘણી મોટી આવડત ગણાય. મારો કલાક ક્યાં પસાર થયો એની પણ મને તેમણે ખબર ન પડવા દીધી. તેઓ ખડખડાટ હસી પણ શકતા હતા. એમની કવિતા, નાટકો તથા વાર્તાઓ હું સન્માનપૂર્વક વાંચતો. આજ પણ મને 'ગીતાંજલિ' 'ક્રેસન્ટ મૂન' અને 'ગાર્ડનર' ગમે છે. એ મહાગ્રંથોના લેખકની સાથેની વાતચીતમાં રસ પડ્યા વગર રહે જ નહિ. વડોદરા રાજ્યની નોકરીમાં જોડાયલા ચબરાક ને વિલક્ષણ વ્યક્તિત્ત્વવાળા શ્રી મુકરજીની પણ તેમણે ખબર પૂછી હતી. મેં તેમના હસ્તાક્ષર માગ્યા. પોતે જાતે ઊઠી એક સરસ સુગંધિત કાગળ ઉપર તેમણે ખુશીથી પોતાની સહી કરી આપી—જે લાંબા સમય સુધી મેં સંઘરી રાખી હતી. જીવનભરમાં કોઈના હસ્તાક્ષરની મેં માગણી કરી હોય તો તે રવીન્દ્રબાબુના હસ્તાક્ષરની.

બીજે દિવસે શાંતિનિકેતનના ચાલકો રવીન્દ્રનાથની વિશિષ્ઠ કુટિરમાં થતાં ભજનો સાંભળવા મને લઈ ગયા, અને મને કહ્યું કે મહેમાન તરીકે મારે રવિબાબુને પણ પોતાનું સંગીત સંભળાવવા આગ્રહ કરવો. હું દૂર પરદેશથી આવેલો હોવાના કારણે તેઓ મારા આગ્રહને માન્ય રાખશે, એવો તેમનો વિશ્વાસ હતો. અને એ વિશ્વાસ ફળ્યો પણ ખરો. મેં આગ્રહ કર્યો, અને તેમણે તેમનાં બેચાર ગીત સંભળાવ્યાં પણ ખરાં. ઉત્તર હિંદુસ્તાની સંગીતનો હું શોખીન રવીન્દ્રસંગીતથી મોહ પામી ગયો હોઉં એમ મને યાદ નથી. રવીન્દ્ર સંગીત તરીકે આજ પ્રસિદ્ધિ પામી બંગાળીઓ દ્વારા બહુ લાડ પામતું સંગીત તે સમયે પ્રસિદ્ધિ પામ્યું ન હતું. પ્રાન્તિક પ્રતિભાનું મહામાન

કરનાર બંગાળે ત્યારે રવીન્દ્રનાથને 'ગુરુદેવ' ની ઉપાધિથી નવાજ્યા હતા કે કેમ તે અત્યારે યાદ નથી. પરંતુ શાંતિનિકેતન સંસ્થા અને રવિબાબુ સરખી વિભૂતિનાં દર્શનથી મને ખૂબ સંતોષ અને આનંદ મળ્યાં. બે દિવસ મેં શાન્તિનિકેતનમાં ગાળ્યા. હું પાછો કલકત્તા આવ્યો; મારો અંકશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો; જરૂરી પુસ્તકો લઈ લીધાં અને હું પાછો વડોદરા આવી ગયો.

મારી બહેનો અને ભાણેજો બનારસમાં જ રહેતાં હોવાથી જતાં આવતાં એકબે દિવસ ત્યાં ઊતરી સહુને મળી પણ લીધું.

અને વડોદરા આવી મારા અભ્યાસનું નિવેદન કરતાં મેં એક નાની અંકશાખા વ્યાપારઉદ્યોગ ખાતામાં ખોલવાની સૂચના કરી, અને તે અંગે કયો કયો અભ્યાસ શક્ય છે તે પણ દર્શાવ્યું. સર મનુભાઈને મારું એ નિવેદન ઘણું ગમ્યું, અને તેમણે મને પોતાના સેક્રેટરીપદથી છૂટો કરી સર મણિલાલ નાણાવટીના પ્રમુખસ્થાને ચાલતા વ્યાપારઉદ્યોગ ખાતામાં મને મદદનીશ તરીકે બદલ્યો, તેમ જ અંક ખાતાની એક શાખાનું કામ પણ મને સોંપ્યું.

આમ દીવાન સાહેબના સેક્રેટરીની મહત્ત્વની–પણ કામ વગરની લાગતી–જગાએથી હું વ્યાપારઉદ્યોગ ખાતાના-ઉપરીનો મદદનીશ બન્યો!

મારી કામ કરવાની ઇચ્છાને આ ઢબે સર મનુભાઈએ આકાર આપ્યો.

## ૧૨

વ્યાપારઉદ્યોગ ખાતામાં આખું નવું જ વાતાવરણ. શ્રી મણિલાલ નાણાવટી ત્યારે 'સર' થયા ન હતા; પરંતુ સર બનવા સરખી બાહોશી અને રૂઆબ ત્યારે પણ ખરાં. આમ તો શ્રી મણિભાઈ સાહેબ હૃદયના બહુ જ કુમળા ગૃહસ્થ; પરંતુ કામ આપનાર અને લેનાર પણ ઘણા સારા. એમની પાસે ઝડપ જોઈએ; અને ઝડપી કામ જોઈએ. કામ પણ રેઢિયાળ ન ચાલે. મને વડોદરા, પેટલાદ, નવસારી તથા ગણદેવી ગામનાં વણાટ–કારખાનાનું અવલોકન કરવાનું કામ સોંપ્યું. આજ સુધી કરેલા કામ કરતાં તદ્દન જુદું જ આ કામ

હતું. Field-work-સ્થળે જઈને તપાસ કરવાની, ઓળખાણુ નહિ, સાથ નહિ; છતાં જે તે સ્થળના મુલકી અમલદારોને મળી આ કામ પાર પાડવાનું હતું. મુલકી અમલદારો આમ તો સભ્ય હોય; પરંતુ પટેલ-તલાટીને આપણી સોંપણી કરી દે, અને તેમની સહાય વડે ઘેર ઘેર જઈ તપાસ કરી માહિતી મેળવવાની. કેટલીક માહિતી -પુસ્તિકાઓ પણ તેમણે મારી પાસે તૈયાર કરાવી; અને અંકશાખા -Statisticsનું કામ જે ડૉ. પગારે મારી પહેલાં શરૂ કર્યું તે કામ પણ મારે કરવાનું હતું જ.

અહીં મને જાણીતા સાહિત્યકાર શ્રી તારાચંદ્ર અડાલજાનો અંગત પરિચય થયો. શ્રી અડાલજા ત્યારે અને પછીથી પણ વ્યાપાર-ઉદ્યોગ ખાતામાં જ હતા. સાહિત્યકારોને અને વ્યાપારઉદ્યોગ ખાતાને શો સંબંધ? એ પ્રશ્ન કદાચ થાય. લેખકોને નોકરી આપવા માટે એ ખાતું સર્જાયું જ ન હતું...હજી પણ સાહિત્યકારો સમજી લે કે એવું કોઈ ખાતું સ્થાપન થયું દેખાતું નથી. શ્રી અડાલજા વણાટકામના ખાસ નિષ્ણાત હતા, અને જે ગૃહઉદ્યોગો માટે - ગ્રામ-ઉદ્યોગ માટે - ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમ ઉપજાવી અસહકારને આર્થિક ઝોક આપ્યો હતો એ ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગોને પુન-ર્જીવન આપવાના પ્રયત્નો વડોદરા રાજ્યમાં ક્યારના યે શરૂ થઈ ગયા હતા. શ્રી સયાજીરાવ ઘણી ઘણી દેશોન્નતિની યોજનાઓમાં ગાંધીજીના પુરોગામી હતા એમ કહીએ તો ખોટું નથી જ. ગુજ-રાતની ભાષાને તેમણે રાજભાષા બનાવી; હિંદીની આવડત વધારવા માટે તેમણે દરેક નોકરને અને વકીલને માટે હિંદીનું જ્ઞાન ફરજિયાત બનાવ્યું: અસ્પૃશ્યતા નિવારણ પણ તેમણે જ પ્રથમ હાથ ધર્યું; ફરજિયાત પ્રાથમિક કેળવણી સ્થાપી સર્વ પ્રજાજનો માટે આવશ્યક ભણતરની સગવડ ઊભી કરી. એમની દૃષ્ટિમાં ગ્રામ અને ગૃહઉદ્યોગનું મહત્ત્વ ન આવે એ શક્ય ન હતું. એ ઉદ્યોગોનો પુનરુદ્ધાર શક્ય બને એ માટે વ્યાપારઉદ્યોગ ખાતાએ પણ પ્રયત્નો કરવાના હતા અને એ પ્રયત્નના એક પરિણામ તરીકે હાથવણાટના નિષ્ણાત તરીકે શ્રી અડાલજા ત્યારે પ્રયત્નો કરી રહ્યા હતા. શ્રી અડાલજાની મૈત્રીનો ત્યારે

મળેલો લાભ સદ્‌ભાગ્યે આજ પણ ચાલુ છે. તેમનાં પુસ્તકો ઘણાં લોકપ્રિય હતાં અને આ વખતની નવરાશમાં અમે બન્ને સાહિત્યચર્ચા પણ કરતા હતા. કદાચ એકબે નાનાં મોટાં સાહિત્યમાળામાં પુસ્તકો લખ્યા સિવાય હું ત્યારે ભાગ્યે જ કાંઈ લેખનપ્રવૃત્તિ કરતો. કદી કદી શ્રી ભાનુસુખરામના 'ચંદ્રપ્રકાશ' માસિકમાં લેખ લખતો હોઈશ. એ ઉપરાંત મને કે ગુર્જર દુનિયાને મારી લેખનપ્રવૃત્તિની કશી માહિતી ન હતી.

પરંતુ મારો વાચનશોખ તો હતો તેવો ને તેવો જ જાગૃત રહ્યો, જેને વ્યાપારઉદ્યોગ ખાતાના પુસ્તકાલયે ઘણી સગવડો આપી. એ પુસ્તકાલયને શ્રી મણિભાઈ સાહેબે બહુ જ સમૃદ્ધ બનાવ્યું હતું. આર્થિક, સામાજિક, ઔદ્યોગિક અને વહીવટી પુસ્તકો ઘણાં સારાં મારા જોવામાં આવ્યાં; વિવિધ પ્રકારનાં આર્થિક અને સામાજિક અવલોકનો પણ ત્યાં મારા જોવામાં આવ્યાં; સમાજશાસ્ત્રને લગતાં પણ સરસ પુસ્તકો ત્યાં હતાં; અને ઉપરી તરીકે શ્રી મણિભાઈ વાચનને ઉત્તેજન આપતા હતા – સીધું નહિ આડકતરું. સામાજિક કાર્યોનો એક કોશ ત્યારે તેમણે મને બતાવ્યો, જે વાંચીને પશ્ચિમની સમાજસેવાના મહાવિસ્તારે મને આશ્ચર્યમુગ્ધ કર્યો. તે યુગના યુવાનોની માફક મને પણ સમાજસેવા અને સામાજિક કાર્યો વિચારપૂર્વક, સિદ્ધાંતોનો આધાર લઈ, અભ્યાસ કર્યા પછી વધારે સફળતાથી કરી શકાય એવો સ્પષ્ટ ખ્યાલ મને આ વ્યાપારઉદ્યોગ ખાતાએ જ આપ્યો એમ કહીએ તો ચાલે. સામાજિક કાર્યોએ મને બહુ જ આકર્ષ્યો છે, અને સાહિત્ય કરતાં પણ મને સામાજિક કાર્યો કરવાં વધારે ગમે છે; જોકે નોકરીએ તેની મર્યાદા બાંધી દીધી હતી. છતાં નોકરી સાથે ઘણાં ઘણાં કામો થઈ શકે છે એની સ્પષ્ટતા વ્યાપારઉદ્યોગ ખાતાના પુસ્તકાલયે મને કરી આપી.

વ્યવસ્થાપૂર્વક થઈ શકતી સામાજિક સેવા પ્રત્યે મને રસ ઉપજાવનાર એક બીજી વ્યક્તિને પણ હું આ સ્થળે યાદ કરી લઉં. એ વ્યક્તિ તે ડૉકટર સુમંત મહેતા. રાજકારણના મતભેદ કેટલી યે સમર્થ વ્યક્તિઓને નિષ્ફળ અને નિરર્થક બનાવી દે છે, એના

ઉદાહરણમાં ડૉક્ટર સુમંત મહેતાને ગણાવી શકાય કે કેમ એ બદલ મારી પાસે કાંઈ પુરાવા તો હોય જ નહિ; પરંતુ મને સંભવ લાગે છે ખરો કે કોઈ રાજકીય મતભેદે આ શક્તિશાળી પુરુષની મળવાપાત્ર સેવાઓથી ગુજરાતને વંચિત રાખ્યું હશે. સમયનો ક્રમ હું વીસરી ગયો છું; પરંતુ મને એટલું તો ચોક્કસ યાદ છે કે વડોદરામાં ડૉક્ટર સુમંત મહેતા શેરીએ શેરીએ ફરતા; કોઈના મકાનમાં નાનકડી સભા ભરતા અને શેરીને જ એકમ–Unit–ગણી એ મર્યાદામાં રહીને કેટલાં વ્યાપક સામાજિક કાર્યો થઈ શકે એની દોરવણી આપતા અને એ સંબંધમાં ચર્ચા પણ કરતા. સમાજસેવાના મારા અસ્થિર, ઊંડ વિચારોનો વ્યવસ્થિત રૂપ આપવામાં ડૉક્ટર સુમંતનો ફાળો છે એ મારે આ સ્થળે સાભાર કહી દેવું જોઈએ. માનવી કેટલા ઘડવૈયાઓનું ઘડતર હશે? કદી કદી એકાદ નાનકડું વ્યાખ્યાન, એકાદ સૂચન કે કોઈ વ્યક્તિનું દર્શન માત્ર માનવીના હૃદયને એક એવો ઝોક આપી દે છે કે જે ઝોક ઉપર જ તેનો જીવનમાર્ગ રચાઈ જાય છે. ડૉ. સુમંતનો મને ત્યારે તેમ જ આજ પણ અંગત પરિચય બહુ જ થોડો...ત્યારે તો નહિ જ. છતાં પરિચય વગર પણ આપણા જીવનનાં કેટલાંય પાસાં ઘડનાર વ્યક્તિઓ હોય છે એનો વિચાર મને કલાપીની સુપ્રસિદ્ધ પંક્તિઓ તરફ વારંવાર દોરી જાય છે—

‘બ્રહ્માણ્ડ આ તો ગૃહ તાતનું છે;
આધાર સૌને સહુનો રહ્યો જ્યાં!”

એ તાત ઈશ્વર હોય કે માનવ જાતનો આદ્યપુરુષ હોયઃ જે હોય તે. પરસ્પરનો આધાર એ તો પરમ સત્ય છે જ. એ બરાબર સમજાય તો ઘણાં ઘર્ષણો ઓછાં થઈ જાય. પરિચય વગર આપણા વ્યક્તિત્વ ઉપર ભારે અસર કરનાર વ્યક્તિનું દૃષ્ટાંત નિહાળવું હોય તો આપણે ગાંધીજીને જરૂર યાદ કરીએ.

શ્રી મણિલાલ નાણાવટીએ ત્યારે ઘણું કરીને ‘ભડકદ’ નામના ગામનું એક આર્થિક અને સામાજિક અવલોકન કર્યું હતું; રાજ્યના

સૈન્ય ખાતાનું વ્યક્તિગત આર્થિક અવલોકન પણ કર્યું હતું; અને આવાં આવાં અવલોકનો બીજે થાય એ માટે અવલોકનના સરસ નમૂનાઓ ગોઠવ્યા હતા. એમાંથી પણ મને સમાજસેવાની શાસ્ત્રીય બાજુ જોવાનું સારું સાધન મળ્યું. પરંતુ અહીં જ મારી અમલદારીની મર્યાદા શીખવતો એક કડક પ્રસંગ ઊભો થયો એ પણ હું યાદ કરી લઉં. મને તો એ યાદ છે જ; પરંતુ શ્રી મણિભાઈ સાહેબ પણ સહજ હસીને એ પ્રસંગ યાદ હોવાનું હજી પણ જણાવે છે ખરા. ત્યારે તો હું માત્ર તેમનો મદદનીશ જ હતો. તેમના પરિચય વર્તુલમાં તેઓ કડકપણે જ પ્રવેશ કરવા દે છે એનો મને ત્યારે ભાસ હતો. આજ તો હું એમના પરિચય વર્તુલમાં આવી ચૂક્યો છું.

કોણ જાણે કેમ, પરંતુ પતિત સ્ત્રીઓના જીવનમાં મને પહેલેથી રસ છે – કોઈ પણ પતિતાના પરિચય સિવાય. પણ હું કલકત્તા અંકશાસ્ત્રના અભ્યાસ અર્થે ગયો ત્યારે કલકત્તામાં અસંખ્ય પતિતાઓને મેં ઠેર ઠેર જોઈ – જાહેર રસ્તે. બનારસના સરિયામ રસ્તે પણ એનું એ જ દૃશ્ય જોયેલું. મુંબઈ પરીક્ષા આપવા જતા ત્યારે ટ્રામના કોઈ રસ્તા ઉપર સંખ્યાબંધ નારીઓને રૂપાળા વસ્ત્રાલંકારો પહેરી પ્રદર્શનના રૂપમાં બેઠેલી જોઈ હતી. વડોદરા હાઇસ્કૂલમાં વિદ્યાર્થી તરીકે લહેરીપુરાને રસ્તે જતાં પણ આ વર્ગની સ્ત્રીઓને જાહેર માર્ગે બેસતી જોવામાં આવતી. ગણિકાની વાર્તાઓ તો વાંચવામાં આવે જ. નવલરામના વીરમતી નાટકમાં જ પાટણની જામોતી ગણિકાનું અને તેની પુત્રીનું ચિત્રણ આપ્યું છે. હું ધારું છું કે આ વર્ગની સ્ત્રીઓના જીવનનો પરિચય જરા ય ન લેનાર કેટલા ય નીતિમાન પુરુષોને આ વર્ગ તરફ કુતૂહલ તો જરૂર ઉત્પન્ન થાય. કલકત્તાના એક સરિયામ માર્ગ ઉપરના મકાનનાં બીજા–ત્રીજા માળે મેં એક પાટિયું વાંચ્યું—

Undcr the Patronage of Surendranath Banarajee.

( સુરેન્દ્રનાથ બેનરજીના આશ્રય નીચે )

અને એ પાટિયાની ઉપર આવેલી બારીમાં બે પતિતાઓ ઊભી હતી! પ્રથમ તો હું ચોંકી ઊઠ્યો. ધ્યાનપૂર્વક ફરી પાટિયું વાંચ્યું. પાટિયાવાળો માળ અને સ્ત્રીઓવાળો માળ જુદા હતા. પાટિયાની બીજી

વિગતોમાં મને પછીથી સમજાયું કે એ કોઈ દેશોદ્ધારક સભાની કચેરી કે કોઈ સ્વદેશી ઉદ્યોગની એ ઑફિસ હતી. પતિતાઓના પણ પોતાના જીવનનિર્વાહનો એક ઉદ્યોગ જ હતો ને? એ દશ્યે મારા માનસ ઉપર બહુ વિચિત્ર છાપ પાડી, અને પતિતાઓ વિશે શાસ્ત્રીય ગ્રંથો વાંચવાના મળે તો સારું એવી ઇચ્છા પણ જાગૃત થઈ.

વ્યાપારઉદ્યોગ ખાતામાં ઉપરીના મદદનીશ તરીકે મને સોંપેલી અંકકચેરી અંગે કેટલાક સ્વતંત્ર અધિકારો હતા, જેમાં પુસ્તકખરીદીના પણ મને અધિકાર મળ્યા હતા. પુસ્તકોની યાદીઓ વેચાણ માટે ઘણી ઘણી આવતી. મેં મારા અધિકારમાં પતિતાઓના પ્રશ્નને ચર્ચતી કેટલીક ચોપડીઓ મંગાવી. મારે કહેવું જોઈએ કે એ બધી શાસ્ત્રીય ચર્ચા કરતી ચોપડીઓ નહિ હોય. મેં તો માત્ર પુસ્તકનાં નામ ઉપરથી જ મંગાવેલી. ઉપરી-અધિકારીની ફરજ છે કે એણે ચારે પાસ નજર રાખવી. શ્રી મણિભાઈ જેવા દક્ષ ઉપરીની નજર બહાર તો એ વસ્તુ ન જ જાય કે હું પુસ્તકોનો શોખીન છું, અને પુસ્તકો મારા અધિકારમાં મંગાવું છું. એ પુસ્તકો મને કે ખાતાને ઉપયોગી થઈ પડશે કે કેમ એ પણ તેઓ જુએ એ સ્વાભાવિક ગણાય. યાદીમાં એકબે પતિતાઓના પ્રશ્ન ચર્ચતાં પુસ્તકો તેમણે જોયાં, અને એક દિવસ મારા ઉપર લેખી હુકમ આવ્યો કે મારે તેમની પસંદગી વગર પુસ્તકો મંગાવવાં નહિ.

હું મારા અધિકાર ઉપર મુસ્તાક હતો, મેં સામે લખી મોકલ્યું કે કયું પુસ્તક મારે મંગાવવું અને કયું નહિ તે મારા અધિકારની બાબત છે, એટલે એ અધિકાર અન્વયે હું પુસ્તકો મંગાવવા માટે મુખત્યાર છું.

અનુભવી વડા અમલદારે મને રૂબરૂ બોલાવ્યો. તેઓ ત્યારે હાથ નીચેનાં માણસો સાથે બહુ લાંબી વાત કરતા નહિ. તેમના મુખ ઉપર ત્યારે કડકાઈ પણ હતી. ત્યારે...તેમ જ આજ પણ તેમના વાર્તાલાપમાં બહુ હળવાપણું હોય જ નહિ. તેઓ હસી શકે છે સારી રીતે; પરંતુ તેમના હાસ્યમાં કોઈની નિંદા કે ચુગલી નહિ જ; અને મશ્કરી, સ્ત્રીઓના ઉલ્લેખ કે ચબરાકીમાં ગણાવાતું બીભત્સપણું તો

તેમની આસપાસ કદી હોઈ જ શકે નહિ. હું સારાં પુસ્તકો મંગાવું છું કે ખરાબ એ વિશે એમણે ચર્ચા જ કરી નહિ. માત્ર પત્રવ્યવહાર મારા હાથમાં મૂક્યો અને પૂછ્યું :

'તમારે આ સંબંધમાં શું કહેવાનું છે ?'

સામાન્યતઃ માનવીની બધી જ નિર્બળતાઓ મારામાં હોય જ. મારામાં અભિમાનનો – મિથ્યાભિમાનનો અંશ ઘણો ભારે છે; આજ પણ. ત્યારે તો હું બહુ ઘડાયેલો પણ નહિ; એટલે મેં જવાબ આપ્યો :

'સાહેબ ! મારું લખવું બરાબર છે. મારો અધિકાર છે અને તે પ્રમાણે મેં પુસ્તકો મંગાવ્યાં છે.'

'અધિકારની બાબતમાં તો...તમો જાણો છો ને કે તમારા અધિકાર પાછા ખેંચી લેવાનો મને અધિકાર છે !...હું કહું છું તેમ કરો...મારી પસંદગી વગર પુસ્તકો તમે ન જ મંગાવશો...બસ... તમે હવે જઈ શકો છો.' કહી શ્રી મણિભાઈ સાહેબ બીજા કાગળો જોવા માંડ્યા.

મારું માન અને સ્વત્વ છણછણી ઊઠ્યાં. પરંતુ જવાની આજ્ઞા આપી ચૂકેલા ઉપરી પાસે વધારે બેસાય એમ પણ હતું નહિ. વધારે જોરથી બૂટ પછાડતો હું મારે સ્થાને પાછો આવી ગયો. મને મારી મર્યાદા દર્શાવનારો આ પહેલો જ અનુભવ હતો. મારા ગયા પછી શ્રી મણિભાઈ સાહેબે તો સ્મિત જ કર્યું હશે. તેઓ કડક અને સખ્ત કામ લેનાર ખરા; પરંતુ સારી સમજ, કૃપાભાવના અને હાથ નીચેના માણસોને સારું શિક્ષણ મળે એવો સિદ્ધાંત ધરાવનાર અમલદાર પણ હતા.

ચોવીસ કલાક સુધી મારું મન માન્યું નહિ. મારા અધિકાર ઉપર તરાપ પડી છે એમ જ મને લાગ્યું. શ્રી મણિભાઈ સાહેબ તો જાણે એ વાત થઈ જ ન હોય એમ મને કામ પ્રસંગે બોલાવ્યા કરતા હતા. અંતે એક અઠવાડિયા પછી મારા મનનું સમાધાન થયું. મને પોતાને જ લાગ્યું કે મારા મદદનીશે ગમે તે પુસ્તકો મંગાવ્યાં હોત તો હું શ્રી મણિભાઈ સાહેબ વધારે કરતાં ઉગ્ર પગલાં કદાચ

લઈ ચૂક્યો હોત. પતિતાના પ્રશ્નમાં મને અંગત રીતે રસ ભલે હોય; પરંતુ વડોદરાના વ્યાપારઉદ્યોગ ખાતાના ઉદ્દેશમાં પતિતાઓના વ્યવસાય સમાતો ન હતો. એ વર્ગ પ્રત્યે મને, મારા ઉપરીને કે રાજ્યને ગમે એટલી સહાનુભૂતિ હોય છતાં પતિતાઓના સામાજિક અવલોકનનું કામ કાંઈ ખાતાએ હાથમાં લીધું ન હતું. મારા અંગત રસનાં વાચનને હું ખાતાની સીમામાં ભેળવી દેવા મથતો હતો એ મારા સરખા મદદનીશને તો ન જ શોભે. ખાતાના વડા કદાચ અનેક દૃષ્ટિએ વિચાર કરી પુસ્તકો મંગાવી શકે, પરંતુ મદદનીશને તો એ અધિકાર ન જ હોય. અંગત કુતૂહલને વહીવટી તંત્ર સાથે ભેળવી દેવામાં હું મારા મદદનીશ તરીકેના અધિકારનું અતિક્રમણ કરતો હતો એમ મને ચોક્કસ લાગ્યું. પછીથી મેં પુસ્તકોની યાદી પસંદગી માટે શ્રી મણિભાઈ સાહેબ પાસે મોકલાવી. એમાંનું એકે પુસ્તક નાપસંદ થયું નહિ; પરંતુ એ યાદીમાં પતિતાઓને અનુલક્ષતું એક પણ પુસ્તક ન હતું !

પોતાના હાથ નીચેના અમલદારને પતિતાઓ સંબંધી ગ્રંથો વાંચવાનો શોખ છે એવી વાયકા તેના ભાવિને લાભ કરતા ન નીવડે એવી સ્વાભાવિક માન્યતા અને શુભેચ્છક વૃત્તિથી પ્રેરાઈને શ્રી મણિભાઈ નાણાવટીએ ઉપરી તરીકે મને મારી અનેકવિધ મર્યાદા સમજાવી એમ હું ત્યારથી સાભાર માનતો થયો છું. તેઓ આજ પર્યંત મારા શુભેચ્છક રહ્યા છે એ હું જાણું છું.

મારું આ પ્રશ્ન સંબંધનું કુતૂહલ મારા અભ્યાસને રૂંધી શક્યું નથી; પરંતુ ખાનગી કુતૂહલ અને સરકારી કામના ભેદ મને અહીં સમજાયા. એ કુતૂહલને પરિણામે 'પૂર્ણિમા' નામની એક નવલકથા પણ મેં ગણિકા-વ્યવસાયને અંગે પછીથી લખી, અને 'અપ્સરા' નામનો પાંચ ખંડમાં ફેલાયલો એક અભ્યાસગ્રંથ પણ મેં બહાર પાડ્યો છે. એટલું જાહેર કરી લઉં: એ અભ્યાસથી હું હોઈશ તે કરતાં વધારે નઠારો માણસ બન્યો નથી જ. સાથે સાથે એ પણ કહી લઉં કે એવા વર્ગના અભ્યાસ બહુ સંયમ માગે ખરા. શ્રી મણિભાઈ સાહેબનો તો હું ત્યારથી આભાર માની જ રહ્યો છું.

## ૧૩

વ્યાપારઉદ્યોગ ખાતામાં વર્ષેકનો અનુભવ લીધો અને વળી પાછી મુલકી ખાતાની પોલિટિકલ–રાજકીય વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે મારી બદલી થઈ. વારંવાર થતી ફેરબદલીઓ એ રાજ્યવહીવટની એક પ્રકારની નબળાઈનું સૂચન કરે છે. એમાં કામ કરનારનું મન અસ્થિર રહે છે, કામની પકડ આવતાં બરોબર આખું કામ જ હાથમાંથી ચાલ્યું જાય એટલે આવડત નિષ્ફળ બની રહે છે, અને નવેસર પ્રારંભની અનિશ્ચિતતા જોર કરી દક્ષતાને શિથિલ બનાવી દે છે. સાથે સાથે વિધવિધ અનુભવો એક પ્રકારનું માનસ–ચાપલ્ય પણ ઉપજાવે છે, જેમાંથી ગમે ત્યાં કામ કરવાની હિંમત અને ગમે તેવા સંજોગોમાંથી માર્ગ કરી લેવાનો આત્મવિશ્વાસ જાગ્રત થાય છે એ પણ ભૂલવું ન જોઈએ. શ્રી સયાજીરાવની રાજનીતિ એકમાર્ગી નિષ્ણાતપણાને બદલે બહુલક્ષી દક્ષતાની પોષક હતી.

હું તો એક નાનકડો અમલદાર હતો. કોઈ સ્થાને રહેવાથી કે બીજે ચાલ્યા જવાથી કાંઈ રાજનીતિ કે ખાતાના કાર્યક્રમમાં કશો ફેરફાર થાય એમ તો હતું જ નહિ. મારા તરફ ધ્યાન કેન્દ્રિત કરીને મને વિધવિધ દક્ષતા પ્રાપ્ત થાય એવી યોજના કરવા સરખું મારું મહત્ત્વ કે લાગવગ પણ ન હતાં, એટલે સામાન્ય બદલી તરીકે સ્વીકારી વ્યાપારઉદ્યોગ ખાતાએ કચેરીમાંથી ખસી હું સરસૂબા કચેરીમાં આવ્યો.

સરસૂબામાં ત્યારે શ્રી ગુણાજીરાવ નિંબાળકર કામ કરતા હતા. રાજકીય શાખાનું એમાં નિત્ય મહત્ત્વ નહિ; રાજ્યની પ્રજા સાથે નિત્ય સંપર્ક નહિ; અને પરહકૂમત સાથેનો સંબંધ કામના ઉકેલ માટે તેમની સગવડ પણ માગે. તાબાનાં સંસ્થાનોની ખંડણીનો પ્રશ્ન, સરહદી ઝઘડા, પાણીના પ્રવાહની જવરઅવરના હક્ક, દીવાની–ફોજદારી સત્તા : આવા આવા પ્રશ્નો ચાલ્યા જ કરતા હોય. પરહદના આવા પ્રશ્નોમાં રેસિડેન્ટની દરમિયાનગીરી ખરી જ. એટલે લખાણો આગળ મોકલવામાં અંગ્રેજી ભાષાનો જ ઉપયોગ થાય. એ પ્રશ્નો ઠીક ઠીક અભ્યાસ માગી લેતા. કરારો, સંધિઓ, બાંહેધરીઓ, કબૂલાતો વગેરેનું

એક વિશાળ સાહિત્ય વડોદરા રાજ્ય અંગે ઉપસ્થિત થયું હતું. વિધવિધ અધિકારીઓના ઠરાવો પણ વહીવટ ઉપર અસર કરતા હતા. હક્કનાં સ્વરૂપો પણ જુદાં જુદાં હોય. એટલે એક રાજ્ય અને તાબાનાં સંસ્થાનો સાથે, એક રાજ્ય તથા સાર્વભૌમ બ્રિટિશ રાજઅમલ સાથે કેવા હક્કસંબંધ બંધાયાં હતાં એની એક નવી જ સૃષ્ટિ મારી આગળ રજૂ થતી લાગી.

'હાયર' પરીક્ષામાં આ પ્રશ્ન આછોપાતળો જોયેલો ખરો, પરંતુ તે પસાર થવા પૂરતો. એનું કેટલું મહત્ત્વ હતું તે મને આ સ્થળે કામ કરતાં સમજાયું. Application–સક્રિયા લાગુપણું–ન સમજાતા સિદ્ધાંતો, સંભાવનાઓ અને નિયમ તથા કાયદાઓને કેવા જોતજોતાંમાં સમજાવી જાય છે એનો પ્રત્યક્ષ અનુભવ મને થવા લાગ્યો હતો, તેમાં અહીં વધારો થયો. એના વિસ્તારમાં ઊતરવાની અત્રે જરૂર ન જ હોય. માત્ર એટલું જ કે જે નિયમો અને કાયદા એકલા વાંચી ગયે અર્થહીન લાગતા હોય તે કામ કરતાં અર્થમય બની જાય છે. સક્રિય કાર્ય અને તેમાં થવો જોઈતો નિયમોની કલમોનો ઉપયોગ એક નવી જ દૃષ્ટિ આપી રહે છે.

આ જગા ઉપર કામ ઓછું રહેતું. ત્રણેક કલાકમાં હું ચાલુ કામ પતાવી નાખતો અને એક પછી એક જૂનાં કામો કાઢી જોતો. વડોદરા રાજ્યના ઇતિહાસની વિગતો તપાસતો તથા રાજકીય બંધારણને લગતાં પુસ્તકો જોવામાં સમય ગાળતો. રાજકીય શાખાનું પુસ્તકાલય પણ એક સરસ પુસ્તકાલય હતું. કેટલાં ય અપ્રાપ્ય પુસ્તકો મને અહીં જોવા મળ્યાં. સદ્‌ગત શ્રી વામન સોમનારાયણ સરખા ઇતિહાસના અભ્યાસીએ લાંબા સમય સુધી આ સ્થાન શોભાવ્યું હતું. એટલે પુસ્તકોની કક્ષા ઊંચી હોય જ. દિવસમાં એક વાર નાયબ સરસૂબા અને સરસૂબાને કોઈ પ્રશ્નની ચર્ચા માટે સહજ મળવાનું થાય; પરંતુ તે વધારે નહિ. લોકો સાથે તો સંપર્ક અહીં હોય જ નહિ.

સરસૂબા શ્રી નિંબાળકર એક દક્ષ અધિકારી હતા. તેમનો દેખાવ પણ રુઆબદાર અને તેમનાં વસ્ત્રો પણ સુશોભિત–જો કે જૂની ઢબનાં.

સર મનુભાઈ અને શ્રી નિંબાળકરની અધિકારી પેઢી અસ્ત થયા પછી વસ્ત્રનું મહત્ત્વ સમજનારો અમલદાર સમૂહ વડોદરા રાજ્યમાં ફરી દેખાતો નહિ. માત્ર વસ્ત્રોથી જ શોભતા માનવીઓની અમલદારી તંત્રમાં જરૂર છે એમ મારું કથન નથી; પરંતુ વસ્ત્ર પણ જીવનમાં અને રાજતંત્રમાં મહત્ત્વનો ભાગ ભજવે છે એ ભૂલવા સરખું નથી. આપોઆપ જ્યાં હોય ત્યાં માન આપવાનું મન થાય એવા દેહ અને એવાં વસ્ત્રોની વહીવટી તંત્રમાં જરૂર છે ખરી. આમ તો શ્રી ગુણાજી-રાવ મીઠાબોલા, જનપ્રિય અને ઉપયોગી થઈ પડવાની વૃત્તિવાળા અમલદાર ગણાતા હતા. તેમનો પરિચય-વિસ્તાર ઘણો જ ભારે હતો. મને પણ તેમની સાથે કામ કરવામાં કશી અડચણ આવી નહિ. મારા પિતાને તેમનો સહજ પરિચય ખરો.

પરંતુ પ્રથમથી જ મને અતડા રહેવું જ ગમે. કામ હોય અને મને બોલાવે તો જરૂર ઉપરી–અમલદારની પાસે અગર એમને ઘેર જઈને કામ કરવામાં મેં કદી અણગમો સેવ્યો નથી; પરંતુ ઓળખાણ કે લાગવગ વધારવા ઉપરીને સારું લગાડવા, ઉપરી પાસે બીજાઓની હકીકત કહી તેમનાં માનસ ફેરવવા અગર ચાહીને તેમના ખાનગી કામકાજમાં ઉપયોગી થઈ પડવા માટે હું કદી કોઈ ઉપરીને ઘેર ગયો નથી. એ સંજોગોએ મને કોઈના પણ તરફદારી માણસ તરીકે લેખાવાની સ્થિતિમાંથી મુક્ત રાખ્યો હતો. જોકે સર મનુભાઈના સમયમાં મારી નિમણૂક થઈ હતી એટલે કોઈ કોઈ સ્થળે હું મનુભાઈના પક્ષનો છું એવો આછો-પાતળો વહેમ ખરો અને એ વહેમને લીધે મારે કદી કદી સહન કરવાપણું પણ ઊભું થતું.

અમલદારો ઉપરીઓને મળે, પોતાના કામકાજ અંગે ઉપરીને માહિતી આપે, જરૂરી સૂચનાઓ આપે અગર લે એમાં હું કશી હરકત જોતો નથી. પરંતુ આવા મેળાપોમાંથી એક એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે કે જે નથી ઉપરીને લાભકારક હોતી કે નથી તાબાના માણસને લાભકારક હોતી. વહીવટી ખટપટોનું વાતાવરણ એમાંથી સર્જાય છે, હસતાં હસતાં કહેલી નાનકડી વાતને મોટું સ્વરૂપ અપાય છે, કોઈની હળવા માનસથી કરેલી ટીકાને મહત્ત્વનું સ્થાન

અપાય છે, સંબંધ રહિત થયેલી વાતને અંગત સંબંધમાં જોડી દેવાય છે અને રાજકીય તંત્રમાં એક ભયંકર વિષચક્ર ઊભું થાય છે; જેમાંથી અંગત વેરઝેર ઉપસ્થિત થઈ રાજ્યવહીવટની વિશુદ્ધિને આંચ આવે છે. વડોદરામાં રહેતા કેટકેટલા ય અમલદારો દર અઠવાડિયે, દર પખવાડિયે, અગર દર મહિને વરિષ્ઠ અમલદારોને ત્યાં ગાડીઓ કરી નિયમસર જતા મેં વર્ષો સુધી નિહાળ્યા છે. કામ હોય કે ન હોય છતાં સરસૂબા, નાયબ દીવાન, દીવાન, મુખ્ય ન્યાયાધીશ અને પોલીસ કમિશ્નરને ત્યાં અઠવાડિયે–પખવાડિયે જવું જ જવું, સલામ ભરવી, તબિયતના સમાચાર પૂછવા, વાતો કરવાનું ઉપરીનું વલણ હોય તો એની વાતો સાંભળવી, એની રૂખ પ્રમાણે હસવું, ગુસ્સે થવું કે ટીકા કરવી, કામમાં ઉપરી રોકાયા હોય તો પોતાની હાજરી નોંધાવી પાછા જવું, આવો કાર્યક્રમ કેટલા ય અમલદારોએ પોતાનો બનાવ્યો હતો.

ઉપરી અમલદારોને પણ ધીમે ધીમે, કંટાળતાં કંટાળતાં આવા સલામ ભરનારા હાથ નીચેના અમલદારોનો દરબાર ભરવાની ટેવ પડી જાય છે, અને એ દરબાર તેમના જીવનનો એક ક્રમ બની જાય છે, જે વગર પછી તેમને અણગમો આવે છે. આવી ટેવવાળા અમલદારોનાં નામ આપવાની જરૂર નથી. પરંતુ એ ટેવ પછી એટલી બધી જડ ઘાલીને બેસે છે કે આવા દરબારમાં ન જોડાતા બીજા માનવીઓ પ્રત્યે તેઓ એક પ્રકારની ઘૃણા પણ સેવે છે. અંગત કામ સમજાવવા માટે કોઈ અતડો અમલદાર ઉપરી પાસે જાય ત્યારે એ ઉપરી તેને સ્પષ્ટપણે કહી શકે: 'તમારું કામ હતું માટે આજે દેખાયા, ખરું?'

કામ વગર શા માટે કોઈ ઉપરી પાસે દેખાવું એની જ મને સમજ પડતી નથી. વગર બોલાવ્યે જવું શા માટે એ ન સમજાય એવો પ્રશ્ન છે, છતાં હાથ નીચેનો માણસ વખત બે વખત આવી ઉપરીને સલામ કરી જાય એવી હલકી વૃત્તિ આમાં ઉત્પન્ન થઈ જાય છે ખરી.

આવા અમલદારો જ્યારે નિવૃત્ત થાય છે, અને પછી ધીમે ધીમે

તેમને ઘેર દરબારમાં નિત્ય આવતા અમલદારો અને ઓળખીતાઓ આવતા નથી, ત્યારે તેમની સ્થિતિ અતિ વિષમ બની જાય છે. એક પ્રકારની નિરાધારતા અગર કટુતા પણ તેઓ સેવતા થઈ જાય છે; અને માનવ જાતની નિમકહરામી ઉપર જ તેઓ ભાર મૂકતું જીવન ગાળે છે.

'હવે અમે નિવૃત્ત થયા. કોઈ શા માટે હવે અમને મળવા આવે ?' એવો અસંતોષ કેટલા ય નિવૃત્ત અમલદારોને મુખેથી મેં સાંભળ્યો. છે હું આ દરબારોમાંથી, મુલાકાતોમાંથી, ખબરઅંતર પૂછવામાંથી દૂર ભાગતો રહ્યો છું. આખી મારી નાની મોટી નોકરીમાં હું કદી કારણ વગર અગર આમન્ત્રણ વગર કોઈ ઉપરીને ત્યાં ગયો હોઉં એવું મને સ્મરણ નથી. આમાં હું મારી વડાઈ દર્શાવવાનો જરા ય ઉદ્દેશ રાખતો નથી; માત્ર મારા વલણને જ હું સ્પષ્ટ કરું છું. એથી મને ગેરલાભ થયો પણ હશે—થયો છે. છતાં એ સ્વભાવજન્ય વલણ હું કદી ફેરવી શક્યો નથી. ઉપરીઓ, મોટા માણસો, ધનિકો, નેતાઓ, રાજામહારાજા એ સર્વને મળવાના પ્રસંગો મને છેક મળ્યા નથી એમ તો હું ન જ કહી શકું. પરંતુ એ બધા ય પ્રસંગોને મેં મારા સ્વભાવના અતડાપણાને લઈને જતા જ કર્યા છે; અને એથી મને બહુ દુઃખ પણ થયું નથી. જોકે ગેરલાભ થયો છે ખરો.

એ ગેરલાભનું એક દૃષ્ટાંત હું અત્રે આપી દઉં. શ્રીમંત સયાજીરાવ રાજ્યના આશાસ્પદ અમલદારોને વારંવાર પરદેશ મોકલી તેમની પાસે વિશિષ્ઠ અભ્યાસ કરાવી પોતાના વહીવટી તંત્રની દક્ષતા વધારી તેનો લાભ પ્રજાને અપાવવા ઇચ્છતા હતા. કોઈ પણ સ્થાનની કે લાભની મેં કદી નોકરી દરમિયાન માગણી કરી નથી. વગર માગ્યે બે વાર મને પરદેશ મોકલવાના અને ત્યાં જઈ વર્ષ બે વર્ષ અભ્યાસ કરી આવવાના હુજૂર હુકમ એટલે ખુદ મહારાજા સાહેબનો જ હુકમ વડોદરા રાજ્ય માટે એ બ્રહ્મવાક્ય. એક વાર અમેરિકા જઈ અભ્યાસ કરવાનો હુકમ આવ્યો—ઘણું કરી સને ૧૯૧૯માં, અને બીજો હુકમ ઈંગ્લાંડ જઈ બૅંકિંગ અને ફિનાન્સ શીખવાનો સને ૧૯૨૩ના

અરસામાં.

હુકમ આવે એટલે તૈયાર જ રહેવાનું. પરંતુ કોણ જાણે કેમ, બન્ને વખતે એ રાજાજ્ઞાઓ મુલતવી રાખવામાં આવી અને મુલતવી રહેલી રાજાજ્ઞા અંતે અમલમાં મુકાઈ જ નહિ! બ્રહ્મવાક્યને ફેરવનાર જેમ કેટલાક પ્રયોગો હોય છે તેમ રાજાજ્ઞાને પણ મુલતવી રાખવા અને અંતે તેને ઓગાળી દઈ અદૃશ્ય કરવાના પણ પ્રયોગો હોય છે ખરા!

હુકમ કેમ થયો એની પણ મેં તપાસ ન કરી અને હુકમ મુલતવી રહી અંતે કેમ ઊડી ગયો એની પણ તપાસ મેં ન કરી. પરદેશના અભ્યાસથી માનવીનો વિકાસ થતો હશે; પરંતુ મારે માટે મારા સ્વાભિમાન કે મિથ્યાભિમાનમાં જે વર્તન-કક્ષા બાંધી હતી એમાં પરદેશના શિક્ષણમોહને મેં જરા ય મહત્ત્વ આપ્યું ન હતું. પરદેશ ગયા વગર દક્ષતા આવે જ નહિ એ કેવી જાતની લઘુગ્રંથિ!

અને મેં રાજમહેલના દરવાજાઓ સેવ્યા હોત, ખાનગી કારભારી અને હુજૂર-કામદારની વારંવાર મુલાકાતો લીધી હોત; શ્રી મહારાજાસાહેબને મળી મારા મુલતવી રહેલા હુકમને સજીવન કરવા પ્રાર્થના કરી હોત તો હું જરૂર પરદેશ જઈ શક્યો હોત, અને ઊંચી જગાઓ ઉપર ઝડપથી આવી શક્યો હોત. મારા પછી ઘણા ય માણસોને પરદેશ મોકલવામાં આવ્યા; પરંતુ હું ન કોઈને મળ્યો, ન કોઈને વિનંતી કરી. અને હું પરદેશી શિક્ષણથી વંચિત જ રહ્યો!—હજૂર હુકમો થયા છતાં. દસેક વર્ષ પછી મારી અને સરકારની વચ્ચે થયેલા દસ્તાવેજી કરારો મેં ફાડી નાખ્યા!

એનું મને દુઃખ નથી. પરંતુ રાજકાજમાં 'મળવા હળવા' ના લાભ કેટલા છે, અને એ પરિસ્થિતિ જેને મંજૂર ન હોય તેને મળેલા લાભ પણ કેમ ખૂંચવી લેવાય છે તેનો હું એક અંગત દાખલો જ આપી રહ્યો છું.

મારી કોઈ પ્રકારની ખામીને લીધે—અણઆવડતને લીધે—આ હુકમ મુલતવી રહ્યો ન હતો એટલો મને સંતોષ છે.

૧૪

પરદેશગમન અને પરદેશની કેળવણીનો મોહ હજી પણ આપણા દેશમાં ઓછો થતો નથી. સેંકડો માણસો પરદેશી ડિગ્રીઓ લઈ સરકારી કે ખાનગી નોકરીમાં ઊંચા હોદ્દા ભોગવી રહ્યા છે. છતાં વધારે પગાર લઈ ઓછા પગારવાળા ઉપર સરસાઈ કરવા સિવાય દેશોન્નતિના કાર્યમાં પરદેશી શિક્ષણ કે ડિગ્રીઓએ શો ફાળો આપ્યો એ સમજવું મુશ્કેલ છે. આપણાથી કોઈ પણ બાબતમાં આગળ વધેલા પરદેશમાં જરૂર જવું જોઈએ. પરંતુ ત્યાંની મોટાઈ અને ઝળકાટ ચોડી આવવાને બદલે આપણે ત્યાં જે ન હોય એ લઈ આવવાનો જ ઉદ્દેશ એમાં હોવો જોઈએ. પાંચ વર્ષના સ્વરાજ્યને હવે બિનજરૂરી પરદેશી કેળવણીનો મોહ રાખવો એ શરમાવા સરખું છે. આટઆટલા હિંદવાસીઓ પરદેશ જઈ આવ્યા હોય છતાં સરકાર એના અમલદારોને અને સાધનસંપન્ન માતાપિતાઓ પોતાનાં બાળકોને હજી પરદેશ મોકલ્યા જ કરે છે. એનો એટલો જ અર્થ થાય કે પરદેશને વખોડનારાઓનો જ પરદેશનો મોહ હજી ઘટ્યો નથી, પરદેશી ડિગ્રીઓને અંગે પગારનાં કાળાં બજારનો ફાયદો દેશભક્તોને પણ આપવો-લેવો અને આજની જનતાને જોતાં આજ સુધી પરદેશ જઈ આવેલાઓની ડિગ્રી તદ્દન નિષ્ફળ નીવડી છે. અમેરિકા, ઇંગ્લાંડ જઈ ભણી આવેલો એક ઇજનેર આપણી પાસે હોય કે કૃષિશાસ્ત્ર-વિશારદ આપની પાસે હોય; છતાં એક નહેર ન બાંધી શકે કે ઘઉંમાંથી ગેરુ નાબૂદ ન કરી શકે તો એની પાછળ ખર્ચાયલા પૈસા પાણીમાં જ ગયા માનવા રહ્યા. પરદેશી શિક્ષણ લઈ ચબરાક બની આવેલા કૈંક માનવીઓને મેં જોયા છે, ઓળખ્યા છે, તેમની સાથે કામ કર્યું છે. પરદેશ ન ગયેલાઓ અંજાઈ જાય એવી કોઈ સિદ્ધિ આ પરદેશી ડિગ્રીધારીઓ પાસે મને તો કાંઈ જ દેખાઈ નહિ-હજી યે ક્યાં દેખાય છે? મોટે ભાગે તો આવા પરદેશી કેળવણી પામેલા બીજાઓને ભોગે પોતાનું જીવન ઊંચે લઈ જવાની સફળ તરકીબમાં જ પડેલા હોય છે. પરદેશથી પોતાને અંગોચોપડી લાવેલા કાદવની સાથે સાથે ભારતમાં લાણી કરતા જાય છે એ વળી વધારામાં!

કદાચ કોઈને લાગશે કે મારાથી પરદેશ ન જવાયું એટલે પરદેશ જઈ આવેલાઓને હું અવગણવા પ્રેરાયો છું! કેટલા ય મારા સ્વજનો, મિત્રો અને પરિચિત વ્યક્તિઓ છે જેમણે પરદેશી શિક્ષણનો લાભ લીધો છે. તેઓ પરદેશ જઈ આવતાં પહેલાં જ સારા હતા એટલા જ સારા ત્યાર પછી પણ રહ્યા છે. તેમની સ્વાભાવિક સારપથી હું જેટલો આકર્ષાયો છું. એટલો એમના પરદેશી શિક્ષણથી નહિ જ. થોડા નામ યાદ આવી જાય છે મારા અંગત મિત્રોનાં... અંબાલાલ પંડ્યા, ઠાકોરભાઈ દેસાઈ—રૂપજીવીનીના લેખક, કિસનસિંહ ચાવડા... એ પરદેશ જઈ આવ્યા. પરદેશની કેળવણી લઈ આવ્યા માટે ચક્તિ બની હું તેમની મૈત્રી દઢ કરી રહ્યો છું એમ જરા ય નહિ. એ પરદેશ નહોતા ગયા ત્યારના મારા માનવંત મિત્રો તરીકે આજ પણ ચાલુ જ રહ્યા હોત. પરદેશ કે પરદેશી શિક્ષણની થતી મૂર્તિપૂજા આજ પણ ચાલુ રહેલી જોઉં છું ત્યારે હું એટલું જ કહું છું કે એ મૂર્તિમાંના દેવે રાષ્ટ્રીય દષ્ટિએ કે જનતાની દષ્ટિએ કશો જ ચમત્કાર કે પરચો બતાવ્યો નથી. મારા આ ઉદ્દગાર અસંતોષના નહિ, પરંતુ પૂરતા અવલોકનના પરિણામ રૂપ છે. મને પરદેશી શિક્ષણ ઉપર એટલો ઊંડો સદ્દભાવ હોત તો મેં હોલવાઈ ગયેલી રાજજ્ઞાઓ ફરી પ્રગટાવવા જરૂર મંથન કર્યું હોત.

પરદેશોથી લગભગ બહિષ્કૃત બનેલું રશિયા આજ ઇંગ્લંડ-અમેરિકાની સરસાઈ કરી શકે છે. ૧૯૧૮ની ક્રાન્તિ સમયે રશિયાની પરિસ્થિતિ આજના ભારત કરતાં વધારે સારી તો ન જ હતી અને આજ પણ આપણા ધનિકો પોતાનાં સંતાનોને ઇંગ્લંડ-અમેરિકા મોકલી ધન્યતા અનુભવે છે! ચપચપાટભર્યું અંગ્રેજી બોલકણાપણું એ જ તેમની મોટામાં મોટી સિદ્ધિ મને દેખાઈ છે!

સર સયાજીરાવના વડોદરામાં અનેક પ્રશંસનીય તત્ત્વો હતાં જ. પરદેશી શિક્ષણ લઈ આવેલા અમલદારો પ્રજાજીવનને ઊંચે લાવે, વ્યવસ્થા વધારે સારી રીતે સાચવે અને પોતાના નિયમિત, કડક અને પ્રામાણિક દષ્ટાંતની બીજાઓ ઉપર વધારે સારી છાપ પાડે એ ઉદ્દેશ તો એમાં રહેલો હતો જ. સર મનુભાઈ પરદેશ-શિક્ષણ વગર જ એક

સરસ અમલદાર અને એક દક્ષ દીવાન બની શકયા હતા. મને પરદેશી શિક્ષણનો મોહ હતો જ નહિ. અને થયેલા બબ્બે હુજૂર હુકમો પણ અમલ કર્યા વગર ભંડારી દઈ શકાતા હતા, એટલું જ દર્શાવવાપણું મારે રહે છે. મળવા-હળવાની આવડત મેં કેળવી હોત તો?

હું જ્યાં હતો ત્યાં સંતુષ્ટ હતો. પરંતુ હું કયાં હતો? ત્રીસ વર્ષની નોકરીના ગાળામાં મેં અનુભવેલી ફેરફારી અને વિવિધતા અજોડ તો નહિ, પરંતુ ધ્યાન ખેંચવા પાત્ર તો હતી જ.

સરસૂબા કચેરીનું પોલિટિકલ–રાજકીય શાખાનું કામ કરતાં બાર માસ પણ નહિ થયા હોય અને મને વડોદરા રાજ્યના અમાત્યની જગાએ કામ કરતા ઇંગ્લિશ અમલદાર સેડન સાહેબે બોલાવ્યો.

લગભગ દીવાનની બરોબરીની એ જગા – જોકે દબદબામાં અને કાઉન્સિલમાં એ જગા ઊતરતી ખરી. નાયબ દીવાનનું નામ અણગમતું થઈ પડે એવા ઉચ્ચ કક્ષાના અધિકારીને બહારથી બોલાવવામાં આવે આવે ત્યારે તેને કેટલાંક ખાતાં પૂરતા દીવાન – અધિકાર આપી અમાત્યની પદવી આપવાની જોગવાઈ શ્રી સયાજીરાવ મહારાજ કદી કદી રાખતા.

લગભગ સને ૧૯૧૨ કે એ અરસામાં ભરાયેલા દિલ્હી દરબારમાં મહારાજા સયાજીરાવના નમનની ઢબ અંગે મોટો વાંધો લેવાયો હતો અને મહારાજાને પૂર્ણ મુશ્કેલીમાં મૂકવાની પેરવી થઈ ચૂકી હતી. શ્રી સયાજીરાવની બાહોશી અને કીર્તિનો અંગ્રેજી રાજ્યઅમલને દ્વેષ તો ખરો જ; તેમનું સ્વમાન અને દેશાભિમાન પણ પણ પરદેશી રાજસત્તાને ખૂંચે ખરું. એટલે દરબારમાં જે ઢબે નમન કરવું જોઈએ તે ઢબથી નમન ન કરનાર શ્રી સયાજીરાવની તુમાખીનો બદલો લેવાનો પેંતરો રચાયો ત્યારે – કહેવાય છે કે – હંગામી દીવાન તરીકે વડોદરામાં કામ કરતા સેડન સાહેબે નમનની ઢબ પૂરતી રીતે મહારાજાને સમજાવી ન હોવાનો દોષ પોતાને માથે ઓઢી લીધો હતો.

પરિણામે સેડન સાહેબને વડોદરા છોડી પોતાની બ્રિટિશ હિંદની નોકરીમાં જવું પડ્યું હતું. ત્યાંથી નિવૃત્ત થયા પછી જૂની સેવાના બદલા તરીકે એક બાહોશ અમલદાર સેડનને મહારાજા પાછા બોલાવે

એમાં આશ્ચર્ય ન કહેવાય. એ સેડન સાહેબને મુલકી ખાતાનો વહીવટ તપાસવાનું એક કામ સોંપ્યું. જેથી ખાતામાં કેટલાક સુધારા થઈ શકે.

રાજકીય ખાતાના સુપરિટેન્ડેન્ટ તરીકે તેમણે મને બોલાવ્યો. વ્યવહાર અને વિવેક બન્ને દૃષ્ટિએ ઉપરીને મળી તેમની સલાહ-સૂચના લઈ જવું જોઈએ, એટલે સેડન સાહેબને મળતાં પહેલાં હું સરસૂબા શ્રી ગુણાજીરાવની પાસે ગયો. મને કાંઈ સૂચના આપવા જેવું તેમને લાગ્યું નહિ એટલે પૂછે તેનો જવાબ આપવાની સાદી સૂચના જ માત્ર મને આપી. અને હું મારી શાખા પૂરતી બધી માહિતી લઈ સેડન સાહેબ પાસે ગયો.

અત્યંત ઊંચા, દક્ષ અને ઝીણી ચબરાકીભરી આંખો વાળા સેડન સાહેબને મળવાનો મને આ પહેલો જ પ્રસંગ હતો. મને તેમણે વિવેકથી બેસાડ્યો અને ઝીણી ઝીણી વિગતો તેમણે માગી, જે મેં મારી ઢબે તેમની આગળ મૂકી દીધી. લગભગ. કલાકેક સુધી તેમની ઝીણવટભરી તપાસ ચાલી અને મને લાગ્યું કે હું આ કાબેલિયતની જાળમાંથી છૂટો થઈશ. પ્રશ્નોત્તરી પૂરી થઈ એમ લાગતાં મેં તેમની રજા માગી. પરંતુ રજા આપવાને બદલે તેમણે મને ચોંકાવતો પ્રશ્ન કર્યો :

'તમે ખુલ્લા દિલથી સારી માહિતી મને આપી. એવા જ ખુલ્લા દિલથી તમે હવે મારા એક પ્રશ્નનો ઉત્તર આપો.'

કોઈની પણ ચાડીચુગલી માટે હું કદી તૈયાર હોઉં જ નહિ. ખાનગી વાયકાઓ સાંભળી હોય તો ય તેમને મારા હૃદયમાંથી ખંખેરી નાખવાનો જ મારો પ્રયત્ન હોય. મને ચોંકાવતો પ્રશ્ન પૂછી સેડન સાહેબ મારી પાસેથી શી વાત કઢાવવા માગતા હશે? હું જરા સંકોચાયો ખરો, છતાં મેં તેમને ખાતરી આપી કે હું ખુલ્લા દિલથી જ તેમના પ્રશ્નનો ઉત્તર આપીશ. એ સાંભળી આંખની પાંપણ ઝડપથી ઉઘાડમીંચ કરીને તેમણે મને પૂછ્યું :

'સાચેસાચ તમારે કેટલા કલાક કચેરીનું કામ પહોંચે છે?'

મને સંતોષ થયો. ઉપરીઓની કોઈ અંગત બાબત કે અફવા બદ્દલ આ પ્રશ્ન હતો જ નહિ. મેં જવાબ આપ્યો:

'ત્રણથી ચાર કલાક કામ પહોંચે ખરું.'

'કચેરીનું કામ તો છ કલાક ચાલવું જોઈએ. બાકીના કલાક તમે કેવી રીતે ગાળો છો ?'

'હું જૂનાં કામો જોઈ લઉં છું, નિર્ણિત થયેલાં કામોના ઠરાવો વાંચી મારી માહિતી વધારું છું અને રાજકીય પ્રકરણો અને સિદ્ધાંતોનાં આધારભૂત પુસ્તકો વાંચું છું.'

'કોઈ અનુભવી અમલદાર એ બધું વાંચી તૈયાર થયેલો હોય અને એને આ જગાએ નીમીએ તો બેત્રણ કલાક ઉપરાંતનો સમય એ બીજી શાખાના કામે આપી શકે કે નહિ ?'

'સ્વાભાવિક છે; આપી શકે.'

'આભાર. તમે હવે જઈ શકો છો.' સેડન સાહેબે કહ્યું. અને હું તેમની કચેરીમાંથી નીકળી મારી કચેરીમાં આવ્યો, અને જે વાત થઈ તેનું નિવેદન કરવા સરસૂબા સાહેબ પાસે ગયો. સરસૂબા ગુણાજીરાવે શાંતિથી મારું નિવેદન સાંભળ્યું; પરંતુ મારી છેલ્લા પ્રશ્નની વાતચીત અંગે તેઓ જરા વ્યગ્ર થયા લાગ્યા, અને અંતે તેમણે મને પૂછ્યું :

'શા માટે ત્રણ કલાકનું જ કામ તમે કહ્યું ? કદાચ તમારી અંગત ઝડપ ભલે વધારે હોય. બીજો કોઈ અમલદાર ઊંડે ઊતરવા માગતો હોય તો એને છ કલાક પણ લાગે નહિ ?'

મને લાગ્યું કે મેં જવાબ આપવામાં ખુલ્લું દિલ રાખ્યું હતું ખરું, પરંતુ વ્યવહારદક્ષતામાં મેં ભૂલ કરી હતી. મેં જવાબ આપ્યો : 'બની શકે...પરંતુ એમણે મને પૂછ્યું એટલે મેં મારો અંગત મત આપ્યો.'

'એનો અર્થ એ કે તમારી રાજકીય શાખાના સુપરિન્ટેન્ડેન્ટની જગા તમે ખોઈ નાખી...એટલું જ નહિ; તમારી જગાએ કોઈ અનુભવી મનાયલો અમલદાર આવશે અને એને માથે બે શાખાઓ પડશે...તમારે પાછું તાલુકાઓમાં ફરવું રહ્યું.' ગુણાજીરાવે ઉપરી તરીકે મને મારી ખુલ્લા દિલની વાતચીતનું પરિણામ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું. હું ક્યાં જાઉં અગર ક્યાં નહિ એ તેમને મન મોટા

પ્રશ્ન ન જ હોય; તેમના ખાતામાંથી એક જગા કમી થવાનો પ્રસંગ આવતો હતો એ પ્રશ્ન મહત્ત્વનો હતો. માનવીને જેમ દેશાભિમાન હોય, ગામઅભિમાન હોય કે પ્રાન્ત અભિમાન હોય તેમ નોકરશાહીમાં ખાતાભિમાન હોઈ શકે છે, અને મારી ઊંડા વિચાર વગરની પ્રામાણિકતાએ આ પરિણામ લાવી મૂકયું!

મને મારી એ ખુલ્લા દિલની વાતચીતનો પસ્તાવો થતો નથી. જ્યાં કામ ઓછું હોય ત્યાં નિરર્થક જગાઓ માટે મમતા રાખી તે સાચવી રાખવી એમાં ખાતાભિમાન ભલે હોય –અને ઘણી વાર ખાતાભિમાન ઉપયોગી પણ થઈ પડે છે. છતાં રાજ્ય અને પ્રજાની દૃષ્ટિએ બિનજરૂરી જગાઓ સાચવી રાખવી કે ઊભી કરવી એ રાજ્યના ધનનો ખોટો વ્યય છે એમ ત્યારે અને આજ પણ હું માનું છું. ટોળાબંધ પ્રધાનો અને ટુકડીબંધ સમિતિ-સભ્યોની વર્તમાન નિમણૂકોના અહેવાલ હું જ્યારે જ્યારે વાંચું છું ત્યારે મને પ્રજાનો પૈસો વેડફાતો જ દેખાય છે.

મારી જગા બચાવવા માટે કુશળ મુલકી વડા શ્રી ગુણાજીરાવે પ્રયત્નો કર્યા, પરંતુ પરિણામ અંતે એ જ આવ્યું કે જે તેમણે પ્રથમથી જ કલ્પી લીધું હતું. મારી જગા ગઈ; બીજા સુપરિન્ટેન્ડેન્ટના કાર્યવિભાગમાં એ ભળી ગઈ અને મને હુકમ મળ્યો કે વડોદરાની જગા છોડી મારે મહુવા મહાલે વહીવટદાર તરીકે કામ કરવું! પ્રામાણિકપણું સર્વને જરૂરી છે, છતાં રાજવહીવટમાં ડહાપણ, કુનેહ અને દૂરદર્શીપણું પણ બહુ જરૂરી છે એમ મને આ પ્રસંગ ઉપરથી લાગ્યું. સો ગળણે ગાળીને બોલવું એ કહેવત મને મારી નોકરીમાં પ્રત્યક્ષ થયેલી અહીં લાગી, અને નોકરીમાં રહીને ચારે પાસનો વિચાર કરી મત દર્શાવવો એનું શિક્ષણ પણ મળ્યું. વિચાર–પ્રદર્શનમાં પણ પ્રામાણિકતાને તાળું વાસવાના પ્રસંગો વ્યવહાર ઊભા કરે જ છે–એને પ્રામાણિકતા ગુમાવવી ન કહીએ તોપણ!

હું મહુવા ગયો. નાનકડું ગામ. બારડોલી સ્ટેશને થઈને પગ રસ્તે મહુવા પહોંચાય. તાલુકેતાલુકે રેલવે નાખવાની વડોદરા રાજ્યની રાજનીતિમાંથી આજ સુધી બાકાત રહેલો એ તાલુકો. મારાં પત્ની,

પુત્ર તથા મા વગરનાં ત્રણ ભાણેજોને સાથે લઈ હું મહુવા ગયો. મારા જીવનનાં કુટુંબદુઃખ ખૂબ ઊંડાં છે. મને મારી બહેનો અત્યંત પ્રિય. બહેનોનું વાત્સલ્ય મારે માટે પણ અખૂટ–નિઃસ્વાર્થ. પ્રેમભાવનામાં એક ક્ષણ પણ અમારી કલેશ, કંકાસ કે રિસામણાં–મનામણામાં ગઈ નથી. ત્રણમાંથી બે બહેનો હું વડોદરા હતો ત્યારે જ મૃત્યુ પામી. એક બહેનનાં ચાર બાળકો અને બીજી બહેનનાં બે બાળકોનો ઉછેર મારા જ કુટુંબે માથે લઈ લીધો. કુટુંબભાવના ન હોય ત્યાં માવિહોણાં બાળકો ઊછરતાં નથી એમ તો હું કેમ કહી શકું? પરંતુ તેમના ઉછેરની જવાબદારી અમારા કુટુંબે લીધી એમાં મને જરાય ખોટું થયું એમ લાગતું નથી. મારા ભાણેજો માટે મને પુત્ર-પુત્રી જેટલો જ ભાવ છે. સદ્ભાગ્યે મારા પ્રત્યે એ મારાં ભાણેજોનું વર્તન અસીમ માન અને સ્નેહભર્યું છે. મારા જીવનમાં મને મળેલી એ મહાન પ્રાપ્તિ હું ગણું છું.

પૂર્ણા નદીતટે આવેલું બે ફળિયામાં વહેંચાયલું નાનકડું મહુવા મને તો ગમી ગયું.

## ૧૫

મહુવામાં હું રહ્યો બહુ જ થોડો સમય; પરંતુ ડાંગની પડોશના આ પ્રદેશની લીલોતરી કાવેરી, પૂર્ણા અને અંબિકા સરખી. ત્રણ ત્રણ નદીઓના આખા તાલુકાને વીંટી વળેલા પ્રવાહો, નાનકડાં સાગનાં વન, રાનીપરજની અશિક્ષિત ભોળી પ્રજા, અનાવલના શુકલેશ્વર મહાદેવનું સ્થાન અને વ્યારા તાલુકાના ઉનાઈના ઊના પાણીના કુંડ મારા હૃદયમાં ઊંડે છવાઈ ગયાં. પ્રજાના ઉકળાટનો યુગ હજી આવ્યો ન હતો, અને રાનીપરજના હિતનાં રક્ષણ થાય એવાં પગલાં રાજ્યે તો લીધાં જ હતાં, છતાં રાનીપરજનું શોષણ તો ખરું જ.

એક રાત્રે સ્ત્રીઓ તથા બાળકોની ચીસાચીસ થતી સાંભળી હું તે સ્થળે દોડી ગયો. મારી પત્નીને પણ ભયનો અભાવ; એ પણ મારી સાથે જ આવી. જઈને જોયું તો એક બે રાનીપરજના પુરુષોને ઝાડ સાથે બાંધી એક મુસ્લિમ યુવક ચાબુકે ચાબુકે તેમને ફટકારતો હતો. તેમનાં કુટુંબીજનો રોતાં કકળતાં યુવકને વિનવણી કરતાં હતાં.

મેં એ યુવાનને અટકાવ્યો એટલે એ મારી સામે થયો અને મને ધમકાવવા લાગ્યો :

'એ દૂબળા મારા છે. ચહાય એટલું હું એમને મારીશ. મને અટકાવનાર તમે કોણ ?...મને ઠીક લાગશે તો હું તેમને મારી પણ નાખું.' મુશ્કેલીએ મેં તેમને છોડાવ્યા. સવારે મેં ફોજદારને બોલાવી પગલાં લેવાનું સૂચવ્યું. મારનાર યુવક મહુવાની હદમાંથી ભાગી ગયો. મુલકી જમાદારનો એ સગો હતો; તેણે એ યુવકને જતો કરવા ભલામણ કરી. દૂબળાઓને તો બધા ય મારે – પારસીઓ ખાસ કરીને – એવી માહિતી મને મળી. દૂબળાઓ ફરિયાદ ન કરે ત્યાં સુધી સરકારી રાહે પોલીસથી કાંઈ પગલાં ન લેવાય; અને હું મેજિસ્ટ્રેટ હોવાથી ફરિયાદ આવે નહિ ત્યાં સુધી મારે આંખ મીંચીને જ બેસવું; એવી એવી સૂચક ભલામણો અને શિખામણો મળી. સત્તાનો દુરુપયોગ બહુ ઝડપથી થાય છે એનો મને ઠીક ઠીક ખ્યાલ છે; પરંતુ અજાગ્રત સમાજમાં કોઈ પણ માનવી બીજા માનવી ને બાંધીને મારે, છતાં કાંઈ પગલું લઈ શકાય નહિ એવી પરિસ્થિતિ સમાજ માટે અને સત્તા માટે શરમ ભરેલી ગણાય. મેં ઇચ્છયું કે દૂબળાઓ ફરિયાદ આપે. પરંતુ તેમનામાં ફરિયાદ કરવાની હિંમત જ ન હતી!

ગામડે ગામડે ફરવાનો મને ભારે શોખ. આખો મહુવા તાલુકો મેં થોડા જ સમયમાં જોઈ નાખ્યો. તાલુકાના પ્રશ્નો મનમાં સ્થિરતાપૂર્વક ઊપસી આવે તે પહેલાં જ – હુકમ આવ્યો. મારી બદલી વિજાપુર મહાલે કરવામાં આવી છે! અવરજવરની મહુવામાં સગવડ ઓછી; ભણતરનું પણ સાધન ત્યાં નહિ જેવું; હાઈસ્કૂલ ત્યાં નભી શકે એમ ન હતું; અને જે ભાવનાને – જે મૈત્રીસગવડને 'કંપની'ને નામે ઓળખાવવામાં આવે છે એ 'કંપની' ત્યાં મળે જ નહિ! આવી ખાતરીઓને લીધે ઘણા અમલદારો અને નોકરો આવાં સ્થળ પસંદ કરતા નથી અને ત્યાંથી ખસી જવા મથે છે. મને એવો અણગમો કદી આવ્યો નથી. 'કંપની'ની મને કદી જરૂર પડી જ નથી. મહુવા મહાલ મને ગમી ગયો હતો. શા કારણે મારી બદલી થઈ એ જાણવાની

મને ઇચ્છા પણ ન થઈ. હું કૉલેજમાં ભણતો ત્યારે કૉલેજ ટીમના સરસ બૉલર તરીકે વિખ્યાત થયેલા શ્રી ડી. જી. દેસાઈ –ઘણું કરીને ડાહ્યાભાઈ દેસાઈ – ની 'કંપની' મને મહુવામાં પૂરતી હતી. છતાં મહુવા મારે છોડવું પડ્યું.

મહુવામાં જૈનોની પણ ઠીક વસતી છે. ત્યાં વિઘ્નેશ્વરનું મંદિર છે. મોટી જૈનમૂર્તિનું એ મંદિર; પરંતુ એ વિઘ્નેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય, અને હિંદુઓ પણ ત્યાં પૂજન કરે – જોકે વહીવટ જૈનોનો જ. એ જૈનમંદિર બહુ જૂનું લાગ્યું. એની દીવાલો ઉપર કેટલાક જૂના લેખ પણ છે. ઉપરાંત એ મંદિરમાં એક પ્રાચીન ગ્રંથ-સંગ્રહ પણ છે, જેની તપાસ વિદ્વાનોએ કરવા જેવી છે. આવા સ્થળોમાં ફરવું મને બહુ ગમતું. એક દિવસ ગ્રંથસંગ્રહ મેં સહજ જોયો. એમાંથી અકસ્માત મળી આવેલી બે હકીકત મને હજી યાદ રહી ગઈ છે. એક તો કાગળોને કોતરી તેમાંથી સુંદર દેવનાગરી લિપિમાં લખાયલો એક સંસ્કૃત ગ્રંથ. એનાં ત્રીશ પાંત્રીશ પાન તો હશે જ. પરંતુ આપણી વિદ્વત્તા અક્ષરશોભનનો જે શ્રમ લેતી હતી તેનો મને ઠીક ઠીક ખ્યાલ આવ્યો. આખું પાન માત્ર કોતરેલા અક્ષરોથી જ ઉપજાવવું એ જેવી તેવી મહેનત અને કલા કહેવાય નહિ. અક્ષરને આપણે તો બ્રહ્મ માન્યો છે. એનો અર્થ પણ બહુ સૂચક છે. એના સુશોભન માટે થયેલા પ્રયત્નો પણ નોંધવા સરખા છે. અક્ષરના રંગમરોડ, પાર્શ્વભૂમિ અને આસપાસનાં ચિત્ર લેખનવ્યવસાયને એક ધ્યાન ખેંચતી કલા બનાવી શક્યાં છે. ફારસી લહિયાઓએ તો આ અક્ષર-સુશોભનમાં બહુ ઊંચું સ્થાન મેળવ્યું છે, દેવનાગરી લિપિએ પણ આ સુશોભન વ્યવસાયનો સારો લાભ ઉઠાવ્યો છે. રંગ અને મરોડ સાથે કોરેલા – અક્ષરો પણ લિપિની કલામય સંભાળને જ સૂચવે છે. આપણે ત્યાં આ કલા ક્યારે કેવી રીતે ખીલી એનું અન્વેષણ જરૂરી ખરું.

બીજી મહત્ત્વની વસ્તુ જડી તે એક મારવાડી ભાષામાં લખાયલું ગીત. દયારામે 'મીરાંચરિત્ર' ગુજરાતીમાં લખ્યું છે એમાંની લગભગ સરખી જ કડીઓ મારવાડી ઢબે રચાયલી આ ગીતમાં મેં જોઈ. કોણે શામાંથી શું શું લીધું હશે? મારવાડી ગીત પહેલું કે દયારામનું

'મીરાંચરિત્ર' પહેલું ? મેં એ કાવ્યની નકલ પણ કરી લીધી છે. પરંતુ વર્ષોનાં વર્ષો એ વાતને વીતી ગયાં. એટલે મારા કાગળોના લબાચામાંથી એ ક્યારે શોધાશે એ હું કહી શકતો નથી. આંતર પ્રાન્તીય સંસ્કાર- સમન્વયની ક્રિયા આપણે ધારીએ એ કરતાં પણ વધારે સૂક્ષ્મતાથી અને વધારે બળપૂર્વક ચાલી રહે છે. રાજસ્થાન, માળવા અને મહારાષ્ટ્રથી વીંટળાયલા ગુજરાતે ઝીલેલી પરપ્રાન્તીય અસરનો અભ્યાસ સાચેસાચ મનોરંજક બને.

કદાચ હું મહુવામાં વધારે લાંબું રહી શક્યો હોત તો ગ્રંથ-સંગ્રહને હું વધારે ઝીણવટથી તપાસી શકત — માત્ર શોખ તરીકે. સહુને જેમ પુષ્પ ગમે, ચંદ્ર ગમે, નદીપ્રવાહ ગમે એમ મને એ સર્વ પ્રકૃતિકૌતુકો સાથે કલાસાહિત્ય પણ ગમે. અભ્યાસી કે નિષ્ણાતની દૃષ્ટિ મેં સાહિત્યમાં પણ રાખી નથી અને વહીવટી નોકરીમાં પણ રાખી નથી. આજ પણ જ્યારે મારા સરનામા ઉપર કદી 'સાક્ષર' શબ્દ વપરાયલો હું જોઉં છું ત્યારે એ શબ્દ મારે માટે સાર્થ નથી એમ વારંવાર વિચારી લઉં છું. એ કાળે તો મેં કાંઈ પણ લખ્યું ન હતું અને કોઈ પત્ર કે માસિકને પાને મને ચમકાવ્યો પણ નહોતો.

મહુવાથી બદલી થઈ એ મને ગમ્યું નહિ, પરંતુ નોકરીમાં અંગત અણગમાનો પ્રશ્ન હોઈ શકે જ નહિ. બારડોલી થઈને રેલવે માર્ગે સુરત જવાનું. ઘણું કરીને સાંજની ગાડી અમે પકડી. વડોદરા રાજ્યમાં મળતા પગાર અને ભથ્થાં–ભાડાં બ્રિટિશ ધોરણ કરતાં વધારે ઊતરતાં—જોકે એ ઊતરતા ધોરણે બ્રિટિશ અમલદારશાહી કરતાં ઊતરતી અમલદાર શાહી વડોદરાને આપી હતી એમ માનવા હું જરા ય તૈયાર નથી. કોઈ પણ વહીવટ અમારા વહીવટ કરતાં બાહોશીમાં ચડતો છે એવું લઘુગ્રંથિ માનસ વડોદરાની નોકરશાહીએ સેવ્યું નથી. એ સેવવા માટે કારણ ન હતું. મારે તો બીજા વર્ગની મુસાફરી કરવાની હતી. કુટુંબનાં માણસોને ત્રીજા વર્ગમાં ધકેલી હું બીજા વર્ગનો આરામ કરું એ મને રુચે એમ ન હતું. અમે સહુ બારડોલીમાં બીજા વર્ગના ડબ્બામાં બેસી ગયા. આ પ્રસંગ મારે માટે યાદગાર બન્યો એટલા માટે એની અત્રે નોંધ કરું છું. અમારા બેસી ગયા પછી અમારા ખાના તરફ એક

નાનકડું ટોળું આવી પહોંચ્યું, જેમાં વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ, તથા મહાત્મા ગાંધીજી પણ હતા. એ પ્રસંગે ગાંધીજીએ પોતાના કાર્યનું એક કેન્દ્ર બારડોલીમાં પણ રાખ્યું હતું, અને હું મહુવા રહ્યો એ અરસામાં કેટકેટલી સભાઓ પણ બારડોલી અને તેની આસપાસ ભરાતી હતી. એકમાં તો કવિ ન્હાનાલાલ પણ હતા, જેમણે એકબે સંબોધી હતી. મારાથી તો એ યુગમાં આવી રાજકીય સભાઓમાં હાજરી ન જ અપાય. કોન્ગ્રેસી રાજકારણ પ્રત્યે અને ખાસ કરીને મહાત્મા ગાંધીની વિચારસરણીએ મને બહુ આકર્ષ્યો હતો. પરંતુ મારે તો નોકરી વગર ચાલે એમ હતું જ નહિ એટલે સભામાં હું તો જતો નહિ, પરંતુ મારી પત્ની, મારાં બાળકો–ભાણેજો સાથે અવશ્ય આવી સભાઓમાં હાજરી આપતી. મહાત્માનું નામ એ સમયે પણ પૂર્ણ રીતે વંદનીય બન્યું હતું.

મારા જ ખાનામાં ગાંધીજીનો આછો સરસામાન મુકાયો, અને વલ્લભભાઈ તથા વિઠ્ઠલભાઈ સાથે કાંઈ વિનોદ કરતા ગાંધીજી પણ બેસી ગયા. સાથે એક યુવાન–કદાચ દેવદાસ ગાંધી–હતા. નમન કરી અમે સહુએ મહાત્માને સ્થાન આપ્યું અને મારાથી માંડી નાનકડા બાળક સુધી સહુએ ભારતના એ મહાન વિધાયકની સાથે મુસાફરી કર્યાનો કંપ અનુભવ્યો. ગાડી ચાલી અને મહાત્માજીએ કાંઈ લેખનકાર્ય શરૂ કર્યું. આમે તો હું ઘણો જ અતડો છું. ગાંધીજી સાથે કશો જ પરિચય નહિ. એમને જે કહેવાનું હતું તે તેઓ નવજીવન દ્વારા કહ્યા જ કરતા નહોતા? એમના મંતવ્યોમાં મને કશી શંકાઓ ન હતી. અને તેઓ પોતાનો સમય વ્યર્થ ગાળતા ન હતા–ચાલતી ગાડીએ પણ લખ્યે જતા હતા. એમને વાતમાં રોકી અમારી સાથે મુસાફરી કર્યાનો દંડ દેવો એ મને જરા ય વાજબી લાગ્યું નહિ. બારડોલીથી સુરતના સ્ટેશન સુધી એક જ ખાનામાં અમે આ મહાપુરુષની સાથે એક પણ અક્ષર બોલ્યા વગર મુસાફરી કરી અને એમણે પણ આસપાસના વાતાવરણને ભૂલી પોતાનું લેખન કાર્ય ચાલુ રાખ્યું

જીવનભરનું મારું આ ગાંધીજીનું સાન્નિધ્યઅબોલ. પછી તો તેમને દૂર દૂરથી ઘણી વાર જોયા. તેમની મુલાકાત માગી હોત તો

તેઓ ન આપત એમ હું માનતો નથી. ગાડીમાં જ અમે વાત કરી હોત તો તેઓ જરૂર જવાબ આપત – અને આ સ્થળે લંબાણપૂર્વક કાંઈ લખવાનો મને પ્રસંગ ઊભો થાત. ગાંધીજી વિશે મેં ઠીક ઠીક લખ્યું છે, અને આજ લગી ગાંધીજી માટે કોઈ પણ ગાંધીશિષ્યને હોય એવો સદ્ભાવ હું આ વિભૂતિ માટે ધરાવું છું. પરંતુ ગાંધીજી સાથે મેં એક ક્ષણભર પણ વાત કરી નથી, તેમની સાથે પત્રવ્યવહાર પણ કર્યો નથી અને તેમની મુલાકાતનો પણ મને લાભ મળ્યો નથી. જે ક્ષણ મળી એનો મેં ઉપયોગ પણ ન કર્યો ! 'ગ્રામલક્ષ્મી'નો ચોથો ભાગ મેં મહાત્માજીને અર્પણ કર્યો છે, પરંતુ તેની પરવાનગી શ્રી મહાદેવભાઈ મારફત મેં માગી અને શ્રી મહાદેવભાઈના એક સજ્જનતાભર્યા જવાબમાં એ મને મળી પણ ખરી. ભારતની બે વિભૂતિઓને હું મળ્યો : એક રવીન્દ્રનાથ ટાગોર અને બીજા મહાત્મા ગાંધી. ટાગોર સાથે ઠીકઠીક વાતો થઈ; ગાંધીજીની આકસ્મિક મુલાકાતમાં મેં મૌન સેવ્યું. ગાંધીજીનું આ મારું એક જ અંગત સ્મરણ. ઊતરતાં ઊતરતાં સહુએ નમન કર્યાં અને બાળકોને માથે હાથ મૂકી ગાંધીજીએ પ્રશ્ન કર્યો : "કાંતો છો ખરા ?" એ પ્રશ્ન આજ પણ સહુને પૂછવા સરખો છે.

અને છતાં એ મહાત્માએ મને કેટકેટલું આપ્યું છે ! મારી તૂટીફૂટી માનસિક કે નૈતિક સમૃદ્ધિ જે હોય તે ખરી; આર્થિકની માફક એ સમૃદ્ધિ પણ નહિ જેવી જ છે એ હું જાણું છું. પરંતુ એ જેટલી હશે એટલી ! એમાં અનેક વારસા મને મળેલા છે. એ સર્વમાં ગાંધી દીધો વારસો સમગ્ર ભારતવર્ષની સાથે હું પણ ભૂલી ન જ શકું. એ માનવ-હિમાલયે વહેવરાવેલી ગંગા–જમના–સિંધુ–બ્રહ્મપુત્રાના પ્રવાહોમાંથી મેં પણ ખોબો પાણી પીધું છે ખરું ! અને ગીતાવાચનની માફક ગાંધીવાચને કેટકેટલી વાર મારી તૃષા છિપાવી પણ છે !

સુરતમાં રાત્રે એક મહુવાની પરિચિત વ્યક્તિને ત્યાં અમે સહુ રહ્યાં. હું સંગીતનો શોખીન તો છું, પરંતુ સંગીતનો જાણકાર પણ છું એવો ભ્રમ પણ કદીકદી સેવાયા કરે છે. મહેમાનો માટે – અમારે

માટે—એક સંગીતનો જલસો પણ ગોઠવાયો, જેમાં એક સંગીત શોખીન ગૃહસ્થે હાર્મોનિયમ ઉપર અમને વિધવિધ રાગ પણ સંભળાવ્યા. સંગીત માટે હું રાત્રિના ઉજાગરાને ગણકારતો નહિ—અત્યારે હજી સંગીત ગમે છે; પરંતુ ઉજાગરા નહિ.

વડોદરા માતાપિતા પાસે બે દિવસ રહી હું સહકુટુંબ વિજાપુર જવા નીકળ્યો. વડોદરા સ્ટેશને જ સરસૂબા કચેરીથી એક ગુપ્ત લખાણ ગાડીમાં બેસી ગયા પછી મને મળ્યું. જૂના ગાયકવાડી યુગની એક વાત છે. એક અમલદારની બદલી થઈ, અને ઘોડા ઉપર બેસી તેઓ બદલી વાળે સ્થળે જવા નીકળ્યા. પ્રત્યેક સવાર ઘોડાના મુખની બાજુમાં જ પોતાનું મુખ રાખી બેસે એ સ્વાભાવિક છે. પરંતુ આ અમલદારે અવળું મુખ રાખ્યું હતું—ઘોડાના પુચ્છ તરફ. એ યુગમાં સરકસ તો હતાં નહિ, એટલે અમલદારમાં સરકસના ખેલાડીનું ભાન ત્યારે થવું અશક્ય ગણાય—જોકે ઘણા ય અમલદારો સરકસના ખેલાડીઓને ટપી જાય એવી રમત રમી શકે એવા હોય છે. સ્વરાજ્યમાં આઈ.સી.એસ. ખેલાડીઓએ તો સિફતપૂર્વક ઘોડા પણ બદલ્યા છે, અને નવા સ્વરાજ્ય ઘોડાને પોતાના ઉપરાંત આભારના ભાર તળે પણ નમાવ્યો છે! અમલદારને વિચિત્ર ઢબે બેઠેલો જોઈ કોઈએ પૂછ્યું.

'સાહેબ! ઘોડો એક બાજુએ જાય છે; આપ ઘોડા ઉપર ઊંધી બાજુએ કેમ બેઠા છો?'

'કદાચ...હું બદલીની જગાએ પહોંચી જાઉં...તે દરમિયાન બીજો ફેરફારીનો હુકમ આવી પહોંચે એની રાહ હું ઘોડા ઉપર જોઉં છું...'

બદલીના વારંવાર થતા હુકમોનું આ એક ઠઠ્ઠાચિત્ર જ છે. સરસૂબા કચેરીનો પત્ર જોઈ મને પણ એ જ કથા યાદ આવી. મને થયું કે મારી આ બદલીમાં પણ પાછો કાંઈ ફેરફાર થયો હશે?

મેં સહજ વ્યગ્રતાપૂર્વક પત્ર ખોલી વાંચ્યો.

મને સરસૂબા સાહેબે પોતાના જ હસ્તાક્ષરે એક ગુપ્ત સલાહ—સૂચના—હુકમ આપ્યાં હતાં કે મારે દેશી ટોપીને સ્થાને પાઘડી કે

સાફો પહેરી મારી તથા મારી અમલદારીની પ્રતિષ્ઠા સાચવી !

હું કદી કદી સાફો – ફેંટો વીંટતો – જરૂર પડયે; પરંતુ તે ય મારી પત્નીની સહાય વડે. પાઘડી મારા પિતા પહેરતા; તેમને એ શોભતી પણ ખરી. પરંતુ પાઘડીને લાયક મારું મુખ હોય એમ મેં કદી માનેલું નહિ. મોટે ભાગે તો હું ટોપી જ પહેરતો અને ટોપી પહેરીને જ કચેરીમાં તેમ જ ઉપરી – અમલદારો પાસે હું જતો. વસ્ત્રોની સફાઈમાં માનનાર એ યુગના પ્રતિનિધિ સરખા ગુણાજીરાવ નિંબાળકરથી મારો ટોપીશોખ સહન થયો નહિ હોય એટલે એમણે મને સ્પષ્ટ આજ્ઞા આપી, છોકરાવાદ ગણાતી ટોપી તજવા આગ્રહ કર્યો.

વસ્ત્રને, દબદબાને અને વહીવટને સંબંધ નથી એમ તો શી રીતે કહી શકાય ? વડોદરા રાજ્યે દરબારનો રાજપોશાક ઠરાવ્યો હતો. કચેરી માટે પણ કામ અને દરજ્જાને શોભે એવો પોશાક જરૂરી તો ખરો જ. મારો દેહ પણ એવો પ્રશસ્ત નહિ જ કે એ જોતાં બરોબર દાબ પાડી શકે. દેખાવે અને વસ્ત્રે માનવ જીવનમાં નાનો સૂનો ભાગ ભજવ્યો નથી જ. આપણી વીસમી સદીએ જ કેટલા સ્વાંગ બદલાવ્યા ? આર્યસમાજની સાદાઈ ભરી અસર, અંગ્રેજી પોશાકની અસર, આપણી ટોપીઓ, ધોતિયાં અને કોટ, ગાંધીયુગનો પોશાક, અને એમાં પણ વિકસાવી શકાતી વરણાગી, યુદ્ધની અસર તળે બદલાતો પહેરવેશ – હાફ અને બુશકોટ; આવા આવા પોશાકોનાં સીમાચિહ્નો અનેક અસરોનાં પરિણામ છે. સ્ત્રીઓને વસ્ત્રાભૂષણ માટે બહુ વગોવવામાં આવે છે. પરંતુ પુરુષે જેટલા સ્વાંગ બદલ્યા છે એટલા સ્ત્રીએ તો નથી જ બદલ્યા. માની શકાય છે ?

મારે ફરવાનું જ કામ હતું એટલે ઉપરીની આજ્ઞા માનવામાં બહુ હરકત આવી નહિ. અંગ્રેજી ઢબની ' હેટ ' મને અને મારી અમલદારી પ્રતિષ્ઠાને બચાવી શકી. આજ સુધી હું એક વફાદાર માફક ' હેટ 'ને વળગી રહ્યો છું ! સોલા હેટ ફરવા માટે – તાપ માટે; પ્રતિષ્ઠા માટે – ઉપરી માટે ' ફેલ્ટ હેટ ' !

## ૧૯

ઉત્તર ગુજરાતના ફળદ્રુપ તાલુકાઓમાંનો એક મહાલ તે વિજા-

પુર. ગામને સુંદર તો ન જ કહી શકાય. ઉત્તર ગુજરાતનો દંડ પણ ભર્યો ભર્યો, કચ્છ–રાજપૂતાનાના આગળ વધતા રણની આછી આગાહી આપતો. કચ્છ અને મારવાડનાં રણ ગુજરાત ઉપર ધસારો કરી રહ્યાં છે એ આ પ્રસિદ્ધ થયેલી વાત ત્યારે અમલદારી વર્ગમાં જાણીતી હતી. ગામ અને ગામ બહાર ધૂળનો પાર નહિ. સ્ટેશન અને ગામ વચ્ચેના કેટલાક ભાગમાં થોરનાં જૂથ ઊગી ગયેલાં હતાં. મને ગામની વચ્ચે રહેવું ગમે નહિ, એટલે ગામના છેવાડા ભાગમાં આવતાં મકાનો જ પસંદ કરવાનાં રહે. શ્રી લિમયે નામના મારા પુરોગામી સજ્જન અમલદાર પાસેથી મારે હવાલો લેવાનો હતો. તેમણે મને સહકુટુંબ પોતાને ઘેર જ ઉતાર્યો. એમના ગયા પછી એકાદ અઠવાડિયું હું એ જ ગૃહમાં રહ્યો; અને એ મોટી હવેલીના સ્વરૂપનું જ મકાન હતું. પરંતુ એની આસપાસ છૂટી જમીન નહિ, એટલે ગામને છેડે આવેલું એક બારોટ કુટુંબનું ઘર ભાડે રાખ્યું– જે ઘર વાડી સરખું, ખુલ્લા ચોકવાળું અને આસપાસ મેદાનમાં પડતું હતું. મૂળ માલિક બારોટ વજુભાપા; તેમના બે દીકરા બાપુલાલ અને રઘુનાથજી. રઘુનાથજીના ભાગમાં આવેલો ઘરનો ભાગ મેં ભાડે રાખ્યો. મારા જીવનનો સુખીમાં સુખી સમય તે વિજાપુરમાં ગાળેલો સમય, એ રઘુનાથજીના ઘરમાં ગાળેલો સમય. એ રીતે હું આજ પણ સાભાર વિજાપુરને યાદ કરી રહ્યો છું. મારું કૌટુંબિક જીવન–અને વિશેષત: મારી પત્નીનો સહચાર એ અંગત રીતે મારી મોટામાં મોટી સંપત્તિ. બે અઢી વર્ષ સતત અહીં રહેવાની મને સ્થિરતા મળી; અનેક પ્રકારના વહીવટો મને જોવા–સમજવા મળ્યા; પ્રજાજીવનના પરિચયમાં પ્રત્યક્ષ રીતે આવવાનો મને સરસ મોકો મળ્યો; અને અમલદારી સાથે સાથે આનંદ પણ કેમ લેવાય એનું પ્રાથમિક શિક્ષણ મને આ વિજાપુરમાં બહુ સારુ મળ્યું. અનેક રીતે વિજાપુરને હું ભૂલી શકતો નથી.

આજે ઉત્તર ગુજરાતને ખટપટી પ્રદેશ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં યે કલોલ અને વિજાપુર તાલુકા ખટપટનું શિખર મનાતા હતા. મારી નોકરીને અંગે હું ગુજરાતને ચારે બાજુ જોઈ

વળ્યો છું. ખટપટને પણ હું ન ઓળખું એટલો બધો ભલો કે એટલો બધો મૂર્ખ હોઉં એમ હું માનતો નથી; બીજાઓની જે માન્યતા હોય તે ખરી! સારામાં સારી મનાતી વ્યક્તિઓ અને સમૂહોને પણ હું સ્પર્શી શક્યો છું અને બદમાશમાં ગણાતી વ્યક્તિઓ અને સમૂહોનો પણ મેં પરિચય સેવ્યો છે. ઉત્તર ગુજરાતમાં દક્ષિણ ગુજરાત જેટલી સુંવાળપ નહિ હોય એમ મને પણ લાગ્યું છે, અને એમ કહેવા માટે હું ઉત્તર ગુજરાતની ક્ષમા પણ માગી લઉં. છતાં કોઈ પણ સ્થળે ખટપટે મને એવો પરચો બતાવ્યો નથી કે જેને લીધે એ સ્થળને હું ખટપટી સ્થળ તરીકે જીવનભર ઓળખ્યા જ કરું.

અમલદાર તરીકે હું આદર્શરૂપ છું એમ માનીને નહિ પરંતુ અનુભવે–ઉપજાવે ઉપજાવેલા ભાવ અનુસાર હું એટલું તો કહી શકીશ કે ખટપટે મને બહુ ઘેર્યો નથી કે ખટપટનો મેં બહુ આશ્રય લીધો પણ નથી. એને મારાથી તો મેં સતત દૂર જ રાખી છે. અને તેનો મને જરા ય પશ્ચાત્તાપ થતો નથી. મારી અમલદારીમાં મેં કેટલાક સિદ્ધાંતો સહજ પાળ્યા છે અને તેથી હું બહુ સુખી રહ્યો છું. કાયદા તેમ જ નિયમના અર્થ ઉદારતાપૂર્વક, દાદ માગનાર પ્રત્યે સહાનુભૂતિ-પૂર્વક ઉકેલવા; દાદ માગનારને સંતોષ થાય ત્યાં સુધી સાંભળવો અને ગમે ત્યારે અને ગમે ત્યાં સાંભળવો. નાની મોટી અનેક જગાઓ મેં ભોગવી છે; છતાં કોઈને પણ રોકવા માટે મેં મારે બારણે પટાવાળો કે ચોકીદાર કદી રાખ્યો નથી. એથી અડચણો અને અડવડ ઊભી થાય ખરી, છતાં વગર સાંભળ્યે અન્યાય થઈ જાય એવી શક્યતાને તો મેં દૂરની દૂર જ રાખી છે. બહુ માણસોને સાંભળવામાં સમય ઘણો બરબાદ થાય એ ખરું. પરંતુ મને એમાંથી બે ફાયદા થતા દેખાયા: એક તો સત્યની બહુ નજીક આપણે આવી જઈએ છીએ; અને બીજો ફાયદો એ કે સહુને મારામાં પોતાવટ–અંગતપણું લાગતું રહ્યું છે, જેને લીધે વિરોધી પક્ષોએ પણ મને વિરોધી માન્યો નથી –ગમે તેની વિરુદ્ધમાં કામ થયું હોય તોપણ આથી મને સ્થાનિક ખટ-પટનો રંગ બહુ જ ઓછો લાગ્યો અને ખટપટ મારી આસપાસ બહુ

જ ઓછી થઈ ગઈ. એટલે વિજાપુર તાલુકો ગમે એટલો ખટપટી ગણાયો હશે, છતાં મને એ ભાવ કદી કોઈ પણ સ્થળ માટે ઊપજ્યો નથી.

વિજાપુરમાં ઠકરાતો ઘણી. એક બે મુસલમાન ઠકરાવતો અને બીજી રજપૂત ઠકરાતો—કદાચ રજપૂત-ભીલ મિશ્રિત ઠકરાતો. સામાન્ય સરકારી ગામોના જમીન મહેસૂલના કાયદા એ ઠકરાતી ગામોને લાગુ પડે નહિ; પરંતુ જેમના વહીવટ—રિવાજ—શેગી અનુસાર જમીનનો વહીવટ થાય. અનુત્પાદક જમીનદારી ઠાકોરોને આળસુ, અભિમાની, ખર્ચાળ અને દેવાદાર બનાવ્યે જતી મેં વિજાપુરમાં પ્રત્યક્ષ જોઈ—જોકે અંગત રીતે ઠાકોરો ઘણા સારા; કેટલાકે તો સાદરાની તાલુકદારી કૉલેજમાં શિક્ષણ પણ લીધેલું છતાં જૂની ઢબનાં વ્યસનો, અને જૂની ઢબની સાહેબી તથા ખટપટ એ ઠકરાતોમાં ખરી જ. કેટલીક ઠકરાતોમાં ખરી જ. કેટલી ઠકરાતો દેવા પેટે સરકારી—જપ્તીમાં હોય; કેટલીક ઠકરાતો ઠાકોરોના સગીરપણાને લીધે જપ્તીમાં હોય. એ જપ્તીવહીવટે મને ભાગબટાઈની પ્રથા અને અંગ્રેજોના આગમન પહેલાંના ગ્રામ વહીવટનું દર્શન કરાવ્યું. મને યાદ છે કે ઘસાયતાના ઠાકોરની ઉદારતા બહુ વખાણાતી—સાથે સાથે એમનું દેવું પણ એટલું જ જાણીતું. ધનપુરાના ઠાકોરની બંદૂક વખણાતી—અને મને બંદૂક મારતાં પણ એ જ ઠાકોરે શીખવ્યું. તેમની મહેમાનગીરીનો ઠાઠ ભારે; પરંતુ એની પાછળના દીર્ઘસૂત્રીપણામાં તેમની ખાલી પેટીઓ પણ ઓળખાઈ આવે ખરી. વ્યસન પણ સારા પ્રમાણમાં; સદ્‌ગુણની પણ રેખાઓ ભારે. માગે તેમ પૈસાની સગવડ કરનાર કારભારીઓ, ખુશામદી હજૂરિયાઓ. રાણીઓ અને રાણીમાતાઓની ખેંચાખેંચી વચ્ચે ચાલતી આ જૂની દુનિયાનું ચિત્ર મને વિજાપુરમાં પ્રત્યક્ષ જોવા મળ્યું. પૂર્વજનાં પુણ્ય ખૂટી જવા આવ્યાં હોય એવા ઢંગની આ ઠકરાતો અંશતઃ ભારતવર્ષના રજવાડાનું એક નાનું પ્રતીક બની રહી હતી. સમયનો પ્રવાહ આ બન્નેને ઉઘાડી નાખવા મથતો હતો એમ ઝાંખું ઝાંખું મને ત્યારે પણ લાગ્યું હતું. એકાદ સયાજીરાવ સરખો નૃપતિ કે બાહોશ દીવાનોથી રક્ષારેલું માઈસોર આખા રાજસ્થાનને સાચવી ન

જ શકયું. ઠાકોરોના રહ્યાસહ્યા બે ચાર સદ્‌ગુણો તેમને તારવા માટે પૂરતા લાગ્યા નહિ. તો ય એક સ્થિર આકાર ધારણ કરી રહેલો વર્ગ મને અહીં એના પ્રાચીન વહીવટ સાથે જોવા મળ્યો.

કોમોની વિચિત્રતા અને વિશિષ્ટતા પણ મને વિજાપુરમાં સ્પષ્ટપણે આકર્ષી રહી. મહુવામાં રાનીપરજે મારું ધ્યાન દોર્યું હતું. એ તો અશિક્ષિત વનવાસી પ્રજા. પરંતુ ઉત્તર ગુજરાતમાં તો એવી એવી પ્રજાઓ ઊભરાય છે કે જેમણે ગુજરાતની સંસ્કૃતિના ઇતિહાસમાં ફાળો આપ્યો છે. હું રહેતો હતો એક બારોટ–બ્રહ્મભટ્ટના મકાનમાં. ચંદબરદાઈના કાળથી તો એ કોમ જાણીતી થયેલી. આખા રાજસ્થાનનું વીરત્વ બિરદાવનાર એ કોમ. પેઢી દર પેઢીના એ આપણા કવિઓ અને વાર્તાકારો – અભ્યાસીઓ અને સર્જકો, ફેંકી દેતાં પણ એમનામાં જૂના સંસ્કારો સચવાઈ રહેલા. રજવાડાં સાથે તેમનો ગાઢ સંબંધ. જોધપુરમાં તેમને સારી જાગીરો; ઇડરમાં પણ તેમને સારું સ્થાન. એ પણ ઘસાઈ જતી કોમ; છતાં પણ અમુક સ્પષ્ટ સંસ્કારો તેમનામાં ખરા જ. હું જેમના ઘરમાં રહેતો એ રૂગનાથજીની ઉદારતા આખા વિજાપુરની જીભને ટેરવે રમે; તે સાથે એમના ખર્ચાળપણામાંથી ઊપજેલું દેવું પણ ઉચ્ચાર પામે ખરું. એક દિવસ તેમની સાથે વાતો કરતાં કરતાં તેમની પ્રશંસનીય ઉદારતાની કોઈએ તેમના દેખતાં વાત કહી અને રૂગનાથજીએ એક દુહો કહી સંભળાવ્યો :

'કોન પાપસેં અવતરે, બડે બાપકે પૂત;
માગન માગે પામરી, ઘરમેં ન મિલે સૂત."

માનવીની સ્થિતિ તો બદલાયે જ જાય છે. છતાં મિલકત કરતાં પણ સંસ્કાર કેટલી વધારે સબળતાથી માનવીને ચોંટી રહે છે એનું દૃષ્ટાંત મને એ દુહાકથનમાંથી મળ્યું. પછી તો મને ખબર પડી કે રૂગનાથજી પાસે વ્રજ ભાષા, ડિંગળ અને હિંદીનાં અનેક પુસ્તકો પડ્યાં છે–જે જોઈ જવાની મને તક મળી.

સાથે સાથે કેટલાય કવિતાશોખીન–કવિતાના અભ્યાસી બારોટ કવિઓનો મને વિજાપુરમાં સંપર્ક થયો જેમાંથી દોલતરામ અને

વ્રજલાલનાં નામ મને યાદ રહ્યાં છે. નવરાશના સમયમાં તેઓ મારી પાસે આવતા અને કાવ્યો સંભળાવી કવિતાની ચર્ચા પણ કરતા. તેઓ જાતે પણ નવી નવી કવિતાઓ રચી શકતા. અલબત્ત, એ જૂનાં બીબાં સરખી કવિતા, નવીનતા, અદ્યતન કલ્પના કદાચ તેમાં ન જડે પરંતુ શબ્દઘોરની કિંમત મને એ કવિઓએ સમજાવી. નામ અત્યારે ભૂલી ગયો છું—પરંતુ એક બ્રહ્મભટ્ટ ભાઈ—સુધરાઈમાં સભાસદ હતા, તે શેતરંજના સરસ ખેલાડી હતા. તેમની સાથે સમય મળ્યે કદી હું શેતરંજ રમતો—આજ તો હું એ તદ્દન ભૂલી ગયો છું.

અને વાર્તાકથનની કળાનો ઊંચામાં ઊંચો નમૂનો મેં વિજાપુરમાં સાંભળ્યો. ભાંડુના સદ્ગત કવિ શિવલાલ વાર્તા કહેવાની કળામાં બહુ જ વિખ્યાત ગણાતા. રુગનાજીના મોટાભાઈ બાપુલાલના તેઓ વેવાઈ થાય. એક દિવસ તેઓ મહેમાન તરીકે બાપુલાલને ઘેર આવ્યા. મારા સામાન્ય કલાશોખની ખબર તેમને હતી. બારોટના ડેલાના ચોકમાં શિવલાલ કવિની વાર્તા રાત્રે ગોઠવાઈ અને એક ટોળું ભેગું થયું. કવિ શિવલાલે મારા ઘરમાં કાચની ચીમની ફૂટયાનો અવાજ સાંભળ્યો. કાચફૂટણ બહુ શુકનિયાળ ગણાતું નથી; પરંતુ કવિ શિવલાલે મારા ઘરમાં કાચનો ફૂટવાનો એક પ્રસંગ લઈ જે વાર્તા શરૂ કરી તેનો રસ આજ સુધી રહી ગયો છે. મૂળ વાર્તાની આસપાસ અનેક આડવાર્તાઓ, પાત્રો વચ્ચેના સંવાદો, દુહા, કવિત અને મનહરનાં યોગ્ય સ્થળે છાંટણાં—નવેરસનો જાણે ફુવારો ફૂટ્યો ! આખી રાતે અમે એ વાર્તાકારની વાતો સાંભળતા બેસી રહ્યા, અને છતાં ફરી સાંભળવાનો રસ રહી ગયો. હું સાહિત્યશોખીન, અંગ્રેજીભાષાનો જાણકાર એ જૂની ઢબની અસરમાં ઝડપથી ન જ ડૂબી જાઉં ! છતાં કવિ શિવલાલની કહેલી વાર્તામાં મને જે રસ પડ્યો તેવો રસ આજ સુધી મેં બીજે અનુભવ્યો નથી.

૧૭

વિજાપુર તાલુકાની એક આખી સરહદે સાબરમતી નદી વહે. એ નદી ગુજરાતમાં આવતાં તો અત્યંત ઉતાવળથી અને ઘૂંટણભર

પાણી વહાવતી બની રહે છે—છતાં એમાં બારેમાસ પાણી ખરું; અને વચ્ચે વચ્ચે પાણીના ઊંડા ધરા પણ ખરા. ચોમાસામાં તો એમાં બન્ને કાંઠે મહાજળ વહે. એ મહાનદીએ જેમ રળિયામણાં સ્થળ આપ્યાં છે તેમ ડુંગરોની યાદ આપતાં ઊંડાં કોતરો અને ઊંચાં ટેકરાઓ પણ આપ્યાં છે, જે જોયા વગર ગુજરાતનું સૌન્દર્યદર્શન અધૂરું રહી જાય. ઘણાં ખરાં ઠકરાતી ગામો સાબરમતીને કિનારે એટએટલું પ્રકૃતિસૌન્દર્ય વેરાયલું—જે જોતાં ન થાકીએ. બાળપણની નર્મદા નદી છોડયાનો અસંતોષ જાણે વિજાપુરમાં દૂર થતો લાગ્યો—જોકે વિજાપુર ગામથી એ નદી થોડા માઈલ દૂર ખરી. જેમ આખો તાલુકો હું ફર્યો તેમ મેં સાબરમતીનો આખો વિજાપુર—કિનારો ખૂંદી નાખ્યો. અને કેટકેટલાં સુંદર સ્થળો મને હજી પણ યાદ રહી ગયાં છે!

મહુડી નામના ગામમાં—ગામનું અપવિત્ર નામ દેવા માટે મદ્યનિષેધકો મને ક્ષમા કરે—પ્રાચીન કોટચર્કનું સૂર્ય—વિષ્ણુમંદિર ખડાયતા કોમના ઇષ્ટદેવનું એ ધામ. હું હતો ત્યારે એ મંદિરના. કાર્યવાહક બ્રાહ્મણો—જે લગભગ ગુંસાઈજીઓ સરખો ઠાઠ રાખતા હતા—અને ખડાયતા વણિક કોમના આગેવાનો વચ્ચે ઝઘડો ચાલતો હતો. અને જે નદીકિનારાના સુંદર ટેકરા ઉપર મંદિર હતું એ ટેકરો નદીના પાણીથી ધોવાઈ જતો હતો એ કારણે ગામમાં નવું મંદિર બંધાતું હતું—જે આજ તો પૂર્ણ થઈ દેવપ્રતિષ્ઠા પામી પણ ચૂકયું છે. પરંતુ ત્યારે તો અસલ મંદિરમાં જ દેવ હતા. એ સ્થળની આસપાસ વિખરાયલી અનેકાનેક ખંડિમ મૂર્તિઓ અને ખંડિતઅખંડિત સ્થાપત્યો આજ બહુ રહ્યાં નથી; હું હતો ત્યારે કોઈ પણ પુરાતત્ત્વશોખીનનું ધ્યાન ખેંચે એટલાં વિપુલ હતાં. સાબરમતી સાથે હાથમતી નદીનો સંગમ પણ એ જ સ્થળે થાય. નજીકમાં સૂર્યકુંડ નામનું સ્થળ આ કોટચર્ક મંદિરની પ્રાચીન જાહોજલાલી સૂચવતું હતું. આજ પણ એ સ્થાન સુંદર લાગે છે. મારી નોકરીના છેલ્લા ભાગમાં—લગભગ સને ૧૯૪૭માં સરસૂબા તરીકે મારે વિજાપુર જવાનો પ્રસંગ આવ્યો ત્યારે કોટચર્કનાં એ જૂનાં ખંડેરો ફરી નિહાળવાનો લોભ હું જતો કરી શકયો નહિ. મારા એક અંગત મિત્ર ત્યારે મારી સાથે હતા. કચેરીના

એકબે કાર્યકરો અને વૃદ્ધ જમાદાર પણ મારી સાથે આવ્યા. અનેક કોતરો અને ટેકરાઓ ચડીઊતરી થાકીથકી ખંડેર જોવાનો આનંદ સહુને ભાગ્યે જ આવે! મારા મિત્રે મારી અમલદારી પ્રતિષ્ઠાને બાજુએ ફેંકી મારી સાથે જ ટેકરા ચઢતા થાકેલા વૃદ્ધ જમાદારને પ્રશ્ન પણ કર્યો :

'જમાદાર! તમારા હાથ તળે અનેક સરસૂબાઓ આવી ગયા હશે. પરંતુ કામ વગર, કારણ વગર આમ ટેકરા ચઢતો-ચઢાવતો ગાંડો સરસૂબો તમારા જોવામાં આવેલો ખરો ?'

જમાદારે કે મારા સાથીઓએ સ્પષ્ટ ના કે સ્પષ્ટ હા કહી નહિ; પરંતુ તેમના સંકોચભર્યા હાસ્યમાં એ પ્રશ્ને ઊભા કરેલા સત્યને સંમતિ મળી હોય ખરી! આજ નિવૃત્ત થયે પાંચ ઉપરાંત વર્ષો થયાં, છતાં ફરી પ્રસંગ મળે તો હજી પણ કોટચર્કનાં ખંડેરો જોવા ટેકરા ચડું ઊતરું ખરો.

કોટચર્કના મંદિર ઉપરાંત આ ગામે ઘંટાકર્ણનું એક જૈન-મંદિર પણ છે, જે સુપ્રસિદ્ધ જૈન સાધુ – વિદ્વાન – બુદ્ધિસાગરજીની પ્રેરણા નીચે બંધાયાનું મને યાદ છે.

આ સ્થળના એક જૈન ગૃહસ્થે (વર્ધમાન નામ હતું ?) મને અહીં ત્રણેક અતિ પ્રાચીન સિક્કાઓ આપ્યા, જેમાંનો એક મેં તે સમયના અમારા સૂબા શ્રી શિરગાંવકરને મોકલ્યા, એક સિક્કો મારા ભાણેજ શામલાલ મેઢને અભ્યાસ માટે આપ્યો અને એક મેં પાસે રાખ્યો. શ્રી શીરગાંવકરે એમને મોકલેલો સિક્કો વડોદરા મ્યુઝિયમમાં મોકલ્યો. સ્વાભાવિક રીતે સહુને એમાં રસ ન પડે. મારા ભાણેજ – અને મિત્ર – શામલાલ મેઢ ત્યારે બનારસમાં પ્રાચીન ભારતીય ઇતિહાસમાં એમ.એ.ની પદવી મેળવી ચૂકચા હતા; તેમણે એ સિક્કા ઉપર હિંદી અને અંગ્રેજીમાં લેખ લખી એ સિક્કો કુમાર ગુપ્તનો હોવાનું જાહેર કર્યું. પછી પણ આ કોટચર્કના સ્થળમાંથી મને બીજા પાંચેક પ્રાચીન સિક્કાઓ મળી આવ્યા, જેનાં કેટલાક ક્ષત્રપોના અને કેટલાક ગુપ્તવંશીય હતા. અનેકમાર્ગીય અભ્યાસના શોખીન મારા મિત્ર શ્રી ભરતરામ ભાનુસુખરામના જાણવામાં આ વાત આવી. તેમણે એ

સિક્કાઓમાંથી ખડી ઉપર છાપ લઈ લીધી. સને ૧૯૨૬–૨૭માં હું સિદ્ધપુર હતો ત્યારે મારી પત્નીની માંદગીના અરસામાં કોઈએ આ સિક્કા ચોરી લીધા; અને ખડી ઉપર લીધેલા ભરતરામે આપેલા નમૂના પણ મારા ખોવાઈ ગયા. મને દુઃખ થયું, છતાં પ્રાચીન સિક્કાઓનો સંગ્રહ કરવાનો મને અહીંથી શોખ શરૂ થયો. એમાં ભરતીઓટ આવ્યે ગયાં. છતાં આજ મારી પાસે પ્રાચીન સિક્કાઓનો ઠીકઠીક સંગ્રહ થયો છે, એનું મૂળ પ્રેરણાસ્થળ વિજાપુર અને વિજાપુર પાસેનું કોટચર્ક ધામ. પ્રાચીન ભારતીય ઇતિહાસનો શોખ તો મને હતો જ. આ પછી શોખમાં તીવ્રતા આવી, જે હજી પણ ચાલુ છે. નવા ચલણી સિક્કા તો હું ભેગા કરી શક્યો જ નથી. તો જૂના ઇતિહાસને ઉકેલતા કિંમત રહિત સિક્કા પણ શા ખોટા?

સાબરમતીને કિનારે પેઢામલી નામનું એક ઠકરાતી ગામ પણ એવું જ સુંદર સ્થળ છે. એના મુસ્લિમ ઠાકોરો બચુમિયાં અને ધીંગાણામિયાં પોતાના ખર્ચાળપણાને માટે અને ધીંગાણામિયાં સરખા નામ વૈશિષ્ટ્ય માટે યાદ રહી જાય એમ હતું. મેં એ નામ પ્રથમ સાંભળ્યું ત્યારે મને લાગ્યું કે લોકોએ કદાચ તેમના સ્વભાવની ઉગ્રતા આગળ કરવા માટે એવું ઉપનામ આપ્યું હશે; પરંતુ એ તો અંગત નામ જ નીકળ્યું – જન્મ નામ! અને એના ધારણ કરનાર શાન્ત અને વિવેકી સજ્જન તરીકે લાંબા સમય સુધી મને પરિચિત રહ્યા! નામનો મહિમા સતત ન રહે એ જ સારું! અને નામના પડ ઉકેલીએ તો આપણને સમાજનાં પણ કેટકેટલાં પડ નજરે આવે?

એ પેઢામલીની સામે ઇડરની હદમાં એક કેવડાનું વન; અને એ વનને મોખરે નદીના પટમાં નાનકડું પરંતુ હૈયાને ગમી જાય એવું સપ્તધારેશ્વર – સાતેરા મહાદેવનું સ્થળ. સાત અને તે ઉપરાંતની પ્રવાહધારાઓ એ મહાદેવને સતત પાણીમાં ઝબકોળેલા જ રાખે. બાંધેલું મંદિર, છતાં સાત ધારાઓ મંદિરમાં થઈને વહે; અને મહાદેવના બાણનો સ્પર્શ કરવા માટે કમરપૂર – છાતીપૂર પાણીમાં થઈને આપણે મંદિરપ્રવેશ કરવો પડે. આપણી ધર્મભાવનાએ ખરેખર અવનવાં પ્રકૃતિ સૌંદર્ય-સ્થાનો આપણને આપ્યાં છે. માનવીનો સ્પર્શ

એ સ્થાનોને મેલાં ન બનાવે તો ગુજરાતમાં આવાં સ્થાનો વિપુલ પ્રમાણમાં વેરાયલાં પડ્યાં છે.

રણસીપુર એ વિજાપુરની હદનું સાબરકિનારાનું છેલ્લું ગામ – ઠકરાતી. એની જબરદસ્ત ભેખડો ઉપર પથ્થરોની અનેકાનેક છાંટો એમને ડુંગરોનું સ્વરૂપ આપતી. રણસીપુરના ઠાકોર સાથે એ ભેખડો ઉપર ફરતાં તેમણે મને એક મોટો પથ્થર બતાવ્યો. એ પથ્થરની છાટ ઉપર લાકડી કે પથ્થરનો આછો પ્રહાર કરતાં કોઈ મંદિરના ઘણુઘણુતા ઘંટ જેવો નાદ ચોમેર ફેલાઈ જતો. નજીકના કોટ ગામે ચીની માટીનું કારખાનું પણ કાઢવામાં આવ્યું હતું, જોકે અવરજવરની મુશ્કેલીઓને લીધે એ કારખાનું ત્યારે બંધ પડી ગયું હતું.

રેતી, માટી અને પથ્થર પણ આપણી ભવ્ય રાષ્ટ્રીય સમૃદ્ધિ મનાય. મહારાજા સયાજીરાવે ફુટ નામના સુપ્રસિદ્ધ ભૂસ્તરશાસ્ત્રી પાસે – અને પછી કોઈ મદ્રાસી વિદ્વાન પાસે – પોતાના રાજ્યનાં ભૂસ્તરોનો અભ્યાસ કરાવ્યો હતો, અને તેનાં પરિણામે ખનીજ પદાર્થોના વિકાસ અર્થે ઉદ્યોગો ખીલવવાના વ્યાપક પ્રયાસો પણ કર્યા હતા. એમાંનો એક પ્રયાસ તે કોટનું કારખાનું. સઘળા પ્રયાસો સફળ થતા નથી એ સાચું; પરંતુ એ પ્રયત્નોમાં એ રાજવીની દીર્ઘ દૃષ્ટિ સહજ દેખાઈ આવે છે. અને એક વારનો અફળ પ્રયત્ન ફરીથી સફળ થાય પણ ખરો. રાજ્યોનું વિલીનીકરણ કરી સરહદી અડચણોથી ઊગરી ગયેલા આજના વહીવટકારોની દૃષ્ટિને એ જૂના અભ્યાસો અને જૂની શોધ ઉપર સહજ થોભવાની ફુરસદ મળે ખરી?

આવાં અનેક સૌન્દર્યસ્થાનો સાબરમતીને કિનારે નજરે પડતાં. તાલુકાની અંદરનો ભાગ પણ ખૂબ રળિયામણો. આંબા, મહુડા અને રાયણનાં વૃક્ષોની ઘટા કેટલાંય ગામોને સૌન્દર્યસ્થાન બનાવી રહેતી. તાલુકામાં ખેતી–વ્યાપારની ઠીકઠીક આબાદી ગણાય. સાથે સાથે કુકરવાડા અને રીદ્રોલ નામનાં ગામની સુથારી કલા પણ ખાસ ધ્યાન ખેંચે એવી હતી.

લોદરા નામના સ્ટેશન ઉપર ઊતરતાં મેં એક દિવસ સંખ્યાબંધ નકશીદાર ખુરશીઓ અને મેજો ભારખાનામાં ચડાવાતાં જોયાં. સીસમ

કે સીસમ સરખા લાકડા ઉપર કરેલા કોતરકામની નકશી જોતાં હું આશ્ચર્યસ્તબ્ધ બની ગયો. પાન, વેલ અને ફૂલે તો આપણને અનેક કલા-આકૃતિઓ આપી છે; પશુપક્ષી અને માનવી પણ કલામાં આકાર પામે છે. આપણી કથાઓ, દંતકથાઓ અને ઇતિહાસ પણ વિધ-વિધ ઢબે ઊપસી આવેલાં આપણે જોઈએ છીએ. કલાકૃતિઓ તો મેં ઠીક ઠીક જોઈ હતી; પરંતુ વિજાપુર સરખા ગુજરાતને એક ખૂણે આવેલા તાલુકાના લોદરા સરખા નાનકડા સ્ટેશન ઉપર કાષ્ટકલાના સંગ્રહસ્થાનમાં મૂકવા સરખા સંખ્યાબંધ નમૂના પરદેશ જવા માટે ગાડીએ ચડતા હતા એ જોઈ મને ખરેખર આશ્ચર્ય થયું. સ્વાભાવિક રીતે તપાસ કરતાં ખબર પડી કે રીઘ્રોલ અને કુકરવાડાના સુતારો અત્યંત કુશળ કલાકારો હતા. કારીગર-વાળાંરા ચરચીલાં-ફર્નિચર તથા કાષ્ઠપ્રતિમાઓ બનાવતા હતા, અને તેમને મુંબઈ મોકલી ત્યાંનાએજન્ટસ મારફત યુરોપ અને ખાસ કરી અમેરિકા નિકાસ કરતા હતા. યુરોપ- અમેરિકાને ગમી ગયેલી કારીગરીની જાણ મારા જેવા ભણેલા ગુજરાતીને ન હતી. ગુજરાતને એની જાણ ન હોય ત્યાં ભારતને તો એની ખબર હોય જ ક્યાંથી? અને ખબર જ ન હોય ત્યાં ઉત્તેજન પણ કોણ આપે? ગુજરાતના અનેક રાજમહેલો અને હવેલી-બંગલાઓમાં ગુજરાતના કારીગરોની કેટલી કૃતિઓ હશે? પરદેશની આંખને ઝંખવી નાખતી કલાકૃતિઓ સર્જતો ભારતનો ભૂતકાળ મને યાદ આવ્યો. ભૂતકાળના કેટકેટલા ભંગાર હજી સજીવન થઈ શકે એવા છે? આજ કુકરવાડા અને રીઘ્રોલ ગામના ગામડિયા સુતારો સીસમ ઉપર કામ કરે છે કે નહિ તે હું જાણતો નથી; પરંતુ તે સમયે તો મને લાગ્યું કે આ કારીગરી જગજાહેર કરવા જેવી છે. મારા સરકારી વાર્ષિક નિવેદનમાં મેં એનો ઉલ્લેખ કર્યો હતો એમ યાદ આવે છે પરંતુ એ ઉલ્લેખ તરફ ઉપરીઓનું લક્ષ કદાચ ન પણ ગયું હોય!

વડોદરા રાજ્યના તાલુકા-અધિકારીઓની કચેરીઓમાં પણ ભરચક પુસ્તકાલયો ખરાં. મોટે ભાગે કાયદા, કાનૂન. હુકમો. નિવેદનો જ એમાં હોય; છતાં એ જોવાં તો જોઈએ જ. ગેઝેટિયર્સ-સર્વસંગ્રહો તો જોવાઈ જતા. છતાં પુસ્તકાલયમાં પણ અમલદાર તરીકે સહજ નજર નાખતાં બે વિશિષ્ટ પુસ્તકો મારી નજરે ચઢી ગયાં-એક ફૂટનું

ભૂસ્તરનિવેદન અને બીજું ઉત્તર ગુજરાતનાં શિલ્પ અવશેષનું—ઘણું કરીને બર્જેસનું નિવેદન. બન્ને પહેલાં નજર નીચે આવી ગયેલાં— ભૂસ્તરનિવેદન ઉદ્યોગખાતામાં હું હતો ત્યારે, અને બીજું દીવાન સેક્રેટરી તરીકે હું હતો ત્યારે. એનો અભ્યાસ નહિ; પરંતુ સામાન્ય રસ હોવાને કારણે મારા તાલુકાને લગતી કોઈ હકીકત એમાં આવતી હોય તો તે જોઈ લેવાની લાલચે બન્ને પુસ્તકોમાં પાન ફેરવતાં ફેરવતાં ખરેખર મને બે મહત્ત્વની બાબતો મળી આવી.

(૧) ભૂસ્તરનિવેદને કહ્યું કે પેઢામલી નજીક સાબરમતીની રેતીમાંથી પાષાણ યુગનાં માનવ હથિયારો મળી આવ્યાં છે; એટલે લાખો વર્ષ ઉપર અહીં અસંસ્કૃત માનવી વસતો હોવો જોઈએ. થોડાં વર્ષ ઉપર સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ પ્રોફેસર સાંકળિયાએ ઉત્તર ગુજરાતમાંથી જ પ્રાચીન માનવ અવશેષો શોધી કાઢ્યા છે. પ્રાચીન જગત આજ પણ મને પરીકથા સરખું રોમાંચક લાગે છે.

(૨) આસોડા નામના મારા જ તાલુકાના એક મહત્ત્વ હીન ગામમાં ગુજરાતની કલાએ સતત યાદ રાખવા સરખો એક સ્થાપત્યનો— શિવાલયસ્વરૂપમાં સચવાઈ રહેલો— સોલંકી યુગનો નમૂનો હતો એમ સ્થાપત્યનિવેદકે મને કહ્યું એ જોઈ આવ્યો પણ ખરો. સાચે જ એ શિવાલય કલાનો સરસ નમૂનો હતું.

રખે કોઈ એમ માને કે હું સરકારી કામ બાજુએ મૂકી વિજાપુર તાલુકાના સૃષ્ટિસૌન્દર્યમાં જ રમમાણ કરતો હતો! નિત્ય કામ કરતાં કરતાં – ચોકસાઈપૂર્વક કરતાં કરતાં – આપણે બીજું ઘણુંઘણું જોઈ શકીએ છીએ અને કરી શકીએ છીએ એનો મને વિજાપુરમાં પાકો અનુભવ થયો. નોકરી એ અતિ- ગંભીર કાર્ય છે; નાનકડી બેદરકારી અગર અજાણપણું ગંભીર પરિણામો ઉપજાવે છે અને આપણો શુદ્ધ બુદ્ધિ પણ કેવી ગેરસમજૂતિ ઊભી કરે છે એનાં મારી આંખ ઉઘાડી નાખતાં દૃષ્ટાંતો પણ મને અહીં જ વિજાપુરમાં પહેલવહેલાં ઉગ્ર સ્વરૂપમાં મળ્યાં. એમાંથી મારા અમલદાર તરીકેના ભાવિ વર્તનને સ્પષ્ટ માર્ગદર્શન પણ મળ્યું અને મારું અમલદારી જીવન ઘડાયું. એથી મારી ઝડપી પ્રગતિ તો ન જ થઈ; છતાં ઉપરીતંત્ર અને

પ્રજાતંત્ર વચ્ચે કચરાવા છતાં બન્ને સામે મને એક પ્રકારની પરમ નિર્ભયતા પણ પ્રાપ્ત થઈ. મને ઘડી રહેલી એ વિગતો આપ્યા પછી મારા નોકરીયુગને બહુ લંબાવવો નહિ પડે. કચેરીમાં અને ફરજનાં કામ તો સહુએ કરવાનાં જ હોય છે; અને હું પણ મારી બુદ્ધિ પ્રમાણે તે કરતો ગયો છું. કોઈ પણ નાની મોટી પદવીનું કે સ્થળનું, કરી ચૂકેલું કે નવીન કામ મને ભારે મૂંઝવણમાં નાખી શક્યું નથી—અને બીજાં શોખનાં વાચનમાં કાર્યોની કદી ફુરસદ મળે જ નહિ એવા કચરી નાખતા કામનો મને કદી અનુભવ થયો નથી. ભારેમાં ભારે ગણાતાં તુમારી કામો હું ચારથી છ કલાકમાં પૂરાં કરી શકતો હતો. અપવાદ ન હતો એમ નહિ; પરંતુ કામના ભારણ નીચે દબાઈ ગયાનો ભાવ મને ભાગ્યે જ ઊપજ્યો છે. એનાં બે કારણો મને લાગે છે: એક તો જે કામ હાથમાં આવ્યું હોય તેમાં ઊપજતો એક પ્રકારનો તટસ્થ રસ; અને બીજું મુસાફરી. મુલકીખાતાએ મને સારી મુસાફરી કરાવી અને મને એમાં ઘણો આનંદ આવતો. ત્રીજું કારણ પણ આપી દઉં: લોકજીવનમાં મને પડતો રસ અને લોકસંપર્ક. પરંતુ સાથે જીવનની ગંભીર બાજુ—જરા ડાઘાડૂઘી વાળી બાજુઓ પણ મને વિજાપુરમાં અડકી ગઈ અને મારા જીવનને એમાંથી સાવચેતી મળી.

એ ગંભીર બાજુ તે લાંચરુશવત. એ મને આછીપાતળી અહીં જોવા મળી. એનો સ્પર્શ પણ રોમાંચક ગણાય. બીજાઓની પણ લાંચરુશવત મેં અહીં જોઈ; એ જ ઢબે મારા ઉપર પણ શંકા લેવાનાં કારણો કેવી રીતે બની ગયાં એની પણ કથની અહીં જ કહી લઉં, જેથી સીઝરની પત્ની માફક સરકારી નોકરે શંકાથી પણ પર રહેવાની કેમ જરૂર છે એની સ્પષ્ટતા થઈ જાય.

## ૧૮

અધિકાર—સત્તા આપોઆપ કેટલીક સગવડો ઉપજાવી લે છે. માત્ર સગવડ ઊપજે ત્યાં લાંચરુશ્વત ગણાતાં નથી. ત્યારે—અને આજ પણ પ્રધાનો કે ખાતના મોટા અધિકારીઓ 'ટુરિંગ'માં—ડિસ્ટ્રીક્ટમાં—ફેરણી ફરવા નીકળે ત્યારે પોતાની ગાડીઓ અને કાર બધે લઈ જઈ શકતા હોય એમ હું માનતો નથી. વડોદરાના સરસૂબા

પોતાની ‘કાર’ લઈને મહેસાણા – અમરેલી જતા સામાન્યતઃ જાણ્યા નથી. મુંબઈના પ્રધાનો બનાસકાંઠાના કૂવા કે ઝાલોદની દુષ્કાળ-પરિસ્થિતિ તપાસમાં ફેરણી કરતા હશે તે તેમને સરકારી રાહે મળેલી કારમાં જ કરતા હોય એમ મને લાગતું નથી. એ કાર ઘણુંખરું કોઈ આગેવાનની હોય કે કોઈ અમલદારની જ હોય, ત્યાં સુધી આપણે બહુ વાંધો ન લઈએ; પરંતુ એ જ પ્રધાન કે અમલદાર પોતાના હાથ નીચેના માણસને બીજાની ગાડી વાપરતો જોઈ નૈતિક કોપથી ભભૂકી ઊઠે ત્યારે એમની ગાડીઓ અને ભોજનવ્યવહારની નોંધ રાખવાનું મન થાય ખરું.

સત્તાને સગવડ મળે એ તો ઠીક; સરકારી કામને અંગે થતી મુસાફરી સાથે સહકુટુંબ જાત્રા થઈ શકતી હોય તો ભલે થાય. એ બે કામ સાથે થાય એમાં ખાસ હરકત દેખાતી નથી. પરંતુ સત્તા સગવડની સ્વાભાવિકતા ઉપરાંત કાંઈ વધારે આશા રાખે ત્યારે એ સગવડ લાંચના પ્રદેશમાં પ્રવેશ કરી જાય છે. અને સ્વાભાવિક ઉપરાંતની સગવડ ભોગવતા અધિકારીઓ હાથ નીચેનાં માણસોની રુશ્વતખોરીની તપાસ કરવા બેસે ત્યારે એ તિરસ્કારપાત્ર જૂઠાણું બની રહે છે.

આ દૃષ્ટિએ મેં નાના નોકરોની લાંચને નિહાળી છે. લાંચનું પહેલું દૃષ્ટાંત મને મારા એક ઉપરીએ વિજાપુરમાં આપ્યું. તેમનો મુકામ વિજાપુરથી ચારેક માઈલ દૂર આવેલા એક ગામમાં થવાનો હતો. તેમની કચેરીનાં માણસો પહેલેથી આવીને એ ગામે રહ્યાં હતાં. કોઈ પણ ઉપરી-અધિકારી આવે એટલે તેને સ્ટેશને લેવા જવાની અને તેની સાથે રહી તેની સરભરા કરવાની ફરજ આજની માફક ત્યારે પણ હાથ નીચેના તાલુકા-અમલદાર તરીકે મારી જ હોય. એમાં વિવેક પણ જરૂર છે જ. ઉપરાંત ઉપરીને માહિત રાખવાની, તાલુકાની મુશ્કેલીઓ રજૂ કરવાની, જરૂર હોય તો કાગળ ઉપર ન મુકાય એવી ગુપ્ત ચર્ચા કરવાની તક મળે છે, એ વહીવટી દૃષ્ટિએ ઉપયોગી પણ ગણાય; પરંતુ ઉપરીને સ્ટેશને લેવા જવાની ઢબ ઉપરીનો હક્ક બની જાય અને એ હક્ક-પ્રદર્શન અંગે સલામીઓ અને ફૂલહારનાં ફણગાં ફૂટી નીકળે ત્યારે એ અસહ્ય યાતના બની રહે છે, એનો પણ મને અનુભવ

સારા પ્રમાણમાં થયો છે. મેં ભોગવેલી એ યાતના રિવાજ બની જવાથી ઉપરી તરીકે મેં બીજાઓને પણ ભોગવાવી હોય એ સંભવિત છે. એ પણ સાથે સાથે સ્વીકારી લઉં.

ફરનાર અમલદારોને વધારાના ખર્ચ માટે ભથ્થાં પણ આપવામાં આવે છે. વડોદરા રાજ્યમાં પગાર અને ભથ્થાં ત્યારે ઘણાં ઓછાં. ફરવાનું સાધન ત્યારે ઘોડો. ઉપરીના સૂચન મુજબ મેં તેમને માટે ભાડાની એક ઘોડાગાડી કરી રાખી હતી. સ્ટેશને તેમનો સત્કાર કરી મેં ઉપરીને ગાડીમાં બેસાડ્યા અને હું ઘોડા ઉપર તેમની ગાડી સાથે વાતો કરતો ચાર માઈલ દૂર આવેલા ગામે લઈ ગયો. ઉપરીના સત્કારનો મારે માટે આ પહેલો જ પ્રસંગ હતો. મુકામ ઉપર તેમને ઉતારી વ્યવસ્થાપૂર્વક બેસાડ્યા પછી મેં બિનઅનુભવી અમલદાર તરીકે ઉપરીને કહ્યું :

'સાહેબ ! ગાડીભાડાના પૈસા હમણાં જ આપવા છે ને ?'

'હા...હા...'કહી ઉપરીએ પોતાના કોટનું ખિસ્સું હલાવ્યું. એમાં રૂપિયાખખડ્યા પણ ખરા; પરંતુ એ ખખડતા પૈસા કાઢવાને બદલે ઉપરીએ પોતાના એક કારકુનનું નામ દઈ મને સૂચના આપી:

'...ને કહો. બધી વ્યવસ્થા કરશે.'

મેં એ સૂચનાનો અમલ કર્યો અને એ મહત્ત્વના કારકુનને ગાડી ભાડું આપી દેવા કહ્યું. તેની સાથે મારી કચેરીના એક કારકુન પણ બેઠા હતા. બન્નેએ મારી સામે જરા આશ્ચર્યથી જોયું અને વ્યવસ્થા કરવા જણાવ્યું. હું મારી ઓરડીમાં જઈ બેઠો, છતાં ગાડીભાડાનો પ્રશ્ન મારા મનમાંથી દૂર ન થયો. મારા કારકુનને બોલાવી મેં એ વિશે ફરી પૂછ્યું. ત્યારે એણે જવાબ આપ્યો :

'સાહેબ ! એ તો બધું પટેલ કરી લેશે.'

'પટેલ શા માટે ?' મેં આગળ પ્રશ્ન કર્યો.

અને કારકુને મને વહીવટી લાંચની દુનિયામાં ડોકિયું કરાવ્યું. મુકામનો ખર્ચ – ગાડીભાડું, ભોજનખર્ચ અને શોખીન અમલદાર હોય તો મિજબાનીનો ખર્ચ – ઉપરી અને ઉપરીની કચેરીને માથે ન પડતાં હાથ નીચેની કચેરીઓ અને ગામના પટેલ-મતાદારોએ જ

ઉઠાવી લેવાના હોય છે! એ કામ માટે કચેરીઓ પાસે અને મુખી-મતાદારો પાસે ઇલાયદી રકમો ભેગી થયેલી હોય છે — જે રકમો પાછી લોકો પાસેથી લાંચમાં મળેલી રકમનો જ ભાગ હોય! જૂના વખતમાં સરભરાખર્ચ માટે બીજી એકબે રકમો હતી. સાધુઓનાં ઝુંડ ગામેગામ ફરી પોતાનો ખર્ચ ગામને માથે નાખતાં. એ ખર્ચ ગામલોકોના ઉઘરાણામાંથી થતો. સાધુઓ ઉપર થતા ખર્ચમાંથી રકમો બચતી તે આ સરકારી નોકરોની સરભરમાં વપરાતી — અને ગામલોકોની રમૂજ-વૃત્તિ આવા સરકારી મુકામને સાધુની જમાત તરીકે ઓળખતી. દૃષ્ટાંત તરીકે હું મારી અમલદારી અંગે ગામને માથે ભારણ બની રહું એવી ઢબનો; બે-પાંચ કારકુનો અને બેપાંચ પટાવાળાઓ સાથે પાંચસાત દિવસો મુકામ કરું તો ગામલોકો મારી પાછળ જરૂર કહેવાના :

'આ મહિને તો અહીં રમણગીર સાધુનું ઝુંડ આવ્યું હતું!'

સરકારી નોકરોને જ્યાં જાય ત્યાં વાસણ, ગોદડાં, ખાટલા, ફાનસ વગેરે રાચરચીલાનું દુઃખ વેઠવું ન પડે એ વિચારથી વડોદરા રાજ્યમાં દરેક ગામે કે દરેક ચોરાવાળા ગામે વાર્ષિક રકમ આપવામાં આવતી, જેમાંથી ગ્રામહોટેલો સરખી પશ્ચિમ દેશોમાં ઉદ્ભવેલી તાત્કાલિક રહેઠાણની સગવડો ઊભી થઈ શકે. યોજના તો સારી હતી; પરંતુ વાસણ—ગોદડાંના સાર્વજનિક ઉપયોગ તેમને બહુ મેલાં બનાવી દેતા; આ કારણે સુઘડતાથી ટેવાયલા માણસોને તો એ ફાવે જ નહિ. વળી જેટલી રકમ એ રાચરચીલામાં વાપરવી જોઈએ એટલી રકમ ન વાપરતાં એમાંથી વધેલી રકમ આવા મુકામ—સરભરાના કામે વપરાતી હોય એવો પણ સંભવ મનાતો ખરો.

આખી યોજના આજ પણ ધરમૂળનો ફેરફાર માગે છે. વહીવટદારો, મામલતદારો અને તાલુકા-અમલદારોને ફરવા માટે માસિક ત્રીસ રૂપિયાનું ત્યારે ભથ્થું મળતું. એમાં ઘોડો રાખવાની ફરજ. ઘોડા વચ્ચે અને અમલદાર વચ્ચે ભથ્થું અડધોઅડધ વહેંચી દેવામાં આવે તો ય એ સોંઘવારીના યુગમાં ઘોડાને પંદર રૂપિયાની ઘાસ-ચંદીથી ચાલે ખરું? ઘોડે ચડી ગામેગામ ફરતા અમલદારને પંદર

ઘોડા ઉપર અમલદાર બેસે કે રૂપિયાના ખર્ચ પૂરતો થાય ખરો ? આવા સંજોગોમાં મોટા ભાગના સરકારી એના સરસામાનને બેસાડે ? આવા સંજોગોમાં મોટા ભાગના સરકારી નોકરોને ગામના ઓળખીતા, આગેવાનો કે પટેલોના આતિથ્યનો ઉપયોગ કર્યા વગર ચાલતું જ નથી. ઘણા પટેલો આવી સરભરાને પોતાનો આતિથ્યધર્મ પણ સમજતા; અને કદી અમલદારો તરફથી બાળકોના હાથમાં મુકાતા રૂપિયાને અડવામાં પણ ધર્મભ્રષ્ટતા સમજતા. આતિથ્યનો દુરુપયોગ ન થાય ત્યાં સુધી કોઈ આ સગવડને લાંચમાં ગણતું નથી—જોકે દુરુપયોગ થાય એવો સંભવો એમાં ઘણા રહેલા છે એની પણ મને શંકા નથી. વળી એકલું મુલકી ખાતું જ નહિ... લગભગ બધાં જ ખાતાં—કેળવણી ખાતું પણ.

બીજાઓની વાત જવા દઈ હું મારો જ દાખલો અહીં આપી દઉં—જેમાંથી મને એક ભારે શિક્ષણ મળ્યું. અમલદારના જીવન ઉપર ચારે બાજુએથી આંખો કેમ તાકી રહે છે અને ચારિત્ર્ય, વ્યસન તથા રુશ્વતખોરીના વહેમ અમલદારોની આસપાસ કેમ વીંટાઈ વળે છે એનો કદી ન ભુલાય એવો પાઠ મને વિજાપુરમાં મળ્યો. વડોદરા રાજ્યમાં અમલદારો અને પ્રજાના આગેવાનો વચ્ચે ઘણો સીધો સંપર્ક રહેતો એટલે એક અમલદારની સારી ખોટી કે સાચી જૂઠી હકીકત એના ઉપરીને કાને પડ્યા વગર રહેતી નહિ. વધારામાં નામ જોગ અને નનામી અરજીઓ મહારાજાની માંડી સઘળા અમલદારો સુધી પહોંચી જતી. એ સગવડના દુરુપયોગ પણ થાય છે, છતાં એકંદર આની આવી સગવડ જે તે અમલદારોને સાવચેત તો જરૂર રાખે.

સેક્રેટરિયટમાંથી અને સરસૂબા કચેરીમાંથી સૂબા તથા નાયબ-સૂબાને ત્યાં પસાર થઈને એક અરજી જવાબ માટે મારા તરફ વિજાપુર આવી. એમાં મારે માથે આરોપ મુકાયો હતો કે હું સારા પ્રમાણમાં સોનું ખરીદી રહ્યો છું—અને એ સોનાખરીદીની પાછળ એક પાછળ એક રુશ્વતખોરી જ કારણરૂપ હોઈ શકે. હજી મારી નોકરી છસાત વર્ષ કરતાં વધારે લાંબી ન હતી. મારામાં સુંવાળપ—નિર્બળતાનો ભાસ કોઈને થાય એવું મારું વર્તન હતું ખરું, અતિદાબ રાખવાનો દેખાવ હું કરતો નહિ; સાચું ખોટું જેને તેને ધમકાવવામાં હું માનતો

નહિ. અરજદારને સંતોષ થાય એટલે સુધી હું તેને સાંભળતો અને જનતાના પ્રત્યેક નાનામોટા થર સાથે હું એકરૂપ બની જતો. મારી આસપાસ સત્તાનો ઠઠારો મેં કદી રાખ્યો નથી. સિપાઈ આગળ ચાલતો હશે ત્યાં મેં એને પાછળ કાઢયો હશે–અગર ચલાવી લીધું હશે. મારી આગળ છડી પોકારતા ચોપદારોને પોકાર કરતા મેં બંધ કરી દીધા છે. સત્તાનું પ્રદર્શન મને કદી ગમ્યું નથી અને તેથી મારે માટે કાં તો નિબળતાનો–સૌજ્યપણાનો અગર સોંઘી લોકપ્રિયતા–CheaP PoPularity–નો ભાસ ઊભો થયો હોય એ સંભવિત છે. પરંતુ લાંચ? મને ભયંકર ખટકો લાગ્યો!

છતાં હું સોનું ખરીદી રહ્યો હતો એ હકીકત પણ ખોટી તો ન હતી! મારા ઘરમાંથી છસો–સાતસો રૂપિયાનું સોનું ખરીદાયું હતું!

પરંતુ ક્ષણ બે ક્ષણ લાગેલા ખટકાની અસર પસાર થઈ ગઈ અને હું સ્વસ્થ થયો. લાંચ મેં કદી લીધી નથી, અને મારો પગાર આખી નોકરી દરમિયાન મને કશી જ બચત આપી શકયો નથી. ખાતાના ઉપરી તરીકે ઠીકઠીક પગારે હું નિવૃત્ત થયો. ત્યારે પણ હું કાંઈ જ રકમ બચાવી શકેલો નહિ. લાંચ ભલે પુરવાર ન થાય; પરંતુ એનો આરોપ કે શંકા પણ જીવનને બદસ્વાદ બનાવી દે એમ છે. હું સત્યનો શોધક કે સત્યનો આગ્રહી મને માની શકયો નથી; છતાં બને ત્યાં સુધી સત્યને વળગી રહેવાનું મેં મથન જરૂર કર્યું છે.

અરજીના આરોપ કે શંકાની સ્પષ્ટતા કરતાં મેં સાચી જ હકીકત લખી. એ હકીકત પણ મારા જીવનનો એક સ્પષ્ટ ટુકડો હતી. મારા મોસાળનું ઘર મને મળ્યું હતું; પરંતુ એ ઘરને મારું બનાવવામાં મારા પિતાએ પોતાની કેટલી યે સંપત્તિ અને મારાં માતાએ પોતાનું સર્વ ઘરેણું હોમી દીધાં હતાં. ન્યાયની બધી જ અદાલતોમાં વર્ષો સુધી લડયા પછી એ ઘરની માલિકી મારી પુરવાર થઈ. બાર વર્ષની તપશ્ચર્યા પછી કોઈ પણ વિદ્યા પ્રાપ્ત થાય અગર પ્રભુનાં દર્શન પમાય. આજની ન્યાયપદ્ધતિએ બાર ઉપરાંત વર્ષોની તપશ્ચર્યા કરવી પડી, અને માના દેહ ઉપર એકે ય અલંકાર રહ્યો ન હતો. મધ્યમ વર્ગનાં

કૌટુંબિક અને આર્થિક દુઃખની પરાકાષ્ઠા તેમણે અનુભવી હતી એનો સાક્ષી પણ છું. શીનોર ગામમાં આવેલું એ મોસાળનું ઘર કાયમી મારું બન્યું. છતાં એને નિભાવવા માટે અમારા કુટુંબ પાસે સાધન ન હતું. એનો એક ગ્રાહક મળ્યો–રાજપીપળાના રાવસાહેબની પદવી વાળા એક ડૉક્ટરે તે વેચાતું લીધું. એના એ મોટી હવેલીના–જે ઘરમાં મેં મારું બાળપણ સુખમાં વિતાવ્યું હતું તેના વેચાણના– માત્ર ત્રણ હજાર આવ્યા. એમાંથી મારાં માતુશ્રીએ જૂનાં ઘરેણાં ગુમાવ્યાના બદલા તરીકે આઠસો રૂપિયાનું સોનું લઈ તેનાં ઘરેણાં– જે બેત્રણ થયાં તે–મારા પિતાએ વિજાપુરમાં તેમને માટે કરાવ્યાં. ઘરનું વેચાણ પણ હું વિજાપુર હતો ત્યારે જ થયેલું. આ બધું અત્યંત સ્વાભાવિક હતું. પરંતુ જનતાને–જનતાની અને અમલદારોની નીતિના રખવાળોને જાહેર કરવાની જરૂર ન હતી. તેમણે તો એટલું જ જાણ્યું કે મહાલના અમલદારનું ઘર સોનું ખરીદી રહ્યું છે! એમનો પણ દોષ કેમ કઢાય? મેં ઘરના વેચાણ-દસ્તાવેજની નકલ, મળેલી રકમની પાવતીની નકલ અને સોનાચાંદીના વ્યાપારીને ત્યાંથી ખરીદેલા સોનાના હિસાબ અરજીના જવાબમાં સાથે રાખ્યો, અને જે સ્પષ્ટ કારણે મારા પિતાએ સોનુ ખરીદ્યું હતું તેની હકીકત પણ લખી મોકલાવી! મારી સ્પષ્ટતા ઉપરીઓએ માન્ય કરી–કદાચ વધારે ઊંડી તપાસ કરીને–અને પહેલી અને હું ધારું છું કે છેલ્લી મારા ઉપરની આવી શંકાનું નિવારણ થયું.

ત્યાર પછી મારી પાસે એટલો પૈસો કદી થયો જ નથી કે સોનું-ચાંદી ખરીદી શકું. છતાં એ પ્રસંગે મને એટલું જરૂર શીખવ્યું કે ભૂલ્યેચૂક્યે પણ અમલદારનું વર્તન એવું ન થવું જોઈએ કે જેમાં કોઈને સહજ પણ શંકા ઊપજે. અમલદાર, નેતા, ધર્મગુરુ એ સર્વ, સીઝરની પત્ની માફક, શંકાથી સતત પર રહેવાં જોઈએ. અમલદારોની મિલકત–તપાસણીનો કાયદો વિચારાય છે એમાં અમલદારી વર્ગની જરા ય શોભા નથી. એ વર્ગની સર્વ સ્વીકૃત નિર્બળ નીતિનું જ એમાં સૂચન થાય છે...અને અમલદારી સત્તા ઝડપથી લપસી પડે એવા સંભવો પણ નથી આવતા એમ કહેવાય નહિ.

હું પૂર્ણ નીતિમાન છું એમ મેં કદી માન્યું નથી. મારાંયે સ્ખલનો છે. સરકારી નોકરીમાં મેં કોઈની ગાડીનો ઉપયોગ પણ કર્યો હશે, અને કોઈને ત્યાં કિંમત ચૂકવ્યા વગર હું જમ્યો પણ હોઈશ. એકબે વાર ભાડું આપ્યા વગર ઘર પણ વાપરવાના પ્રસંગો આવ્યા હતા – મારી પત્નીની માંદગી વખતે મને કદી કદી ભેટ પણ મળી છે અને તેનો અસ્વીકાર કરવા હું અસમર્થ નીવડયો છું એમ મારે જરૂર કહેવું જોઈએ. પરંતુ એ ભેટનો પ્રકાર હું યાદ કરું છું ત્યારે ફળફળાદિ, કદી મીઠાઈ, કદી દારૂખાનું અને એકબે વાર સોટી મળી હોય એટલું યાદ આવે છે. સોટીઓ તો ક્યારની યે ખોવાઈ ગઈ. બજારની – પારકી મીઠાઈ – મારાં પરમ વૈષ્ણવ માતા ઘરમાંથી બહાર ફેંકાવી દેતાં. હા...ફળને ઉપયોગ કર્યો છે ખરો; પરંતુ એથી વધારે મોટી કે વધારે કિંમતી ભેટ મેં લીધી હોય એવું મને યાદ નથી.

અને આવી ભેટ લીધી હશે તે પણ ન છૂટકે; કોઈનું કામ કરી આપ્યું હોય તેના બદલા તરીકે નહિ જ; માત્ર ગૃહસ્થ તરીકેના સંબંધ પૂરતી જ; ઘણી જ થોડી. કામના બદલામાં કોઈ કિંમતી વસ્તુ કે પૈસાવો સ્પર્શ પણ મેં કર્યો નથી એટલું તો હું ગર્વપૂર્વક કહી શકું એમ છું. ખરેખર, એમાં ગર્વ કરવાનો પણ અવકાશ હોવો ન જોઈએ એટલી પ્રામાણિકતા સ્વાભાવિક જોઈએ. એકત્રીસ વર્ષની નોકરીમાં માત્ર બે જ વખત મને લાંચ આપવાના પ્રયત્નો થયા છે–અને તે હું સિદ્ધપુરમાં હતો ત્યારે. એમાંનો એક પ્રયત્ન તો સિદ્ધપુર સ્ટેશન ઉપર જ થયેલો; એક મહંતના મૃત્યુ પછી તેના ગાદીવારસની નિમણૂકનો ઝઘડો ચાલતો હતો. એમાં બે પક્ષ પડયા હતા. ગાડીમાં જવાની તૈયારીમાં સ્ટેશન ઉપર કરતો હતો ત્યારે એક માણસે આવીને મને ચિઠ્ઠી આપી. હું અરજીઓ ગમે ત્યાં લેતો, અને ભલામણ ચિઠ્ઠીઓ પણ તરછોડી નાખ્યા વગર વાંચતો એટલે મેં ચિઠ્ઠી લીધી, પરબીડીયું ફોડયું અને એમાંની નોટો સાથે જ પરબીડિયું એ માણસ તરફ ફેંકયું. પોલીસને સોંપવાની મેં ધમકી આપી–જોકે તેને પોલીસ-સ્વાધીન કરી પ્રામાણિકપણાની જાહેર છાપ મેળવવા હું

પ્રયત્નશીલ ન થયો. આ બે પ્રસંગ સિવાય મને લાંચનો અનુભવ થયો નથી. સાથે એ પણ કહેવું જોઈએ કે કોઈ પણ ઉપરી-અમલદારને મેં લાંચ આપી નથી કે તેમણે વસ્તુના રૂપમાં મારી પાસે માગી નથી.

ભેટની વાત કરતાં મારી એક માનસિક નોંધને હું અહીં શબ્દમાં ઉતારું. ભેટ આપવામાં મોકળું મન વધારેમાં વધારે દર્શાવે પારસી, બીજી કક્ષાએ આવે મુસલમાન અને ત્રીજી કક્ષાએ આવે હિંદુ. પારસી હાર પહેરાવે તે પણ સારામાં સારો હોય! મુસ્લિમ હાર પહેરાવે તેમાં અત્તર પણ મહેકતું હોય. પણ હિંદુ કોઈને હાર પહેરાવે તો જાણે ચીમળાયલાં-દેવસેવામાંથી શોધી આણેલાં તાંતણે બાંધેલાં ચડાઉ ફૂલની મફત મળેલી માળા જ લાગે! આ ફરિયાદ નથી—હકીકત છે—જોકે હું મને પોતાને ઓછામાં ઓછા ફૂલહાર પહેરેલા અને ઓછામાં ઓછી ભેટ પામેલા અમલદાર તરીકે માનું છું.

૧૯

મને જેટલો કચેરીના કામમાં રસ એટલો જ પ્રજાજીવનમાં રસ—કદાચ પ્રજાજીવનમાં રસ વધારે પણ હોય! જે જે ગામે જાઉં તે તે ગામની વિશિષ્ટતા જોઈ લેવાનો—સમજી લેવાનો મને શોખ ખરો. અને આપણા જીવનની એક વિશિષ્ટતા તે આપણી ગુનાઇત બાજુ—વ્યક્તિની, ગામની, આખી પ્રજાની. ગુનાનું મૂળ શોધતાં એનાં કેટલાંક ઉત્પત્તિકારણો સહજમાં સમજાઈ જાય છે. જરૂર હોય તે વસ્તુ ન મળે, એ ચોરી લેવાનો કે ખેંચી લેવાનો પ્રયત્ન થાય. એમાંથી ચોરી, લૂંટ ઠગાઈના ગુના ઊપજે. મોટા ભાગના ગુનાઓ પાછળ આર્થિક કારણ રહેલું છે. ઈર્ષ્યા—અદેખાઈ પણ માનવીને ગુના કરવા પ્રેરે છે, પરંતુ સદ્ભાગ્યે ગુના કરવા પ્રેરે એવી ઈર્ષ્યાની તીવ્રતા બહુ જ થોડાં માનવી વિકસાવી શકે છે. અન્યાયની છાપ પણ માનવીને એ માર્ગે દોરે ખરી. ટેવ અને ઉછેર પણ એમાં ઠીક ઠીક ભાગ ભજવે છે, અને આપણા દેશના ગુનાઓને બાજુએ નાખી દે એવા ગુનાઓની પરંપરા સર્જતો ગુનાનો ધંધો પણ પશ્ચિમમાં ખીલી રહ્યો છે—અને આપણે ત્યાં પણ મર્યાદિત રીતે. આખી કોમની કોમ ગુના કરનારી કોમ તરીકે જીવન

ગુન્હા કરતી હોય છે. ઉત્તર ગુજરાતના ઠાકરડાઓ, વાઘરી, કોળી વગેરે કોમોને ગુના કરનારી કોમ તરીકે વહીવટ ઓળખી કાઢે; અને જરૂર પડે ત્યાં તેમની સવારસાંજ ગામે હાજરી પૂરી ગુના માટે રખડવાની ટેવ ઉપર જાપ્તો મૂકવાનો પણ પ્રયત્ન થઈ ચૂક્યો છે. મુલકી અમલદાર તરીકે પણ સમાજનાં ગુનાઇત વિભાગ તરફ મારે દૃષ્ટિ કરવાનો પ્રસંગ આવતો ખરો. મને ગુનેગારોમાં—ગુનેગાર કોમોમાં ખૂબ રસ પડતો.

હું વિજાપુર ગયો તેના પંદરેક દિવસમાં જ સુપ્રસિદ્ધ બહારવટિયા મીરખાને કોટ નામનું ગામ ભાંગ્યું અને ત્યાંના મુખી–પટેલને સખ્ત રીતે ઘાયલ કર્યો, એવા સરકારી સમાચાર મળ્યા–વહીવટી અમલદાર તરીકે અને બંદોબસ્તી મેજિસ્ટ્રેટ તરીકે મારે એ સ્થળ ઉપર જવું જોઈએ. સમાચાર મળતાં બરોબર હું નીકળ્યો–બહારવટિયાનો મુકાબલો કરવા નહિ, પરંતુ લૂંટનો તપાસ કરવા અને ઘાયલ પટેલના જવાબો લેવા. બહાદુરીનાં કૃત્યો મેં ખાસ કર્યાં હોય એમ મને યાદ આવતું નથી, છતાં મને ભય ઘણો ઓછો લાગે છે એ હું જાણું છું. તાલુકાના ઉત્તર વિભાગમાં મીરખાનની હાક વાગી ગઈ અને મારે જોખમ ન ખેડતાં બીજા કોઈને મોકલી સંતોષ સેવવો એવી સલાહ પણ મને મળી. બહારવટિયાના અદૃશ્ય થયા પછી પણ મારાથી એમણે ભાંગેલા ગામે ન જવાય એવી ભીરુતા મારામાં ન હતી. મહારાષ્ટ્રી મોહનરાવ નામના એક કારકુન મારી સાથે આવવા તૈયાર થયા અને ફજરઅલી નામના એક હિંમતવાન પટાવાળાએ તલવાર બાંધી મને સાથ આપ્યો. યુદ્ધ ખેડવાનો પ્રસંગ મને ન જ મળે એ સ્વાભાવિક છે, છતાં એ પ્રસંગની મુસાફરી આછો વીરભાવ ઉપજાવી ગઈ એટલું આજ યાદ રહ્યું છે. ઝડપથી સાથે પહોંચવા માટે અમારે ઊંટની સવારી પણ કરવી પડી. અમારાથી થયું કાંઈ નહિ; બહારવટિયા સરહદ છોડી ક્યાંના ક્યાં ઊતરી ગયા હતા, અને મીરખાને બહારવટામાં શું કર્યું એ તે યુગની જાણીતી વાત કહેવાય. મહામુશ્કેલીએ મેવાડના ડુંગરોમાં સૈન્ય અને પોલીસટુકડીના સંખ્યાબંધ માણસો સામે લડતાં પકડાયલો મીરખાન અને ચાંદખાન અંતે

ફાંસીએ ચડી બહારવટાની નામના કાઢી ગયો. એના ભાગી ગયા પછી આવેલી લશ્કરી ટુકડી ખોરાકના પૈસા અને ઊંટ વાહનના પૈસા આપ્યા વગર ચાલી ગઈ, એ પ્રસંગ મુલકી સિવાયના ખાતાની પ્રામાણિકતાનો ખ્યાલ આપ્યા સિવાય બીજું શું કરી ગઈ તે યાદ નથી. પરંતુ વિજાપુરમાં મારા જીવનને મીરખાનની કારકિર્દીનો આછો સ્પર્શ આ ઢબે થયો ખરો.

ગુનેગારોના જીવનમાં મને ઊપજતા રસની હકીકત કહેતાં ઉપલો પ્રસંગ મને યાદ આવ્યો. મીરખાન તો નહિ પરંતુ એ સિવાયના નાના મોટા સ્થાનિક ગુનેગારો સાથે હું પરિચય સેવતો. ગામનો ઉતાર ગણાતા, સજા પામી આવેલા અને પામ્યા વગરના ગુનેગારોને હું રૂબરૂ બોલાવતો, સહાનુભૂતિ પૂર્વક તેમને સાચી હકીકત કહેવા પ્રેરતો અને તેમના જીવનમાં રહેલી માનવતાનો સ્પર્શ પણ હું કરી શકતો. તેમની નાનીમોટી મુશ્કેલીઓ હોય તે ટાળવા પ્રયત્ન કરતો અને મારી સાથેની વાતચીતનું માન (!) આપી ગુનેગારના મનમાં પોતાને માટે તથા ગામને ગુનેગાર માટે સદ્‌ભાવ ઉત્પન્ન કરતો. નાનકડા અમલદારનું મહત્ત્વ જનતાના નીચલા વર્ગમાં પણ એટલું ભારે હોય છે કે તેનું વર્તન ગ્રામજીવન ઉપર ભારે અસર ઉપજાવી જાય છે. વિજાપુરનું અનોડિયા નામનું સાબરમતીના કોતરોમાં વસેલું એક ગામ. તેનો ખૂનની સજા ખમી અંતે છૂટેલો, બહારવટિયાની કીર્તિ પામેલો, સહુને ડર ઉપજાવતો મોતીજી નામનો ઠાકરડો મને તેની રોમાંચક કથા કહેતો, એની તીર મારવાની શક્તિનો મને પરચો કરાવતો અને કોઈ કામે વિજાપુર એ આવતો ત્યારે મારાં 'દર્શન' કરવા ઘેર આવ્યા સિવાય રહેતો નહિ. એક બે ચોરીનિપુણ નાગરિકોએ તો મને ઘર કોચવાની ઢબનો પ્રત્યક્ષ પદાર્થપાઠ પણ મારે ઘેર આવી આપેલો. સહજ ભાવ પૂર્વક તેમને બોલાવતાં-અરે ભાવભરી આંખથી તેમને જોતાં આ ગુનેગાર વર્ગનાં માણસો આપણાં વફાદાર મિત્ર બની રહે છે એ મેં જોયું છે. સિદ્ધપુરના વાઘણા ગામનો એક ઠાકરડો તો હું એ ગામમાંથી પસાર થાઉં ત્યારે અવશ્ય મારા ઘોડા સાથે પગે દોડીને વગર થાકયે બીજા ગામ સુધી આવીને મને મૂકી જતો અને

દોડતાં દોડતાં એનાં પૂર્વકાલીન પરાક્રમોની કાંઈ કાંઈ વાતો કહી જતો. આ ગુનાઇત ગણાતા માનવથરનું માનસ અનેક રીતે મનોરંજક હોય છે. આમ હું જ્યાં જ્યાં જતો – માત્ર વિજાપુરમાં જ નહિ પરંતુ બીજે સર્વ સ્થળે – વહીવટદાર, નાયબ સૂબા કે સૂબા તરીકે – ત્યાં હું ગામનો ઇતિહાસ, ગામની કોમો, ગામના જાણીતા લોકો – પછી તે પ્રતિષ્ઠિત વ્યાપારી કે ખેડૂત હોય, કવિ કે વિદ્વાન હોય અગર સજા પૂરી કરી આવેલા ગુનેગાર હોય, તેમને મળતો, તેમનાં સુખદુઃખ સમજવા પ્રયત્ન કરતો અને અમલદારી ઢબે દુઃખ દૂર કરી શકાય એમ હોય તો તે કરતો પણ ખરો. ગુનેગારો મોટે ભાગે સંજોગાધીન ગુનો કરી બેસે છે. અને એ બધાને વીર ગણવાની ભૂલ આપણે ભલે ન કરીએ; છતાં એ જાગે માણુસ જ ન હોય એવું વલણ રાખવાની સામી ભૂલ પણ આપણે ન જ કરવી જોઈએ. પ્રતિષ્ઠિત તરીકે સમાજમાં ખપતા આપણા સરખા અનેક માનવીઓ કરતાં ગુનેગારની માનવતા ઊતરતી તો નહિ જ હોય. ઘણીવાર ગુનેગારો તરફનું આપણું વલણ તેમને ગુનેગારીમાં દૃઢ કરે છે. મારાં પુસ્તકોમાં વેરાયલા પડેલા કેટલા ય ગુનેગારો મારી દૃષ્ટિ સામે આવી ગયેલા જીવંત ગુનેગારોની જ પ્રતિકૃતિ હોય છે. છેલ્લે છેલ્લે અમરેલી ગામમાં રામ માંજરિયાને મારનાર પટેલ લક્ષ્મણ જાદવ – જેનું કાઠીઓએ ખુન કર્યું તે – ભૂરો વાળો કાઠી, અને સૂરા ભગત ભરવાડ સરખા કેટલાય સમાજની ઊજળી કાળી બાજુની તડકી છાંયડી રમતા મિત્રો મેં મેળવ્યા હતા. લક્ષ્મણ જાદવ તો એક પ્રતિષ્ઠિત ખેડૂત અને મુખી હતો; ગુનેગાર નહિ. એની બહાદુરીની કદર વડોદરા સરકારે પણ કરી હતી. રામ માંજરિયાના બહારવટાનો એણે સામનો કર્યો હતો, અને એક રાત્રે તેને મારવા આવેલા રામ માંજરિયાને લક્ષ્મણે કેવી રીતે બંદૂકની ગોળીએ વીંધી નાખ્યો અને ગોળીઓ બંદૂકમાં ભરવા માટે લક્ષ્મણ જાદવની પત્નીએ કેવી બહાદુરી અને સમયસૂચકતા વાપર્યાં હતાં એની હકીકત એક નાનકડી વીરગાથા બની રહે ખરી. રામ માંજરિયાના કોઈ સગાએ બે વર્ષ ઉપર લક્ષ્મણ જાદવનું ભોળવીને ખૂન કર્યું એ હકીકત પત્રોમાં વાંચી ત્યારે મને ખરેખર દિલગીરી

થઈ. છતાં ગુનેગાર વર્ગ સહાનુભૂતિનો સરસ જવાબ વાળે છે એનો મને અનુભવ વિજાપુરમાં થયો. જે અનુભવ નોકરી દરમિયાન ચાલુ જ રહ્યો. એમનો સહવાસ મને નીચે ઉતારી શક્યો નથી એની ખાતરી મને થઈ ચૂકી છે. એક માનવી બીજા માનવી કરતાં બહુ ચડતો કે બહુ ઊતરતો હોઈ શકે નહિ; તસુ બે તસુનો ફેર હોય તો કોણ જાણે!

વિજાપુર તાલકાના સહવાસમાં હું જોઈ શક્યો કે આપણા રોજબરોજના જીવનમાં આપણને ખબર ન પડે છતાં મહત્ત્વનો ભાગ લઈ રહેલા ભજનિકો ચારે પાસ વેરાયલા પડ્યા છે. એ ભજનિકો પાસે કાવ્યોનો ભંડાર ભરેલો હોય છે. ગામડે ગામડે ભજનિકો અને ભજનમંડળીઓ હોય છે, અને આપણા તપ્ત જીવનને ઘણી વાર શાન્તિ આપ્યે જાય છે. કદાચ તેમનું બાહ્ય સ્વરૂપ આપણને માગણ સરખું લાગે – અને આપણને માગણો ન ગમે એ સમજાય એમ છે. છતાં આ ભજનિકોને અપાતા દાનના પ્રમાણમાં તેઓ દાન આપનારને બહુ સારો બદલો આપી જાય છે. અર્ધ હિન્દુ અને અર્ધ મુસલમાન આચાર પાળતા મીર ઢાઢીને નામે ઓળખાતા ભજનિકોની અહીં મોટા પ્રમાણમાં વસતિ હતી. તે વર્ગનાં સ્ત્રીપુરુષ બન્ને ઢોલક સાથે પોતાના ગીત–ભજનની લાણી જનતામાં કરતાં હોય છે. ઠાકોર–ઠકરાતમાં પણ તેમની અવરજવર સારા પ્રમાણમાં. ઈશ્વરભક્તિનાં, વેદાન્તનાં અને નશ્વર દુનિયાની અસારતાનાં ગીત ગાતા આ ભજનિકોમાં કેટલાક સારા ગવૈયા પણ હોય છે. આજોલ ગામના અભુ મીરને હું વારંવાર સાંભળતો. કબીર, મીરાં તથા ઋષિરાજનાં પદ ગાતા અભુ મીર ભજનમાં સરસ વાતાવરણ ઉપજાવતા. વર્ષોના ગાળા પછી – લગભગ પચીસ વર્ષે – એ અભુ મીરને ફરી સાંભળ્યા ત્યારે પણ તેમની અસર એવી ને એવી જ ઊપજતી હતી. કથા, કીર્તન, ભજનની સંસ્થા આપણે ભણેલાઓની બેદરકારી વચ્ચે હજી જીવંત છે. મીરાણીઓના રાજિયા – મૃત્યુગીતો અજાણ્યાની પણ આંખમાં આંસુ ઊભરાવી શકે છે.

વળી આ તાલુકાએ ગુજરાતી રંગભૂમિને કેટલા ય સુંદર નટો

આવ્યા છે. હિંમત, દાદુ, વિઠ્ઠલદાસ ભોજક, કાસમ મીર, શનિ માસ્તર, વગેરે પંકાયલા નટોનો પણ મને વિજાપુરમાં પરિચય થયો. મારે મન આ કલાકારોની કિંમત ઓછી નથી. સામાન્ય જનતાને આશ્ચર્ય લાગે છતાં જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે હું તેમને બોલાવતો, રંગભૂમિના પ્રશ્નો ચર્ચતો અને કદી કદી તેમનાં ગીત સાંભળતો. ગામમાં અને તાલુકામાં આ નટવર્ગની ભારે પ્રતિષ્ઠા નહિ. મારા સરખા તાલુકાનો ઉપરી અમલદાર તેમને માનપૂર્વક બોલાવે એથી ઘણાને આશ્ચર્ય થતું; પરંતુ મારે મન આ કલાકારોની ભારે કિંમત હતી. આજ પણ નટવર્ગનો મને સારો પરિચય છે. નેતાઓ કે સમૃદ્ધિ–સંપન્ન ધનિકોના પરિચય કરતાં આવા કલાકારોના પરિચય મને સદા ય વધારે ગમ્યા છે. રંગભૂમિ ઉપરથી નિવૃત્ત થયા પછી હિમ્મતભાઈ વડોદરા ઘણી વાર મારે ત્યાં આવતા અને તેમનું સંગીત સંભળાવતા. તેમને મુખેથી ‘હો કનૈયાજી રે અમને મોહન માયા લગાડી.’ એ ગરબો સાંભળવો એ એક લહાવો ગણાય. નાનપણનો નાટકનો શોખ કદી ઘટ્યો નહિ. વિજાપુરમાં આવતી રામલીલાઓ પણ હું કદી જોતો ખરો. હજી પણ નટવર્ગમાંથી પરિચિત ભાઈઓ મને મળે છે ત્યારે મને આનંદ થાય છે. બાપુલાલ, જયશંકર, મોહન મારવાડી, પ્રભાશંકર, જમન, લાલજી નંદા–ઘણાં નામ યાદ છે. એ સર્વને મિત્ર તરીકે ઓળખાવતાં મને કદી સંકોચ થયો નથી.

પરંતુ મને જીવનભર યાદ રહી જાય એવી એક કલાકાર વ્યક્તિ પણ મને વિજાપુરમાં મળી. એનું નામ જુગલદાસ નાયક. તરગાળા કોમનો તરછોડાયલો એ ભલો, ભોળો, સહજમાં છેતરાઈ જાય એવો, જરા ચક્રમ, અવ્યવહારુ અને જનતાને મન આછો અણસમજણો એ જુગલદાસ હજી જીવે છે અને વીસનગરમાં પોતાનું ગરીબીભર્યું જીવન ગુજારતો વૃદ્ધ બની પોતાની અપંગ પરંતુ સુશીલ પુત્રીની સારવારમાં દિવસ ગુજારે છે. મને સંગીતનો શોખ છે એવો ભાસ મારી આસપાસ કોણ જાણે ક્યાંથી ઊભો થઈ જાય છે, અને એ ભાસમાંથી હું સંગીતનો જાણકાર, દર્દી કે ગુણી હોઉં એવો ભ્રમ પણ ઉપજાવવા હું શક્તિમાન થાઉં છું. વિજાપુરના મારા મકાનમાં એક રાત્રિએ હું

બેઠો હતો અને ખબર મળી કે કેટલાક ગૃહસ્થો મને મળવા આવ્યા છે. મારે ત્યાં ગમે ત્યારે ગમે તેને આવવાની છૂટ હતી. મને લાગ્યું કે કોઈ સ્થળે કાંઈ મુશ્કેલી ઊભી થઈ હશે એ માટે લોકો મને મળવા આવ્યા હશે. મેં તેમને બોલાવ્યા અને કાંઈ મુશ્કેલીના અહેવાલને બદલે તેમણે મને પૂછ્યું :

'સાહેબ! એક સારો કંઠવાળો ગાનારો આવ્યો છે; આપને સાંભળવાની ઇચ્છા છે?'

અચાનક નક્કી કર્યા વગર સારું સંગીત સાંભળવાનો કાર્યક્રમ પણ વધારે પડતો લાગે. છતાં આવનાર ગૃહસ્થોને નારાજ ન કરવાના વિચારે મેં સંગીત સાંભળવાની હા કહી અને નીચે ચોકમાં પાથરણું પથરાયું. સ્ત્રીવેશમાં સજ્જ થયેલો એક યુવાન કેટલાક સોબતીઓ સાથે આવી સલામ કરી સામે બેઠો. ભવાઈનો વેશ પૂરો થયા પછી સીધો એ યુવાનને મારી પાસે લાવવામાં આવ્યો હતો. મેં તેની સાથે થોડી વાત કરી. ભવાઈમાં ભાગ લેનાર કદીકદી ઊંચી કક્ષાના ગવૈયા અને અભિનયકાર હોય છે એ હું જાણતો. પરંતુ આ અકસ્માત આવી ચડેલા નટના ગળામાં શાસ્ત્રીય સંગીત ગીત ઊતર્યું હશે કે કેમ એની મને શંકા હતી. વાતવાતમાં મેં પૂછ્યું :

'કોઈ રાગ કરી શકો ખરા?'

'પ્રયત્ન કરી જોઉં...આપ ફરમાયશ કરો.' તેણે જવાબ વાળ્યો.

મેં રાત્રિના સમયનો વિચાર કરી, અને મારા સંગીતજ્ઞાનનું પ્રદર્શન થાય એ અર્થે પણ તેને કહ્યું :

'વખત માલકૌંસનો છે; એ રાગ કરી શકશો?'

'હા જી. થોડું ઘણું જાણું છું.'

કહી એ અજાણી વ્યક્તિએ સ્ત્રીવેશ ધારણ કરેલા નાયક જુગલદાસે 'કોઈ પીએ રામરસ પ્યાસા'ની ભવ્ય ચીજ માલકૌંસની સૂરાવલીમાં એવી શુદ્ધ અને સૂરીલી ઢબે ગાઈ બતાવી કે હું છક્ક થઈ ગયો. વિજાપુરના માલસિણ નામના ગામડાના એક ભવાઈ કરતા છોકરામાં આ આવડત!

અને પછી તો આખી રાત વીતી—સવાર પડ્યું; પરંતુ જુગલ-

દાસનો કંઠ ગીતે ગીતે વધારે ઊઘડતો જાય, અને સંગીતનો રસ વધારે અને વધારે જામતો જાય. મને સંગીતનો જેટલો શોખ એટલો જ મારી પત્નીને પણ શોખ. એ મહેફિલ પૂરી થયા પછી જુગલદાસને થોડે થોડે દિવસે અમે બોલાવવા માંડ્યો, અને મહિના-માસમાં તો એના સંગીતની અમને એવી રઢ લાગી કે એને પછીથી અમારે ઘેરે જ રાખી લીધો. મેં ઘણા સૂરીલા કંઠ સાંભળ્યા છે—પુરુષોના તેમ જ સ્ત્રીઓના. સારામાં સારા કંઠમાં જો હું જુગલદાસને ન ગણાવું તો એ અજાણ્યા કલાકારને હું અન્યાય જ કરું છું એમ મને લાગે. એ જુગલદાસનો સહવાસ વધતાં મને ખબર પડતી ગઈ કે એને ગીત ઉપરાંત દિલરૂબા અને તબલાં પણ સારાં આવડતાં હતાં. ઉપરાંત એને નૃત્ય—કથક નૃત્યની પણ ઊંચા પ્રકારની આવડત હતી. એનો અભિનય ભલભલી ગાનારીઓના અભિનયને પણ ટપી જાય. એના સહવાસમાં મારું પોતાનું સંગીતજ્ઞાન પણ વધી ગયું. મોટા રાગ, મોટા તાલ-તોડા, સુંદર અભિનય અને સંગીતની તાન.મુરકી-ગમક સુધીની આવડત આ પછાત દેખાતા તાલુકાના એક ગામડિયામાં હતી!એણે સારા ઉસ્તાદો પાસે સંગીતની કેળવણી લીધી હતી અને એનો કુદરતી સૂર એના સંગીતને બહુ ઓપ આપતો હતો. કોટયાર્કની ટેકરી ઉપર, પેઢામલીની રેતીમાં અગર આગલોડની ભેખડ ઉપર હું અને મારી પત્ની કદી કદી જતાં ત્યારે જુગલદાસને સાથે લઈ સંગીતનો આનંદ લેતાં. મારો સંગીત-શોખ—માત્ર સાંભળવાનો—મને અમલદાર તરીકે વગોવી મૂકે એવો સંભવ પણ ખરો. પરંતુ લોકોએ મને એ બાબતમાં ન્યાય આપી વગોવ્યો નહિ—એક ધૂની વહીવટદારની ધૂન તરીકે તે શોખની વધારે ખોદણી ન કરી. મારા કામ કે વર્તનમાં કાંઈ ભૂલ આવી હોત તો મને લોક કે ઉપરીઓ જરા ય બચાવત નહિ! વળી મારી નોકરીની વચ્ચે મારો શોખ આવતો નહિ, યા તો એમાં મને પણ કશી હરકત દેખાઈ નહિ. નોકરી કરતાં કરતાં એ સાહિત્ય, સંગીત અને રમત-ગમતના મારા શોખને મેં ભોગવ્યા પણ ખરા. આજ વૃદ્ધ વયે પણ જુગલદાસ પોતાની કળા પ્રદર્શિત કરી શકે છે. એને બનારસ મોકલી સંગીતમાં-પ્રગતિ કરવાની મેં તક આપી; પરંતુ દરેક રીતે

કમનસીબીને વરેલો એ કલાકાર ક્યાંય ફાવ્યો નહિ. એના પારખનાર અને વખાણનારામાં કદાચ હું એકલો જ હોઈશ. એના સ્વભાવની વિચિત્રતા અને નિષ્ક્રિયતાએ એની કલાને ગૂંગળાવી દીધી હોય એવો સંભવ છે.

વિજાપુરમાં મેં ત્રણ સંતોનો પણ નિહાળ્યાં. એક સુવિખ્યાત જૈન આચાર્ય બુદ્ધિસાગર જેમણે અનેક ગ્રંથોની રચના કરી છે; બીજા બોરિયા સ્વામી–આજોલ અને લોદરા સ્ટેશન વચ્ચે આવેલા બોરિયા મહાદેવની જગાએ રહેતા એક મહારાષ્ટ્રી સંન્યાસી, જેમના વયને માટે અનેક કલ્પનાઓ થતી: તેઓ આવ્યા ત્યારના એક જ રૂપે દેખાય છે. વૃદ્ધ થતા જ નથી વગેરે વાતો ઉપરાંત તેમના પૂર્વાશ્રમમાં તેઓ ૧૮૫૭ના બળવા સાથે સંકળાયલા હતા એમ કહેવાતું. જોકે તેઓ યોગસાધનામાં અને વૈદકમાં કુશળ હતા અને વર્તમાન સંન્યાસીઓની માફક અમલદારો અને ધનિકોના પરિચયમાં ઠીક ઠીક રહેતા. ‘ભારેલો અગ્નિ’ લખતી વખતે આછી પાતળી પુરાવાની સાંકળમાં બોરીયા સ્વામી પણ મારા મનમાં હતા ખરા; અને ત્રીજા, જૂની શૈલીના સુપ્રસિદ્ધ અને લોકપ્રિય કવિ ઋષિરાજ. ઋષિરાજ વરસોડામાં રહેતા. તેમનાં દર્શન કરવા હું વિજાપુરથી ખાસ ઘોડા ઉપર બેસી વરસોડા ગયો હતો. ત્યારે પણ તેઓ અત્યંત વૃદ્ધ થઈ ગયા હતા, જોકે દેહ અને બુદ્ધિચાપલ્ય ખરાં.

ઘોડેસવારીનો શોખ પણ વિજાપુરમાં ઘણો વધી ગયો. વિજાપુરથી મહેસાણા હું ઘોડા ઉપર સરળતાથી જઈ શકતો. આગલોડ ઠાકોરની એક અત્યંત જલદ ઘોડીએ મને પાડી નાખી પંદરેક દિવસ ખાટલામાં પણ રાખ્યો હતો. આમ સરકારી કામે ફરતાં ફરતાં મેં ગ્રામજનતાનાં દર્શન કર્યાં, ગ્રામજનતામાં રહેલી વિશિષ્ટતાઓ ઓળખી, જનતામાં છુપાઈ રહેલી સાહિત્યકલાની ભાવનાનો સ્પર્શ કર્યો; અને મને લાગે છે કે મારા માનસને પણ મેં સમૃદ્ધ બનાવ્યું. વિજાપુરનું લાંબું વર્ણન મારી આખી કારકિર્દીના નમૂનો કહી શકાય. એ જ ઢબ આખી નોકરીમાં રહી. એટલે હવે બીજાં સ્થળોની નોકરીનું લંબાણ કરવાને બદલે મુખ્ય હકીકતો જ કહી જાઉં.

## ૨૦

મારી નોકરીનો પ્રવાહ સતત સીધો વહ્યો નથી. ઘમંડ અને દમામનો મને એટલો તિરસ્કાર કે એ મારા જીવનમાં પ્રવેશી ન જાય –દેખાઈ ન જાય–એની ચીવટાઈભરી કાળજી હું રાખતો. એનેઅર્થ એવો નહિ કે હું ઘમંડી નથી અને મેં કદી દમામનો ઉપયોગ કર્યો જ નથી. બધી જ માનવ સહજ નિર્બળતાઓ મારામાં છે જ. એકંદર ઉપરીઓ સાથે મને ઠીક ઠીક બન્યું છે–હાથ નીચે કામ કરતાં માણુસો સાથે તો સતત બન્યું જ છે–પરંતુ ઉપરીઓના વર્તન અને લખાણનું બરછટપણું હું ભાગ્યે સહન કરી શકતો. વિજાપુરમાં મારા વિભાગના ઉપરી સાથે લખાણમાં ઝઘડવાના પ્રસંગો આવી ગયા. સરકારી કામે મેં મારા અંગત સ્વાર્થને કદી ભેળવ્યો ન હતો; છતાં કાયદાનો અર્થ કરતી વખતે મેં પ્રજા તરફે ઠીક ઠીક ઉદારતા રાખી છે. અને સામાન્ય જનતા સાથેનો મારો વ્યવહાર કદાચ વધારે પડતો લાગે એટલી હદ સુધીનો સરળતાભર્યો ચાહીને રાખ્યો હતો. હાથ નીચેનાં માણુસોનાં હૃદયમાં મારું અમલદારપણું ઠસી જાય એમ કરવાનો પ્રયત્ન મેં કદી સેવ્યો નથી. ઘડી ઘડી કારકુનોને ધમકાવવા, તેમની મૂર્ખાઈનું તેમને સતત ભાન કરાવવું, તેમને ધ્રૂજતા અને કંપતા રાખવા, તેમના સ્વમાનને પટકી જમીનદોસ્ત કરવું, તેમની માનવતાને હિણાયલી જ રાખવી, અને તેમની કશી જ સગવડ ન સાચવતાં નોકરી એ બંધન છે, મોજ નથી, એવો ખ્યાલ જીવંત રાખવો એ કદી મને ગમ્યું નથી –અને એમ ઘણા ય અધિકારીઓ તરફથી થાય છે એનો હું સાક્ષી પણ છું. એવું વલણ ન રાખવાથી મારે કાંઈ સહન કરવું પડયું છે એમ પણ હું માનતો નથી. ઉપરીના ધાકથી ધ્રૂજતા કૈંક માણસો મેં જોયા છે એ ધાકથી થયેલાં કામ કરતાં મારી સુંવાળી લઢણુથી થયેલું કામ વધારે ખરાબ થયું હોય એમ હું માનતો નથી.

આ વલણ વિકસાવવાનું એક જ કારણ—હું પોતે ધમકી અને અપમાન સહન કરી શકતો નથી...ખાસ કરીને ઉપરી કે પોતાને બહુ મોટા માણુસ તરીકે માનતા હોય એવી વ્યક્તિઓની ધમકી કે અપમાન એવે પ્રસંગે મારું મન બળવો કરી ઊઠે છે; અને મારું

સ્વત્વ ભયંકર સામનો કરવા પ્રેરાય છે. બહુ તો નહિ પરંતુ જીવનમાં કદી કદી એવા પ્રસંગો નથી બન્યા એમ કહી શકાય નહિ. એની પણ શરૂઆત—નોકરિયાત જીવનમાં અને સાહિત્ય જીવનમાં—વિજાપુરે જ કરાવી એ પણ હું નોંધી લઉં.

ઉપરી કચેરીઓને હાથ નીચેની કચેરીઓનાં લખાણમાં તોછડાશ વાપરવાની ઠીક ઠીક ટેવ પડી ગઈ હોય છે. આવી તોછડાશ સામે મેં એક બે વાર વાંધો લીધો—સહજ સખ્ત શબ્દોમાં. એટલે તોછડાશ તો હળવી થતી ગઈ. પરંતુ મારી ભલામણો અને મારા ઠરાવો વધારે પ્રમાણમાં નામંજૂર થતા ગયા અને કાયદા—કાનૂનના મારા અજ્ઞાન પ્રત્યે વધારે સ્પષ્ટ ટીકાઓ થવા લાગી. પછીથી ઊડતી વાતો પણ સંભળાવા લાગી: હું સોંઘી લોકપ્રિયતા શોધતો એક નિર્બળ અમલદાર છું અને મારા કામકાજમાં કારકુનો ઉપર દાબ રાખવા અશક્ત બનતો હું માત્ર કારકુનોના શેરા ઉપર સહી જ કરું છું ઘમંડ, દમામ અને તાપનું પ્રદર્શન ન કરાવી શકતાં માણસો સામે આ બે આરોપો બહુ સરળતાપૂર્વક થઈ શકે છે—અને હું એ મારું સદ્દભાગ્ય માનું છું કે મારા વિરોધીઓ મારી નોકરી દરમિયાન આથી વધારે આરોપો મૂકી શક્યા નથી.

મારું સ્વમાન જરા ઘવાયું. ઉંમર પણ એવી જ હતી કે જેમાં સ્વમાનના ઘા વધારે પડતા લાગે. આખા મુલકી ખાતાના ઉપરી સરસૂબા કમિશનર ત્યારે દાતાર સાહેબ નામના એક ગૃહસ્થ હતા. અકસ્માત તેમનો તપાસણી માટેનો મુકામ વિજાપુરમાં થયો અને મોટામાં મોટા અધિકારીએ કચેરી તપાસી જોઈ. કશી વિશેષ ખામીઓ તેમને જડી નહિ, એટલે મારી અને ઉપરી કચેરી વચ્ચે ચાલતા કેટલાક પત્રવ્યવહાર મેં તેમની સમક્ષ મૂકી દીધા, કાયદાની દૃષ્ટિએ હું સાચો છું કે મારી ઉપરી કચેરી એની મેં સ્પષ્ટતા માગી અને ઉપરીઓ તરફથી વપરાતી તોછડાઈભરી ભાષાના નમૂના દર્શાવી એમાંથી ઉત્પન્ન થતાં ઘર્ષણો અટકાવવા વિનંતી કરી. ઉપરી કચેરીનો આવો સ્પષ્ટ સામનો થતો જોઈ શ્રી દાતાર પણ વિચારમાં પડી ગયા. તેમણે કાગળો પોતાની પાસે રાખી લીધાં અને વડોદરા જઈ બધા ય કાગળો

તપાસી બધા ય પ્રશ્નોમાં મારી તરફદારી કરતા હુકમો કર્યા. એથી મારા અને ઉપરીના સંબંધો વધારે સારા થઈ શક્યા નહિ એ જુદી વાત છે. બોલવા-ચાલવામાં સંબંધ સારો રાખવા છતાં જેમનાં હૃદયમાં મારે માટે વળ રહી જ ગયેલો એવા બેત્રણ ઉપરીઓમાંના આ એક ઉપરી સારું ભણેલા અને વિદ્વાન કહી શકીએ એવા હતા. આજ તો તેઓ સ્વર્ગવાસી થયા છે. એમને હું અન્યાય ન કરી રહ્યો હોઉં એમ અંતરમાં પ્રશ્ન થાય છે. છતાં આ મારી જ કથની છે અને જાહેર જીવનમાં અંગત લાગણી કેવાં વેર ઝેર ઉપજાવી શકે છે એનું આ દૃષ્ટાંત મારી વિરુદ્ધ વાપરવા માટે પણ આપવું જોઈએ એમ મને લાગે છે.

સાહિત્યક્ષેત્રે પણ એક તોછડાઈનો અનુભવ મને વિજાપુરમાં થયો. સને ૧૯૧૫–૧૬માં લખેલું અને ભજવેલું 'સંયુક્તા' નાટક એ મારો પહેલો લાંબો સાહિત્યપ્રયાસ. એ પ્રસંગને છ સાત વર્ષ વીતી ગયેલાં. વડોદરા દીવાન સાહેબ સર મનુભાઈના સેક્રેટરી તરીકે હું હતો ત્યારે શ્રી જોષીપુરા અને શ્રી ભાનુસુખરામે મારી પાસે એકાદ ભાષાંતર અને એકબે નાનાં પુસ્તકો લખાવેલાં એટલો જ તે દરમિયાનનો સાહિત્યમાં ઉદ્યોગ. ગુજરાતી અંગ્રેજી, વાચન તો ચાલુ હતું જ; પરંતુ લેખનકાર્ય કશું જ નહિ...અને ભાવિમાં હું લેખન વ્યવસાયમાં પડીશ એવો સ્વપ્ને પણ ખ્યાલ નહિ. મારે અને લેખનવ્યવસાયને ત્યારે છૂટા છેડા હતા. કોઈ પણ માગણી વગર લેખ ન મોકલવાનો મારો ઘમંડ હજી ચાલુ જ છે. પરંતુ એ મિથ્યા અભિમાન સને ૧૯૨૨–૨૩ની સાલમાં પણ હતું જ– અને એ મિથ્યા અભિમાનને પોષે એવી કોઈની માગણી આવે એવું મારું મહત્ત્વ ગુજરાતને ત્યારે દેખાયું પણ ન હતું. 'સંયુક્તા' નાટકની છપાયલી કેટલીક નકલો ત્યારે મારી પાસે પડી હતી. મને બુટ્ટો સૂઝ્યો કે ગુજરાતના બે-પાંચ પ્રતિષ્ઠિત વિદ્વાનોને એ પુસ્તક ભેટ મોકલી તેમનાં સૂચનો મંગાવી હું તેનો લાભ ઉઠાવું. ત્યારે આજના જેટલા વિદ્વાનો ગુજરાતમાં ન હતા – અને આજ જેટલા સોંઘા પણ ન હતા ! જેટલા હતા તેટલા પૂજ્યભાવ પ્રેરક. આછકલી

દૃષ્ટિ તેમની સામે થઈ શકે નહિ. અંગ્રેજી સત્તાધીશો જેટલો જ તેમનો પણ કડપ...તેમની ગહન વિદ્વત્તાનો. વિદ્વાનો ઓછા હોય તેની હરકત નહિ. તેમની આસપાસ પ્રભાવનું તેજવર્તુલ જરૂર મને ગમતું.

પાંચેક અગ્રણી વિદ્વાનોને વિવેકભર્યા પત્ર સહ મેં મારી આદ્યકૃતિ મોકલાવી. ચારેક વિદ્વાનોના અભિપ્રાયો કેટલેક દિવસે આવી પણ ગયા. 'ઠીક છે', કેટલોક ભાગ સારો છે', 'કવિતા આશાસ્પદ છે'......એવા એવા કેટલાક અભિપ્રાયો મને મળ્યા પણ ખરા, પરંતુ એ અભિપ્રાયોમાં મને જરા ય રસ રહ્યો ન હતો. કારણ પાંચમા વિદ્વાને ત્રીજે જ દિવસે ઊઘડ્યા વગરનું 'બુક પોસ્ટ' મને પાછું રવાના કર્યું! અને તે સાથે પત્ર–વિવેકભર્યો પત્ર–મોકલાવ્યો, જેમાં તેઓ પોતાના જ કાર્યમાં એટલા ગૂંથાયા હતા કે મને પણ તેમની દયા આવે! એમ કારણ જણાવી પુસ્તક ન જોવા–બુક પોસ્ટ પણ ન ખોલવા–માટે તેમણે ક્ષમા માગી! વિવેક અને શિષ્ટ વર્તન માટે એ વિદ્વાનનાં પછીથી ઘણા ય મિત્રોએ મારી પાસે વખાણ કર્યાં છે. પરંતુ સ્વની જાળ-જંજાળમાં ગૂંથાઈ બીજાનાં પુસ્તક તરફ દૃષ્ટિ પણ ન કરી શકે એવા એ મહાકામગરા વિદ્વાનનું વર્તન મને જરા ય શિષ્ટ ન લાગ્યું. હું ઝડપથી માઠું લગાડતો નથી; પરંતુ મને જ્યારે માઠું લાગે છે ત્યારે એ કદી ભૂલાતું પણ નથી. મને ખરેખર માઠું લાગ્યું. એ પછી એ મહાવિદ્વાન લાંબું જીવ્યા અને હું તેમને મળી જાઉં એવી ઇચ્છા પણ કેટલીક વાર તેમણે મારા મિત્રો પાસે વ્યક્ત કરી. પરંતુ માનભર્યા હૃદયથી મોકલેલી ભેટ–ગમે એવી અલ્પ હતી તો ય–તે વગર સ્પર્શે પાછી મોકલનાર વિદ્વાનથી કૃપા દૃષ્ટિ વગર હું મારું જીવન ચલાવી શકતો હતો. એટલે હું તેમના અંગત પરિચય અને અંગત મુલાકાતથી વંચિત રહ્યો છું. એથી એમને ખોટ ગઈ છે એમ હું માનતો નથી; સાથે મને પણ ભારે ખોટ ગયાનો ભાસ થતો નથી.

આજ તો એ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં છે. એમના વલણ પ્રત્યે મને સહાનુભૂતિ થાય એવી પરિસ્થિતિ મેં જાતે અનુભવી છે. અભિપ્રાય, સૂચન, સુધારણા, વિવેચન, પ્રસ્તાવના, બે બોલ, માટે

મારી પાસે પણ કાચી-પાકી કેટલીક કૃતિઓ આવે છે. મારું કામ એથી અટકે છે અને હું કંટાળું છું પણ ખરો. પરંતુ કંટાળતી વખતે મને મારા જીવનનો ઉપરનો પ્રસંગ યાદ આવે છે, અને કષ્ટ વેઠીને પણ એ પુસ્તક જોઈ જઈ બે સારા ઉત્તેજક બોલ લખી પણ કાઢું છું. હું ઘણાં પુસ્તકોની પ્રસ્તાવના લખું છું અને કોઈને માટે ખોટું કહેતો નથી એવો આરોપ પણ મારા ઉપર મુકાય છે તે હું જાણું છું. એનું એક કારણ એ છે કે બીજાના પુસ્તક તરફ નજર નાખવાનો સમય પણ ન આપી શકે એવી વિદ્વત્તાનો દંભ વિદ્વતઅહંને પોષવા સિવાય બીજું કશું જ ઉપયોગી કાર્ય કરતો નથી એવી મને ખાતરી થઈ ગઈ છે. સ્વમહત્તાની પણ મર્યાદા હોય.

અને હું મારી પ્રસ્તાવનામાં – કે મારા અભિપ્રાયમાં માત્ર વખાણ જ કરું છું ? હશે, ખામી દેખાડવાનો પ્રયત્ન મારો હોય છે ખરો, પણ તે ટૂંકામાં; ગુણદર્શન હું વિસ્તારપૂર્વક કરું છું. હનુમાનને સ્મરણ આપવું પડતું હતું કે તેનામાં ભારે શક્તિ છે; તે સિવાય તેમની શક્તિ સુષુપ્ત રહેતી. માનવીને પણ કેટલીક પેઢીએ વાનર સાથે સંબંધ તો ખરો જ ને ? ફાળ ભરનાર સહુને બિરદાવવાની જરૂર છે. સત્ય પણ કટાર બનીને આવે તો એ ઘાવ જ કરે છે. અને આપણે અભિપ્રાય આપનાર વળી એવા કેટલા મોટા કે આપણને ખામી દર્શાવવાનો અધિકાર મળી જાય ? એક માનવી અને બીજા માનવી વચ્ચે એવું અંતર નથી જ કે જે કદી ઉલ્લંઘી શકાય જ નહિ.

એ પછી સંજોગો એવા આવ્યા કે જેમાં મારાથી ઘણું લખાઈ ગયું. એ ખોટું હશે કે સારું; છતાં ઉપરના પ્રસંગ પછી મેં કોઈની પ્રસ્તાવના કે અભિપ્રાય પણ માગ્યો નથી. હા; 'દિવ્યચક્ષુ' માં બીજાને હાથે લખાયલી પ્રસ્તાવના – વિવેચન છે; પરંતુ એનો ઇતિહાસ છે, એને તે વિદ્વદ્જીવનની ક્ષુદ્ર બાજુ જ રજૂ કરે છે. સત્તાની, સંપત્તિની કે સાહિત્યની મહત્તાનો મોહ મને એટલો ઓછો થઈ ગયો છે કે હું બને ત્યાં સુધી મહત્તાધારી વ્યક્તિઓથી દૂર જ રહું છું. યોજના- હીન અકસ્માતથી ઘડાતા આપણા જીવનમાં એક વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિ બહુ ઊંચી હોતી જ નથી. ઘેલા બનાવી દે એવી

ગુણવત્તા બહુ ઓછી જોઈ છે; અને એ બતાવવામાં આવતી હશે ત્યાં કાળા પડછાયા પણ ઓછા નહિ હોય.

બે અઢી વર્ષના ગાળામાં ભાતભાતના વહીવટી અને સામાજિક અનુભવો મને વિજાપુરે આપ્યા. વચમાં વિલાયત જઈ સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં અભ્યાસ કરવો એવો મારે માટે મહારાજા સાહેબનો હુકમ થયો અને તેની તૈયારી કરી. એ હુકમ મુલતવી રહ્યો! વળી પાછી વડોદરા સેક્રેટેરિયેટમાં મંત્રી મદદનીશ – Assistant to the Ministers – ની જગાએ બદલી થઈ, અને મેં વિજાપુર છોડયું.

વિજાપુર છોડતાં અગાઉ થોડા દિવસ રહ્યા હશે અને વડોદરાના ડૉકટર ચીમનલાલ નામના ગૃહસ્થે સરકારી નોકરી છોડી પત્રકારિત્વમાં ઝંપલાવ્યું. ‘નવગુજરાત’ નામનું પત્ર તેમણે શરૂ કર્યું અને તે અંગે તેઓ વિજાપુર પોતાના મિત્રોને મળવા માટે આવ્યા. મને તેમનો સાધારણ પરિચય છતાં તેઓ મને મળવા આવ્યા અને પોતાના નવાં સાહસની વાત કરતાં તેમણે મારી પણ સહાય માગી.

‘હું આપને શી સહાય કરી શકું ?’ મેં પૂછ્યું.

‘તમે મને એક વાર્તા આપો – જે પ્રત્યેક અઠવાડિયે પ્રગટ થઈ શકે અને એકાદ વર્ષ સુધી ચાલુ રહે.’

‘વાર્તા તો મેં કદી લખી જ નથી. એકાદ નાટક અને છૂટક-લેખો લખ્યા છે…પરંતુ પત્રને યોગ્ય કશું જ નહિ.’

‘છતાં…પ્રયત્ન તો કરી જુઓ!’

‘જોઈશ. મારી બદલી વડોદરા થઈ છે…ત્યાં બનશે તો કાંઈ લખીશ.’ વાર્તાલેખનની આ વાતચીતમાંથી શરૂઆત.

મારા મિત્ર શ્રી રમાકાન્ત ધારેખાન–ગૌતમ કદી કદી વિજાપુર આવતા અને અંગ્રેજી–ગુજરાતી સાહિત્યની અમે હળવી ચર્ચા કરતા. તે સમયે શ્રી કનૈયાલાલ મુનશીનું માસિક પત્ર ‘ગુજરાત’ બહુ વંચાતું અને શિક્ષિત વર્ગમાં તે અત્યંત પ્રિય પણ થઈ પડયું હતું. શ્રી મુનશીની સોલંકી યુગની ઘણું કરીને ‘ગુજરાતનો નાથ’ નામની આકર્ષક કથા એમાં આવતી, અને હું તથા મારી પત્ની રસપૂર્વક એ વાંચી જતાં. રમાકાન્ત હોય ત્યારે એ પણ વાચનમાં સામેલ થાય. હું લખું છું

અને સાહિત્યનો શોખ ધરાવું છું એની રમાકાન્તને ખબર. એ વારંવાર મને કહ્યા કરે કે મારી લેખનશક્તિનો મારે ઉપયોગ કરવો જોઈએ.

પરંતુ હું લખીને મોકલું ક્યાં? મોકલું અને તેનો સ્વીકાર ન થાય તો? મારો એ જવાબ હતો. માનવસહજ આત્મભાન-આત્મમાન બહુ આળી વસ્તુ છે; એને વાગતો ઘા વધારેમાં વધારે વાગે છે.

ભાઈ ચીમનલાલ મને 'નવગુજરાત'માં લખવાનું આમંત્રણ આપી ગયા તે વખતે શ્રી રમાકાન્ત ત્યાં જ હતા. ચીમનલાલના ગયા પછી તેમણે ટોકણી કરી:

'હવે તો લખવાનું આમંત્રણ આવ્યું છે. ક્યાં મોકલવું એ પ્રશ્ન નથી. હવે શા માટે તમે ન લખો?

વિજાપુરથી સને ૧૯૨૪માં હું વડોદરા આવ્યો. સેક્રેટરીયટમાં પ્રગતિ વિભાગનું કામ મેં હાથમાં લીધું. સાથે સાથે નવગુજરાત માટે એક વાર્તા પણ લખવી શરૂ કરી.

એ અરસામાં હું વિશ્વનાં ઠગ–મંડળોનો ઇતિહાસ અને તેમના સારાં ખોટાં કાર્યોને લગતાં પુસ્તકો શોખને ખાતર વાંચતો હતો. ધાર્મિક, સામાજિક, રાજકીય અને પ્રેમ જીવન સાથે આવાં ઠગ–મંડળો પણ બહુ જ સંકળાયલાં હોય છે. હિંદુસ્તાનમાં તો ગુલામ વંશના સમયથી ઠગ લોકોના ઉલ્લેખો મળી આવે છે અને અંગ્રેજોના અમલમાં તેમનો અંત આવે છે. એ વિષય ઉપર કલમ અજમાવવાનો મેં વિચાર કર્યો અને એમાંથી 'નવગુજરાત' માં દરેક અઠવાડિયે પ્રસિદ્ધ થતી 'ઠગ' નામની નવલકથાનું સર્જન થયું.

'ઠગ' થી મારું વાર્તાસર્જન શરૂ ! એ મારી પહેલી નવલકથા ! હજી નવલકથાઓ લખી હું સહુને ઠગી રહ્યો છું, નહિ?

## ૨૧

મંત્રી મદદનીશની જગા એટલે રાજ્યના સેક્રેટરીની જગા; લગભગ છેલ્લા પ્રશ્નો જ ચળાઈ દળાઈને ખાતામાંથી સરકાર પાસે આવે. સરકાર એટલે દીવાન–મુખ્ય પ્રધાન, અને ત્રણ કે ચાર નાયબ દીવાનો. દરેક નાયબ દીવાનને કેટકેટલાં ખાતાં અંગત સોંપેલાં; તેમના અધિકાર પણ નિશ્ચિત થઈ ચૂકેલા. વ્યક્તિગત દીવાન-અધિકાર ઉપરાંત

કાઉન્સિલ અગર મંત્રી-મંડળને ભારે અધિકારો સોંપવામાં આવેલા અને મહિનામાં ઓછામાં ઓછી પંદર દિવસે કાઉન્સિલ મળે. એમાંથી કેટલાક પ્રશ્નોના અંતિમ અધિકાર મહારાજ સાહેબ પોતાની પાસે રાખતા. આમ વડોદરા રાજ્યમાં સર્વસત્તાધીશ તો મહારાજા જ ગણાતા. પરંતુ તેમણે પોતાની સત્તાનો કેટલોક ભાગ મંત્રી-મંડળને સોંપ્યો હતો અને કેટલોક દીવાન-નાયબ દીવાનને સોંપ્યો હતો. મહારાજા સાહેબ પાસે જવાના પ્રશ્નોમાં પણ મંત્રીમંડળનો અભિપ્રાય તો ખરો જ. એ છેવટના હુકમો આપવાનું આખું કામ સેક્રેટરિયેટ અગર મંત્રીમંડળની કચેરીમાં થાય અને આખી કચેરીનું કામ કરવા માટે ત્રણ અગર ચાર સેક્રેટરીઓ અગર મંત્રી-મદદનીશો નીમવામાં આવતા હતા. શ્રી મુકરજી અને સદ્‌ગત શ્રી વામન સોમનારાયણ દલાલ બંને બાહોશ અમલદારોએ મદ્રાસ તથા માઇસોરના સેક્રેટરિયેટનો અભ્યાસ કરી વડોદરા રાજ્યને અનુકૂળ થાય એવી વડોદરા રાજ્ય માટે સેક્રેટરિયેટની યોજના કરી હતી, જેમાં એક વખત હું દીવાન સર મનુભાઈના સેક્રેટરી તરીકે કામ કરી આવ્યો હતો. હવે મારે આખા મંત્રીમંડળના ત્રણમાંથી એક સેક્રેટરી બનવાનું કામ આવ્યું. કચેરીનું કામ ત્રણ વિભાગમાં વહેંચાયેલું; એક મુલકી વિભાગ બીજો ન્યાય વિભાગ અને ત્રીજો પ્રગતિ વિભાગ. હું પ્રગતિ વિભાગનો મંત્રી-મદદનીશ બન્યો. મુલકી અને ન્યાયનાં ધોરણો ઠરી ચૂક્યાં હતાં. પ્રગતિનાં ધોરણો ઠરેલાં; પરંતુ તેમાં વિકાસને સ્થાન ઘણું, એટલે વિકાસની સતત તકવાળાં બધાં જ ખાતાં પ્રગતિ વિભાગમાં આવતાં. દૃષ્ટાંત તરીકે કેળવણી, વૈદ્યકીય અને આરોગ્ય, જાહેર બાંધકામ, ખેતીવાડી, વ્યાપારઉદ્યોગ, રેલ્વે, સ્થાનિક સ્વરાજ્ય, વગેરે ખાતાંની રચના અને તેમના પ્રશ્નોના નિકાલનું કામ મારી પાસે આવતું. એટલાં ખાતાં માટે, તો હું ઘણો મહત્ત્વનો અધિકારી બની ગયો. કેટલાક પ્રશ્નો ઠીક ઠીક અભ્યાસ પણ માગતા અને કેટલાકમાં નવી નવી માહિતીની પણ જરૂર પડતી. બ્રિટિશ વહીવટમાં તેમ જ માયસોર સરખાં પ્રગતિશીલ ગણાતા રાજ્યોમાં કેવાં કેવાં ધોરણ છે તે પણ જોવા-જાણવાની એમાં તક મળતી, અને અમારું રાજ્ય એવું અભિમાન

તો ઉપજાવી રહ્યું હતું જ કે જેથી અમારી દક્ષતાની પરિપાટી બ્રિટિશ અને માયસોર કરતાં નીચી ઊતરે નહિ. મુલકી ખાતાના લોકસંપર્ક કરતાં આ સેક્રેટરિયેટની લગભગ જુદી જ દુનિયા હતી. મોટે ભાગે અમારું કામ મેજ-ખુરશી ઉપર બેસીને જ થાય. કામ સખત પડતું; ઘેર પણ લઈ જવું પડતું અને કદી કદી નાયબ દીવાન અગર દીવાનની પાસે રૂબરૂ લઈ જઈ સમજાવવું પણ પડતું. પ્રશ્નોની નોંધ પણ તૈયાર કરવી પડતી. અને જોકે સર મનુભાઈ પોતાના હુકમો પોતાના હાથે જ લખતા, છતાં બીજા નાયબ દીવાનોના હુકમો અમારે ગોઠવી તૈયાર કરી તેમની સહીઓમાં મૂકવા પડતા. કાઉન્સિલ મંત્રીમંડળમાં પણ મારા પ્રગતિ વિભાગ પૂરતી મારે હાજરી આપવી પડતી. મંત્રીઓ ચર્ચા કરે અને અંતિમ નિર્ણય ઉપર આવે તે ઉપરથી અંતિમ ઠરાવો અને અભિપ્રાયો પણ લખવા પડતા. આ શિક્ષણ પણ બહુ જરૂરી હતું. અમારું કેટલુંક કામ અંગ્રેજીમાં ચાલતું અને કેટલુંક ગુજરાતીમાં, એટલે અંગ્રેજીનો પરિચય સારો રહેતો.

વળી રાજ્યનું આખું નિવેદન વરસે દિવસે અંગ્રેજીમાં લખી પ્રસિદ્ધ કરવાનું કામ મારા પ્રગતિ વિભાગમાં જ હતું; તેને લઈને આખા રાજ્યની સારી માહિતી મને મળતી અને વહીવટી અંગ્રેજી કેમ લખવું તેનું પણ સારું જ્ઞાન પ્રાપ્ત થતું. બીજાં રાજ્યોના અને હિંદ સરકારનાં નિવેદનો પણ મને જોવાનાં મળતાં. મને યાદ છે કે વરસો વરસ ચાલતા આવેલા નિવેદનની ઢબમાં મેં આખા વરસના સરવૈયાનું એક પ્રકરણ મૂક્યું અને કેટલાંક ખાતાં માટે આંખે ઊડીને વળગે એ ઢબના ચાર્ટ્સ અને ગ્રાફ્સ–ચિત્રમય આલેખનો મૂકી નિવેદનને રસમય બનાવવાનો પ્રયત્ન પણ કર્યો, જે પ્રથા દીવાન સાહેબને પસંદ પડી અને તે વડોદરા રાજ્યના વિલીનીકરણ સુધી ચાલુ રહી.

કચેરીનો વહીવટ તો ચાલતો હતો તેમ ચાલ્યા જ કરે. શ્રી સયાજીરાવ મહારાજે જે જે ચીલા વહીવટી દક્ષતાના પાડ્યા હતા તે એવા સ્પષ્ટ અને સુદૃઢ હતા કે એ માર્ગે કોઈ પણ સાધારણ

સમાજનો માનવી સરળતાપૂર્વક ચાલી શકે. અને હું આશા રાખું છું કે પાડેલે ચીલે ચાલ્યા જવા જેવું સમજ મારામાં પણ હશે. બ્રિટિશના વહીવટને અંગે એક વસ્તુ અહીં કહેવા જેવી લાગે છે. બ્રિટિશના કોઈ પારસી ડેપ્યુટી કલેક્ટર જંજીરા રાજ્યમાં દીવાન બની વડોદરામાં વિશિષ્ટ અમલદાર તરીકે આવ્યા. મને યાદ છે કે એમનું નામ શ્રી કાપડિયા હતું. મહારાજા સાહેબ કદી કદી બ્રિટિશમાં નીવડેલા, પંકાયલા અમલદારોને નિવૃત્ત થયા પછી વડોદરા રાજ્યની નોકરીમાં બોલાવતા અને તેમના અનુભવનો લાભ વડોદરા રાજ્યને મળે એવી યોજના કરતા. વડોદરાને દેશી રાજ્ય ગણીને તેના વહીવટ પ્રત્યે છૂપો, આછો, તિરસ્કાર દર્શાવવાની વૃત્તિ વડોદરાના વહીવટને ન ઓળખનાર અમલદારો રાખતા ખરા. હું વડોદરાનો તેમ જ કાલોલનો વતની હોવાથી મને બન્ને વહીવટોનો ઠીકઠીક અનુભવ ખરો—એકમાં અમલદાર તરીકે અને એકમાં રૈયત તરીકે. મને લાગે છે કે વડોદરા રાજ્યનો વહીવટ બ્રિટિશ રાજ્યના વહીવટ કરતાં જરા ય ઊતરતો નહિ. શ્રી કાપડિયા વડોદરા રાજ્યમાં આવ્યા અને તેમને પ્રથમ સેક્રેટરિયેટનું નિરીક્ષણ કરવાનું કામ મહારાજાએ સોંપ્યું. કેટલીક વાર મહારાજા સાહેબ મોટા માણસની ભલામણનો સ્વીકાર પણ કરતા હતા. શ્રી કાપડિયા ભલામણથી આવ્યા કે પસંદગીથી આવ્યા તેની મને ખાસ ખબર નથી; પરંતુ તેમણે આવતાં બરોબર અમારા સેક્રેટરિયેટની વ્યવસ્થા ભૂલ ભરેલી છે અને તેમાં સુધારાને અવકાશ છે એવી સતત વૃત્તિ દેખાડવા માંડી. વડોદરા રાજ્યના એક અત્યંત બાહોશ અને કાર્યદક્ષ અમલદાર શ્રી માનેપાટીલ તે વખતે મુલકી વિભાગના મંત્રી-મદદનીશ—સેક્રેટરી હતા, અને અમારે બન્ને જણને શ્રી કાપડિયા સાથે વહીવટને અંગે સારી લાંબી ચર્ચાઓ ચાલતી. એક ચર્ચામાં મેં શ્રી કાપડિયાની દરખાસ્ત વિરુદ્ધ મારો મત આપ્યો અને શ્રી કાપડિયા એકાએક ચિડાઈ ગયા અને મને કહેવા લાગ્યા કે હું તેમના કામની વચ્ચે આડો આવું છું અને મેં તેમના પ્રત્યે અસહકાર પણ આદરી દીધો છે! આજ પણ હું અણધાર્યા આરોપો આવતાં ઊકળી જાઉં છું; તે વખતે પણ હું ઠીકઠીક ઊકળી ગયો.

શ્રી કાપડિયાને તેમનું ચાલે તે કરી નાખવાની સલાહ પણ આપી–કારણ તેમણે મારા વલણની મહારાજા સાહેબને ખબર આપવાની ધમકી મને આપી હતી! બહુ જ કુશળ. શ્રી માનેપાટીલે વચ્ચે પડી અમને બન્નેને ટાઢા પાડ્યા અને અમારા હાથ પણ મિલાવ્યા. આ પછી મારો એક સાધારણ મત બંધાઈ ગયો છે કે એક પારસી ગૃહસ્થ મિત્ર તરીકે ઘણો સારો, મદદનીશ તરીકે ઘણો સારો, સમોવડિયા તરીકે ઘણો સારો; પરંતુ ઉપરી તરીકે એ બહુ જ ચીકણો, તોછડો, ખૂબ કામ લેનાર અને અંગ્રેજીમાં જેને Fussy–ડોળી–કહીએ તેવા પ્રકારનો હોય છે. હું ઇચ્છું છું કે મારો અંગત અભિપ્રાય ખોટો હોય. ગુજરાતની અગ્રણી પારસી કોમના ગુજરાત ઉપરા ઘણુ ઉપકારો થયા છે; અને મને પારસીઓની રમૂજી વૃત્તિ, સંસ્કાર, સાહસ અને સુઘડતા માટે ભારે માન છે. પરંતુ કોણ જાણે કેમ મને લાગ્યા જ કર્યું છે કે ઉપરી તરીકે પારસી પોતાના અનેક સદ્‌ગુણોથી પર ચાલ્યો જઈ Fussy–ડોળી–કહીએ તેવા પ્રકારનો હોય છે. હું ઇચ્છું છું કે મારો અંગત અભિપ્રાય ખોટો હોય. ગુજરાતની અગ્રણી પારસી કોમના ગુજરાત ઉપર ઘણા ઉપકારો થયા છે; અને મને પારસીઓની રમૂજી વૃત્તિ, સંસ્કાર, સાહસ અને સુઘડતા માટે ભારે માન છે. પરંતુ કોણ જાણે કેમ મને લાગ્યા જ કર્યું છે કે ઉપરી તરીકે પારસી પોતાના અનેક સદ્‌ગુણોથી પર ચાલ્યો જઈ Fussy–નિરર્થક ધાંધલ કરનાર તરીકે જ બની રહે છે!

આ સમયે જ મેં 'ઠગ'ની વાર્તા 'નવગુજરાત' પત્રમાં અઠવાડિયે આપવી શરૂ કરી. 'સયાજીવિજય' એ વડોદરાનું અગ્રણી પત્ર. શ્રી માણેકલાલ અંબારામ ડૉક્ટર એ પત્રના અધિપતિ અને તંત્રી. ડૉક્ટર ચીમનલાલના 'નતગુજરાત'માં આવતું 'વાર્તા'નું નવું તત્ત્વ તેમના ધ્યાનમાં આવ્યા વગર ન જ રહે. વડોદરા રાજ્યના સામાજિક જીવનમાં ઉપયોગી થઈ ચૂકેલા એ દક્ષ નાગરિકે મને 'સયાજીવિજય' માટે વાર્તા લખવા આગ્રહ કર્યો. મારી ઘણી ઘણી નિર્બળતાઓમાંની એક નિર્બળતા એ કે હું ઝડપથી ના કહી શકતો નથી; અને શ્રી

માણેકલાલ ડૉકટરને ના કહેવી એ મારે માટે જ નહિ, પરંતુ ઘણાને માટે અશક્ય હતું. મેં તેમના પત્રમાં 'પત્રલાલસા' નામની એક વાર્તા લખવી શરૂ કરી. અહીંથી મારા સાહિત્યજીવનની લગભગ સળંગ શરૂઆત.

હાઈસ્કૂલ-કૉલેજના દિવસોમાં ખીલેલા સાહિત્યશોખને અહીં પહેલું આહ્વાન! કૉલેજ છોડતાં મેં 'સંયુક્તા' નાટક લખ્યું અને મિત્રો સાથે ભજવ્યું પણ હતું. વડોદરામાં જ ભજવાઈ વિરમી ગયેલું એ નાટક મારી પહેલી લાંબી સાહિત્યકૃતિ. મિત્રોને એ કૃતિ ગમી હતી; એનાં કેટલાંક ગીત પણ ઘણાને ગમ્યાં હતાં; પરંતુ એણે સાહિત્યપ્રિય જનતાને કાંઈ ચમકાવી મૂકી હોય એમ હું માનતો નથી. પછી સયાજીસાહિત્ય માળાના એકાદ ભાષાંતર 'નાનાફડનવીસ' તથા 'મહારાણા પ્રતાપ' જેવા નાનકડા ચરિત્રલેખન તથા 'પાવાગઢ' જેવાં વર્ણનાત્મક નાનકડાં પુસ્તકો, એટલું મારું એ પહેલાંનું સાહિત્ય-ભંડોળ, ખાસ આકર્ષક તો નહિ જ; એમાં વિશિષ્ટતા કશી જ નહિ અને જે ક્ષેત્રમાં મેં કદી પગ પણ મૂક્યો ન હતો એ ક્ષેત્રમાં ઝંપલાવવાનું આમંત્રણ સ્વીકારવાની હિંમત કેમ કરી હશે એ અત્યારે પણ સમજાતું નથી.

હું કદી પણ સાહિત્યમાં સ્થાન પામી શકીશ એનો મને ખ્યાલ પણ નહોતો. મારું વાચન છેક છીછરું નહિ; ઘણા વિષયોમાં મને રસ. હું વાચતો પણ ઘણું અને વડોદરા રાજ્યની પુસ્તકાલય વ્યવસ્થા મારા વાચનશોખને વધારતી જતી હતી. લેખક થવાનું સ્વપ્ન પણ મને આવ્યું હશે તો તે નાટક- લેખન માટેનું! તેમાંથી મારે વાર્તા તરફ વળવાનું આવ્યું.

## ૨૨

કચેરીનું કામ સારા ભારણવાળું. કૌટુમ્બિક જીવન પણ ભરચક. મારી બે બહેનો ગુજરી ગયેલી; તેમનાં બાળકો પણ મારે ત્યાં જ ઊછરે. મારાં માતાપિતાની કુટુંબભાવના અને આતિથ્યભાવના પણ અત્યંત વિકસિત, એટલે જવરઅવર પણ અમારા ઘરમા ઘરમાં ઠીક પ્રમાણમાં થયા કરે. અમારા કુટુંબમાં જ મોટા થયેલા અને સ્વતંત્ર

નોકરી કરતા મારા પિતાના બે ભાણેજો ઇન્દુવદન અને ગજેન્દ્રરાય હવે જુદાં ઘર માંડીને રહેતા. પરંતુ અમને અરસપરસ એટલો સદ્ભાવ કે રોજ બે-ત્રણ કલાક ભેગા બેસીએ નહિ ત્યાં સુધી અમને ચેન ન પડે. કચેરીમાંથી છૂટચા પછી સાડાછ સાત વાગે મારા પિતાની અને માતાની આસપાસ આખું કુટુંબ ભેગું મળે; શ્રી રમણનાથ નામના એક સુપ્રસિદ્ધ કથાકાર અને શાસ્ત્રીજી નિત્ય અમારે ત્યાં આવી ભાગવત, ગર્ગસંહિતા, શંકરદિગ્વિજય, વ્રતકથા વગેરે સંભળાવી જાય; ગામની વાતો ચાલે; ઇન્દુવદન સરસ ગાતા અને નકલો પણ કરતા એટલે સંગીત ચાલે, નકલો થાય, ચાપાણી પિવાય અને વાતાવરણ ક્લેશ રહિત બની રહે. લગભગ આ અમારો નિત્યક્રમ

તેમાં વળી હું સંગીત પણ શીખતો. વાદ્યોમાં સિતાર, દિલરુબા અને તબલાંને ન્યાય આપવા મથતો અને કંઠગીત અર્થે જુદા જુદા રાગની સારીગમ તથા ચીજો ઘૂંટી કંઠે ઉતારવા પ્રયત્નશીલ થતો. શ્રી ઘાણેકર નામના મહારાષ્ટ્રી ગૃહસ્થ મને સંગીત શીખવતા. અને વડોદરામાં સંગીત સાંભળવાની સારી તક મળતી હોવાથી સંગીત-અભિમુખતા વધતી પણ ખરી. એક વાર થોડા દિવસ સંગીતશાળામાં જઈ મેં સારંગી શીખવાની પણ હિંમત કરી હતી. આમાંથી મને સંગીત તો ન આવડ્યું પરંતુ સંગીતનો શોખ બહુ સ્પષ્ટ બન્યો. વળી સંગીત શીખતો હું; પરંતુ મારી પત્નીને વળી સંગીતશોખ, એટલે જ્યારે હું શીખતો હોઉં ત્યારે ધ્યાન આપે; અને એ ધ્યાન-માંથી ગુરુએ શીખવેલી ઝીણવટ મારે કંઠે ન ઊતરે તે મારી પત્નીને સાધ્ય બની જાય! મારી પત્નીની ગીત-આવડત ઘણી સારી. કદાચ એ મારો અંગત મત પણ હોય! તો ય એમાં કાંઈ ખોટું નથી. પતિપત્ની વચ્ચે માન અને પ્રેમ વધે એ સુખ માટે બહુ જ જરૂરી છે. અને મારી પત્નીના રક્ષણમાં મારું પરિણીત જીવન પૂર્ણ સુખમય હતું એ પણ અત્રે કહી દેવું જોઈએ.

હું બે અઢી વર્ષ મંત્રી-મદદનીશ તરીકે વડોદરામાં રહ્યો હોઈશ. ચરિતાર્થ માટે સરકારી નોકરી; ભરચક કુટુંબજીવન; અને વડોદરાનાં બે પત્રોમાં 'ઠગ' તથા 'પત્રલાલસા' નામની બે વાર્તાઓ મારું

સાહિત્યજીવન બની રહે. પુસ્તકાલયમાંથી પુસ્તકો લાવી વાંચવાનું કાર્ય તો જીવનભરની એક ટેવ કહેવાય. કચેરીના મહત્ત્વને અંગે હળવા મળવા પણ ઠીક ઠીક માણસો આવે. મિત્રોની સંખ્યા પણ સારી. એમાં વળી એક નવું સાહિત્ય-કાર્ય મારે માથે આવી પડ્યું. હું કાંઈ લખું છું–લખી શકું છું એવો મિત્રોમાં મેં ભ્રમ ઉપજાવેલો હોય એમ લાગે છે. એ ભ્રમને આધારે મારા એક મિત્ર સદ્‌ગત નાગેન્દ્ર મજમુદાર મને મળવા આવ્યા અને ભજવવા માટે એક નાટક લખી આપવાની તેમણે આગ્રહભરી માગણી કરી.

વડોદરા કૉલેજના અમારા પ્રિન્સિપાલ આર્થર બોમોરીસ કલાર્ક તે સમયે ગુજરી ગયા અને તેમના પ્રશંસક વિદ્યાર્થીઓ અને પ્રથમના શિષ્યોએ દિલગીરીની સભા ભરી તેમનું સ્મારક કાયમ રાખવાનો એક ઠરાવ કર્યો. વિદ્યાર્થીઓ અને હજી જીવનમાં આગળ આવતા શિષ્યો કઈ રીતે સ્મારક માટે પૈસા ભેગા કરે? ત્યારે અને આજ પણ રંજન-કાર્યક્રમ સહુની નજરે પહેલો પડે એ સ્વાભાવિક છે. જોકે આજ જેટલી સરળતા સને ૧૯૨૪માં રંજન-કાર્યક્રમ માટે પણ હતી નહિ; શ્રી રમણિક શ્રીપતરાય દેસાઈ, શ્રી ફજલેઅલી જમાદાર, શ્રી મોહનભાઈ કોઠારી, શ્રી રસુલખાન પઠાણ તથા 'વડોદરા વર્તમાન' વાળા શ્રી અંબાલાલ ઝવેરભાઈ પટેલ તેમ જ પછીથી સિનેમા સૃષ્ટિમાં 'કૈસર'ને નામે ઓળખાયલા ઝવેરભાઈ પટેલ જેવા મિત્રોએ સ્મારક માટે રંજન-કાર્યનો વિચાર વિકસાવ્યો હતો અને તેમની તરફે શ્રી નાગેન્દ્રે નાટકની ઇચ્છા પ્રદર્શિત કરી.

આટઆટલી જંજાળ માથે હોવા છતાં નાટક લખી આપવાની હિંમત મેં કેમ ભીડી હશે તે હું આજ કહી શકતો નથી. એ સાહસ જ હતું. છતાં શ્રી નાગેન્દ્ર અને અન્ય મિત્રોના આગ્રહને હું નકારી શક્યો નહિ. આજ પણ આગ્રહ સામે મારી લાચારી જ હોય છે. સને ૧૯૧૫ ની સાલમાં 'સંયુક્તા' નાટક લખ્યું અને ભજવ્યું ત્યારે મનમાં અભિલાષાઓ જાગેલી ખરી કે નાટકો લખી, આવેતન કલા-કારો દ્વારા તેમને ભજવી ભજવાવી રંગભૂમિમાં પરિવર્તન લાવવું. ત્યારે અને આજ પણ મને રંગભૂમિની

શક્તિ ઉપર ઘણો જ ભારે વિશ્વાસ હતો અને છે. કલાની દૃષ્ટિએ એમાં ઘણી ઘણી શક્યતાઓ રહેલી મેં નિહાળી છે. વૈતનિક નાટક કંપનીઓનાં નાટકો મેં ખૂબ જોયેલાં અને તેમની ખૂબી – ખામી પણ મેં ખૂબ વિચારેલી. ખામીઓ દૂર કરી ખૂબીઓ વિકસાવી પશ્ચિમની રંગભૂમિની કક્ષાએ ગુજરાતી રંગભૂમિ આવે એવી અભિલાષાએ પશ્ચિમી નટનટીઓનાં જીવનચરિત્રો મેં ઠીક ઠીક વાંચેલાં; રંગભૂમિ –થિયેટર તથા production આયોજન અંગેનાં પુસ્તકોને જોઈ પણ ગયેલો; જૂનાં નવાં નાટકો પણ હું ઠીક ઠીક વાંચી ગયેલો; અને રંગભૂમિના વિકાસ માટે કાંઈ કાંઈ વિચારો અને કલ્પનાઓ કરી રાખેલાં. મારી જીવનમર્યાદાનો ખ્યાલ મને આવી ગયેલો હોવાથી નાટક કે રંગભૂમિ સુધારવાની જેહાદ માટે મેં મને અપાત્ર જ ગણેલો; પરંતુ પ્રસંગ આવે તેમાં સહાયભૂત પણ ન થવું એવી ઉદાસીનતા ત્યારે પણ ન હતી અને આજ પણ નથી. નાટકમાં સ્ત્રી-પાત્રનો અભિનય સ્ત્રીઓ જ કરે; સંગીતનો અતિ ઉપયોગ નાટકના વેગમાં ક્ષતિ લાવે છે; નાટકમાં લોક-પ્રિય બનતી બેતબાજી અત્યંત કૃત્રિમતામાં ઊતરી પડે છે; અભિનયમાં સ્વાભાવિકતા ઓછી હોય છે; હાસ્ય ઘણી વાર બીભત્સમાં વેરાઈ જાય છે; પોશાક અને સીનસિનરીનો ઠઠારો નાટકનો ઉત્તેજક વિભાગ બનવાને બદલે નાટકનો હરીફ બની જાય છે; આવી આવી છાપ જરૂર પડેલી ખરી. એ ખાતરીઓ છતાં એની એ રંગભૂમિ ધીમે ધીમે સાહિત્ય-પોષક નાટકો આપી કલાને ઊંચે લઈ જઈ શકે એવી શક્યતા મને પ્રથમથી દેખાયલી.

વળી સંગીત રહિત, ગદ્ય મર્યાદિત, સંવાદ કેન્દ્રિત નાટકો યુરોપમાં ભજવાય છે અને સાહિત્યમાં પણ સ્થાન પામી શકે છે એની સમજ ઇબ્સિન, મેટરલિંક, શૉ, ઓ’નીલ વગેરેનાં વાંચવામાં આવેલાં નાટકો દ્વારા મારામાં નહિ ઉદ્દભવેલી એમ પણ નહિ. પરંતુ ચાલુ રંગભૂમિ પ્રત્યે તિરસ્કાર અને તુચ્છકારની ભાવના વિકસાવી પશ્ચિમી અનુકરણમાં પ્રગતિશીલતા કલ્પી લઈ લાંબાં લાંબાં સૂચનો અને દૃશ્યોની અતિનિશ્ચિતતા આપણે ત્યાં ન ચાલે એમ મને ત્યારે લાગેલું; એટલું જ નહિ, પરંતુ પશ્ચિમની રંગભૂમિ ઉપર પણ એ

ચાલે કે કેમ એ વિષે પશ્ચિમનાં નાટકો વાંચ્યાં જોયાં છતાં આજ પણ મને શંકા રહે છે. જેમ ચાલુ રંગભૂમિની નકલ કરવાની મને ઇચ્છા ન હતી તે જ પ્રમાણે પશ્ચિમનાં નાટકોની ભારોભાર નકલ કરવાની પણ મારા મનની તૈયારી ન હતી. બંનેના શુભ અંશો મેળવી વર્તમાન સંસ્કાર રુચિને અનુકૂળ પડે એવી વસ્તુ, એવી પ્રસંગગૂંથણી, એવાં ગીત અને એવી સંવાદરચના કરવાની વૃત્તિ મને રહ્યા કરતી.

આવી કોઈ વૃત્તિને પરિણામે મેં પ્રથમ સંયુક્તા નાટક રચેલું અને ભજવેલું. એ પ્રથમ કૃતિમાં કચાશ છે એ હું જાણું છું. સંવાદો એમાં લાંબા પણ છે. છતાં સારી ભજવણી ને અંગે એ નાટક બે વખત જાહેરમાં ભજવાયું અને બંને વખત સફળ રીતે ભજવાયું એમ લાગ્યું. બીજે પણ ઠીક ઠીક ગયું.

વળી ત્રણ અંકનાં લાંબાં નાટકોમાં સર્વથા ગંભીર કે કરુણ અને શૃંગાર રસને ઠાંસી ઠાંસીને ભરવાથી નાટકના દોષને લીધે કે ભજવનારની ખામીને લીધે એકતાપણું–એકવિધપણું Monotony–શ્રોતાઓમાં આવી જાય છે. આ એકવિધપણું કોઈ પણ રસનું ઘાતક બની જાય છે. હાસ્યરસની છાંટ આ નીરસતાનો એક માન્ય ઇલાજ બની રહે છે. હાસ્યનો કેટલો વિસ્તૃત ઉપયોગ નાટકોમાં થાય છે એથી નાટકના શોખીનો અને જાણકારોને અજ્ઞાત નથી જ. રખે કોઈ માને કે આપણી જૂની રંગભૂમિ જ હાસ્યરસનો આશ્રય લેતી હતી! પશ્ચિમનાં નાટકો અને આજના આપણા ગુજરાતી નાટ્યસંયોજકો હાસ્યરસિક નાટકો સિવાય સફળ થતા જ નથી એ પરિસ્થિતિ પણ નોંધવા પાત્ર છે. ઘણી હિંમત હોવા છતાં હાસ્યરસના આ લેખનમાં હું સફળ થાઉં કે કેમ એની મને ભારે શંકા હતી; અને હાસ્ય રસના મિશ્રણ વગર આખું નાટક શ્રોતાઓને પકડી રાખે એવી ઢબે ભજવાય કે કેમ એની પણ મને શંકા હતી. 'સંયુક્તા' નાટકમાં હાસ્ય રસને સ્પર્શવાની મેં હિંમત ન જ કરી, છતાં હાસ્યના અસ્તિત્વની મેં જરૂર વિચારી સર રમણભાઈની 'નવાબ સાહેબની મુલાકાત' અમે ભજવવા માટે ઉપયોગમાં લીધી, અને મુખ્ય નાટક સાથે તેને સંબંધ ન હોવા છતાં એને સફળતા મળી.

શ્રી મહેશરાય મહેતા અને સદ્‌ગત મનુભાઈ દેસાઈની અભિનયકલાએ એ નાટિકાને યશ અપાવ્યો હતો.

'સંયુક્તા'ની સફળતાએ મને નાટક તરફ પ્રેર્યો હતો ખરો. તે પહેલાં અમારા 'ગેધરિંગ'માં પણ હું નાના નાના નાટ્ય-ટુકડાઓ લખી ભજવતો-ભજવાવતો હતો. અનેક કારણોને લઈ સંયુક્તા ભજવતી અમારી મિત્રમંડળી છૂટી પડી ગઈ. છતાં 'સંયુક્તા' નાટક પછી 'શંકિત હૃદય' નામના નાટકની આછી કલ્પના મને આવેલી અને એકબે પ્રવેશો મેં લખી રાખેલા. શ્રી નાગેન્દ્ર મજમુદારનું આમંત્રણ મળતાં લગભગ નવદસ વર્ષે 'શંકિત હૃદય'નું વસ્તુ જાગ્રત થયું અને મારાથી આમંત્રણનો સ્વીકાર થઈ ગયો. ધુમ્મસ જેવી કલ્પના ખરી; પરંતુ તેને આકાર આપવો એ મુશ્કેલ કામ તો ખરું જ. બે વાર્તાઓ તો ચાલુ હતી જ. કચેરી પણ સમય માગે જ. અને કચેરીના કામકાજમાં જરા ય શિથિલતા આવે એમ હું ન જ થવા દઉં. 'શંકિત હૃદય' લખવાની મેં હા કહી એટલે તેના યોજકોમાં ઉત્સાહ ફેલાયો, અને લગભગ નિત્ય એ અંગે ઉઘરાણી થતી જાય. પ્રવેશો લખાવા માંડ્યા અને યોજક મિત્રોએ પાત્રોની પણ યોજના કરી દીધી. પાત્રોએ પણ એવા ઉમંગથી કામ શરૂ કર્યું કે મને આગળ પ્રવેશો લખવામાં ઉત્સાહ આવતો ગયો.

એ પાત્રો પણ મારા મિત્રો બની રહ્યા. લગભગ હું ઇચ્છું એવો અભિનય મને એ પાત્રસમૂહમાં મળતો દેખાયો. સ્ત્રી-પાત્ર માટે સ્ત્રીઓ મળવી એ સને ૧૯૨૪માં ઘણું મુશ્કેલ હતું. રસિક વીણુ અને જાલ મરચંટ તથા રમણ વીણુ વગેરે મિત્રોએ ખૂબ હિંમત કરી સ્ત્રી-પાત્રોને ન્યાય આપવા સફળ પ્રયત્ન કર્યો. પુરુષો સ્ત્રી સ્વાંગમાં જરા ય શોભે નહિ એવો મત અનુમોદન જરૂર મારો તેને ટેકો છે. છતાં સિદ્ધાન્ત તરીકે એ મત સર્વથા ગ્રાહ્ય ગણી શકાય એવો તો નથી જ. પરદેશના સ્વાંગને આપણે બાજુએ મૂકીએ; આપણા ગુજરાતમાં અનેક પુરુષ નટોએ સ્ત્રીસ્વાંગ સફળતાપૂર્વક ભજવી ભારે નામના પ્રાપ્ત કરી છે; અને સ્વાંગ તથા અભિનયની સફળતા પણ એમાં જ દેખાઈ આવે છે. મોટામાં મોટી મુશ્કેલી પણ આ જ

હોય છે. લગભગ ત્રણ દાયકા એ નાટકની ભજવણી પછી વીત્યા. હવે કેળવાયેલી બહેનોએ નાટકમાં ઊતરવાની હિંમત દર્શાવવા માંડી છે; છતાં હજી પણ એ મુશ્કેલી કે ટળી ગઈ છે એમ કહેવાય નહિ. પતિપત્ની અને પ્રેમી પ્રેમીકાની ભૂમિકામાં સ્ત્રીઓ સહેલાઈથી યોજાતી નથી. એ મુશ્કેલીને લીધે નાટકના વસ્તુ ઉપર પણ અસર પડે એની સાક્ષી નાટ્ય લેખકો જરૂર આપી શકશે.

પુરુષપાત્રો પણ ઉત્સાહી અને કુશળ હતા. શ્રી નાગેન્દ્ર મજમુદાર, હેમંત મહેતા, રમેશ ગૌતમ, ઝવેરભાઈ કૈસર, મુનશી વગેરે ભાઈઓએ પોતપોતાના પાત્રાલેખનને સારો ન્યાય આપ્યો કહેવાય.

વળી જે કાર્ય માટે મેં મને અત્યાર સુધી અપાત્ર માનેલો એ હાસ્યરસનું નાટકમાં આયોજન કરવાનું કાર્ય સાધવાની પણ મેં આ પ્રસંગે હિંમત કરી. હાસ્ય અને કટાક્ષ મને ગમે છે; હું પણ ખડખડ હસી શકું છું; હાસ્ય મારો માનીતો રસ છે. પ્રેમાનંદ, નવલરામ તથા રમણભાઈને હું રસપૂર્વક વાંચતો. સર્વેન્ટીસ, માર્ક-ટ્વેન, શેકસપિયર, શૉ, સ્ટીવન લીકોક અને છેલ્લે છેલ્લે પી.જી. વૂડહાઉસનાં લખાણોનો મને ઠીક ઠીક પરિચય પણ છે. વડોદરાના મધ્યસ્થ પુસ્તકાલયે Library of Humour નામની એક ગ્રંથમાળા પણ વાંચવા આપેલી જેમાં દેશદેશનાં હાસ્ય-પ્રયોગોનું સાહિત્ય નમૂના રૂપે આપેલું હું જોઈ ગયો હતો. મારા પિતા પણ આનંદી, ધર્મપ્રેમી અને હાસ્યરસિક હતા. કવિ જેઠમ્ – મારા પિતાના મિત્ર – જેમને જોઈને હું બાળપણમાં કવિતા તરફ વળવા લાગ્યો હતો, તે તો હાસ્યમય ટુકડાઓના ભંડાર રૂપ હતા. ક્ષુદ્ર અને સંસ્કારહીન મશ્કરી મને જરા ય ગમતી નહિ, એટલે હાસ્યની વિશુદ્ધિ હું જરૂર માગતો. છતાં હાસ્યવિહીન સૂમડો હું ત્યારે પણ ન હતો. એ સંજોગોમાં ઘડાયલા હાસ્યમાનસને આશ્રયે મેં 'શંકિત હૃદય'ના મુખ્ય વિભાગ સાથે સંકળાયેલું, કવિ અને કવિપત્નીના જીવન ઉપર અવલંબન પામેલું એક દર્શન ઉપજાવ્યું. બધાં પાત્રોનાં નામ તો અત્યારે ભૂલી ગયો છું. છતાં શ્રી મોદી માસ્તર, શાહ, વીણ, કરાકા વગેરે ભાઈઓએ નાટકના હાસ્ય વિભાગને પણ બહુ જ સફળતા-

પૂર્વક તૈયાર કરવા માંડ્યો અને નાટક ભજવાયું ત્યારે સહુને પ્રશ્ન પણ થયેલો કે નાટકની સફળતા એના ગંભીર વિભાગને આભારી છે કે હાસ્ય વિભાગને ?

સ્વપ્નમાં એક પાત્રને દેખાતી દેવીઓ તરીકે ચાર બહેનોએ એકબે પ્રવેશમાં ભાગ ભજવેલો એ તો યોજકોની મોટી સિદ્ધિ ગણાય. સ્ટેજ ઉપર છોકરીઓ ઊભી રહી શકે એ જ ત્યારે ઘણી મોટી વાત મનાતી. સુધાબહેન દીવાનજી, યોગિની દીવાનજી, હેમલતા મહેતા અને વિદ્યુલતા મહેતા એ ચારે બહેનોનાં નામ મારી નોંધમાં તો રહેવાં જ જોઈએ. પરણ્યા પછી એ બહેનોની કેટલીક અટકો બદલાઈ છે ખરી.

વળી નાટકોમાં સંગીત હોવું જોઈએ કે કેમ એ પ્રશ્ન આજ પણ નિરાકરણ પામ્યો નથી. સંગીત સૂરને કેળવે છે અને સૂર-સાધન વગર પાત્રો જોઈએ એટલાં સફળ થતાં નથી એવો મારો આજ સુધીનો અનુભવ છે. સંગીતમાં એવું કશું અપરાધી તત્ત્વ નથી કે જેને લીધે નાટકે સંગીત માત્રનો બહિષ્કાર તૈયાર થવું જોઈએ! મારી એ માન્યતા આજ સુધી કાયમ છે અરે હું મારાં નાટકોમાં મને યોગ્ય લાગે ત્યાં ગીત–સંગીત મૂકું છું પણ ખરો. 'શક્તિ હૃદય' માં પણ કેટલાક શાસ્ત્રીય રાગ, રાસ, નૃત્યગીત અને ભજન સરખી વિધવિધ ગીતપ્રણાલિકાઓનો મેં ઉપયોગ કર્યો છે અને 'ડ્યુએટ'ને નામે સિનેમાએ લોકપ્રિય કરેલો અને આપણાં જૂનાં નાટકોમાં ચાલતો આવેલો ગીત–સંવાદ પ્રકાર પણ મેં મૂકયો છે. એનું પરિણામ નાટકની અસરને ઊંડી બનાવવામાં આવ્યું એ હું જોઈ શકયો.

સ્મારકમંડળના પ્રમુખ પ્રો. અતિસુખશંકર ત્રિવેદી હતા. ગ્રાન્ડ રિહર્સલ થયું અને નાટક પણ ભજવાયું.

## ૨૩

મેં ધારી હતી એના કરતાં વધારે સફળતા 'શક્તિ હૃદય' નાટકને મળી. હું હતો એટલામાં ત્રણેક વાર એ વડોદરામાં ભજવાઈ ગયું. એની વડોદરાની સફળતાનો વિચાર કરી આપણા જાણીતા કાર્યકર્તા શ્રી રામરાય મુનશીએ નાટક અમદાવાદ અને મુંબઈ ભજવવા

માટે માગણી કરી અને એની આવક ઘણું કરીને ખેડૂતસંસ્થા કે ગ્રામોન્નતિ જેવા તેમણે હાથ ધરેલા કાર્યમાં વાપરવાની યોજના કરી. હું તો માત્રને એ નાટકનો લેખક જ હતો; એના કરતાં વધારે સક્રિય ભાગ મારાથી લઈ શકાય એમ હતું જ નહિ. મને ભજવનારા મિત્રોએ આમંત્રણ આપ્યું એટલે હું અમદાવાદ તથા મુંબઈ બંને સ્થળે જઈ આવ્યો અને બંને સ્થળે એ નાટકને ભારે સફળતા મળી એમ આવક અને શ્રોતૃવર્ગની સંખ્યા ઉપરથી કહી શકાય. એક દિવસ મુંબઈમાં પ્રમુખસ્થાને સદ્‌ગત ન્યાયમૂર્તિ શ્રી લલ્લુભાઈ આશારામ બિરાજ્યા હતા. એમને નાટક અને એમાંના ગીતની કવિતા ઘણી ગમી, અને નાટકના લેખકને મળવાની–જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. અકસ્માત એ દિવસે હું દશ્ય સમયે હાજર હતો. મને તેમની પાસે લઈ જવામાં આવ્યો તેમણે નાટકની અને કવિતાની તારીફ કરી. પોતાની કૃતિની પ્રશંસા પ્રત્યક્ષ સાંભળતી વખતે માનવી મૂર્ખ બની રહે છે. તેમણે મને અવકાશે મળવાનું પણ કહ્યું પરંતુ થોડી વાતચીત તેમની સાથે કરી હું મારે સ્થાને પાછો બેસી ગયો. આ સ્નેહાળ પુરુષને ફરી મળવાનો અવકાશ હું ન મેળવી શક્યો. અને કેટલેક વર્ષે તો સાંભળ્યું કે તેઓ સ્વર્ગવાસી પણ થઈ ગયા!

ન્યાયમૂર્તિનાં વખાણ રખે ને મારા મગજને બહેકાવી મૂકે, એ સ્થિતિનો જાણે પ્રતિકાર થવાનો હોય તેમ કોઈ ભાઈએ કે બહેને અંગ્રેજી ભાષામાં નીકળતા બૉમ્બે ક્રોનિકલમાં આ નાટક નિર્માલ્ય અને જુનવાણી ઢબનું છે એમ લખી તેની સખ્ત ઝાટકણી પણ કાઢી નાખી! એટલું જ નહિ, નાટક સફળ થયું એવા ઊભા થયેલા ભ્રમની પાછળ મારું લખાણ કારણભૂત જરા ય ન હતું, પરંતુ ભજવનારની દક્ષતાનો એ પ્રભાવ હતો એમ સ્પષ્ટ કર્યું. એની સાબિતીમાં તેમણે એવી પણ–એમને જડેલી–માહિતી આપી કે લખાણ સિવાયના, ભજવનારાઓની કલ્પનામાંથી નીકળતા નાટક બહારના ઉદ્‌ગારો શ્રોતાઓ પાસે વધારે તાળીઓ પડાવતા હતા! મારી તરફેણનાં અને મારી વિરુદ્ધનાં વિવેચનો હું ઠીક ઠીક તટસ્થતાથી વાંચી શકું છું...કદાચ એ ભ્રમ પણ હોય! નાટકમાં કદી ન લખેલાં વાક્યોનાં

ઉચ્ચારણ થઈ જાય છે એ હું જાણું છું; પરંતુ મારા નાટક 'શંક્તિ હૃદય'માં એ ભાગ્યે જ પ્રસંગ ઊપજી શકે એમ હું જાણું છું. છતાં આ વિવેચકે છાતી ઠોકીને નાટકની ઊપજેલી સારી અસરમાં મારો લેખક તરીકે કાંઇ પણ હિસ્સો હોવાનો કરેલો ઇન્કાર મને હજી યાદ રહી ગયો છે ખરો!

મારે મિત્રો ઘણા છે, પરંતુ મિત્રવર્તુલમાં હું માનતો નથી. કૉલેજ યુગથી જે નાનકડા મિત્રવર્તુલમાં હું આવી ગયો છું એ વર્તુલ એટલી ઊંચી કક્ષાના વાચકો અને અભ્યાસીઓનું બનેલું છે કે જે પ્રત્યક્ષ રીતે મારી કૃતિઓનાં વિવેચનાથી પર રહે છે. અમારી મૈત્રી મારા લેખકપણા ઉપર જરા ય આધાર રાખતી નથી. એટલે મારા અંગત વખાણની ટેવ તેમણે કદી પાડી જ નથી; કદાચ ટીકાનો સંભવ વધારે હોય! આમ વખાણ સાંભળવાની ટેવથી હું વંચિત રહ્યો છું.

વળી કોઈ સાહિત્યશૈલીના કે વિચારપ્રવાહના અગ્રસ્થાને બેસવાની કે ગુરુપદ પ્રાપ્ત કરી ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે નામ મૂકી જવાની અભિલાષા મેં કદી સેવી નથી. વર્તુલ ઊભું કરવા જેવું મારામાં સામર્થ્ય પણ નહિ, સાધન નહિ, સગવડ પણ નહિ, અને ઇચ્છા પણ નહિ. મુલકી ખાતાની નોકરી કરતાં કરતાં પણ વાચનનો – અને તે સાહિત્ય વાચનનો – શોખ રહી ગયો, જે આજ સુધી ચાલુ જ છે. લેખક કરતાં હું વધારે સારો વાચક છું એવું ભાન મારામાં ઠીક ઠીક જાગ્રત થઈ ચૂક્યું છે. અકસ્માત લખાઈ ગયું, જનતાના કોઈ વર્ગને એ ગમ્યું, પ્રકાશકો હજી આગ્રહ કરી મારી પાસે લખાવે છે – અને લખાણ ખપતું હશે માટે જ પ્રકાશકો આગ્રહ કરતા હશે – એવી Casual – અધ્ધર વૃત્તિનું જ મારું સાહિત્ય એક પરિણામ છે. એથી સાહિત્યિક ઘર્ષણો, પટાબાજીઓ, પક્ષાપક્ષી અને કલેશ – વિવાદથી હું ઠીક ઠીક અલગ રહી શક્યો છું એમ મને લાગ્યા કરે છે. મરવા- મારવા જેવી કાળઝાળ ઉગ્રતા સાહિત્ય અંગે મારામાં ઊપજતી નથી. એમાં બેપરવાઈ નથી જ. મારી મર્યાદાના ભાનમાંથી ઊભી થયેલી એ વૃત્તિ છે. મારાં પુસ્તકોનાં કે મારે અંગે કદી કદી થતાં વિવેચનો વાંચવાની મને ભાગ્યે જ તક મળતી – સને ૧૯૪૮

સુધી તો નહિ જ, કારણ ત્યાં સુધી વડોદરા રાજ્યની નોકરી મારો ઘણો સમય રોકતી. આમ મારી તરફેણનાં કે વિરુદ્ધ-નાં વિવેચનો અંગે એક પ્રકારની તટસ્થતા આપોઆપ રહેલી.

પરંતુ ગુજરાતી તેમ જ અંગ્રેજી સાહિત્યનું મારું વાચન સાહિત્યના તબક્કાઓને ઓળખાવે એટલું તો વ્યાપક રહેલું જ. 'શંક્તિ હૃદય'ની વિરુદ્ધ ટીકા કરવામાં કોઈને અંગત કારણ કશું ય હોય એમ હું માનતો જ નથી. પરંતુ સમાજમાં એક સમૂહ માનસ સર્જાય છે અને એ માનસને કેટલાક પૂર્વગ્રહો અને અણગમા વળગી પડે છે, જેને આધારે તેમનાથી કેટલાક એવા નિર્ણયો અપાઈ જાય છે કે જે જુનવાણી માનસમાં અંધશ્રદ્ધા રૂપે ઓળખાઈ આવે એવા હોય છે. સને ૧૯૨૧થી ગાંધી-સંચલન કાયમી થયું. એની સાથે સાથે ઇબ્સન, બર્નાર્ડ શૉ અને રશિયન ક્રાન્તિ-સાહિત્યની છાંટથી પોષાયલું માનસ જાગૃત થતું હતું, જે પોતાને પ્રગતિશીલ, ક્રાન્તિકારી, વિપ્લવવાદી તરીકે ઓળખાવી રાજી થતું હતું. એ વાતાવરણ અનુભવતી કેટલીક વ્યક્તિઓને સાહિત્યમાં રસ હતો, અને ગુજરાતી સાહિત્યને ક્રાન્તિ અને પ્રગતિમય બનાવવાની ધગશ હતી. એમને પશ્ચિમી પ્રગતિશીલ સાહિત્યનાં તત્ત્વો જે દેખાયાં તે ગુજરાતીમાં લાવવાની ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. નાટકો, ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, લેખોના જોરભર્યા પ્રયત્નો તેમણે પણ આદરવાની શરૂઆત કરી, જેમાંથી બટુભાઈ અને ચન્દ્રવદન સરખા લેખકોએ આપણા સાહિત્યને કાયમી મરોડ પણ આપ્યો. એ માનસના પહેલા ધબકારામાં વર્તુલવિહીન – અને તેમના જ વર્તુલ બહારના – લેખકો તેમને જુનવાણી જ લાગી ગયા. બળવો, છૂટા છેડા, પ્રેમનો મર્યાદા વિસ્તાર, મઝદૂર અને નીચલા થરનાં આક્રન્દ એ સિવાય સાહિત્યમાં વસ્તુ જ હોઈ શકે નહિ એવો પૂર્વગ્રહ પણ બંધાઈ ગયો. અને ઇબ્સન તથા શૉ સરખાં સંગીત-વિહોણાં, પ્રવેશની નવી યોજના રહિત, અને દૃશ્યનાં લાંબાં લાંબાં સૂચનો વગરનાં નાટકોમાં જુનવાણી સિવાય બીજું કાંઈ હોઈ શકે જ નહિ એવો આગ્રહ પણ થઈ ગયો.

મારા નાટકની આકૃતિ રંગભૂમિને અનુકૂળ થાય એવી ઢબની ગોઠવાયલી હતી. હજી આજ પણ હું નાટકમાંથી સંગીતનો સંપૂર્ણ બહિષ્કાર ઇચ્છતો નથી, એટલે 'શંકિત હૃદય'માં ગીતો પણ હતાં. અને એ આખો પ્રયોગ લોકોને ગમ્યો એ જાણતાં પોતાને પ્રગતિશીલ માનતા માનસવાળા કોઈ વિવેચકથી મારી કડક ટીકા થઈ હોય એવો સંભવ મને ત્યારે પણ લાગેલો, અને તે સમજમાં મને ટીકાનું દુઃખ પણ થયું ન હતું. આ નાટકનું 'કૌમુદી'માં ઘણું કરીને વિરુદ્ધ વિવેચન આવેલું, જેમાં શંક્તિ હૃદય'ના મુખ્ય દોષ તરીકે તેને 'રંગભૂમિના નાટક' તરીકે ગણાવ્યું હતું. ત્યારે પણ મને પ્રશ્ન થયો હતો : નાટક રંગભૂમિનું ન હોય તો બીજા કોનું હોય? આજ પણ નાટકની પાત્રતા બીજા કયા માપથી મપાય છે? અને બીજા માપથી મપાતી હોય તો એને નાટક કહેવાય ખરું?

મારું એ નાટક સારું હોય કે ખોટું. એ નાટક ભજવનાર વર્ગમાં ઠીક ઠીક પ્રિય થઈ પડયું છે એવી મને માહિતી છે. ઘણી જગ્યાએ એ ભજવાઈ ચૂકયું છે. બીજા કોઈ પણ નાટકની સરખામણી કરી શકે એટલી વાર એ ભજવાઈ ચૂકયું છે. એને ધંધાદારી રંગભૂમિ ઉપર ઉતારવાનો એક નિષ્ફળ પ્રયાસ પણ થયો હતો એમ મને ખબર છે.

'શંક્તિ હૃદય' નાટક વડોદરામાં ભજવાયું ત્યારે રૉયલ નાટક કંપની વડોદરામાં હતી. અને એ કંપનીએ એની સજાવટ કરવામાં બહુ સહાય આપી હતી. શ્રી કાત્રક, શ્રી મહાભાઈ, જામન તથા 'રમણી'ના પાત્ર તરીકે વિખ્યાત થયેલા ભાઈ પ્રભાશંકરનો મને એમાંથી સારો પરિચય થયો. 'શંક્તિહૃદય'ની સફળતાથી એ કંપનીના સંચાલકોને એવી પણ ઇચ્છા થઈ કે મારે તેમને એક નાટક લખી આપવું.

પાવાગઢની કથા આસપાસ નાટક રચવાનું નક્કી થયું. મેં થોડા પ્રવેશો લખ્યા પણ ખરા; પરંતુ પછી મારી બદલી વડોદરા સેક્રેટરિયટમાંથી સિદ્ધપુર મહાલના અમલદાર તરીકે થઈ અને એ વાત વિસારે પડી.

## ૨૪

'શંક્તિહૃદય'ની જ વાત ચાલે છે ત્યારે એ અંગેની છેલ્લામાં છેલ્લી હકીકત પણ કહી લઉં.

ટાંગાનિકાના મ્વાન્ઝા નગરમાં 'શંક્તિહૃદય' ભજવી એક શાળા માટે ફાળો મેળવવાની પરવાનગી ત્યાંના કાર્યકર્તાઓએ માગી અને તે મેં આપી. પરવાનગી આપતી વખતે મેં વિનંતી કરેલી કે નાટકની ભજવણીનું પરિણામ કૃપા કરી મને લખી જણાવવું. તા. ૧૬–૧૨–૫૩નો ત્યાંના પ્રમુખનો અંગ્રેજીમાં લખેલો મારો આભાર માનતો પત્ર મને કહે છે :

'તમને સાંભળીને આશ્ચર્ય થશે કે 'શંક્તિહૃદય'ની બે વાર ભજવણી કરતાં, ઓપેરાની જાહેરાતના ઉત્પન્ન સહ ચોખ્ખો નફો પચાસ હજાર શિલિંગનો થયો છે.'

મને આશ્ચર્ય જરૂર થયું ! મારાં નાટકોએ મને હજી આશ્ચર્ય થાય એવું કાંઈ આપ્યું નથી–આર્થિક રૂપમાં ! એક રીતે એ જ યોગ્ય છે. સરસ અદાકારોનું બનેલું અમારું કલામંડલ આર્થિક ખરાબે અથડાઈ તૂટી ગયું ! અવેતન અદાકારોમાંનો એક સતત ભીડમાં હોય. એની ભીડ નાટકની આવકમાંથી ઊકલી એમ જાણી બીજા અદાકારે પણ પોતાની ભીડ આગળ કરી...અને ત્રીજાએ, ચોથાએ પણ. કોઈ કે પોતાનાં કપડાં પણ નાટકનાં કપડાં સાથે સિવડાવી લીધાં ! કામ કરનાર પોતાનાં સગાંવહાલાંની વણઝારને જ લઈ આવે. મફત અને સારામાં સારી જગાએ બેસાડવાની જીદ લે ! કોઈ રિસાય, કોઈ મુશ્કેલીએ મનાય ! કોઈની બેજવાબદાર મશ્કરી બીજી જ ઢબે અંગારા સળગાવે ! એમાંથી આખી સંસ્થા બેસી જાય. કોઈને પોતાની ધારણા પ્રમાણે મહત્ત્વ ન મળે એટલે મૂળ સંસ્થાને તોડી નવી સંસ્થા–હરીફ સંસ્થા–રચવાના પ્રયત્નો ચાલે. આમ સંસ્થાઓ સ્થાપવાનો અને ભાંગી પાડવાનો અનુભવ પાસે રહીને અગર દૂરથી મને થયા જ કર્યો છે ! જેને એ અનુભવ ન થયો હોય એ ભાગ્યશાળીનાં સ્મરણો સમજવા જેવાં ખરાં !

એવા અનુભવ છતાં નાટક લખવાનો અને ભજવતી સંસ્થાઓ

સાથે સાથે સંબંધ સાચવવાનો મોહ આજ સુધી મને રહ્યો છે. રૉયલ કંપની માટેનું નાટક હું પૂરું લખી શકયો નહિ. કેટલાંક વર્ષો પછી વડોદરામાં આર્યનૈતિક નાટકવાળા શ્રી નકુભાઈએ મારી પાસે એક નાટક લખાવ્યું. નાટક લખી રહી તેમના કથન પ્રમાણે સુધારાવધારા કરી એને ‘અંજની’ નામ આપી એ મેં તેમને સોંપ્યું. મારે ત્યાં તેઓ ત્રણેક દિવસ રહ્યા અને નાટક વાંચી તેમણે સર્વાંશે સંતોષ જાહેર કર્યો. પરંતુ એ પ્રત લઈ ગયા પછી મારી અને તેમની કદી મુલાકાત થઈ જ નહિ, અને તેમણે એ નાટકને રંગભૂમિ ઉપર મૂકયું જ નહિ. પછી મને યોગ્ય લાગ્યા તેવા ફેરફાર કરી મેં એ નાટક પણ છપાવી દીધું—જે કેટલી ય વાર ભજવાયું પણ છે—જોકે ‘શક્તિહૃદય’ જેટલું એ આકર્ષક નહિ બન્યું હોય. પછી તો કોઈ સંસ્થાની માગણી આવે અને મને ફુરસદ હોય તો નાનાં મોટાં નાટકો આજ સુધી લખ્યા કરું છું. રેડિયોના સંચાલકો પણ કદી કદી મને નાટકો લખવા પ્રેરે છે ખરા. પ્રેમાનંદ સાહિત્ય સભાના રૌપ્ય મહોત્સવ પ્રસંગ માટે ‘કામદહન’ અને ‘ગ્રામસેવા’ નામની બે નાટિકાઓ લખી, જે ઠીક ભજવાઈ. એ જ પ્રમાણે સાહિત્ય પરિષદની સને ૧૯૪૩ ની (કે ૧૯૪૨ ની?) બેઠક વખતે ‘શક્તિસંભવ’ નામની પણ નાટિકા લખી; જે ભજવાઈ પણ ખરી. ‘કલાકેન્દ્ર’ નામની ઉત્સાહી સંસ્થાનો હું પ્રમુખ છું—સભ્યોની કૃપા મને નિભાવી રહી છે; એટલે કદી માગણી થતાં હું નાટક-નાટિકા લખી પણ આપું છું, અને તે સારી રીતે ભજવાય પણ છે. આજ સંયુક્તા, શક્તિહૃદય, અંજની જેવાં મોટાં નાટકો પ્રસિદ્ધ કરી શકયો છું અને ત્રણેક નાટિકા સંગ્રહો પણ પ્રસિદ્ધ થઈ ચૂકયા છે. ઘરમાં કુટુંબીઓ પણ કદી કદી ડ્રોઇંગ રૂમ ડ્રામા માગે અને ભજવે એમાંથી ‘પરી અને રાજકુમાર,’ ‘તપ અને રૂપ’ તથા ‘પુષ્પોની સૃષ્ટિમાં’ નામના સંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે, અને બીજા ત્રણેક સંગ્રહો પ્રસિદ્ધ થાય એટલી વસ્તુ મારી પાસે તૈયાર પણ છે. નાટક લખવાનો શોખ હજી ઘટતો નથી, મારે મન રંગભૂમિ કલાનો મેરુ છે અને મને ખાતરી પણ છે કે અનેક અગવડો વેઠીને

પણ સમાજની કલાભાવના નાટકની ભજવણીમાં વ્યક્ત થયા વગર રહે જ નહિ. રાષ્ટ્રીય પુનર્ઘટનામાં નાટક બહુ જ સજીવ ફાળો આપી શકે એમ છે—જો સરકારી લાલપટ્ટીમાં એને બાંધી દેવામાં ન આવે તો!

આમ બાલ્યાવસ્થામાં 'પ્રતાપ નાટક'માં શિનોરની શાળામાં લીધેલો ભાગ કૉલેજ છોડતાં મારી પાસે એક સળંગ નાટક લખાવી ભજવાવી ગયો, અને આજ હું નિવૃત્ત થયો છું ત્યારે પણ નાટક અંગે મારી પાસે મારી કાંઈ અને કાંઈ લખાવી જાય છે. હું જાણીતો અને સ્વીકાર પામેલો નાટ્યકાર નથી—જોકે આશ્ચર્ય સહ મારા 'શંક્તિ હૃદય'ને ગુજરાતની બહાર યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે મેં અકસ્માત નિહાળ્યું! નાટકો બહુ ખપતાં નથી એમ મારા પ્રકાશકો કહે છે ખરા. છતાં હું નિવૃત્ત થઈને કાયમી ઘર બાંધી વડોદરામાં રહ્યો છું તે પણ વડોદરાની સુપ્રસિદ્ધ વાંકાનેર થિયેટરની નામની નાટકશાળાની બરાબર સામે જ! સૃષ્ટિ આખી એક રંગભૂમિ છે એવું શેક્સપિયરનું વાક્ય મારે આમ અંગત રીતે અનુભવવું રહ્યું! જીવન એ નાટક હોય તો ય તે ઠીક ઠીક ભજવવા સરખું છે.

અમદાવાદમાં રંગભૂમિ પરિષદ ભરાઈ ત્યારે મને પ્રમુખસ્થાન આપી નાટ્યરસિકોએ મારું બહુમાન કર્યું હતું એ પણ મારાથી ભુલાય નહિ જ.

કોણ જાણે કેમ પણ મને વડોદરા શહેર કરતાં તાલુકાનાં ગામોમાં જ વધારે ફાવતું. વડોદરામાં મંત્રી-મદદનીશનું કામ ઠીક ઠીક ભારે ગણાય. તેમાં પણ પાછું નવલકથાઓ લખવાનું અઠવાડિયે અઠવાડિયે પૂરું તો થયું હતું—છતાં સયાજીવિજયના તંત્રી–માલિક શ્રી માણેકલાલ ડૉકટરે મારી પાસે ભેટનાં પુસ્તકો વર્ષે વર્ષે લખાવવા માંડ્યાં. 'જયંત' અને 'શિરીષ' વડોદરામાં જ લખાઈ ગયાં. પરંતુ એ અઢીસો ત્રણસો પાનાંની નવલકથાઓનું મહેનતાણું શું મળતું હશે એ પૂછવા સરખું નથી.

છતાં આજ મહામુશ્કેલીએ લેખકવર્ગમાં આવવા મથતા યુવાનો અને કિશોરોના લાભાર્થે મારે કહેવું જોઈએ કે 'જયંત' અને

'શિરીષ' એ બન્ને નવલકથાઓ; દરેકનું મહેનતાણું મને પચાસ પચાસ રૂપિયા જેટલું જ મળ્યું. બધાંને એટલે થાય જ નહિ. હું તો નોકરી કરતો હતો અને નોકરી અંગે પગાર લાવતો હતો એટલે મને કદાચ એ રકમની બહુ જરૂર ન હોય. મારા સમયમાં, અને શરૂઆતમાં લેખન ઉપર આધાર રાખતો વર્ગ બહુ વિકસિત થયો ન હતો. નોકરી કરતાં કરતાં, અગર ધંધોવ્યાપાર કરતાં કરતાં કલમ ચલાવતો શોખીન વર્ગ એ મારા યુગના સાહિત્યકારો. પરંતુ એ યુગથી જ પરિસ્થિતિ બદલાવી શરૂ થઈ ગઈ હતી, અને કલમ ઉપર જ પોતાનું ગુજરાન કરવા પ્રવૃત્ત થતો યુવકોનો એક વર્ગ ઝડપથી આગળ આવતો હતો. આજે કલમ કેટલાકનું ગુજરાન કરે પણ છે. પરંતુ ગુજરાન ભારતીય ગરીબીની સામાન્ય સપાટી કરતાં લેખકને વધારે ઊંચે લઈ જતું નથી. આર્થિક આબાદી હજુ સુધી લેખનનું ફળ બની શકી નથી.

મારી તબિયત વડોદરામાં સારી રહી નહિ. વડોદરાના સેક્રેટરિયટની મહત્ત્વની છતાં બેઠાડુ અને પરતંત્ર નોકરી કરતાં મુલકી ખાતાની ગ્રામાભિમુખ નોકરી મને વધારે તંદુરસ્ત બનાવશે એમ માની મેં જાતે જ બદલીની માગણી કરી અને મારી તબિયતને કારણે તે મંજૂર પણ થઈ. મારી બદલી સિધ્ધપુર વહીવટદાર તરીકે થઈ. સેક્રેટરિયટનો અનુભવ લઈ હું પાછો ગામડામાં ગયો- મને લાગે છે કે સહુ સરકારી નોકરોએ વારાફરતી ગ્રામ અને શહેરનો અનુભવ કરવો જ જોઈએ. ગ્રામજીવનનો એથી સારો સંપર્ક સધાય છે.

સિદ્ધપુર આમ તો યાત્રાનું સ્થળ છે; પરંતુ એનો તીર્થમહિમા દિવસે દિવસે ઓછો થતો જતો હોય એમ લાગે છે વર્ષમાં કેટલાક મહિના ઠીક ઠીક સુકાઈ જતી સરસ્વતી નદીને તીરે આવેલા સિદ્ધપુરમાં પ્રાચીન અવશેષ તરીકે રુદ્રમાળના થોડા થાંભલા ઊભા છે, મંદિરમાંથી મસ્જિદ બની ગયેલી એ જ રુદ્રમહાલયની કેટલીક ખંડિત કારીગરીવાળી મસ્જિદ છે, બિંદુ સરોવર, અલ્પા સરોવર, અને જ્ઞાનવાપિનાં તીર્થો છે અને સરસ્વતીનો કિનારો છે. ગોવિંદમાધવનું મંદિર છે. વર્ષો પહેલાં બ્રાહ્મણોમાંથી ઇસ્લામમાં આવેલા વહોરાની ત્યાં ભારે

વસ્તી છે અને દેશપરદેશ વ્યાપાર ખેડતી સાહસિક વહોરાની કોમમાં આબાદી પણ ઘણી આવી છે, જેને અંગે સ્ટેશન અને સ્ટેશનને મોખરે આવેલી વહોરાવાડ સિદ્ધપુરને એક સુશોભિત નગરનો દેખાવ આપે છે. એની પાછળ લંબાયલા ગામનો વિસ્તાર તો કોઈ જૂના નગરનો જ છે–સાંકડા રસ્તા અને સાકડી ગલીઓવાળો. સિદ્ધપુર એ ઔદિચ્ય બ્રાહ્મણોનું આદ્ય-સ્થળ. આજ પણ બ્રાહ્મણોની અહીં મોટી સંખ્યા છે અને સિદ્ધપુરનું બ્રાહ્મણત્ત્વ અત્યંત કુલીન – અને તેથી લગ્નમાં વરની ભારે કિંમત ઉપજાવતું આર્થિક તત્ત્વ બની રહે છે. સિદ્ધપુરમાં હું સળંગ ચારેક વર્ષ રહ્યો. લોકો સાથે મને અહીં પણ સારું ફાવ્યું. ખાસ મુશ્કેલી નડી નહિ – જોકે અતિવૃષ્ટિનું એક વર્ષ એમ બે કપરાં વર્ષો આવ્યાં જરૂર. આખા ગુજરાતને પાણીમાં તરબોળ કરી નાખતું વર્ષ સિદ્ધપુરને પણ એ જ અસર ઉપજાવી ગયું.

સિદ્ધપુરના ઊંઝા ગામે કડવા પાટિદારોની ઇષ્ટદેવી ઉમા – ઉમિયા માતાનું સરસ વિસ્તૃત ધર્મશાળાવાળું મંદિર છે. બાર બાર વર્ષે દેવી બોલતી, આજ્ઞા આપતી, અને એ વર્ષમાં નાની નાની કન્યાઓ અને નાના નાના છોકરાઓના લગ્ન થઈ જતાં. વડોદરા રાજ્યના આમ લગ્નપ્રતિબંધક કાયદાએ, ફર-જિયાત કેળવણીએ અને સમયપલટાએ આ રિવાજને બહુ જ ઘસી નાખ્યો હતો. નહિ તો કન્યાનાં ફુલ-દડા સાથે લગ્ન કરી નાખી આગળ ઉપર માનવ વર સાથે પરણાવી દેવાની – પુનર્લગ્નની – સગવડ મેળવાતી એમ કહેવાય છે. સંગીત, નાટ્ય તથા નૃત્યની કલા વંશપરંપરા સાધ્ય કરનાર તરગાળા કોમની મૂળ ભૂમિ ઊંઝા ગણાય છે. મુસ્લિમ અમલદારની નજરથી બચવા બ્રાહ્મણ અસાઈતે ઊંઝાના પાટીદાર આગેવાનની પુત્રી સાથે લગ્ન કર્યું હતું અને એમાંથી તરગાળાઓની કોમ ઊભી થઈ એવી દંતકથા છે. ગામ ઘણું જૂનું અને આબાદ ગણાય. પાટણ અને માળવા વચ્ચેનો સોલંકી યુગનો મુખ્ય વ્યવહાર-માર્ગ ઊંઝા ઉપરથી જતો હતો. જસમા ઓડણનો કાફલો માળવામાંથી પાટણ એ રસ્તે ગયો હોય એવી કથા પણ પ્રચલિત છે.

ઉનાવા ગામ પણ મોટું અને જાણીતું. મીરાં દાતારની ત્યાંની

દરગાહ સુપ્રસિદ્ધ છે. એ ઇસ્લામી ધર્મસ્થાનમાં હિંદુ ઢબનાં ચોઘડિયાં પણ વાગે છે – આજ છે કે નહિ તે ખબર નથી. મુખ્યત્વે ભૂત–પ્રેત–જીનના વળગાડ કાઢવાનું આ મુખ્ય ધામ ગણાય છે, અને મુસલમાન કરતાં પણ વધારે પ્રમાણમાં હિંદુઓ આ સ્થળની શક્તિ ઉપર શ્રદ્ધા ધરાવતા દેખાય છે. મારવાડ સુધીનાં હિંદુ–ભૂત આ ઇસ્લામી ધર્મસ્થાને નીકળી જાય છે; અને ભૂત વળગે છે મોટે ભાગે સ્ત્રીઓને જ ! એટલે સ્ત્રી–દર્દીઓની સંખ્યા સારા પ્રમાણમાં દેખાયા કરે છે. હું હતો ત્યારે કેટલાંક શ્રદ્ધાળુ પારસી દર્દીઓની પણ અવરજવર મેં જોઈ હતી. મીરાં દાતારના ઉરસ ઉપર ત્યાં મોટા મેળા ભરાય છે, દુકાનોની ઠઠ જામે છે, યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવે છે અને લગભગ મહેસાણા–પાટણના અમલદારોનો ત્યાં એ દરમિયાન મુકામ પણ થતો. બની શકે તો અમલદારોની મહેમાનગીરી વહીવટદાર કરતા અને મહેમાનોના રંજન અર્થે ઉરસમાં આવેલી ગાનારીઓનો એકાદ જલસો પણ ત્યાં ગોઠવાતો ! સરકારી રાહે નહિ જ. પરંતુ એ લગભગ વાર્ષિક રિવાજ બની રહ્યો હતો. પોતાના કામ ઉપરાંત વહીવટદારોએ બીજી અનેક પ્રકારની દક્ષતા દર્શાવવી પડતી હતી. મુકામનો બંદોબસ્ત, આવનાર–જનાર ઉપરીની ખાતરબરદાસ્ત, અને ઉપરી–તપાસણી કચેરીનાં માણસો રહીને પાછાં સિધાવે એની કાળજી એ વહીવટદારના હોદ્દામાંથી ફલિત થતાં કાર્યો ગણાય...હું ધારું છું કે આજ પણ એ પ્રથા ચાલતી હશે. સમજી શકાય એવું છે કે સ્થાનિક અમલદારે કેટલીક બંદોબસ્તી સગવડો કરવી જ જોઈએ–માણસાઈ અને ગૃહસ્થાઈની રાહે. માત્ર એમાં કેટલાંક ભારે દૂષિત તત્ત્વો દાખલ થઈ જવાનો સંભવ છે ખરો !

સુણક ગામનું એક શિવાલય પણ એટલું સુંદર છે કે એને પ્રાચીન સ્થાપત્યના અંગ્રેજી પુસ્તકમાં સ્થાન પણ મળ્યું છે.

દેથળી–દધિસ્થળી–નામનું સરસ્વતી ઉપર આવેલું ગામ પણ પાટણના કેટલાક સોલંકી રાજાઓનું યાત્રાધામ હતું. કેટલાંક જીર્ણ મંદિરો હજી ત્યાં ઊભાં છે.

કામળી ગામ પાસેનું ચોસઠ જોગણીઓનું સ્થળ પણ પુરાતન કારીગરીનો ખ્યાલ આપે એવું છે.

પાલણપુરની હદમાં આવેલું બાલારામનું સુંદર તપોવન સરખું સ્થળ પણ સિદ્ધપુરથી એકાદ સ્ટેશન જ દૂર.

ઉત્તરમાં આવેલાં ગામોમાં રબારીઓની ભારે વસતી. ગોપાલન પ્રવૃત્તિને જ વંશપરંપરાનો ધંધો આજ સુધી સ્વીકારી રહેલી એ રબારી-ભરવાડ કોમ એક અભ્યાસયોગ્ય માનવ અવશેષ છે. એ કોમનાં સ્ત્રી-પુરુષોના પહેરવેશ લાક્ષણિક, અને ભારતભરની કોઈ પણ કોમ સૌંદર્યઅભિમાન સેવતી હોય તેટલું જ તેમનાં સ્ત્રી-પુરુષોમાં સૌંદર્ય —રંગ, આકૃતિ અને મુખપ્રમાણ. એ ત્રણે દૃષ્ટિએ. નિરક્ષરતા ભારે!

અલબત્ત, કોમોનાં સૌંદર્ય જોવાની મારી અમલદાર તરીકે ફરજ ન હતી! છતાં સરકારી કામ કરતાં કરતાં મને દેખાયેલું પ્રકૃતિસૌંદર્ય અને માનવ સૌંદર્ય—દેહનું અને હૃદયનું—મારી નોકરીની એકવિધતાને ઘણી ય વાર દૂર કરી શક્યાં છે એ મારે સ્વીકારવું જોઈએ.

૨૫

વસતીમાં અને વસતીના ગીચ વિભાગમાં હું ઘણાં ય વર્ષ રહ્યો છું. છતાં નોકરી શરૂ કરી ત્યારથી વસતીથી સહજ દૂર અને એકાંતમાં રહેવું મને ઘણું ફાવે છે. મહેસાણાથી શરૂ કરેલી નોકરીના વર્ષથી તે આજ સુધી આ ટેવ ચાલુ જ છે. સિદ્ધપુરમાં સફરી ધનિક વોરાઓના ખાલી બંગલાઓ ઘણા હતા; તેમાંથી એક બંગલામાં હું રહ્યો. જે જે તાલુકા-ઓમાં હું ગયો છું તે તે તાલુકા મોટા, ખટપટી ગણાતા અને ભારે મહેનત લાગે એવા ગણાતા હતા. સિદ્ધપુરમાં તો હિંદુ-મુસ્લિમ હુલ્લડ અને હોળીના દિવાસોમાં ઘણું તોફાન ચાલતું એવી સિદ્ધપુરની કીર્તિ, ઠાકરડા કોમની પણ વસતી ભારે છતાં મને એમાંનું કાંઈ ખાસ નડ્યું નહિ. મુસાફરીમાં હું ઘોડે સવારી કરતો પરંતુ ધીમે ધીમે મને લાગવા માંડ્યું કે એક કારકુન અને સિપાઈને સાથે બેસાડી લેવા માટે એક ટાંગો રાખ્યો હોત તો ઘણું સારું. થોડા દિવસ બાદ મેં ટાંગો રાખ્યો. ઘોડો ઘણો સરસ હતો અને ગાડી ચાલાવતાં પણ હું ત્યાં શીખ્યો. શીખતાં શીખતાં એક વખત ગાડી મેં ઊંધી પણ નાખી દીધી; જોકે સહેજસાજ ઈજાથી હું અને મારા સાથીદારો ઊગરી ગયા. સિદ્ધપુર

આવ્યા પછી પણ રાજ્યનું નિવેદન લખવા માટે મને બોલાવવામાં આવ્યો અને તે દરમિયાન શ્રીમંત સયાજીરાવ મહારાજે મને એક અવનવું કામ સોંપ્યું. રાજ્યના પ્રત્યેક ગામડાંની વિગતવાર હકીકત મહારાજને જોઈતી હોય તે ક્ષણે તેમને મળી આવે એવી જાતનું પત્રક મારે બનાવવું એવી તેમની આજ્ઞા થઈ. હું સને ૧૯૧૮માં કલકત્તામાં સ્ટેટીસ્ટીક્સ—અંકશાસ્ત્ર શીખ્યો હતો તેની મહારાજને યાદ રહી ગઈ હતી. એ પણ મેં બનાવવું શરૂ કર્યું અને કદાચ એમાંથી વડોદરા રાજ્યના તાલુકે તાલુકે રહેતું આદર્શ પત્રક નામનું એક વિસ્તૃત માહિતીપત્રક તૈયાર કરવાનું શરૂ થઈ ગયું.

હવે મને લોકોપયોગી કામ હાથમાં લેવાની ઠીક ફાવટ આવી ગઈ હતી. વિજાપુરમાં જે કલ્પના હતી તે સિદ્ધપુરમાં મૂર્તસ્વરૂપ ધારણ કરી ચૂકી. જનતાની સાથેનો સંપર્ક, જનતા સાથે સલુકાઈ ભરેલું વર્તન, કામને ગૂંચવવાને બદલે તેનો ઝડપી ઉકેલ. લોકોની ફરિયાદોનું તત્કાલ નિવારણ અને જરા અંગતપણાનો દેખાવ સરકારી કામને પણ બહુ સરળ બનાવી દે છે. કચેરીના કારકુનો, સિપાઈઓ અને તલાટીઓઓનો મહત્ત્વનો વર્ગ પણ સહાનુભૂતિભર્યા વર્તનનો બહુ સરસ જવાબ આપે છે એ મારો જાત અનુભવ છે સરકારી કામ તો થયા કરતું હતું. એમાં મને કદી ભારણ લાગ્યું નથી—નાની નોકરીમાં. તેમ જ મોટી નોકરીમાં વાંચવાનો સમય મળતો અને હું સિદ્ધપુર આવ્યો ત્યારે ‘જયંત’ ઉપરાંત ‘શિરીષ’ નામની નવલકથા મારે હાથે લખાઈ ગઈ હતી. ‘શિરીષ’ નાં ખૂબ સુંદર વિવેચનો વિવેચકોએ કર્યાં અને વિજયરાય વૈદ્યની ‘કૌમુદી’ માં કે પછી તેમના બીજા કોઈ માસિકમાં એક સદ્-ભાવશાળી વિવેચકે ‘શિરીષ’ને ગુજરાતી વાર્તાકલાના ત્રીજા ટપ્પા તરીકે ગણાવી. પ્રથમ માર્ગસ્તંભ તે ગોવર્ધનરામ, બીજો માર્ગસ્ભતંભ તે કનૈયાલાલ મુનશી અને ત્રીજો માર્ગસ્તંભ તે હું! વખાણ જરૂર સારાં લાગે છે. પરંતુ મેં મારા લેખન-વ્યવસાયને કદી પણ જીવનમરણનો કે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠાનો પ્રશ્ન ગણ્યો ન હોવાથી વખાણ ગમતાં હોય છતાં હું એથી ફુલાઈ જતો નથી અને વિરોધ બહુ ન ગમવા છતાં તેનાથી હું ભારે અસંતોષ સેવતો નથી. નોકરી

ના સમયમાં તો મારી તરફેણુ કે વિરુદ્ધનાં વિવેચનો મને ભાગ્યે જ વાંચવાં મળતાં. હું માસિકો કે વર્તમાનપત્રો બહુ મંગાવતો જ નહિ; અને વગર લવાજમે પ્રતિષ્ઠિત પત્રો મને મળ્યા કરે એવી મારી સાહિત્યપ્રતિષ્ઠા નોકરીમાંથી નિવૃત્ત થયો ત્યાં સુધી બંધાઈ ન હતી.

સેવાની ભાવના તો ત્યારે પણ ગણી હતી. ગાંધીજીના વિચારો મારા હૃદય ઉપર ખૂબ છાપ પાડી રહ્યા હતા. પરંતુ મારે તો અમલદારી પણ કરવાની હતી, એટલે જે કાંઈ સેવા કરવી હોય તે અમલદારીને અંગે જ બની શકે એમ હતું. હજી આજ પણ ભારતવર્ષની નેતાગીરી એટલી પ્રબળ, વિશુદ્ધ અને એકમાર્ગી બની નથી કે જે વગર સત્તાએ ભારે સેવાકાર્ય કરી શકે. હજી અમલદારોએ અને સરકારી નોકરોએ પ્રજા-જીવનમાં નેતાનો ભાગ ભજવવો રહ્યો છે ખરો. અને એમાં કાંઈ ખાસ ખોટું હોય એમ પણ હું માનતો નથી. સિદ્ધપુર હું રહ્યો એ ચારપાંચ વર્ષમાં મેં ચારેક જાહેર અને સર્વોપયોગી કાર્યો નીચે પ્રમાણે કર્યાં હતાં:—

(૧) કૃષિ અને પશુ પ્રદર્શન.

(૨) ઉત્તર ગુજરાત વ્યાયામમંડળની પુનઃસ્થાપના.

(૩) ગામ પંચાયત અને મહાલ-પંચાયતની વગર વપરાયે પડી રહેલી મોટી રકમોનો તે ગામના સાર્વજનિક કાર્યો માટે ઉપયોગ.

(૪) નેત્રદાન યજ્ઞ.

આ ચારે કાર્યો જનતાના સાર્વત્રિક સહકારથી બહુ સારી રીતે પાર પડ્યાં. તેમાં યે નેત્રદાન યજ્ઞ કદી ન ભુલાય એવું સ્મરણ મૂકી ગયો. આંખના સુપ્રસિદ્ધ ડૉક્ટર રાજકોટવાળા શ્રી રતિલાલ શાહે ચોરવાડનાં મોટા પાયા ઉપર આંખનાં દર્દો સારાં કરવાનું કાર્ય માથે લીધું. એની માહિતી વર્તમાનપત્રો દ્વારા મને મળી હતી. ઉત્તર ગુજરાત એટલે ભારે રેતાળ પ્રદેશ અને ભારે ગરમ પ્રદેશ; એટલે આંખનાં દર્દો પણ ઉત્તર ગુજરાતમાં વિશેષ પ્રમાણમાં દેખાતાં હતાં. સિદ્ધપુરના એક સાચા ગાંધીવાદી, ખાદીધારી સેવક છોટુભાઈ પંડિત સાથે મારે સિદ્ધપુરમાં મૈત્રીસંબંધ બંધાયો હતો. કૉલેજમાં એ સહજ મારી પાછળ હતા પણ ત્યાં આછો પરિચય ખરો. સિદ્ધપુરમાં એ સંબંધ

ઘણો જ અંગત બની ગયો. કોઈ પણ સારું કામ કરવામાં છોટુભાઈને ભારે ઉત્સાહ. ન્યાય અને સત્ય તેમને એટલાં પ્રિય કે એ ખોટી સિફારીસ ન કરે અને સ્વાર્થનું કામ પણ ન ચીંધે. છોટુભાઈની સાથે મારે નેત્રદાનની યોજના વિષે વાતચીત થઈ. એમને એ કાર્ય ઘણું ગમ્યું અને પછી ડૉ ડૉકટર રતિલાલ સાથે પત્રવ્યવહાર કરી સિદ્ધપુર ગામના આગેવાનોની સહાનુભૂતિ મેળવી એ કામ માથે લઈ પાર ઉતાર્યું.

જવા-આવવાના અને રહેવાના તથા દવા તથા ઓજારો સિવાયના કોઈ પણ ખર્ચનો બોજો ડૉકટર રતિલાલે તેમના અંગે અમારા માથે નાખ્યો ન હતો. આખા સિદ્ધપુર શહેરની ધર્મશાળાઓ અને વાડીઓ દવાખાનામાં ફેરવાઈ ગઈ. ગામના આગેવાનોએ પણ તેમાં ખૂબ રસ લીધો. દર્દીઓ માટે સિદ્ધપુરમાંથી અને ગામડે ગામડેથી ખાટલા અને ગોદડાં ચાલ્યાં આવે. દર્દીઓ માટે અને દર્દીઓના સાથીઓ માટે ખોરાકની વ્યવસ્થા પણ સિદ્ધપુરના અને ગામડાના નાગરિકોએ ઉપાડી લીધી. સારવાર કરનાર સ્વયંસેવકો પણ વિદ્યાર્થીઓમાંથી અને અન્ય વર્ગમાંથી મોટા પ્રમાણમાં મળી આવ્યા. સિદ્ધપુર ગામમાં મોટો મેળો જામ્યો હોય એમ લગભગ આખો માસ લોકોની અવરજવર અને ભરતી ચાલુ રહી. સિદ્ધપુરના તે વખતના પટલાઈનું કામ કરતા એક બ્રાહ્મણ ગૃહસ્થ શ્રી ઈશ્વર પટેલ અને સુધરાઈના આગેવાન કાર્યકર્તા નાનાભાઈએ પણ છોટુભાઈ સાથે ભારે જહેમત ઉઠાવી આ કાર્યને સફળ કર્યું.

જુવાન ડૉકટર રતિલાલ સવારથી મધરાત સુધી જુદાં જુદાં કેન્દ્રોમાં આવી દર્દીઓને તપાસે તેમને દવા આપે અને નાની મોટી શસ્ત્રક્રિયાઓ પણ કરતા જાય. ચકચકાટભર્યા દવાખાના સરખી સ્વચ્છતા અને સોઈ તો આમાં કદાચ ન દેખાય. પરંતુ એ ઊંચી કક્ષાની સોઈ મેળવવા જતાં ઘણાં દર્દીઓ સારવાર વગરના રહી જાય છે એ જાણીતી વાત છે. જેવો સિદ્ધપુર નગરનો ઉત્સાહ હતો તેવી જ દક્ષતા ડૉકટર રતિલાલે દર્શાવી. લગભગ દસેક હજાર દર્દીઓને તેમણે તપાસ્યા હશે અને લગભગ પંદરસો જેટલા દર્દીઓના મોતિયા તેમણે ઉતાર્યા હશે. એ સિવાયના દર્દોની સારવાર તો જુદી. ઉપરાંત ચશ્માના નંબર

કાઢી આપવાનું કાર્ય તેઓ કરે. આમ તેમણે સેંકડો દર્દીઓના આશીર્વાદ મેળવ્યા. જનતા રૂપી વિરાટ સાચી રીતે જાગે ત્યારે અશક્ય લાગતાં કામો પણ કેવી સફળતાપૂર્વક કરી શકે છે તેનું મને અહીં ભારે દૃષ્ટાંત મળી ગયું. કોઈ પણ સારું કાર્ય જનતા પાસે કરાવવાની મને ત્યારથી ભારે હિંમત આવી ગઈ. સિદ્ધપુરના ડૉકટરોએ પણ એ કાર્યમાં મન મૂકીને સહકાર આપ્યો. ધનિકોએ ધન પણ સારા પ્રમાણમાં રેડયું.

સર્વનો સહકાર છતાં એક પ્રશ્ન ત્યારે અમને મુશ્કેલ થઈ પડયો. આંખનું દર્દ –અને કોઈ પણ દર્દ–ન્યાત જાત તપાસવા બેસતું નથી- આંખ બ્રાહ્મણની પણ બગડે એને અને ભંગીની પણ બગડે. અસ્પૃશ્ય દેખાતા દર્દીઓની પણ સારવાર અમારી વ્યવસ્થાએ કરવાની હતી. પરંતુ સિદ્ધપુર નગર એટલે ધર્માભિમાની–કદાચ ધર્મ ઝનૂની બ્રાહ્મણોનો એક મોટો સમવાય. એમાં ઉચ્ચ વર્ણના પણ સ્વયંસેવકો અસ્પૃશ્યની સારવાર માટે કેમ તૈયાર થઈ શકે? પરંતુ અમારા સારા નસીબે ગુજ-રાતના જાણીતા સેવક પરીક્ષિતલાલ અને ચુનીલાલ ભગતમળી આવ્યા, જેમણે પોતે ને પોતાના અન્ય મિત્રો સહ અસ્પૃશ્ય કામના દર્દીઓની સારવારનું કામ માથે ઉપાડી લીધું ને બહુ સફળતાપૂર્વક પાર પાડયું. સરકારી નોકરી સાથે જાહેર કાર્ય કરવાની તક મને મળી તેથી મને પરમ સંતોષ થયો. ઉપરીઓને સારું કામ દેખાડી સારા કામની પ્રસિદ્ધિ કરી મારી આર્થિક ઉન્નતિ સાધવાનો મેં કદી પ્રયાસ કર્યો નથી, જોકે બહુ લોકપ્રિય થનાર અમલદાર ઉપરીઓની આંખમાં આવે ખરા. ઉપરીઓને ઉદ્‌ઘાટન, પ્રમુખસ્થાન, ફૂલહાર અને તેમની શુભેચ્છા દ્વારા મળતી સિદ્ધિનો ઉલ્લેખ તેમને પ્રસન્ન રાખે છે. એટલે એ દિવસોમાં ઉપરી–અધિકારીઓનું મન સાચવવાનો પ્રશ્ન પણ સરકારી અમલદારોને રહે છે ખરો!

સિદ્ધપુરમાં હવે નોંધવા સરખી વધારે બાબતો રહી નથી. ટૂંક નોંધમાં એટલું જ જણાવી શકાય કે:

(૧) સરકારી નોકરીના ત્રીસ-એકત્રીસ વર્ષના લાંબા ગાળામાં મને લાંચ આપવાનું પ્રલોભન બે વાર થયું છે અને એ બને

પ્રસંગો સિદ્ધપુરમાં બન્યા. મારું સદ્ભાગ્ય માનું છું કે એ પ્રલોભનને હું વશ થયો નહિ. એ પહેલાં અને એ પછી લાંચ આપવાનો પ્રયત્ન મારે અંગે કદી થયો નથી.

(૨) મારી સાથે સાર્વજનિક કામમાં ફરનાર અને મને મદદરૂપ થઈ પડનાર મહાલપંચાયતના એક સભ્ય અને એક ગામના પટેલે હું બહુ જ મુશ્કેલીમાં મુકાઉં એવું એક કાર્ય હિંમત સાથે કર્યું. એક જમીનના ઝઘડાનો પ્રશ્ન હતો, અને એ કામમાં ઉપયોગી થઈ પડે એવા જૂના કાગળો એક દસ્તાવેજ સહ મારી કચેરીના એક દફતરખાનામાં હતા. દફતરખાનાના કારકુને મારી પાસે આવી ચિંતા વ્યક્ત કરી કે એ દસ્તાવેજ દફતરખાનામાં પણ સલામત રહેવાનો નથી, એટલો બધો ભય એ પટેલની કુનેહનો તેને લાગ્યો. તેની ચિંતા દૂર કરવા અને કામનો નિકાલ આવે ત્યાં સુધી દસ્તાવેજને સલામત રાખવા એ કાગળો દફતરખાનામાંથી લાવી મેં મારે ઘેર એક મેજમાં તાળાં-કૂંચી વડે સુરક્ષિત કરી રાખ્યા. બેત્રણ દિવસમાં એ જ કારકુને આવી મને કહ્યું કે કાગળોમાંથી દસ્તાવેજ ગૂમ થયો છે મને બહુ નવાઈ લાગી. પ્રથમ તો મેં માન્યું જ નહિ, પરંતુ ઘેર આવી જોયું તો ખરેખર એ દસ્તાવેજ ગૂમ ગયેલો મને જણાયો. તાળાંકૂંચી સાબૂત હતાં. એ કામમાં સંડોવાયલા પટેલને તાબડતોબ તેમને ગામથી મેં પકડી મંગાવ્યા. ને તેમને માત્ર પોલીસને સોંપવાની જ નહિ, પરંતુ મારા હાથે થાંભલા સાથે બાંધી લઈ માર મારવાની લગભગ સાચી પડે એવી ધમકી આપી ત્યારે જ દસ્તાવેજ મને પાછો મળ્યો. હું કચેરીમાં ગયો હતો ત્યારે મારાં માતાપિતા બપોરે સૂતાં હતાં તેનો લાભ એ પટેલ પડકૂંચીઓ કરી એ દસ્તાવેજ કાઢી ગયા હતા.

(૩) લાંબા વખતની જમીન-મહેસૂલની બાકી રકમ ઉઘરાવવા માટે એક ગામે મારી સાથેના કારકુન-નોકરોએ ખેડૂતોને અંગૂઠા પકડાવ્યા. પૈસા તો વસૂલ થયા, પરંતુ સરકારી લેણદાર તરીકે મેં ચલાવી લીધેલી આ સજાએ મારા હૃદયમાં ભારે શરમની લાગણી ઉપજાવી. ત્યાર પછી વસુલ માટેની આવી સખ્તી મારી રૂબરૂ મેં

કદી થવા દીધી નથી.

(૪) અતિવૃષ્ટિના વર્ષમાં સરસૂબા તરીકે પાકની સ્થિતિ તપાસવા સર મણિભાઈ નાણાવટી સિદ્ધપુર આવ્યા. એમની સાથે ગામડાંમાં ફરતાં એક દિવસે તેમણે વાતવાતમાં મને સૂચના કરી :

'તમે નવલકથાઓ લખો છો; તો ગ્રામજીવનને અનુલક્ષીને એક નવલકથા લખો તો કેવું ?'

એ સૂચન મને ગમ્યું. આમે મારી નવલકથાઓમાં ગ્રામજીવનનું એકાદ પાસું તો આવતું જ હતું; પરંતુ મણિભાઈની સૂચના પછી રચાયલી 'કોકિલા'માં ગ્રામજીવનની બાજુ ઉપર ઠીક ઠીક ભાર મુકાયો, 'ગ્રામલક્ષ્મી'ના ચાર ભાગ લખાયા અને ઉત્તર ગુજરાતના જીવનને સ્પર્શતી 'હૃદયવિભૂતિ' નામની નવલકથા પણ મારે હાથે ઘડતર પામી. સર મણિલાલનાં સૂચનો, રાહબરી અને તેમનું દૃષ્ટાંત, મને અમલદારીમાં તેમ જ જીવનમાં બહુજ પયોગી થઈ પડ્યું છે.

(૫) સિદ્ધપુરમાં મેં મારાં બે પ્રિય સ્વજનો ગુમાવ્યાં : એક મારી પત્ની અને બીજાં મારાં દાદી–મારા પિતાનાં માતુશ્રી.

મારી અંગત કરુણ કથા લંબાવીને અત્રે કહેવાની હું જરૂર જોતો નથી.

## ૨૬

ઉપરી તથા હાથ નીચેનાં માણસોના સંબંધ નોકરી અંગે બહુ જ નાજુકીભર્યો ઉકેલ માગે છે. પોતાનાં વખાણ સાંભળવાની, પોતાની વાહવાહ કહેવડાવવાની, પોતાનાં કાર્યોમાં વિચક્ષણતા શોધી કાઢવાની અને 'હા જી હા' કહેવડાવવાની ઉપરીઓને ટેવ જ પડી જાય એ સ્વાભાવિક છે. એ વૃત્તિમાંથી બહુ જ થોડા જ સત્તાધીશો બચી જાય છે. ઉપરીઓની પણ શ્રેણી હોય છે. વહીવટદારના ઉપરી નાયબ સૂબા નાયક સૂબાના ઉપરી સૂબા અને તેના ઉપરી સરસૂબા, એવી મુલકીખાતાની રચના. હાથ નીચેનાં માણસો દક્ષ હોતાં જ નથી, તેમને ધમકાવ્યે જ રાખવાં જોઈએ, તેમના ઉપર સતત બાજ જેવી નજર રાખવી જોઈએ અને જેમ બને તેમ હાથ નીચેનાં માણસોને બીતાં, ગભરાતાં

રાખવાં જોઈએ એવી એક માન્યતા વહીવટીતંત્રમાં બહુ પ્રચલિત હોય છે. દેખરેખ રાખવી, તપાસ કરવી, મર્યાદા સચવાય એવું લક્ષ રાખવું, દરેક જણ પોતપોતાનું કામ વ્યવસ્થિત રીતે કરે એવી વ્યવસ્થા ઉપજાવવી એ અમલદારનું જરૂર કર્તવ્ય છે; પરંતુ એટલા જ કારણે જેને તેને ધમકાવવાં, જેનું તેનું અપમાન કરવું, પોતાની સત્તાનો ખ્યાલ આપ્યા જ કરવો, એમાં હું કદી માનતો ન હતો. નિર્બળતા કે સોંઘી લોકપ્રિયતાનો આક્ષેપ સહીને પણ હું હાથ નીચેનાં માણસોને તેનું સ્વત્વ ઘવાય એમ કદી લાગવા દેતો નહિ.

સાથે સાથે કોઈ ઉપરીનું મારા તરફ એવા પ્રકારનું વર્તન થાય તો તે મારાથી કદી સાંખી શકાતું નહિ. ઉપરીઓનું માન મેં બને એટલું સાચવ્યું છે પણ તેમની ખુશામદ મેં કદી-કરી નથી એનો મને આત્મસંતોષ પણ છે. સિદ્ધપુરમાં એક પ્રસંગે શ્રી મકબુલ હુસેન નામના નાયબ સૂબા મારા ઉપરી બનીને આવ્યા હતા. મારા કામથી રાજી થઈને તેમણે મને એક સુંદર લેખી પ્રમાણપત્ર પણ આપી દીધું. દમામ અને દેખાવના તેઓ ખૂબ શોખીન હતા. તેઓ ગ્રેજ્યુએટ હતા નહિ—અલીગઢ કૉલેજના પહેલા વર્ષ સુધીનો જ તેમણે અભ્યાસ કરેલો. છતાં ભણતરની બાબતમાં તેઓ કૉલેજ સંબંધી બહુ મોટી અને વિગતવાર વાત કરતા હતા. સિદ્ધપુર સુધરાઈમાં તેઓ સરકારી રાહે પ્રમુખ અને હું સરકારી રાહે સુધરાઈનો એક સભ્ય; સભાનું કામ ચાલતું હતું તે વખતે તેમણે સુધરાઈના સેક્રેટરીને એટલો બધો ધમકાવ્યો કે મારે માટે તે અસહ્ય થઈ પડ્યું અને વગર કારણે સેક્રેટરીને ન ધમકાવવાની તેમને વિનંતી પણ કરવી પડી. એ વિનંતીના ઉત્તરમાં તેઓ મારી ઉપર ઊતરી પડ્યા અને જોરથી મારી સાથે બોલવા લાગ્યા. મેં એકદમ વાંધો લીધો અને તેમના આવા વર્તન બદલ સુધરાઈની સભામાંથી મેં ચાલ્યા જવાનું પસંદ કર્યું. મારી સાથે બીજા સભ્યો પણ ઊઠીને ચાલ્યા આવ્યા અને સભા મુલતવી રહી.

આ પ્રસંગ પછી તેમની અને મારી વચ્ચે ઠીક ઠીક વૈમનસ્ય ચાલ્યા કર્યું. હું ઘરનું ભાડું આપું છું કે નહિ, સરકારી નોકરોને

ખાનગી કામે ઉપયોગમાં લઉં છું કે કેમ, વખતસર કચેરીમાં આવું છું કે નહિ, લાંચ લઈને કોઈ કામ કરી આપ્યું છે કે કેમ, આવી આવી ખૂબ બારીકીભરી તપાસ તેમણે કરવી શરૂ કરી. અને એટલામાં સિદ્ધપુરથી મારી નવસારી પ્રાંતના પંચાયત અમલદાર તરીકે બદલી થઈ. ઉપલી ગ્રેડની એ જગા હતી, જોકે એ જગા અખતરા તરીકે જ કાઢવામાં આવી હતી. એટલે હું નવસારી ગયો અને નવી જગાએ કામ શરૂ કર્યું. મારું એક સદ્‌ભાગ્ય કહી શકાય કે હું મારી સાથે કામ કરનારાઓનો તેમ જ જનતાનો મોટા ભાગનો પ્રેમ સંપાદન કરી શક્યો છું. પ્રજા એવી સારી છે કે સારા ખોટા સર્વ અમલદારોને આવતાં માન આપે છે અને જતાં ભાવભારી વિદાય આપે છે. સિદ્ધપુરની જનતાએ મને પણ સારું વિદાયમાન આપ્યું અને ત્યાંથી કેટલા યે કાયમના મિત્રો બનાવી હું નવસારી પહોંચી ગયો. એ દરમિયાન નાયબ સૂબા મકબુલ હુસેનની મારા વિરુદ્ધની તપાસ ચાલુ જ હતી. તેમના ઘણા પ્રયત્નો છતાં મારી વિરુદ્ધ કાંઈ હકીકત તેમને મળી આવી નહિ, એટલે તેઓ મારું કાંઈ ખાસ અનિષ્ટ તો કરી શક્યા નહિ; પરંતુ ક્રમિક ઢબે મારા પગારમાં વધારો કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે તેમણે એવો અભિપ્રાય આપ્યો કે ક્રમિક પુરસ્કાર આપવા જેટલું ય મારું કામ સારું ન હતું !

સદ્‌ભાગ્યે તેમણે પોતે જ મને પ્રથમ આપેલું લેખી પ્રમાણપત્ર મારી પાસે હતું, તેમના પણ ઉપરી બે સૂબાઓના મારા માટેના સારા અભિપ્રાયો પણ હતા; અને આંગળી ચીંધી શકાય એવી કોઈ પણ ભૂલ મારા કામમાં નીકળી ન હતી એટલે તેમના વિરોધને ન ગણકારી સરકારે મને મારો ક્રમિક પુરસ્કાર તો આપ્યો.

નોકરીમાં અનેકાનેક વિચિત્ર ઘટનાઓ થાય છે. એક સમય, કેટલાક વર્ષો બાદ હું વડોદરના મહારાજા પ્રતાપસિંહના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે કામ કરતો ત્યારે શ્રી મકબુલ હુસેનના સૂબા તરીકેના કામકાજ અંગે કાઉન્સિલનો વિરુદ્ધ અભિપ્રાય થઈ કામ મહારાજા સાહેબ પાસે મૂકવાનો પ્રસંગ આવ્યો મહારાજાએ કાઉન્સિલના અભિપ્રાય સાથે સંમત થઈને મકબુલ હુસેનની બરતરફીનો હુકમ લખવા

મને આજ્ઞા કરી. મારું હૃદય ધડક્યું. મારા જૂના વૈમનસ્યના કારણે મારાથી તેમને અન્યાય ન થાય એ ખાતર મેં મહારાજાને વિનંતી કરી કે તેમને બરતરફ ન કરતાં એકાદ તક વધારે આપવી. પરંતુ મહારાજા સાહેબ પોતાના અભિપ્રાયમાં મક્કમ રહ્યા, મકબુલ હુસેન વિરુદ્ધનું દોષારોપણ પણ ગંભીર હતું અને ભારે હાથે જ તેમની બરતરફીનો હુકમ લખવાનો પ્રસંગ આવ્યો.

આ હકીકત હું રાજી થઈને લખતો નથી. હું લખું છું એટલા જ કારણે કે અમલદારીના વારાફેરામાં ઉપરીપણું કરતી વખતે કોઈએ પણ વીસરવું જોઈએ નહિ કે ઉપરીપણું એ એક રીતના અકસ્માત છે, સારું કામ કરવા માટેની એક તક છે, અને કોઈનું પણ બૂરું કરવાનો એમાં લાગ મળતો હોય તોપણ નોકરીનાં વૈમનસ્ય અગર વિરોધ ઘટ્ટ બનાવવાની જરા પણ જરૂર નથી. અંગત રાગદ્વેષ નોકરીમાં જેટલાં દૂર રખાય એટલું જ સારું. એક પ્રકારની માનસિક તટસ્થતા સરકારી કે જાહેર કામ કરતી વખતે અતિશય આવશ્યક છે.

નવસારીમાં પંચાયત અમલદાર તરીકે મારે આખા પ્રાંતમાં ગામડે ગામડે ફરી લોકોની જરૂરિયાતોનો અભ્યાસ કરવાનો હતો અને પંચાયતનું કામ સરળ બને એવી વ્યવસ્થા પણ કરવાની હતી. આ આ કામ એકાદ વર્ષ ચાલ્યું અને બંધ થઈ ગયું. જગા જ દરેક પ્રાંતમાંથી રદ કરવામાં આવી એટલે મારી નિમણૂક પાછી નવસારી વહીવટદાર તરીકે કરવામાં આવી. પરંતુ નવસારી પ્રાંતને ગામડે ગામડે ફરવાનો મને જે અનુભવ થયો એ એવો સચોટ અને સજીવ બન્યો કે જેને લીધે ગ્રામજનતા પ્રત્યેની મારી સહાનુભૂતિ વધારે ઊંડી બની, ગામડાંના પ્રશ્નો મારી સામે આવીને પ્રત્યક્ષ થયા અને એના ઉકેલની યોજનાઓ પણ મારા મન-બુદ્ધિને કસવા લાગી. જેમ જેમ હું ગ્રામજનતાના સંપર્કમાં આવતો થયો તેમ તેમ મને તેમનામાં ભારે વિશ્વાસ ઉત્પન્ન થયો અને મારી ખાતરી પણ થઈ ગઈ કે ગ્રામજનતાને સાચું અને વેળાસર માર્ગદર્શન મળે તો એ ગ્રામજનતા કોઈને પણ ભાર રૂપ થયા વગર નાનાં મોટાં ગામનાં કામો જરૂર કરી શકે. વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત હતી એટલે

લોકો અમુક અંશે લખત-ભણતા તો થઈ ચૂક્યા હતા. લોકોની સાથે અમલદાર તરીકે નહિ, પરંતુ તેમને સમજનાર એક મિત્ર તરીકે જો વર્તન રાખવામાં આવે તો લોકોનો સહકાર મેળવવો બહુ મુશ્કેલ તો ન જ ગણાય.

એ પ્રસંગે મહાલપંચાયતો કાઢી નાખી હતી અને ગ્રામપંચાયતોની ખિલવણી ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. એ રાજનીતિને અંગે પંચાયત-અમલતદારોની વિશિષ્ટ યોજના કરવામાં આવી હતી. ગામપંચાયતોને પોતાને કેટલાંક વધારે ઉત્પન્ન પણ આપવામાં આવ્યાં હતાં. અને જે પંચાયત પોતાની હદમાં કર નાખીને કોઈ વિશિષ્ટ ઉપયોગી ગામયત કાર્ય કરવા માટે ફાળો ઉપજાવે તો સરકાર તરફથી એટલી જ રકમ ગામલોકોને એ કામ પાછળ મદદ તરીકે આપવાની હતી. કર નાખવા લોકોને સમજાવવા અને તેમની સંમતિ લેવી એ કાર્ય પણ અત્યંત મુશ્કેલ ગણાય. છતાં મેં અને સરકારે ધાર્યું હતું એના કરતાં ઘણી વધારે મોટી સંખ્યામાં લોકો કર નાખવા માટે તૈયાર થઈ ગયા. કરને હું એક ફાળા રૂપે જ લેખતો હતો. માથે નાખવાના વ્યક્તિગત બોજાને બદલે, સાર્વજનિક કામ માટે વ્યક્તિએ કરવાની અંગ મહેનતના આર્થિક સ્વરૂપ તરીકે એ કરને સમજાવવા હું મંથન કરતો અને તેમાં યે અરધોઅરધ રકમ આપવાની સરકારની ઉદાર રાજનીતિ આવા કરને પણ આકર્ષક બનાવી રહી હતી.

ગ્રામપંચાયતોએ કર તો નાખ્યો—એટલે કે નાખવા માટે સંમતિ આપતો ઠરાવ કર્યો, પરંતુ એની મંજૂરી મળવા માટે બે ઘાટીએ પસાર કરવાની હતી. એક પ્રાંત-પંચાયતની અને બીજી પ્રાંત-પંચાયતોના ઉપરી સરસૂબાની. એ એની મંજૂરીઓ મળી જાય તો કર નાખવાના કાયદાનો અમલ થાય. લોકો કર નાખી ફાળો ઉઘરાવે અને એટલી જ રકમ સરકારમાંથી ગામલોકોને મળે એ પરિસ્થિતિ લોકોને માટે ઉત્તેજક હતી. આજ કોમ્યુનિટી પ્રોજેક્ટ્સને નામે ઓળખાતી યોજનાઓ કરવામાં આવી છે અને તેમાં સર્વલક્ષી વિકાસનું ધ્યેય રાખવામાં આવ્યું છે. એ યોજનાઓનાં ફળ જ્યારે દેખાય ત્યારે ખરાં; પરંતુ

મને તો લાગે છે કે ગ્રામ્ય રસ્તાઓ કરવા, ગામડાંની સફાઈ હાથ ઉપર લેવી, દીવાબત્તી કરવી, ગામાત કૂવાતળાવ નવાં કે દુરસ્ત કરવાં, નાના નાના ગુનાઓનો નિકાલ કરાવવો અને ઝઘડા પતાવવા, ગ્રામ-રક્ષણની યોજના કરવી, શાળાઓ અને નાનકડાં દવાખાનાં ચલાવવાં, એ સર્વમાં ગ્રામપંચાયતોને ખીલવી તેમને વિકસિત બનાવવી, તેમના ઉપર વિશ્વાસ રાખી જવાબદારી નાખવામાં આવે અને અંગ મહેનત તથા અરધો કે ચતુર્થાંશ ફાળો તેમની પાસેથી લેવામાં આવે તો ગામડાંનાં કામ બહુ જ વ્યવસ્થિત થાય અને જનતાને નિત્ય વ્યવહારમાં સરળતા પડે અને પ્રત્યક્ષ ગામે વહીવટ થવાને કારણે લોકોમાં જાગૃતિ આવે એમ મને સતત લાગ્યા કર્યું છે. પટેલ અને તલાટી ખટપટિયા હોય છે અને ગામના પંચો ચૌદશિયાપણું કર્યા કરે છે એવી ફરિયાદકર્યા કરવાથી જનતામાં જાગૃતિ ન જ આવે. કાળજીભરી દેખરેખ અને દોરવણી હોય તો પંચાયતને માર્ગે ઘણા પ્રશ્નો ઊકલી જવાનો સંભવ છે. વડોદરા રાજ્યમાં પંચાયતોને બહુ સારા અને વ્યાપક અધિકારો આપવામાં આવ્યા હતા. અને જોકે પંચાયતની યોજના પૂર્ણ સફળ થઈ હતી એમ તો ન જ કહેવાય, છતાં એમાં પ્રજાવિકાસનાં સુંદર બીજ રહ્યાં હતાં એમ તો જરૂર હું જોઈ શક્યો. પંચાયત અમલદાર તરીકે મારા એ વિચારમાં ખૂબ દઢતા આવી અને ધીમે ધીમે જેમ અનુભવ મળતો ગયો તેમ મને સમજાતું ગયું કે ગ્રામવહીવટનો ઇલાજ પંચાયતની ખિલવણીમાં રહેલો છે, અને ગ્રામખેતીની દુર્દશાનો ઇલાજ સહકારી ગામાત ખેતીમાં રહેલો છે. એ સિવાયના બીજા બધા પ્રયોગો મને થીંગડા જેવા લાગે છે. સહકારી ખેતીની અને પંચાયતની શકયતાનો બહુ જ ઓછો ખ્યાલ આજ પણ હોય એમ લાગે છે. હવે આપણા જ સત્તાધીશો પાસે સર્વસત્તા આવેલી છે એ સંયોગમાં પંચાયત અને સહકારી ખેતીને પોષણ નહિ મળે તો જમીન–સુધારણાના અને ખેડૂતની ઉન્નતિ માટેના બધા જ કાયદાઓ પાંગળા બની જશે.

પ્રાંતપંચાયત અને સરસૂબા કચેરીની ઘાંટી ખરેખર મુશ્કેલ નીવડી. સંખ્યાબંધ પંચાયતોએ કર નાખવાના નિયમો કર્યા એટલે

આવા કાર્યને માટે બજેટમાં રાખવામાં આવેલી રકમ એકલો નવસારી પ્રાંત મેળવી જાય એવો સંભવ ઊભો થયો. એટલે એકબે પંચાયતોના નિયમો મંજૂર કરી સરસૂબા કચેરીએ એ કામ ટલ્લે ચડાવ્યું અને એનો કાંઈ ઉકેલ આવે એ પહેલાં પંચાયત–અમલદારોની જગાઓ જ કાઢી નાખવામાં આવી અને પંચાયતની ખિલવણીનું કામ પાછું હતું તેમ મુલકી અમલદારોને હાથ ગયું. હું પંચાયત અમલદાર મટી નવસારી મહાલનો વહીવટદાર બની ગયો.

બે ત્રણ વર્ષ પણ આ કામ ચાલ્યું હોત તો હું બહુ સારાં પરિણામ લાવી શકત એમ મને લાગ્યું ખરું. પરંતુ સરકારી રાહે પ્રયોગો થાય છે અને પડતા મુકાય છે; રાજવહીવટ પણ એક મોટો અખતરો છે. સમગ્ર દૃષ્ટિએ એમાં થતા ફેરફારોને આપણે સહી લેવાના હોય છે અને આવકારી લેવાના હોય છે. હું તો એ મહાતંત્રમાં એક અત્યંત નાનું યંત્ર ગણાઉં એટલે મારે હુકમને તાબે થયા સિવાય બીજું કાંઈ બોલવાપણું હોય જ નહિ. મને અંગત રીતે આ જગાએ કામ કરવાથી કેટલાક લાભ પણ થયા. ગામડાંના પ્રશ્નો હું વધારે ઊંડાણથી સમજ્યો, ગ્રામજનતાને હું વધારે સારી રીતે ઓળખતો થયો, રાનીપરજનો પણ મને ઠીકઠીક પરિચય થયો; પરંતુ એમાં પ્રાંતપંચાયતના એન્જિનિયર સદ્દગત વિજયલાલ કનૈયાલાલ ધ્રુવનો મને જે અંગત પરિચય થયો તે કદી વીસરી શકાય એમ નથી. શ્રી વિજયલાલ ધ્રુવ હતા તો એક એન્જિનિયર. શરીર ઘણું ભારે, મારાથી વયે મોટા. છતાં તેમની સુજનતા, તેમની ઉકેલશક્તિ, લોકોને ઉપયોગી થઈ પડવાની વૃત્તિ અને તેમની ભવ્ય વિદ્વત્તાએ મારા ઉપર બહુ ઊંડી છાપ પાડી. અને ત્યારથી તેઓ મારા મારા વડીલ મિત્ર બની રહ્યા. સને ૧૯૧૨ની સાલમાં હું કોલેજમાં ભણતો ત્યારે વડોદરાના સદ્દગત રણછોડભાઈ ઉદયરામના પ્રમુખપણા નીચે સાહિત્ય પરિષદ ભરાઈ હતી, અને તેમાં હું સ્વયંસેવક તરીકે કામે લાગ્યો હતો. એ પરિષદના આજ સુધી યાદ રહી ગયેલા સ્મરણોમાં લલિતજીનું મંજીરા સાથેનું કવિતાસંગીત, કેશવ હર્ષદ ધ્રુવનું સમસ્યાપૂર્તિનું વાચન, અને ભાઈ વિજયલાલ કનૈયાલાલનું હિંદુસ્તાન

કે ગુજરાતેની ભૂગોળ વિષેનું અત્યંત રસભર્યું વ્યાખ્યાન, એ વિશેષ આગળ તરી આવે છે. મારી વિદ્યાર્થી અવસ્થાથી હું આમ વિજય-લાલ તરફ માનવપૂર્વક જોતો આવ્યો છું. અમદાવાદ સુપ્રસિદ્ધ બંધુસમાજ સમૂહમાં તેમનું સ્થાન શુદ્ધ સાહિત્યની સાથે વૈજ્ઞાનિક સાહિત્યવાચનનો પણ તેમને ઘણો ભારે શોખ, પશ્ચિમના વૈજ્ઞાનિક ફિલસૂફોનાં પુસ્તકો તેઓ સારા પ્રમાણમાં મંગાવતા, અને એ પુસ્તકો મને જોવા અને વાંચવા માટે તેઓ આપતા. જીન્સ, એડિંગ્ટન હોલ્ડેન, બર્ટ્રાન્ડ રસેલ વગેને લેખકોનાં તેમની પાસેથી મળતાં પુસ્તકો હું બહુ જ રસપૂર્વક વાંચી જતો. તારાઓ, નિહારિકા. વિકસતું વિશ્વ, આઈન્સ્ટીનનો સાપેક્ષવાદ અને ખગોળ વિજ્ઞાનના વિષયોમાં મને બહુ ઊંડો રસ ઊપજવા માંડ્યો. એ પુસ્તકો નવલકથાઓ સરખાં મને રસભર્યાં લાગતાં. ફિલસૂફી અને વિજ્ઞાન કેટલાં પાસે પાસે છે તેનો મને એ વાચનથી સરસ ખ્યાલ આવ્યો. ફ્રોઇડ, જંગ અને હેવલોક એલીસ વાચવાથી જેમ નવનવા વિચારપ્રદેશો દસ પંદર વર્ષ પહેલાં ખુલ્લા થયા હતા, તેમ આ ખગોળ અને તારક વિજ્ઞાનનાં શ્રી વિજય-લાલે આપેલાં પુસ્તકો વાંચવાથી મને પોતાને જ લાગેલું કે મારી દૃષ્ટિ ઘણી વિકસિત થઈ છે અને મારા માનસને એક નવો તંતુ હાથ લાગ્યો છે. એ વાચન જો મને ન મળ્યું હોત તો મારી તૈયારીમાં બહુ મોટી ખામી રહી ગઈ હોત. મારા માનસની વિજ્ઞાન બાજુને આવી રીતે પોષણ આપવા માટે હું શ્રી વિજયલાલ કનૈયાલાલ ધ્રુવને આભાર સાથે સતત યાદ કરું છું. નિવૃત્ત થયા પછી તેઓ વધારે લાંબુ જીવ્યા નહિ. જો તેમનું જીવન લંબાયું હોત તો તેમની દ્વારા ગુજરાતના વિજ્ઞાનસાહિત્યને બહુ જ વેગ મળ્યો હોત. શ્રી કાંતિલાલ છગનલાલ પટવા અને શ્રી વિજયલાલ ધ્રુવ એ આપણા વિજ્ઞાનના ગુજરાતી સાહિત્યકારો. તેમાં ય મને વિજયલાલનો અંગત સંબંધ ખરેખર ફળદાયી નીવડ્યો. હું નવસારી રહ્યો ત્યાં સુધી મારાં સાર્વજનિક હિતનાં ગ્રામોઉપયોગી કામમાં શ્રી વિજયલાલનો બહુ સક્રિય સાથ મળ્યા કર્યો. એ સાથ ન હોત તો નવસારીના મારી ગ્રામોન્નતિના પ્રયોગો એટલા સફળ થયા ન હોત.

આમ પંચાયત-અમલદારની જગાએ મારો અનેકવિધ વિકાસ સાધ્યો એ ભુલાય એમ નથી. સરકારી નોકરી સત્તા ભલે હોય, મારે માટે તો એ આત્મવિકાસનું સાધન બની ચૂકી છે.

૨૭

નવસારીમાં પણ હું ચારેક વર્ષ વહીવટદાર—મામલતદાર અને નાયબ સૂબા—ડેપ્યુટી કલેક્ટર તરીકે કામ કરતો હતો. લોકો એકંદરે સારા અને સુંવાળા ફેરણી કરવા માટે મારે એક ઘોડાગાડી રાખવી પડી. વાંસી, બોરસી અને ઉમરાઠ તથા દાંતીનાં સ્થળોએ હું સમુદ્ર-દર્શન કરી શકયો. સમુદ્રકિનારાના ઉમરાઠ ગામે શ્રીમંત સયાજીરાવ મહારાજે ઘણાં મકાનો બંધાવેલાં. એમની યુવાવસ્થામાં તેઓ અહીં ઘણું આવતા. આખા નવસારી પ્રાંતમાં ઉનાળાની ગરમી ઘણી ઓછી અને ચોમાસામાં વર ાદ ઘણો વધારે. પૂર્ણા અને અંબિકાનાં મુખ પણ આ તાલુકામાં જ કહીએ તોપણ ચાલી શકે. મુલકી કામ અહીં ઠીક ઠીક રહેતું. નવસારી પ્રાંતનું મુખ્ય સ્થળ હોવાથી અમલદારોની અને મહારાજા સાહેબની અવરજવર પણ ઠીક રહેતી. તાડીનો શોખ લોકોમાં ઘણો ભારે—મુખ્યત્વે રાનીપરજમાં, કોળીઓમાં અને પારસીઓમાં. પારસી કોમ કેળવાયલી, સુઘડ અને વિશિષ્ટ રમૂજ ભરેલી. પારસી કોમનાં સ્ત્રીપુરુષો વસ્ત્રોનાં અને ચોખ્ખાઈનાં બહુ શોખીન. ગામડે ગામડે પારસીઓનો વસવાટ ખરો અને જ્યાં જ્યાં પારસીનું ઘર ત્યાં ત્યાં તેનું આંગણું સ્વચ્છ અને સાથિયાથી અવશ્ય શોભાયમાન હોય જ. પારસીઓના સાથિયા જોઈને મને મનમાં વારંવાર એમ થયા કરે કે આખું નવસારી નગર પોતાનાં આંગણાં પારસીઓ જેવાં સુશોભિત રાખે તો સ્વચ્છતાના અને કલાના કેટલા યે પ્રશ્નો આપોઆપ ઊકલી જાય.

મારા ચાલુ કચેરીના કામ અંગે ખાસ વિગતો આપવાની જરૂર નથી. મુલકી ખાતાનું કામ મને બોજા રૂપ લાગ્યું જ નથી. કામ કરવાના અને પ્રજા સાથે સંપર્કના મારા સિદ્ધાંતો હતા તે દઢ થતા ચાલ્યા. નાયબ સૂબા અને સૂબા સરખા ઉપરીઓ પ્રત્યક્ષ માથા ઉપર હોવાથી કામની કેટલીક વધારે જવાબદારીઓ આવી પડતી, અને ખાસ કરીને આવનાર અમલદારોના મુકામના બંદોબસ્તની એ જંજાળ આજ

પણ હાથ નીચેના અમલદારોને એટલી ને એટલી જ અંગત કનડગત કરતી હશે એમ મને લાગે છે. કચેરીનું કામ અહીં પણ મોટે ભાગે હું કચેરીમાં જ કરતો અને સાંજ ઘણું ખરું સયાજીવિહાર ક્લબમાં ટેનીસ પણ રમવા જતો.

અહીં પારસી કોમનો સરસ પરિચય થયો. આ અત્યંત વિવેકી કોમ હરેક રીતે ઉપયોગી થઈ પડે એવા પ્રકારની કોમ ગણી શકાય. પારસી સાહિત્યકાર સદ્‌ગત સોરાબજી દેસાઈ મારા ખૂબ અંગત મિત્ર બની શકયા. એમના ઘરનું ચિત્રોનું, જૂના લેખોનું, સિક્કાઓનું અને અવનવી વસ્તુઓનું સંગ્રહસ્થાન જોવા લાયક. આજ તો તેઓ બેહેસ્તનશીન થયા છે; એટલે તેમના પ્રદર્શનનું શું થયું એ મને ખબર નથી. પરંતુ સોરાબજી દેસાઈનું ઘર એક સંસ્કારગૃહ હતું એમ મને લાગ્યા કર્યું છે.

ડૉ. દોરડી, દાદાભાઈ નવરોજજીના એક કુટુંબી થાય. વિલાયતથી ઊંચામાં ઊંચી વૈદ્યકીય ઉપાધિ લઈ આવેલા એ સજ્જન એક નિર્લોભી ડૉક્ટર છે. હૃદયરોગનો ભય લાગવાથી મુંબઈની પ્રખ્યાતીની છોડી તેઓ નવસારી સરખા નાનકડા શહેરમાં આવી તેમણે પોતાનું વૈદ્યકીય કાર્ય શરૂ કર્યું. પરંતુ તેઓ માત્ર ડૉક્ટર ન હતા. તેઓ ખાદીધારી, ચુસ્ત રાષ્ટ્રવાદી, છતાં વર્ગભેદથી રહિત એક ભાવનાશીલ પુરુષ ગણી શકાય. આગળ આવવાની કે બેસવાની તેમને જરા ય ધગશ નહિ. ગુજરાતી સાહિત્ય તો તેમણે ખૂબ જ વાંચેલું અને મારી નવલકથાઓ પણ તેમને ગમી ગયેલી. ડૉ. દોરડી તો મારા કુટુંબીજન બની ગયેલા. ગાંધીજીનો તાડીવિરોધ તેણુને ગમતો નહિ. તાડીમાં પૌષ્ટિક તત્ત્વો રહેલાં છે એમ તે દૃઢપણે માનતા. તાડીના આદ્યસ્વરૂપ નીરાને આજની વ્યસનહીન સરકારે પણ મહત્ત્વ આપ્યું છે એ સૂચક છે. ડૉ. દોરડીને હજી પણ મળવાનું મન થાય એવા એ સતત જાગ્રત વિદ્વાન અને વિચારક છે.

ડૉ. જીવણજી, સદ્‌ગત કનૈયાલાલ મજમુદાર તથા દ્વારકાદાસ વેઠજી સરખા આગેવાનોનો મને ત્યાં ઠીકઠીક પરિચય થયો. એ સર્વ પરિચયો સાથે એક નાનકડા લાગતા શંકરલાલ નાથજી દવેનો

પરિચય મને માણસાઈનાં ઠીકઠીક ઊંડાણુમાં લઈ જઈ શકચો. આજ તેઓ નિવૃત્ત છે, આંખ લગભગ ખોઈ બેઠા છે; અને હતા ત્યારે એક નાનકડા સયાજી વૈભવ પુસ્તકાલયના ગ્રંથપાલ – લાયબ્રેરિયન હતા. પરંતુ તે નાના દેખાતા માનવીની માણુસાઇ અદ્દભુત હતી એમ મને દેખાયું. પુસ્તકો લાવવા લમે જવામાં તો તેઓ મને મદદરૂપ હતા જ; પરંતુ આખા ગામમાં જ્યાં કોઈ સહાયની જરૂર હોય ત્યાં વગર બોલાવે પણ દોડી જઈ તન દઈને – મન દઈને કામ કરવાની તેમની વૃત્તિ તેમને એક ભવ્ય સજ્જનની શ્રેણીમાં મૂકી શકે એમ છે. મારા સ્મરણમાંથી હું વિસારી ન શકું એવી કેટલી યે વ્યક્તિઓ છે તેમાં ભાઈ શંકરલાલનું નામ હું કદી મૂકવાનું ભૂલી શકું નહિ. તેમની સહાયથી તેમ જ વિદ્વાન પુરાતત્ત્વવિદ્દ શ્રી મણિભાઈ દ્વિવેદીના સહ-કારથી તેમ જ વિદ્રાન પુરાતત્ત્વવિદ્દ શ્રી મણિભાઈ દ્વિવેદીના સહકારથી અમે ત્યાં એક સ્વાધ્યાયમંડળ પણ શરૂ કર્યું હતું, જેમાં એક પારસી બહેન પીલાં મકાતી પણ આવતાં હતાં.

ત્યાંની ભવ્ય પારસી લાયબ્રેરીનું અવલોકન કરવા સદ્દગત બળવંતરાય ક. ઠાકોર પણ મારે ત્યાં આવી ગયા હતા.

પરંતુ આ કંઈ માત્ર સ્મરણગ્રંથ લખતો નથી, એટલે ઘણી ઘણી વ્યક્તિઓને મારે અહીં જતી કરવી પડશે. માત્ર એક નવા થયેલા મિત્રને હું યાદ કરી લઉં. એમનું નામ ડૉ. ફરેદુન આંટિયા. વિલાયતની પરીક્ષા પસાર કરી આવેલા આશાસ્પદ યુવાનોને અધિકારપદે સ્થાપવાની પ્રણાલિકા શ્રીમંત સયાજીરાવ ચાલુ જ રાખતા હતા. એવા એક થોકમાં નિમાયલા ડૉ. આંટિયાને પ્રોબેશન તરીકે મુલકી કામ શીખવા મારી કચેરી સાથે સંયોજિત કર્યા હતા. પશ્ચિમનો વિશાળ અનુભવ, ખૂબ ખૂબ વાચન, રાષ્ટ્રવાદની ચમક અને સાહિત્યનો શોખ તેમને અને મને બહુ જ નિકટ લાવી શકચા હતા. આજ તો ડૉ. આંટિયા ટાટાના એક જટિલ ઉદ્યોગમાં ઉચ્ચ અધિકારપદે નિયુક્ત થયેલા છે, અને રસ્તાવ્યવહારના નિષ્ણાત તરીકે તેઓ ઘણી વાર વર્તમાનપત્રોમાં ઝબકી પણ જાય છે. નોકરીને અંગે બંધાયલા સંબંધો મૈત્રીમાં પરિ-ણામ પામતા નથી; પરંતુ મારે એમાં થોડા અપવાદ બન્યા છે, તેમાં

ડૉ. ફરેદુન આંટિયાનું નામ હું વીસરી શકીશ નહિ. હજી આજ પણ તેઓ એવો ને એવો જ ગાઢ સંબંધ મારી સાથે રાખી રહ્યા છે—જોકે હું મારા સ્વભાવ કે જંજાળને અંગે એમના સદ્ભાવનો પૂરો જવાબ આપી શકતો નથી.

આ ગંભીર વિદ્વાનનું પારસીપણું અત્રે નોંધ્યા વગર હું રહી શકતો નથી. રમૂજના ખ્યાલ વગરનો પારસી હોઈ શકે જ નહિ એવી મારી માન્યતા ડૉ. આંટિયાએ દૃઢ કરી છે. અમારી કચેરીમાં માપણીનું કામ કરનાર એક બોલકણા તજવીજદાર – સર્કલ – હતા. ગામડિયા લોકોનાં કપડાં આપણે કવિતાઓ લખીએ છતાં મેલાં તો ખરાં જ. અરે, ગામડે ગામડે ફરનાર અમલદારની ધોતી કે કોટ આદર્શ ઉજળાશ તો ભાગ્યે જ ધારણ કરે. અવ્યવસ્થા અને મેલાપણાની ડૉ. આંટિયાને ભારે ચીઢ. એ તજવીજદારની બદલી થઈ અને તેઓ વિદાય લેવા અમારી પાસે આવ્યા. ઑફિસમાં હું અને ડૉ. આંટિયા સાથે જ બેસતા. તજવીજદારને વિદાયગીરીમાં મેં શુભેચ્છાઓ આપી. પરંતુ ડૉ. આંટિયાએ શુભેચ્છાઓ સાથે એક ઊંચી જાતનો ધોવાનો સાબુ પણ એ તજવીજદારને ભેટમાં આપ્યો! તજવીજદાર કદી સારાં કપડાં પહેરતા નહિ. સાબુની ભેટ આપવાનું પારસીને જ સૂઝે.

નવસારી હતા ત્યારે ડૉ. આંટિયાનાં લગ્ન થયેલાં નહિ, જોકે તેમનો વિવાહ મળી ચૂક્યો હતો અને તેમનાં ભાવિ પત્ની તેમને મળવા નવસારીમાં આવ્યાં હતાં. ઓળખીતાઓને એ બંનેમાં રસ હોય એ સંભવિત છે. કેટલા યે ઓળખીતાની બંને જણે મુલાકાત પણ લીધી અને મારી સાથે તો તેમને ઘરવટ હોવાથી અમે ઘણી વાર મળતાહળતા. પરંતુ એક દિવસ એવી બૂમ આવી કે ડૉ. આંટિયા જે સન્નારીને પરણવાના હતા તે સન્નારી નાગરની કોમનાં હતાં અને તે પણ લાંબા સમયથી મુંબઈ વસતા ભાવનગરી નાગર કુટુંબનાં હતા. ડૉ. આંટિયા શુદ્ધ ગુજરાતી બોલી શકતા; તેમનાં પત્ની પણ મુંબઈગરું ગુજરાતી સારી રીતે બોલી શકતાં. સહુ કોઈ ભુલાવામાં પડ્યા. જે કોઈ નાગરો હતા તે મારી પાસે ફરિયાદ લાવ્યા અને પારસીઓમાંથી પણ મારે કાને ફરિયાદો આવવા માંડી કે એક પારસી

યુવાન નાગર કન્યાને પરણે છે. મને પણ એક વાર તેમણે ભુલાવામાં નાખવા પ્રયત્ન કર્યો, પરંતુ અંતે નાગરોની અને પારસીઓની વચ્ચે બંને વરવધૂ પારસી કોમનાં જ છે એમ સ્પષ્ટ થયું અને ડૉ. આંટિયા તથા તેમનાં પત્નીએ મુક્તહાસ્યનો આનંદ લીધો.

પરંતુ આવાં સ્મરણોમાં મારાથી સમય વિતાવી શકાય એમ નથી. સરકારી કામને અંગે ઝીણીઝીણી વિગતો આલેખવાને બદલે મને મહત્ત્વની લાગતી ત્રણચાર વિગતો જ અત્રે કહી જાઉં,

ખારી જમીન–ખાંજણની જમીન–દરિયાની ભરતીનાં ખારાંપાણીથી ખેતી લાયક ન રહેતી જમીનનો વિકટ પ્રશ્ન પ્રજાનો પણ છે અને વહીવટીતંત્રનો પણ છે. વડોદરા રાજ્યે એ સંબંધે કેટકેટલા ઉપાયો પણ લીધેલા, પરંતુ તેમાં સફળતા મળેલી નહિ. સર અબ્બાસઅલી બેગ નવા નાયબ દીવાન તરીકે વડોદરામાં આવ્યા ત્યારે તેમની દૃષ્ટિમાં રહેલી અનેક યોજનાઓમાં ખારી જમીનને સુધાવાનો એક પ્રશ્ન હતો. અમારા સૂબા સાહેબ નાડકર્ણીએ એ પ્રશ્નનો અભ્યાસ કરી નિવેદન કરવાનું કામ મને સોંપ્યું અને મેં ખાર–ખાંજણમાં ફરી ફરી, જમીનો જોઈ, તેને ખેતીઉપયોગી બનાવવાના પ્રશ્નનો ખૂબ અભ્યાસ કર્યો અને નકશાઓ સાથે એકબે સ્થળની મેં યોજનાઓ પણ તૈયાર કરી. શ્રી નાડકર્ણીને તેમ જ સર અબ્બાસઅલી બેગને મારું નિવેદન ખૂબ ગમ્યું અને મારી યોજનાઓ વિચારમાં લેવાનો પણ તેમણે નિશ્ચય કર્યો. પરંતુ ત્યાર પછી એ યોજનાઓનું શું થયું તેની આજ સુધી મને ખબર પડી નથી–સર બેગ સ્વર્ગવાસી થયા છે અને શ્રી નાડકર્ણી તથા હું બંને નિવૃત્ત થઈ ગયા છીએ. સરકારી તંત્ર પણ આપણા બ્રહ્માંડ સરખું અગમ્ય છે. વિજ્ઞાનવિદો કહે છે કે કુદરત અતિશય ઉડાઉ છે. એક પૃથ્વી કે તારો સર્જવામાં–અરે! એક ઘાસનું તણખલું કે પુષ્પની એક પાંદડી સર્જવામાં–તે ઘણાં તત્ત્વો વેડફી મારે છે. એક યોજના થતાં, મંજૂર થતાં અને એને આકાર આપતાં સરકારી તંત્ર પણ શુંશું વેડફતું નહિ હોય એ કહી શકાય એમ નથી.

• •